[illegible]

બેતાબ ખલકત

યાને

બેચેન દુન્યા.

બોધદાયક વાર્તાઓની એક નોવેલ.

લખનાર—“ મશરેક. ”

તે

“ પરસ્તાને ચકરમ ” નામની રમુજી નોવેલના લેખક, તથા “ આલીમ ખબીસ,” “ અથડાઅથડી,” ઉરદુ ઉપરથી “ દેખાવલી દાકણ,” “ નીતીમાન નરગેસ ” અને “ જીગરમાં દીગર ” નામના નાટકોના રચનાર.

આ નોવેલની

કીંમત રૂપીઓ એક.

ઈ. સન ૧૯૧૫.

આ "બેતાબ ખલકત" યાને "બેચેન દુન્યા" નામની નોવેલ મી૦ સોહરાબજી શેહરિયારજી ઇરાનીએ કાશીનાથ હાઉસ, ધોબીતળાવ, મુંબઇમાં પોતાને માટે લખી છે અને ઉપ્રલેજ ઠેકાણેથી પ્રગટ કીધી છે, અને મી૦ મેહેરજી બેરામજી મીઠાઇવાલાએ ધી. જ. ન. પીટીટ પારસી ઑરફનેજ કૅપટન પ્રીટીંગ પ્રેસમાં એઓને માટે મુંબઇ, લાલબાગ, પરેલમાં છાપી છે.

જાહેર ખબર.

બી૦ હોરમસજી

બી૦ બારીઆ,

ઠે૦ ખેતવાડી, ૧૨ મી ક્રોસ લેન,

વ્હોરાના બંગલામાં, મુંબઇ.

હાઇ કલાસ ફ્રેશ ફ્રુટ, વેજીટેબલ, પ્રોવીઝન સપલાયર,

તથા

લગન, નવજોત, ટી અને સ્ટેનડીંગ પાર્ટીના કંત્રાકટ લેનાર.

☞ ઘણી સારી સરટીફીકેટો મલેલી છે. ☜

☞ બહારગામથી માલ મંગાવનારાંઓએ અમને યાદ કરવા, અમો તેમને મનપસંદ માલ મોકલી આપીશું.

☞ લગન વખતે, નવજોત વખતે, ટી અને સ્ટેનડીંગ પાર્ટી વખતે અમારી તરફથી ઘણીજ લાયક મેનેજમેંટ થાય છે, અને મનપસંદ વાણીઓ ટેસ્ટફુલ બનાવીને ત્હમારાં પહરોણાંઓને ખુશી કરીશું.

દીબાચો (આગલો)

આ દુન્યા એક ચાલુ નાટક છે, જેની ગણત્રીમાં નહીં ગણી શકાય તેટલી અસંખ્ય સીન-સીનરીઓ છે. એ દરેક સીન ચોવીસ કલાકને અંતરે ઉંચકાય છે, અને તે ચોવીસ કલાકના સીનમાં કરોડો એક્ટર અને એક્ટ્રેસીસ પોતાના જુદા જુદા ભાગ ભજવે છે—અને એ તમામ જંગી તમાશાનો સામટો જોનાર ફક્ટ એક ખુદા છે.

આહાહા! તે પાક ખુદાની કુદરત ન્યારી છે! તે એક ખુદ થએલો ફક્ત એકજ છે, જેણે હફ્તે કેશવર પયદા કીધી, જેણે ઝમીન-ધુલ-પાણી-પરવત-જાનવર અને માણુસ તથા તમામે તમામ ચીઝ જે હસ્તી-માં જણાયછ તે બનાવી, અને તમામ પયદાયશમાં માણુસને આલા દરજ્જો આપ્યો, વાચા આપી, અક્કલ આપી અને રસ્તા બતાવીને દુન્યામાં મોકલ્યાં,—હવે કયે રસ્તે જવું અને કેમ અક્કલ વાપરવી તે કામ માણુસનું છે, જે જેવું કરે તેવું તેને મલે એવો ઇનસાફી નીયમ અને કાયદો રાખેલો છે, નેકોને વાસ્તે ખુશબુ છે—ને બદોને વાસ્તે બદબુ છે. —મગર, અફસોસ, કે ઘણાખરાં માણુસો જાણે છે કે આ દુન્યા ફાની છે, તોબી દુન્યાની લાલચપર એક પરવાનાની માફક ભમતા ભમે છે, તેનીપર પોતાની અક્કલ હોશ જલાવે છે, અને આખરે એક પતંગીયું જેમ જલતા ચીરાગપર મરી મીટે છે તેમ-બદીનો હાથ પસારી-મરે છે, અને પોતાની પાછલ બુરાઇનો એક છાપ છોડી જાય છે!

અએ કમફ્અમ! શું કામ ત્હારી ટુંકી ઝીંદગીમાં આટલી લાંબી લાંબી આશાઓ કરે છે, અને ત્હારા થોડા વરસોને વાસ્તે આટલી બધી

બેચેની બતાવે છે! તુંને આજે દાલ-રોટી મલી હોય તો તેપર શુક્રાના કર, પાક ખુદા ત્હારો તમાશોબી જૂએ છે, તો તે જેવો રહમદીલ છે તેવોજ તુંને શુક્રગુઝાર જોઇને કાલે તુંને પક્વાનબી ખવાડશે ને શરબતબી પીવાડશે—મગર, જો તું દાલ-રોટીને જોઈને નાશુક્રગૂઝાર થશે તો તે દાલ-રોટી તરફની ત્હારી નફરત એવોબી કદાચ દીવસ લાવશે કે તું તે દાલ-રોટી માટેનો હાથબી લંબાવશે, ને તે વખતે અફસોસ કે કદાચ તુંને તેને માટે તલસવું પડશે! માટે શુક્ર કર, ભોંયના પડયાં ભોંય ઉપરજ રહેતાં નથી—કાલે ત્હારાં ધીરજવંતા નસીબપર જ્યારે સુરજનું કીરણ પડશે ત્યારે તું તે ભોંયપરથીબી ઉઠશે.

અને હવે, ઓ ત્હમો તવંગરો, તમારીપર ફુલના માંડવાઓનો છાંયડો છે,-પણ યાદ રાખો કે એ માંડવાં કયાંથી થયાં? તમે કોઇ એવી બી નેકી કીધી છે જેના "બી" થી એ વેલાઓ વધ્યા છે, અને આજે ત્હમારી ઉપર છાંયો નાંખે છે—મગર, ખૂબ સંભાલીને ચાલજો, એ છાંયડાની ટક મલી છે તો ધુપમાં રઝલીને ત્હમારી તરફ ચાલી આવતા પેલા મુફલીસ મુસાફરનેબી જરા ત્હમારી છાંયામાં જગ્યા આપજો, તે ગરીબને ત્હમારા ઘર પાસેથી વહેતાં મીઠાં નાલાંમાંનું ઠંડું પાણીબા પાજો, તે આદમ પોતાને મલેલી રાહતથી તમને દુઆ કરશે, અને તેની આંતરડીના આશીરવાદ તમને કોઇ અંધારી રાતનાબી માહાતાબની રોશની મીસાલ કામ લાગશે.—પણ, અફસોસ, અગર તમે તમારા પૈસાપર, તમારા વાડી બંગલાપર, તમારા છાંયાપર, તમારા નાલાંપર ફુલી ગયા, તેને વાસ્તે તમારા મનમાં ગુરૂર આવી ગયું અને ત્હમોએ તેજ પૈસાથી એક દુખીયાનું દુખ કમી કરવાને બદલે કોઇ મઝલુમને ફસાવ્યો, કોઇ ગરીબપર ઝુલ્મ ગુઝાર્યો, કોઈ ઓરતની પાકઝાત દામનપર હાથ લંબાવ્યો, ત્હમારી ચાર

દીનની ઝીંદગાનીની દૌલતપર ભરોસો રાખીને પાપનો પલ્લો પકડયો—તો, તો ત્હમારે સ્વપ્નેબી ખ્યાલ નહીં હશે તે માફકનો એક તીલેસમાત બની જશે, સુરજ ખૂબ ઝોરમાં તપી જઇને તમારા પેલા છાંયા આપનારા માંડવાને સુકવી નાંખશે, ત્હમારૂ વહેતું નાલું બંધ થઇ જશે, ત્હમારા વાડી બંગલાપર ગરીબોની હાયની આગ લાગી જશે. અને ત્હમો બરબાદ થઇને ત્હમારા આગલા છાંયાને યાદ કરી કરીને ધુપમાં એક ભીકારીની માફક પડીને તવલશો!—દુન્યા એજ છે, જે જેવું વાવેછ તેવું વીંચેછ, "ઇસ હાથ દે–ઉસ હાથ લે."

મગર, ત્હમે મનમાં કહેશો કે "મશરેક" પોતાની ચોપડીનો દીબાચો લખેછ કે ફીલસુફી કરેછ! મ્હને માફ કરો, "મશરેક" શું ફીલસુફી કરશે? આ દુન્યાની સ્ટેજપર એવાબી માયના પુતો છે કે જેઓ આગલ આપણે સીર્ફ એક કાંકરાં મીસાલ છઇએ; પણ મ્હારી આ નોવેલજ દુન્યાની નાપાયદારીની વાર્તાઓ ઉપર મેં રચી છે તો પછી દુન્યાના રંગ–ઢંગપર બે બોલ બોલીશ તો હું ધારૂંછ કે ખોટું તો નહીંજ કરીશ. મ્હારી આ વાર્તાઓમાં નેકીનો નેક અને બદીનો બદ અંજામ બતાવવાની કોશીશ કીધી છે, મ્હારૂં કેહવું એ છે કે દુન્યાપરની ખલકતે બેતાબ અને બેચેન બનવું નહીં જોઇએ, પણ બુરાઓનો કેવો બુરો અંજામ આવે છે તે વાંચીને બદીથી હંમેશા દુર ચાલવાની તથા નેકીના રસ્તાપર હરદમ કદમ ભરવાની આર્ઝુ કરવી જોઇએ.

લી૦ દુવાગીર ત્હમારો,

કાશીનાથ હાઉસ, સોહરાબ શહેરિયાર ઇરાની

ધોબીતળાવ, મુંબઇ, તા૦ ૨૦–૧૦–૧૯૧૫. "મશરેક."

બેતાબ ખલકત

યાને

બેચેન દુન્યા.

વાર્તાઓનું સાંકલ્યું:-

બનામે ખુદા.

મી૦ "મશરેક" કૃત

"બેતાબ ખલકત."

૧.

આદમીનો એક પલીદ દુશમન—શરાબ.

૧.

આ વારતાનો પરદો લખનોમાં ખુલે છે, જેના એક મોહલ્લાના ખંડીયર જેવાં બેઠાં મકાનના એક કંગાલ ઓરડામાં આપણને નઝર નાંખવાની છે. તે કંગાલ ઓરડામાં ફરનીચર જેવું તો કાંઇજ નથી, મગર એક અભરાઇ ઉપર કેટલીક શરાબની બાટલીઓ હારબંધ ખાલી પડેલી દીસે છે.

હુસેન એક મેજ આગળની પુરાણી ખુરશીપર બેઠેલો જણાય છે, જેની સામે શરાબની એક બાટલી મુકેલી છે અને તે થોડે થોડે વખતે તેમાંથી શરાબ એક ગલાસમાં રેડીને પીએ છે. હુસેન ૨૪ વરસનો એક ગબરૂ જવાન છે, મગર તે પોતાની જવાની પોતાના મઝહબમાં નહી દરશાવેલી ચીઝનેબી પી–પીને ખરાબ કરે છે. શરાબે તેને ગરીબાઇમાં હોમાવ્યો છે, શરાબે તેની જવાની બીગાડવાનું શુરૂ કીધું છે, તોબી તે કમઅક્કલ જવાન તે ખાનાખરાબ શરાબને છોડતોજ નથી, પણ બાહોમ શરાબ, શરાબ, શરાબને પીયાજ કરે છે.

તે હમણા બેઠેલો છે, તે વીચારમાં મશગુલ છે. તેણે પોતાના ડાબા હાથ ઉપર માથું ટેકવેલું છે, અને ગંભીર વીચારનોજ શીકાર થઇ પડેલો છે. થોડે થોડે વખતે તેની છાતીમાંથી હાય નીસાસા બહાર પડે છે અને તેની આંખમાંથી આંસુના ટીપાં સરી પડે છે. તેના હાથના આંગળાં બાલ સાથ જાણે લડે છે અને તેના હોઠ થોડે થોડે વખતે દાંત તલે દબાય છે. એકાએક તે દાંત કચકચાવે છે, અને જમણા હાથની મુઠ્ઠી જમણા પગપર ઝોરથી મારે છે. અફ્સોસ! બદનસીબે તેનાપર ગલબો કર્યો છે, જે બદનસીબ બુઢા અને જવાન, કદરૂપા અને ખુબરૂ આદમીઓ તરફ યકસાન રીતે ઝુલમગાર છે!

"તબાહ—બીલકુલ તબાહ!" હુસેન આખરે પોકારી ઉઠયો "ખોરાક લેવાને વાસ્તે બી મારાં ખીસાંમાં હવે પુરા પઇસા નથી! મારો નાશ થયો છે અને મને મદદગાર એકબી દોસ્ત આ દુન્યામાં નથી! મારૂં કોઈ વહાલું સગું નથી કે મને બચાવે—યા નથી તે ખુશનસીબ જે મને હસાવે. હું કાંહાં જાઉ? હું ખેડુતનું કામ નથી કરી શકતો કે કોઇ ખેતરમાં નોકરીએ રહું, યા નથી મને મારી કેળવણીના પ્રતાપે પુરી રોટલી મળી શકતી કે આરામથી પેટ ભરૂં! ઓ ખુદા! હું વીચારના વમળથીજ દીવાનો બની જાઉ છું."

અને એ વાકયો ઉચારતાંજ તેણે બેઉ હાથે પોતાના માથાંના બાલ પકડયા અને ઝોરથી ખેંચ્યા.

હા, હુસેન હુશ્યાર હતો—તે કેળવાયલો હતો અને કેળવણી તેને પુરી રોટલી મેળવી આપવાને શકતીવાન હતી—મગર ઓ, તે હઇયાંના ફુટા જવાનને કયાં ખબર હતી કે શરાબ તેને ખરાબ કરતો હતો! તે જોતો કે શરાબ તેના સઘળા પઇસાનો મુદ્દઇ બન્યો હતો પણ તોબી તે

શરાબની લહેઝતમાં એટલો બધો તો આંધળો ને હઇયાસુનો બન્યો હતો કે તેને જોવાની આંખજ નહી હતી કે શરાબ તેને ખાનાખરાબ કરતો હતો !

અફસોસ ! તેણે છેલ્લાં થોડાંક વરસ થયાં ખોરાક મેળવવાનીઓ ઝાઝી દરકાર કીધી નહી—મગર પઇસા ફકત શરાબના આતશમાં પીગળાવીને પાણી કરી નાખ્યા અને પોતાની જવાનીનેઓ તે તેજ બરબાદ કરનારા લાલ પ્રવાહીની ગરમીથી પીગળાવીને પાણી કરતો હતો !

તે બેકસ, લાચાર, મુફલીસ હતો. તેનાં ગરીબ માબાપ પંજાબથી લકનો આવ્યાં ત્યારે હુસેનનો જનમ થયો હતો અને ઉછરતા હુસેને જોયું કે તેના માબાપને કોઇઓ સગાં કે વ્હાલાં મળવા આવતાંજ નહી હતાં એટલે તે સગા સ્નેહી વગરનો એક હતો. હા, આ ઝમાનાની છાતીપર તાલેવંતના નહીં સગાંઓ સગાં થઇ જાય છે, જ્યારે એક ગરીબના સેંકડો સગાંબી હોય તો તેનાથી દુરદરાઝ નહાસે છે ! હુસેનનાં માબાપે જે સખત મહેનત કરી તેનો થોડો ભાગ ખરચીને હુસેનને કેળવણી આપી, તેને પુરતી ઉમરનો મુકીને મરણ પામ્યા—હુસેન પોતાની કેળવણીથી લકનોમાં જરારતી કમાતો હતો, મગર ઓ શરાબ ! તેણે—તેણે—તેણેજ તેને બરબાદ કીધો હતો.

હવે તે કોઇ મોટા શેહેરમાં જઇને પોતાનું નસીબ અજમાવવા માંગતો હતો અને જવા અગાઉ તે પોતાની એકની એકપુરી અઝીઝ જે તેને માટે દુન્યાપર જીવતી હતી તેને મળવા માંગતો હતો. તે હુસેનને ઘણી ચાહતી હતી, તે બધી દીલસોઝી તેને માટે ધરાવતી હતી, તે તેને શરાબને નહી છુવાને સારૂ બહુ સમજાવતી હતી. જો તેનાથી બની શકે તો ગોલકોનડાની ખાણ તેને આપી દેવા તઇયાર હતી-મગર તેઓ એક ગરીબ ખેડુતની લડકી હતી.

એકદમ હુસેનના ભેજાંમાં એક વીચાર આવ્યો. તેણે અધુરી બાટલી એક પેટીમાં મુકી દીધી, કપડાં પેહેરી લીધાં અને ઘરની બહાર નીકળ્યો-તે જ્યારે રસ્તાપર આવ્યો ત્યારે ભાડેનો રેહેકલો કરી લેવા વીચાર કીધો-પણ ખીસામાં હાથ નાંખતાંજ તેણે વીચાર ફેરવી નાખ્યો અને પગે ચાલવા માંડ્યું.

તે દીવસ ગરમ હતો અને ઝડપથી ચાલતાં તેના દીલપરથી પસીનો ઉતરતો હતો. તેને પ્યાસ લાગી આવી, તેને લાલચ થઇ આવી, અને, અફસોસ કે, પ્યાસ છીપાવવાને તેણે પાણી પીવાની અગાઉ એક પીઠાંમાં કદમ મુકયાં અને આટલી ગરીબાઇ છતે બેવડાંનો એક પાશેરો ગળાંમાં નાંખી દીધો !

બેવડા પછી તેણે પ્યાસ છીપાવી, પણ કોઇ ભઠીયારાને ત્યાં જરા ખાઈ નહી લીધું ! કાંય જે ગરીબાઇ તેની સામે ડોળા ઘુરકતી હતી અને ગરીબાઇની ફીકર તેનું કલેજું કોતરી ખાતી હતી.

પાછો તે ઝડપથી ચાલવાનું કરતો, મગર બેવડાએ ગોયા તેના પગનું જોરબી લુટી લીધું હતું-અને હવે તે જાણે ઘસડાતો ઘસડાતો ચાલ્યો.

આખરે તે એક નાના બગીચામાં પુગ્યો, જ્યાં ફુલના માંડવાઓની વચમાં એક ઝુપડાં સરખું નાનું ઘર હતું. બગીચાના દરવાઝા ઉપર પ્હોંચતાંજ એક ખુબસુરત છોકરી તેના તરફ હસીને ખુશાલીમાં દોડી આવી અને તેને ગળે વળગી પડી-પણ જેટલી ખુશી સાથે તે વળગી પડી તેટલીજ નાખુશી સાથે તે ઝડપથી પાછી છુટી પડી.

"હુસેન-મઝહબમાં નહી ફરમાવેલી એ પલીદ ચીઝને પાછી તેં પીવાની શરૂ કીધી છે? તારૂં મોઢું બધું વાસ મારે છે."

"અફસોસ, લયલી!" તે તેની ગરદન આસપાસ હાથ વીંટાળીને બોલ્યો. "આએ એક આદત છે."

"બહુજ બુરી આદત છે" લયલા બોલી: "હુસેન-હુસેન, પ્યારા હુસેન, એ શરાબ ખાનાખરાબ છે."—અને તેણે એક નીસાસો નાંખી હુસેનનાં ખભાંપર માથું મુક્યું.

લયલા! ખુબસુરતીનો નકશો-સુંદરતાનો એક નમુનો-સુફેદ ચામડી સાથ એક ઘાટદાર, રોબદાર, દેખાવદાર ચેહેરાવાળી જવાન ખુબસુરત હતી. તેની બલુ આંખ અને તેના ગુલાબી હોઠ વચેનાં દાંતની સુફેદ હાર તેની સુંદરતામાં બેહદ વધારો કરતા હતા.

"લયલી, વ્હાલી લયલી, મારો તદનજ નાશ થયો છે-હું બીલકુલ તબાહ થઈ ગયો છું." તે એક ડચકાં સાથ બોલ્યો "મારી પાસ ઝહર ખાવાની હવે એક પાઇ નથી."

"ફીકર ના કર, વ્હાલા" લયલા તેના દુખમાં શામેલ થઇને આંસુ ટપકાવતાં બોલી: "જોકે મારા વાલીદ ગરીબ છે, મગર તું અમારાં આ ગરીબ ઝુપડામાં રહીને ઝીંદગી ગુઝારશે તો તેઓ બોર ખુશી થશે."

"નહી—વ્હાલી, પ્યારી લયલી, હું અહીં ઘરજમાઇ રહીને દીવસ કહાડું તે મને બીલકુલજ પસંદ નથી-જઇશ, હું કોઇ ઠેકાણે જઇશ અને ગધઇ વઇતરૂં કરીનેબી બે પૈસા મેળવી લાવીશ-ને પછી તુંને મારા ગરીબ ઘરમાં લઇ જઇશ."

"તું પૈસા તો થોડાજ વખતમાં મેળવી શકે તેમ છે, પણ તું આએ બરબાદ કરનારી આદતને છોડે તો પૈસા થાય કેની? શરાબ! શરાબ! તારૂં ખાતું ખરાબ હોજો-તેં મારા હુસેનને બરબાદ કીધો છે, તબાહ કીધો છે, સત્યાનાશીના ગારમાં હોમાવ્યો છે."

અને તે સુંદરી માથાંપર હાથ મારી રડી પડી.

"બસ-બસ વ્હાલી, શરાબને ના કંઇ બોલ, શરાબ આબે હૈયાત

છે—શરાબ ઝીંદગીની મોજ છે-શરાબ અમન છે, શરાબ ચમન છે-શરાબ અયશો ઇશરતની ખુશબુ છે."

મગર લયલા તો તેનું આ બોલેલું સાંભળીને વધતાં જોશથી રડી અને પાસેના એક બાંકપર ફરીથી માથું કુટી ફસડાઇ પડી.

હુસેને લયલાના માથાંપર હાથ મુકયો.

"એક મરદ જયારે દુખનાં દરીયાવમાં હોમાયલો હોય છે, તેને ભવીષ્ય સીહા લાગે છે, તેના દીલમાં કોઇબી જાતની આશા નથી રહેતી, જયારે તે ઉધાઇ શકતો નથી અને વીચાર-વીચાર-વીચારના વમળમાં હયરાન પરેશાન હોય છે ત્યારે તેને કોણ દીલાસો આપે છે? તે દુઃખના વખતમાં તેના મગજને ખુશ કોણ કરે છે?"

"કોણ?" લયલાએ અધીરાઇથી પુછ્યું.

"શરાબ" ભાર મુકીને હુસેન બોલ્યો: "તેજ-તેજ શરાબ જે આ દુન્યાની સપાટી ઉપર બાટલીની અંદર ભરેલી એક ખુશાલી છે."

"ઓ! અફસોસ!"—અને ત્રીજી મરતબે માથું કુટતાં લયલાએ હવે માથું બેઉ હાથોમાં પકડી લીધું.

બે મીનીટની ચુપકીદી,—અને તે દરમ્યાન ફકત લયલાનાં ડચકાં આવાનો સાદ.

"હુસેન" તે માથું ઉચકીને બોલી: "મારા વહાલા જાન, યાદ કર, તે દુઃખનો દરીયાવ કોણે ઉભો કીધો? તે સીહા ભવીષ્ય કયાંથી પયદા થયું? દીલની આશા કોણે લુટી? ઉંઘને કોણે લુટી? ઓ, કોણે તે મગજને મારી નાંખનાર સીહા વીચાર તારાં ભેજામાં મુકયો?"

"કોણે?" હુસેને અધીરાઇથી પુછ્યું.

"શરાબે" ભાર મુકીને હવે લયલા બોલી: "તેજ-તેજ ખાના બરબાદ શરાબે, તેજ શરાબે-બાટલીની અંદર ભરેલી તેજ બુરી ખુશાલીએ, જે ખુશાલી નથી મગર બરબાદી છે, લાચારી છે, લાચારીને તેડનાર તેજ ખરાબ શરાબ છે."

હુસેન કંઇ વીચારમાં પડયો.

" તુંને દીલાસો જોઇતો હોય તો બાટલીમાંની ખુશાલીને બદલે તુંને હું દીલાસો દેઉં, તુંને મીઠી નીંદ જોઇતી હોય તો હું મારી છાતીપર તુંને આરામ કરવા દેઉં, તુંને વીચાર દુર કરવો હોય તો હું ગાઈ વજાડીને તે કુદરતના મીઠાં સંગીતને મારા હલકથી તારી જનાબમાં મુકું-તું મારેથી દુર થઇને કમાંણી કરવા જાય છે અને તે કમાણીથી મને પરણી આપણું ઘરબાર માંડવા કહે છે-પણ હુસેન, તું જયારે શરાબને નહીજ છોડશે તો પઇસા કેમ બચાવશે? ને પઇસા નહી બચાવશે તો આપણે બેઉ સુખી ઘરબાર કેમ માંડશું."

હુસેને દાંતમાં આંગળું પકડયું.

શું તે પોતાની વહાલી માશુકના આ વાકયોથી પીગળયો હતો?

૨

તેઓ બેઉ હવે ઘરમાં ગયાં, જયાં લયલાનો વાલી એક ખુરસીમાં બેઠેલો હતો, ત્યાં બેઉ જઇ ઉભાં અને બુઢા કાસમે ઉઠીને હુસેનને બગલગીર કીધો.

"ખુશ આમદી, કેમ છેઓ?" તે બોલ્યો.

" અલ—હમદોલીલ્લાહ " હુસેને જવાબ દીધો.

"પીદર, હુસેન તો બહાર મુલ્ક તરફ રવાના થવા માંગે છે." લયલા પોતાના આ વાલીને પીદરજ ગણતી હતી તેણે વેહેલીકેજ કહયું.

"ઠીક છે, દરોસત વીચાર છે, તું બી તારી સોળ વરસની ઉમરે પુગે ત્યાં સુધી મહારે તારાં લગન કરવાના નથી તો એટલાં બે વરસ હુસેન ભલે કેથે ફરી જોઇ જાઇ શીખીને દુનયા ભાળે. કહેવત છે કે 'ફરે તે ચરે ને બાંધ્યો ઘોડો ભુખે મરે.'" કાસમે જણાવ્યું.

"મહારો વીચાર મુંબઇ તરફ જવાનો છે, અને મુંબઇમાં નસીબ અજમાવવાનો છે." હુસેન બોલ્યો.

"શરાબને છોડશે તો બચ્ચા ઠીક છે, નહીં તો પેણાંમાંથી નીકળીને ચુલામાં પડવા જેવું છે—મુંબઇની ચમક ધમક વળી કંઇ ઓર છે હું કે." દાઢી પસવારતાં કાસમે સલાહ આપી.

અહીં લયલાએ ટગર ટગર હુસેનને જોયા કીધું, જાણે તે એવું સમજાવતી હોય કે "સંભાળજે વ્હાલા, આએ સાંભળ્યું કે?"

તે પછી ત્યાંથી ત્રણે જણા રાંધણીમાં ગયાં, જ્યાં લયલાએ એક ચટાઇ પાંથરી અને ખાણું લાવી મુકયું.

ખાણાંને ઇનસાફ આપવામાં આવ્યો અને તે પછી બધાં વાતે બેઠાં.

"મારે આજે ત્યારે હુસેન આગળ અને બેટી લયલા આગળ એક ઘણીજ અગત્યની બીના કહેવાની છે, જેને હું મારી ફરજ સમજુ છું" કાસમ બોલ્યો.

"શું વાત છે પીદર?" લયલા બોલી.

"તારેજ લગતી."

"મારે લગતી! ને વળી અગત્યની?" લયલાએ પુછ્યું.

"હા બેટી." કાસમ બોલ્યો "સાંભળો. ઘણા વરસોની વાત છે,

જ્યારે આએજ ઝુપડાંમાં હું અને મારી મરહુમ ધણીઆણી એક સાંઝનાં બેઠેલાં હતાં. અમે બેઉ વાતમાં મશગુલ હતાં તેટલાં એક નોકરે આવીને કહ્યું કે દરવાઝાની બહાર એક સ્ત્રી મરતી હતી. મેં તુરતજ એક ફાનુસ લીધું અને મારી ધણીઆણી અને પેલા નોકર સાથે અમો તે સ્ત્રીને જોવા ગયાં. અમે દરવાઝા આગળ પહોંચ્યાં, જેની બરોબર સામે રસ્તાપર એક સ્ત્રી મરવાની જાણે અણીપર આવેલી દુખના ધીમા આવાઝે કગલતી પડેલી હતી. મેં તેણીને ઉચકી અને અમો તેને ઘરમાં લઇ આવ્યાં અને બીછાનાપર સુવાડી. તેને વાસ્તે હકીમને બોલાવવા નોકરને મોકલ્યો. તે ઓરત માદર થવાની હાલતમાં હતી. તે ઘણી જવાન અને પરી જેવી ખુબસુરત હતી, મગર તે વખતે તેનો ચેહેરો ફીકકો થઇ ગયો હતો. હકીમ આવ્યો અને તેણે દાયણની મદદ માંગી. તે મદદ આવી પહોંચતાંજ તે ઓરતે એક છોકરીને જન્મ આપ્યો અને તે છોકરી તે આએ આપણી લયલા."

"હું!" લયલા પોકારી ઉઠી.

"હા, તું." કાસમે કહયું "લયલાને જન્મ આપીને તે બીચારી કયાંથી આવી હતી તેનો ભેદ કહયા વગર મરણ પામી."

"ઓ મારી વ્હાલી માદર" આંખે રોમાલ દાબીને આંસુ લુછતાં લયલા બોલી.

"થોડો વખત તો મારે શું કરવું ને શું નહીં તે સુઝ્યુંજ નહી" કાસમ બોલ્યોઃ "મારાં ઘરમાં એકકી વખતે એક જન્મ અને એક મરણ થયું હતું. મેં સરકારમાં ખબર આપી. સરકારી હુકમથી લાશને પીછાણવા આખા ગામમાં થાળી પીટાવવામાં આવી. બે દીવસ સુધી કોઇજ જણાયું નહીં અને આખરે તે લાશને દફનાવવામાં આવી. મારી ધણીઆણીએ ગામના

એક ખેડુતની બઇરી જેને નાનું બચ્ચું હતું તેણીને કાલાવાલા કીધા, જેણે થોડો વખત લયલાને દુધ પાયું. તે પછી ઉપરના દુધે લયલાને ઉછેરવામાં આવી અને પાક ખુદાએ તેણીને જીવાડી. મહીનાઓના મહીનાઓ પસાર થઇ ગયા, તે દરમીયાન મારી ધણીયાણીબી મરણ પામી અને તારી બાબદમાં કોઇનો પતો લાગ્યો નહી; મગર સવા વરસને છેડે એક પારસલ મને મળ્યું, જેમાં કોઇ બંદે ખુદાએ રૂપ્યા પાંચ હઝાર મોકલીને મરણ પામેલી સ્ત્રીનાં બચ્ચાંને મોટું કરવા લખ્યું હતું, અને વળી જણાવ્યું હતું કે લયલા જ્યારે તેર વરસની ઉમરે પુગે ત્યારે પચાસ હઝાર રૂપ્યા મળશે."

લયલા અને હુસેનની આંખો ખુશાલીથી ચમકવા લાગી.

"પીદર, મને તો હમણાં ચઉદમું ચાલે છે, ત્યારે ગયે સાલ તે પચાસ હઝાર મળ્યા કે ?" લયલાએ પુછ્યું.

"અફ્સોસ" કાસમે પગપર હાથ ઠોકીને કહ્યું: "તારા તેરમા વરસની બામદાદે બરોબર સવારના મને એક કાગળ મળ્યું કે "જમાલ ફરીદુન જંગ"ને અબદુલ સરાઇમાં મળવું, જેને મજકુર પચાસ હઝાર આપવામાં આવ્યા છે. હું તેજ બપોરે અબદુલ સરાઇ તરફ ગયો, પણ ત્યાં જતાં માલુમ પડયું કે પેલો જમાલ ફરીદુનજંગ ચાર દાહાડાની વાતપરજ ચાલી ગયો હતો."

"ત્યારે તે લયલાના પચાસ હઝાર લઇને નહાસી ગયો ?" હુસેને પુછ્યું.

"એમજ લાગે છે." કાસમ બોલ્યો; "હું ભારી દીલે ઘરમાં આવ્યો અને તે દીન પછીથી તે રૂપીઆનો કે જમાલ ફરીદુનજંગનો પતો નથી."

હુસેને ગુસ્સાથી હાથપર હાથ ઠોકયો. અફ્સોસ ! જો આજે તે પચાસ હઝાર રૂપીઆ હોતે તો શું મઝા આવતે ? તેને કયકંઇ વીચાર તે થોડા વખતમાં આવ્યા અને ગયા.

" મગર, પાક ખુદા મદદગાર છે" કાસમ બોલ્યો; "તું જા બેટા મુંબઇ. ત્યાં શરાબની આદત છોડજે, ત્યાંની મોજમઝાને બાજુએ મુકજે અને બે વરસમાં તારી કેળવણીના પ્રતાપથી કમાઇને આવજે, તેટલા લયલાબી સોળ વરસની થયલી હશે અને હું ઘણી ખુશી સાથે તમો બેઉ વ્હાલાંઓને એક કરીશ. ખુદા પાકે જે મને આપેલું છે તે બધું તમારૂંજ છે. હું હવે બુદો થવા આવ્યો છું તો મારી પછી ખાનાર કોણ છે-તમેજ કેની ? આએ ખેતીવાડી કરજો, ખાજો પીજો ને મઝા કરજો."

આખરે છુટા પડવાનો વખત આવ્યો. બુદા કાસમને બગલગીર કરી હુસેન લયલાને લઇ દરાક્ષના માંડવા તળે ગયો અને ત્યાં તે બે વ્હાલાંઓએ આંસું, નીસાસા, કૌલ અને મોહબ્બતના વાકયો એક બીજાંના કાનમાં ઉતાર્યાં અને છુટા પડવાને વાસ્તે બહુ બહુ રડયાં. રાહ ખરચીને વાસ્તે હુસેન પાસે નજીવુજ બાકી હતું તે જાણીને લયલા તુરતજ ઘરમાં દોડી ગઇ અને બુદ્ધા કાસમ તરફથી તેને વારંવાર જે સગનની સેસ તેહેવારો ઉપર થઇ હતી તેની થેલી જેબમાં લઇ લીધી. તે લગભગ બસો રૂપ્યાની થેલી હતી અને લયલાએ દોડી જઇને તે પોતાના વ્હાલા હુસેનના હાથમાં મુકી દીધી.

હુસેન તેને એક મીઠી કીસ સાથે વળગી પડયો, અને તે ડચકાં ખાતાં વ્હાલાંઓ મીનોટો સુધી એક બીજાંને છોડી શકયાંજ નહી !

આખરે તેઓ છુટાં પડયાં-લયલાએ હુસેનને ઘણી ઘણી દુવાઓ દીધી અને છેલ્લે ઘણાંજ કાલાવાલા સાથે કહ્યુ કે શરાબની અડાસે હુંસેને હવે પછી કદીબી જવુંજ નહીં.

૩.

લકનોથી હુસેન મુંબઇ આવ્યો, અને નળબઝારના એક ભઠીયાર ખાનામાં ઉતર્યો. ભઠીયારાએ તેને તે રાત એક ફ્લાટપર સુવા જગ્યા આપી અને બીજી સહવારે કોઇ નાનકડી ઓરડી ભાડે લેવા તથા કંઇ નોકરી મેળવવા હુસેન બહાર પડયો.

નળબઝારથી ટ્રામમાં બેસીને તેણે કોટ તરફની ટીકીટ પુંગી પરછીને લીધી. તે જે બાંકપર બેઠો હતો તેની પાસેની જગ્યાપર એક બીજો એશકી મહોમેદન બેઠેલો જણાયો. આથી તેણે તેને મુંબઇ વીશે પુછી લેવાની સવળતા જોઇ.

"હું ધારૂંછ કે, સાહેબ, કોટ તરફ મુંબઇની ઘણીખરી ઓફીસો આવેલી છે અને ત્યાં નોકરી મળી જાય છે." હુસેને નમીને સલામ કરતાં પેલાને સવાલ કીધો.

"તમે શું નોકરીની તલાશમાં છેઓ? અને આપ જણાવો છે તેમ મુંબઇથી અંજાણ છેઓ?" તે કોઇ ધરપચીઆએ વળતા સવાલ કીધા.

"હાજી, હું લકનોથી કાલેજ મુંબઇ આવી પુગો છું ને કંઇ નોકરીની શોધમાંજ છેઉં."

"શું કામ કરી જાણોછ?" પેલાએ પુછયું.

"હું ઇગ્રેજી જાણુંછ ને પંજાબ તરફના મહોમેદન પેપરોમાં લખાણું કરૂંછ." હુસેને જવાબ આપ્યો.

"પેપરોમાં લખાણ કરોછ? વાહ, ત્યારે તો આપ એક નવીસંદા છેઓ, બલકે કહું તો એક મુનશી છેઓ."

"જી." હુસેને કહ્યું.

"તો સાંભળો" પેલાએ જણુંવ્યું "મારૂં નામ શફીઉદ્દીન છે

અને મારા એક મીત્ર થોડા વખતમાં એક નાટક કંપની ઉભી કરનાર છે. જો આપ એ નવી નીકળતી નાટક કંપની માટે એકુ પીસ લખી આપો તો હું નોકરી અપાઉં."

"બહુ મોટી મહેરબાની તમારી થાય, સાહેબ." હુસેને મુંબઇ આવતાંજ નોકરી મળી જવાની ખુશનસીબી માટે મનમાં મલકાતાં પેલાંનો નમીને ઉપકાર માન્યો.

"મારા એજ મીત્રે આજે એક નાચનો જલસો કીધેલો છે અને ત્યાંજ હમણાં હું જાઉં છું— તમારી મરજી હોય તો મારી સાથે ચાલો, હું તમોને મેળવી આપું."

"બહુ સારી વાત છે, સાહેબ." હુસેન ખુશી થતાં બોલ્યો.

મારકીટ આવી લાગતાં તેઓ ઉતરી પડયા, અને પેલો ત્યાંની એક ચાલીમાં હુસેનને લઇ ગયો.

ત્યાં નાચનો જલસો ચાલતો હતો.

સારંગી વજાડનાર અને તબલચીની વચમાં બેસીને માસુમજાન ગાતી હતી, ત્યાં પંદર આસામીઓ આજુબાજુ ગોઠવાઇ ગયા હતા અને શરાબપર શુમાર હતો.—દીવા જેવું ચળકતું હતું કે બધા દારૂડીયાઓ સહવારની ચાહને બદલેબી દારૂ પીએ તેવા શરાબીઓ હતા!—તેવા એક જલસામાં શરીફુદીન હુસેનને લઇ ગયો.

શરીફુદીને અંદર દાખલ થવાની અગાઉ એક ભપકાદાર શખસને પાસે બોલાવી કંઇ કહ્યું, જેણે હુસેનનો હાથ પકડી શેકહેન્ડ કીધી અને તેને અંદર લઇ જઇ બેસાડયો—શરીફુદીન પણ બેઠો અને આ પંદરમાં બીજા બે ઉમેરાયા.

તુરતજ બે ગલાસ વધારાના મંગાવવામાં આવ્યા, અને શરીફુદ્દીન અને હુસેન આગળ મુકવામાં આવ્યાં.

"નહીંજી, મને માફ કરો—હું શરાબ નથી પીતો." હુસેને કહ્યું.

"નહી, તમારી ભુલ છે, અમે બાટલી પીએ તો તમારે અમારાં માનને ખાતર એક પેગબી લેવોજ જોઇયે." નાટક કંપની કહાડનારો પેલો ઇસ્કી શખ્સ બોલ્યો "દાલો, છોકરા, એક પેગ શેઠકે ગીલાસમે, અઉર દો પેગકી ભરતી શરીફુદીનકે ગીલાસમે."

હુસેન પાછું ના કહેવા જતો હતો પણ શરીફુદીને તેનો પગ દાબીને કહ્યું "શેઠજી પોતાના બોલને માન નહી અપાયલું જોઇને નારાજ થશે."

આખરે ના—હા કરતાં હુસેનના ગલાસમાંથી વ્હીસકીનો એક પેગ હોમાવવામાં આવ્યો અને તે પછી સોડા બધે પુછાયો.

"લેઓ આએ આપણી નાટક કંપનીના નવા મુનશી સાહેબની સલામતી." પેલા ઇસ્કીએ કહ્યું.

અને બધાએ હુરરેની ગડગડથી તે સલામતી લીધી.

"મ્હારૂં નામ સરદાર હઇદરજંગ કલકતાવાળા—આપનું નામ?" પેલા ઇસ્કીએ ગલાસ મુકતાં કહ્યું.

"જી, નોકરને હુસેન લકનવીને નામે ઓળખવામાં આવેછ" હુસેન બે ગલાસ ખલાસ કરતાં બોલ્યો.

"ઓય, શેઠકો થોરા અઉર દેઓ." સરદાર હઇદરજંગે કહ્યું.

"નહી—નહી." હુસેને આનાકાની કીધી.

"અરે લેઓરેજી—શરાબ વગર તો ગાયણની મઝાહજ નહી આવશે. ગાયણની ને જલસા મુજરાની લહેઝત ચાખવી હોય તો ફકટ શરાબમાં છે. ના શરમાઓ, લેઓ."

અને હુસેનના ગલાસમાં બીજો શરાબ તથા સોડા નાંખવામાં આવ્યો.

"ચલો ઉસતાદજી ચલને દો—અબ બાને હો ગઇ." શરીફુદીને બીડી ઉંચકતાં ત્યારના ચુપ બેઠેલા સારંગીવાળાને કહ્યું.

"હાં-હાં-ચલને દો જી—ચલને દો." એકે ડોલા ખાતાં કહયું,—અને સરદારનો છેલ્લો હુકમ થતાંજ સારંગી શુરૂ થઇ અને માસુમજાને ગાયન ચલાવ્યું:

"અરે ઝરા કહે દો સાવરીયાસે, આયા કરે,
ઝરા કહે દો સાવરીયાસે, આયા કરે,
આયા કરે, મત જાયા કરે—ઝરા કહે દો—"

"લાવ, બાટલી બે બાટલી" એક છોકટાએ ગાયણુની ચલતી સાંભળી ટચાકડી ફોડીને પછી વચમાં બુમ પાડી.

પણ માસુમજાને આગળ ચલાવ્યું:—

"દીન નહીં ચયન, રાત નહીં નીંદીઆં,
સુપનેમેં દરશન દીખાયા કરે—
ઝરા કહે દો સાવરીયાસે, આયા કરે,
ઝરા કહે દો સાવરીયાસે——"

"લાવ એક જોન હેગ" ગાયણુની મજાકમાં ડોકું હલાવતાં ધુનમાં હવે સરદાર હબ્દરજંગે બુમ પાડી.

ગાયણુ આગળ ચાલ્યું. બીજી એક જોન હેગની બાટલી આવી પ્હોંચી, ગલાસોમાં અરધો અરધ પેગ રેડાયો અને તુરતજ બીજી ચાર બાટલી જોન હેગની આવી!

બાટલીના બુચ ઉડતા ગયા, માસુમજાન તરફ રૂપ્યા કુદતા ગયા, અને તે દારૂડીઆઓ ગટર માસ્તર બનવાની હાલત તરફ ઢળતા ગયા.

"એક રૂપીઓ તમેબી ફેંકો, હુસેન મીંઆ" શરીફુદીને હુસેનના કાનમાં કહ્યું.

"મારી પાસે છુટટું નથી."

"નોટ હોય તો હું છુટટું આપું—લાવો."

અને હુસેને ખીસામાંથી નોટનું એક બંડલ ખેંચી કહાડીને તેમાંથી દસની નોટ શરીફુદીનને આપી.

શરીફુદીને હુસેનનું નોટનું બંડલ બારીકાઇથી જોયું, અને પછી દસ રૂપીઆ છુટટા આપ્યા.

હુસેને તુરતજ એક માસુમજાન તરફ ફેંકયો, અને માસુમજાને તે અદબથી ઉચકી લીધો.

આખરે દારૂડીયાઓનું તે મંડલ પી–પીને છેક ગટરમાસતર થઇને ઉઠયું, ઘણાના ખીસાં ખાલી થયાં હતાં અને ભેજાં ભમતાં હતાં, મગર માસુમજાનનું ખીસું તર થઇ ગયું હતું અને ભેજુબી ખુશાલીથી રમતું હતું!

સરદાર હઇદરજંગે પોતાના ખીસામાંની છેલ્લી દસની નોટબી કાહાડીને માસુમજાનને આપી અને પોતાનું ખીસુ ખાલી ખપ કરી નાંખ્યું—બીજાઓએબી પોતાના ખીસાના તલ્યાં સુધી આપ્યું, અને શરીફુદીનની ઇશ્રારતથી નહી આપવા માંગતાં હુસેનેબી પાંચ રૂપીઆ આપી દીધા.

બધાઓ ગયા અને પોતાને કાલે શરીફુદીન સાથે દસ વાગતે મલવા કહીને સરદાર હઇદરજંગે હુસેનને રજા આપી.

શરીફુદીન હુસેન સાથે નીચે આવ્યો, અને તેણે પોતે જે ઝફર હોટલમાં રહેતો હતો ત્યાં આવીને ઉતારો લેવા હુસેનને સમજાવ્યું.

હુસેન તેની સાથે રહેવા ગયો.

૪

એક માળનું તે હોટલ હતું જ્યાં શરીફુદીન એકલો રહેતો હતો અને તેની કોઠડીમાં ભાગમાં હુસેન રહેવા ગયો. નીચેની એક ખોલીમાં હોટલવાલો પોતે રહેતો અને તેનું હોટલ ચીકાર હતું.

બીજે દીવસે સહવારે નાસતો કરી લઇ હુસેન શરીફુદીન સાથે સરદાર હઇદરજંગના ઘરે ગયો જે અરબ ગલીમાં રહેતો હતો. તે કંઇ સરદાર સરકારી ખેતાબથી નહી બન્યો હતો, મગર કલકતાના આ આગલા રહીશ અને હાલની અરબ ગલીના નવી નાટક કંપની ઉભી કરનાર આ હઇદરજંગને તેનાં દોસતો તરફથી સરદારનો ખેતાબ મલ્યો હતો, અને સઉ તેને સરદાર હઇદરજંગ તરીકેજ ઓલખતાં ને બોલાવતાં હતાં. સરદાર હોરાજીના હોટલમાંથી મંગાવીને જોભરી લેતા હતા. તેવણુ શરીફુદીનની માફક ઝનફરઝંદ વગરના અકેલા સકેલા હતા અને કોઇ છાંડાવાલા માણુસને શીશામાં ઉતારીને તેવણુ હવે નાટક કંપની કાહાડનાર હતા!

કંપનીનું કામકાજ ચાલુ થયું હતું-મવાલી સવાલીઓને સસ્તા પગારમાં પકડીને તેઓને એકટર બનાવવાના ખયાલમાં સરદાર સાહેબ ફાંફાં મારતા હતા.

સરદાર થોડો વખત મોજમજાહ કરી લઇને કંપનીનો નામનો ઉઠાવનાર માલેક થનાર હતો-છોકરાઓ ચાહેવાલાના હોટલથી પરવારીને અને પસતાં બદામ વેચતાં ઠાકીને હવે મોટા એકટરો બનનાર હતા—સરદારના શરીફુદીન જેવા દોસતદારો થોડા વખતની બાદશાહી ભોગવીને કોઇ મેનેજર યા તો કોઇ ડીરેકટર થનાર હતા! પણ વચમાં બીચારા નાણાં ધીરનારના ખાસાંની કમબખતી થવાની હતી!

હુસેનને સરદાર આગળ શરીફુદીને રજુ કીધો અને પચાસ રૂપીઆના

પગારે સરદારે હુસેનને મુનશી તરીકે નક્કી કીધો અને એક ઉરદુ ખેલ પોતાની નવી નીકળનારી ધી ડરામાં પરફોરમીંગ કંપની માટે લખવાનો હુકમ કીધો.

હુસેન હોટલમાં ગયો અને ત્યાં તેણે એક પીસ લખવાનો શરૂ કીધો.

મવાલી શરીફુદીન બેકાર હતો અને તે પાસેની બાપબપાવાની થોડી ઘણી પુંજી ધરાવતો હતો અને બેકાર રહીને હવે તેનું તળ્યું લાવતો હતો. તે છાકટો હતો અને તેણે પોતાની સંઙ્ગમાં હુસેનનેબી પાછો દારૂ શુરૂ કરવાની આદત પાડી હતી.

હુસેન પેલા બસો રૂપીઆમાંથી પચીસનું માથું અત્યાર સુધીમાં ભાંજી ચુકયો હતો અને પોણા બસો રૂપીઆ સાથે હવે તે શરીફુદીન સાથે ખાતો અને શરાબ ઉડાવતો હતો—તે પોણી બસોની ઘણી દરકાર નહીં કરતો હતો, કારણ કે હવે તો પચાસનો પગાર ચાલુ હતો કેની ?

હુસેન અને શરીફુદીન સહવાર, બપોર અને રાત સાથેજ જમતા હતા અને એકજ બીછાનાપર ઉંઘતા હતા. તેઓ જમતી વખતે બધો બાગમાં હીસાબ રાખતા ને દરરોજની બે બાટલીના ડોકાં ઉડારતા હતા. હોટલવાલો દર આંઠ દાહાડાનું ભાડું લેતો અને મવાલીઓ ઉરન છુ નહીં થઇ જાય કરીને તે ભાડુંબી આંગપરજ ઉઘરાવી લેતો !

હુસેન નાટકનો અકેક સીન લખતો ગયો અને તેનું રીહીયરસલ ચાલતું ગયું-બે મહીના પસાર થઇ ગયા અને તે બે મહીનાના પગારના એકસો અને પેલા પોણી બસોનું તળ્યું આવી રહયું.—હવે તેણે લયલા ઉપર કરગરીને એક કાગલ લંબાણથી લખ્યો અને પોતાના પઇસા ચોરાવાનું એક ખોટું બાહાનું કાહાડયું.

લયલાએ તેને લંબાણ કાગલમાં દારૂની બદીથી દુર રેહેવાની શીખામણ આપતાં જણાવ્યું હતું કે જેમ તેમ સમજાવીને પીદર પાસેથી

રૂપીઆ પાંચસો લઇને મોકલાવ્યા હતા અને તે ગરીબ ખેડુતને હવેથી કોઇબી વખતે નહી સતાવવાનો આગ્રહ કર્યો હતો.

હુસેન શાનો સમજે ? તેને તો પાંચસો રૂપીઆથી નવું જોર આવ્યું હતું અને હવે પેહેલાનીજ માફક યાહોમ દારૂ પીતો હતો-પેહેલાં તો અકડાથીબી કામ ચાલતું હતું, હવે તો શરીફુદીન સાથે કંઇ બેવડો પીવાય તેથી જોનહેગ વહીસકીનું માથું ભંજાતું હતું !

અફસોસ ! તે કલેજું કાપી નાંખનારા અકેકી બાટલીના જલદ પ્રવાહીપર તે ખેડુતના ખરા પસીનાના પઇસા કેવા ધુલમાં મલતા હતા !

આખરે ચાર મહીને ધી ડરામા પરફોરમીંગ કંપનીનો "મરદુમ આઝાર" નામનો ખેલ બાહર પડયો, પણ કમનસીબે પહેલીજ રાત્રે "મરદુમ-આઝાર" ફેલ ગયો અને પડી ભાંગ્યો.

"મરદુમ આઝાર" ફેલ ગયો ને સરદાર હઇદરજંગની કંપનીમાં સુઇ ગઇ. મુનશી હુસેન બેહદ દીલગીર થયો, એકટરો બીચ્ચેર મહીનેથી પાછા પસતાં બદામ ને પંખા વેચવા નીકળી પડયા અને નાણાં ધીરનારો બીચારો બાર પંદર હઝારને ઘરે ગયો !

સરદાર હઇદરજંગ પાછી કંપની ઉભી કરવા કોઇ નવા ફુલને શોધેછ તેટલાં તો અરબ ગલીમાં માંખ મારેછ, ને શરીફુદીન વગર નફાની મેનેજરીપરથી રીટાયરડ થઇને વગર મહેનતે મલેલા બાવાના પઇસાપર પેટ પાલેછ, ને મુનશી હુસેન નવી કોઇ નોકરીની શોધમાં ફરતો રહીને શરાબના શીશા ખાલી કરેછ !

પાંચસો રૂપીઆનું તલીયુંબી અવતું રહયું !

શરાબ અને ખાણીપીણી તથા શરીફુદીન જેવા મીત્રોને મેજબાની આપતાં અને કંપનીમાં મુનશી સાહાબના પઇસાએ એકટરોના કેટલાકોએ મારેલી મોજ અને દારૂની બદી સાથે જોનહેગ, બ્લેક એન્ડ વ્હાઇટ,

પોરટ, શેરી, શેમપેન, ક્લેરેટ, ઓલ્ડટોમ, થરીસ્ટાર, સ્નેપ વીગેરે વીગેરે બધા શરાબની મજાહમાં પાંચસો હવે પીગલી જવા આવ્યાછ!

૫.

એક સહવારે હુસેનના હાથમાં હોટલવાળાએ તેના નામનું કાગળ મુક્યું, અને તે પોતાના કમરામાં ગયો. તે ઓરડામાં પુગ્યો અને હજુ તો બેસે છે તેટલાં દરવાઝો ઠોકાયો.

"અંદર આવો." હોટલવાળાએ મોટેથી બુમ પાડી.

દરવાઝો ખુલ્યો, અને રોઆબદાર દેખાવનો મગર લગભગ પાંસઠ વરસની ઉમરનો એક શખ્સ અંદર ચાલી આવ્યો. તે ભપકાદાર પોશાકમાં સજ્જ થયલો હતો અને તેની ભપકાદારી ગ્રહસ્થાઇના વર્ગમાં તેને ઘસડી જતી. તેને જોઇને હોટલવાલો ઉઠીને નમ્યો.

"તમારા જેવા ગ્રહસ્થ આદમીને મારા હોટલમાં જોઇને હું ઘણો ખુશી છેઉં" હોટલવાલો મસકો લગાડવા પડયો.

"ત્યારે શું આએ હોટલમાં બધા મવાલીઓજ વસેછ કે?" ડોસાએ ટકોર કીધી.

"નહીજી, બધા ગ્રહસ્થો."

"હં-ત્યારે તમે મને એમ કહીને માન આપ્યુંતું-હવે સમજ્યો, હવે સમજ્યો."—અને તે ખુરસીપર બેસી ગયો. "મને એક ઓરડો ભાડે જોઇયે છે."

"ઘણી મોટી ખુશીથી" છાતીએ હાથ દઇને હોટલવાલો બોલ્યો "પણ હોટલમાં એકબી ઓરડો ખાલી નથી, ગમે તો આએ મારા કમરામાં રહો, હું રાતના મરઘાંના પીંજરાપર સુવસ."

"ત્યારે તો મોટી મહેરબાની."

તુરતજ તે ઓરડાનું આઠ દહાડાનું ભાડું તેણે ચુકવી લીધું ને પોતાની કબાટને ચાવી મારી રાંધણીમાં ચાલી ગયો.

હવે આપણે તેજ દીવસે હુસેન અને શરીફુદીન શું કરે છે તે જોઇએ. હુસેને પેલું કાગલ વાંચ્યું જેમાં લયલાએ લખ્યું હતું કે તેનો વાલી કાસમ મરણ પામ્યો હતો. કાસમ માટે હુસેન દીલગીર તો થયો, મગર તેને તે દીલગીરી વધારે વખત સોસવાને ફુરસદ નહી હતી, કેમકે સામે ટેબલપર શરાબ તેને વાસ્તે ક્યારનો રાહ જોતો હતો!

"મારો વીચાર છે કે આપરે દારૂ પીતા જઇએ ને જરા નસીબ અજમાવતા જઇએ" જુગાર રમવાની હાથની નીશાની બતાવતાં શરીફુદીન બોલ્યો.

"મારી પાસે તો હવે છેલ્લી દશની એક નોટ બાકી છે ને કાલે વળી ભાડું આપવાનું છે એટલે કાલ સાંઝ સુધીમાં તો હું તદન લુખ્ખો થઈ જવશ—પછી શું કરશ?" હુસેન વીચારવંત બોલ્યો.

"અરરરરર, તુંબી મારી માફક કરકો થઈ રહયોછ કે? મારી પાસેબી હવે કંઇજ નથી" શરીફુદીન બોલ્યો.

"કાંય! હજુણુ તો પરમ દહાડેજ તેં કહ્યું કે હવે છેલ્લા બે હઝાર તારી પાસે બાકી રહેલા છે!" હુસેને અજાયબીથી કહ્યું.

"હતા–બે હઝાર બાકી હતા–મગર કાલે સાંઝના તારેથી છુટો પડીને હું જુગારખાનામાં ગયો, જ્યાં જુગાર ચાલતો હતો. તેમાં પહેલાં મેં પાંચસો મુક્યા તે ગયા–તે પાંચસો મેળવવા મેં હઝાર મુક્યા પણ કમનસીબે તેબી ગયા ને છેલ્લે બાકીના પાંચસોબી જીતપર કરીને મુકયા–પણ તેબી જતાજ રહ્યા."

"ત્યારે હવે આપણે જોબરશું કીયા ચુલામાંથી, ને શરાબની લહેઝત ક્યાંથી ચાખશું?" હુસેન બોલ્યો.

"ડોકરો તો ઘપી ગયોછ, તું બીજા પાંચસો, હઝાર તારી વહાલી પાસેથી મંગાવી લેની." લયલા અને હુસેનની વાત હુસેનને મોઢેથી અત્યાર આગમજની જાણી હતી તેથી શરીફુદીને સુચના કીધી.

"કાગળથી કંઇ વલે નહી–હવે તો હું પોતેજ જવાનો વીચાર કરૂંછ." હુસેને કહયું.

"સારી વાત છે. હુંબી ત્હારી સાથે આવસ. રસ્તામાં લેહેર કરતાં કરતાં જઇશું."

"પણ પાસે ફુટીયું એક નથી ને જવું કેમ ?" હુસેન બોલ્યો.

"જો મને એક વીચાર આવેછ. આપણાં હોટલવાલા પાસે દલ્લો સારો છે ને તેમાંનો મોટો ભાગ પોતાના ઓરડાની કબાટમાં મુકેછ–આજે રાતે એના ઓરડામાં ઘુસીયે. એ ઢોરની માફક ઉંઘાયછ તેનો લાભ લઇયે ને પેલી કબાટ ફાડીને જે મલે તે હોઇયાં કરીયે." ચોરીની રીત શીખવતાં હવે શરીફુદીને કહયું.

"નહી, ચોરી તો મારાથી થાય નહી." હુસેન બોલ્યો.

"તો ભુખે મર" શરીફુદીન બોલ્યો,—અને તુરતજ તેણે હુસેનના કાનમાં ઉતેજનના શબ્દો કહયા.

હુસેન ચોરી કરવા કબુલ થયો!

અફસોસ! શરાબ!—એજ શરાબે, આપણે જોયું કે, દગલબાઝી શીખવી હતી—બેહયાઇ સમજાવી હતી—જુગાર રમાડયો હતો—અને હવે છેલ્લે ચોરી કરવાનું સુઝાડયું હતું!

દારૂને દવા તરીકે જયારે થોડે ભાગે પીવામાં આવે છે ત્યારે ગુણ કરે છે—મગર દારૂને જ્યારે દોસ્ત ગણીને તેની બાટલીઓની બાટલી ઉડારી દેવામાં આવે છે ત્યારે તે જાનને નુકસાન પહોંચાડવા ઉપરાંત હોરમત

અને આબરૂની પાયમાલી કરે છે. શરાબને દોસ્ત બનાવે છે તે જાણતા નથી કે શરાબ એક ઝહરી દુશમન પુરવાર થાય છે.

"ક્યારે-ક્યારે ચોરી કરવાની છે ?" હુસેને પુછ્યું.

"આજે રાત્રે-બાર વાગે" જવાબ મલ્યો.

"ત્યારે તો હું કાલે સહવારના અહીંથી લખનૌ જવા ઉપડી જવશ." હુસેન બોલ્યો.

ચોરીનો દલ્લો મળવાની આશામાં તે બે છાકટાઓ બાટલીઓ લઇને રાતના બેઠા અને પીવાનું ચાલુજ રાખ્યું, જેવામાં ઘડીયાલના ઠોકા થયા. હુસેને તે ગણ્યા, એક-બે-ત્રણ અને ચાર-પાંચ-ને અગીઆર સુધી તેણે ગણ્યા.

"અગીઆર" હુસેન બોલ્યો.

"એક કલાકમાં આપણે ઉતરીએ."—અને શરીફુદીને ગલાસ ઉચકીને દારૂ પીધો.

આખરે શરીફુદીન અરધા કલાક પછી ઉઠયો. તેણે એક ચોર ફાનુસ લીધું અને હુસેનને લઇ તે હળવે હળવે દાદરપરથી ઉતર્યો.

હોટલવાળાના ઓરડામાં નવો પહરેગીર સુતો હતો તે વાતની તો તે લોકને ખબર નહીં હતી અને હોટલવાલો ઢોરની માફક ઉઘાતો હશે તે ખ્યાલમાં શરીફુદીને છરી નાંખીને અંદરની કડી છટકાવી દીધી.

તેઓ બેઉ ઓરડાની અંદર દાખલ થયા.

શરીફુદીનના પગને અંદર જતાંજ કાંઇ લાગ્યું અને હુસેનબી અટક્યો.

"ભોંયપર કંઇ છે." હુસેને શરીફુદીનના કાનપર પડીને કહ્યું.

શરીફુદીને તુરતજ ફાનુસ સલગાવીને ભોંય તરફ તેનો ઉજાસ નાંખ્યો—ઝમીનપર જે હતું તે જોઇને તેઓ બેઉ ચોંકયા. ફાનુસના ઉજાસ તલે ચતો

પાસ એક બુઢો શખસ પડેલો હતો, તેના ગળાં આસપાસ એક મોટો ઘા હતો, તેના ગલાંમાંથી ધોધમાર લોહી વહ્યું ગયું હતું અને પાસે એક અસ્રો પડેલો હતો! પ્રગટ હતું કે આ જગ્યાપર થોડાજ વખતમાં એક જખુન કામ બન્યું હતું.

"ચાલ-ચાલ, શરીફુદીન આએ ઓરડામાંથી બહાર ચાલ" એકદમ હુસેન પોકારી ઉઠયો. "ખુદાને ખાતર ચાલ." તેઓ બેઉ ધસડાતા બહાર ગયા!

તેવામાં સામેથી કોઇ આવતું જણાયું. શરીફુદીન હુસેનના કાનમાં બોલ્યો "હોટલવાળો પોતેજ આવેછ."

આ સાંભળીને હુસેન ધુજવા પડયો. તેણે શરીફુદીનની દરકાર કીધી નહી—અને પોતે ઝડપથી હોટલ છોડીને રસ્તાપર યાહોમ નીકળી પડયો.

હુસેન એક ઘેલા માણસની માફક તે અરધી રાત્રે જ્યાં જવાયું ત્યાં ચાલ્યાજ કીધો અને ચાલતાં ચાલતાં તે કોટ તરફ આવ્યો.

હઝારો દુખદાયક વીચારો કરતો તે એક તરફ મેદાનમાં બેઠો-તેનું માથું ભમતું હતું અને તેને ચકકર આવતા હતા—તે ઘાસપર વીચાર કરતો ચકકર ખાઇને પડયો—અને તેની ઝુંકાતી આંખો બંધ થઇ ગઇ.

તે ઉંઘાઇ ગયો.

એકાએક તેને હાથ મારીને કોઇએ ઉઠાડયો—તે આંખ ચોળતો ઉઠીને જોયછ તો પોલીસના માણસો તેની પાસે એકઠા થયા હતા અને સહવારનું તડકું તેના ચેહેરાપર પડી ચુકયું હતું.

"હુસેનમીંયા લકનવી" પોલીસના એક અમલદારે કહયું "તમને ગઇ રાતના ખુન કરવાના વાંક માટે પકડવામાં આવે છે"

હુસેન ફીકો ફ્ચ થઇ ગયો, તેના ચેહેરાપરનો રંગ ઉડી ગયો અને તે થર થર ધુજવા લાગ્યો.

"ખુન?" થોડેક વખતે તે ગભરાઇને પોકારી ઉઠયો "પાક ખુદા સાહેદ છે કે મેં તે કામ નથી કીધું, હું નીરદોશ છું."

મગર તે અમલદારો હવે તેનું સાંભળવા ઉભા નહીં—તેઓએ તેના હાથમાં બેડી નાંખી અને પકડીને લઇ ગયા.

તે પછી તેને માજીસ્ત્રેટ સામે ઉભો કરવામાં આવ્યો, મેજીસ્ત્રેટે હોટલવાળા અને શરીફુદીનની જુબાની લીધી, જેમાં શરીફુદીને જણાવયું કે તેણે નઝરોનઝર આરોપીને ખુન કરતાં જોયો હતો—તેણે બીછાનું ખાલી જોયું, એક દરદનાક સાદ આવ્યો, ત્યાં તે દોડી ગયો, જ્યાં હુસેન મરનારનું ગલું કાપતો હતો.

હુસેને એક પલીદ દોસ્તપર મનમાં ફીટકાર નાંખ્યો. તેણે પોતાનો બચાવ સેશન્સમાં કરવા જણાવ્યું—અને માજીસ્ત્રેટે તેને સેશન્સ કમીટ કર્યો.

૬.

દીવા જેવું ખુલ્લું હતું કે હુસેન નીરદોશ હતો તોબી તે પકડાઇ ગયો હતો. તેના અઝીઝ દોસ્તેજ ચોરીનું પોતાનું કામ છુપાવવા તેને ખુનના તહોમતમાં હોમાવ્યો હતો—અને તેથી તે ખુની તરીકે હાલ જેલમાં દુખના દીવસો કાહાડતો હતો!

અફસોસ! આએ તેની દુરદશા તે શરાબે લાવી મુકી હતી જે શરાબ રાત અને દીવસ તે યાહોમ પોતાના પેટમાં નાંખ્યોજ ગયો હતો, અને મગજને તથા કલેજાને ગરમી પહોંચાડવા સાથે તેણે પોતાને એક કંગાલમાં કંગાલ ખુનીની હાલતનો કર્યો હતો!

શરાબ! આદમ જાતના એ કાતીલ દુશમન! તુંને કેટલા બધા ગુનાહોનો જવાબ આપવાનો હતો? એજ કાતીલ શરાબથી ઘણીઓ વીધવા થઇ હતી, ઘણાઓ માબાપ વગરના થયા હતા, ઘણાઓ બચ્ચા

વગરના બન્યા હતા, ઘણાઓ માંદાં, ગરીબ અને ગુનેહગાર બન્યા હતા—જરા મેડ હાઉસમાં ડોકયું કરી જુઓ, જરા હોસ્પીટલોમાં નઝર નાંખો અને કહો કે શરાબથી કેટલા ખરાબ નહીં થયા હતા ?

નીરદોશ હુસેન! તેણે જેલમાં જ્યારે પોતાનો કંઇબી બચવાનો ચાન્સ જોયો નહી ત્યારે તેની સામે જે ભયંકર મોત આવવાનું હતું તેના ખ્યાલથીંજ ગભરાઇને બેઉ હાથે પોતાનું માથું પકડી લીધું અને ઝાર બેઝાર રડયો.

વખત વહ્યો ગયો—સેશનસને વાર હતો, અને તે દરમ્યાન દીવસો પછી અઠવાડયાંઓ ગયાં–તે મોતની ધાસ્તીથી ધ્રુજતો હતો અને હવે તેને નવું દરદ થતું હતું. તેને લાગ્યું કે તેનું કલેજું અંદરથી કપાતું હતું !—અફસોસ! શરાબે તેનું ભીતરખાનું પોણું ઉપર ખરાબ કરી નાખ્યું હતું.

ઝીંદગીથી તે જોકે કંટાળ્યો હતો, મગર એક ખુનીના મોતે મરવાને વાસ્તે તો બીહતો હતો.

એક દીવસ તે વીચારવંત બેઠેલો હતો તેટલાં જેલની તેની કોઠડીનો દરવાઝો ખુલ્યો અને સીપાઇની પાછળ કોઇ દાખલ થયું.

"લયલા! લયલા!" તે એકદમ પોકારી ઉઠયો "કયા ફીરેસ્તાએ તુંને અહીં મોકલી ?"

"ઓ-મારા વહાલ:—વાહલા હુસેન" તેને વળગી પડતાં લયલા ઝાર બેઝાર રડીને બોલી "મને પાક પરવરદેગારે તુંને બચાવવા મોકલી."

"અફસોસ, લયલા! એક આદમી જાત હવે મને કેમ બચાવશે ?" તે રડીને બોલ્યો.

"પાક ખુદાએ મને તુંને બચાવવા મોકલી આપીછ" તે બોલી

"નીરદોશ તું છે તે સાબેત કરનારૂં આએ કાગળ છે જે હું મારી સાથે લાવીછ."

એમ બોલતાંજ તેણે પોતાની પાસેથી એક પરબીડુ ખેંચી કહાડયું જેમાં એક લંબાણુ કાગળ હતું. હુસેને તે કાગલ ખેંચી કહાડયું અને વાંચવા માંડયું. દરેક લાઇન સાથે તેની ખુશાલી વધતી ગઇ અને જ્યારે વાંચી રહયો ત્યારે તેણે આસમાન તરફ નઝર કરી પાક ખુદાનો ઉપકાર માન્યો.

"આએ કાગળ મને મલ્યું તે પછી છેક પંદર દહાડે મેં લકનોમાં ખુમ સાંભલી કે મુંબઇમાં મુનશી હુસેન લકનવી ખુનનાં આરોપસર પકડાયો હતો. મેં તેહેકીક કરી મુંબઇના પેપરો જે લોકને ત્યાં આવતા હતા ત્યાં ત્યાં ગઇ અને ખબર મેલવી તો માલમ પડયું કે જે હોટલમાં તું રેહેતો હતો ત્યાં કોઇ કમાલ યારજંગનું ખુન અસ્રા વડે કરવામાં આવ્યું હતું. મેં મારી ઉપર આવેલો આએ કાગલ તપાસ્યો અને મારી સુધ ઉધડી. હું તુરત તુંને બચાવવા અહીં આવી, મે હમણાં એક સોલીસીટરનેબી અહીં બોલાવ્યા છે જેવણ આવતાજ હશે."

અને તેજ ઘડીએ એક બીજો સીપાઇ સોલીસીટરને લઇ આવ્યો. લયલાએ તેના હાથમાં પેલું કાગલ મુકયું જે તેણે વાંચ્યું.

"ઝફ્રર હોટલ, મુંબઇ તા૦—

લકનોવાળી લયલા દુખતરે

કાસમ બાગબાન જોગ,

લયલા હું તારો કાકો છેઉં, ને મેં તારીપર ઘણું દુખ પાડયુંછ. જે દુખ માટે હું હમણાં હમણાં પરતાઉંછ અને એ પરતાવાથી જાણે મને મારી ઝીંદગી અકારી નકારી છે. હું તારા પીદરનો મોટો ભાઇ થાઉં છું, તારા પીદર જયારે મારી અને માબાપની રજા વગર તારી

ગરીબ માયને પરણ્યા ત્યારે અમોએ એક દીવસે તારા બાપને લાગવગથી પાગલખાનામાં કેદ કરી તારી માને રખડતી કરી ઘરથી બહાર કહાડી મુકી. તારી માદર તે વખતે હમેલદાર હતી અને બીમાર હતી. થોડે વખતે મેં જાણ્યું કે તું એક ખેડુતને ત્યાં જન્મી હતી અને તેજ વખતે તારી માદર મરણ પામી હતી. તારા જનમના સવા વરસ પછી મેં તે ખેડુતપર બંદેખુદાને નામે રૂપીઆ પાંચ હઝાર તુંને પાળવા મોકલ્યા, કારણ કે તારા તરફ મને દયા આવી હતી. હું છુપી રીતે તારી ખબર કાહાડતો રહેતો હતો. તારા તેરમાં વરસ પછી તું પરણવા લાયકની થશે અને તે વખતે તુંને સંસારને માટે કામ લાગવા પચાસ હઝાર રૂપીઆ આપવાનું મેં મનમાં નક્કી કીધું—તારો પીદર તો પાગલખાનામાંજ બે ત્રણ વરસ પછી મરણ પામ્યો. તુંને તેરમું વરસ બેસે તેની ચાર દાહાડા આગમજ મને અબદુલ સરાઇમાં મલીને રૂપીઆ પચાસ હઝાર લઇ જવા તારા વાલીને મેં જણાવ્યું. મેં કાગળ તો લખ્યું—મગર, મને તે પછી એકજ દીવસમાં લકનઉમાં ખબર મળી કે તું કોઇ છાકટા છોકરા સાથે પરણનાર હતી. તેથી તે પચાસ હઝાર કોઇબી રીતે તેના હાથમાં નહીં જાય તેનાં ખ્યાલથી વખત લંબાવવા હું તે સરાઇથી નીકળી ગયો અને તે પછી તારા વાલી થોડીક મુદતે મરી ગયા. મને હવે દાહાડે દાહાડે તારી મા અને તારા પીદર તરફ જે સખતાઇ વાપરી હતી તેનું દુખ થતું હતું અને મારૂં અંતઃકરણ મને ડંખતું હતું. મને ભયંકર સ્વપના આવતા અને હું ઝીંદગીથી કંટાળી ગયો. આ કાગળ લખુંછ તેજ રાતના મેં આપઘાત કરવાનો વીચાર કીધોછ. હું મુંબઇના ઝફર હોટલમાં ઉતર્યોછ અને કમાલ યારજંગનું નામ ધારણ કીધુંછ. મારો વીચાર અસ્ત્રાએ ગળું કાપીને મરી જવાનો છે, અને તું જોશે કે આએ

કાગળ મલશે ત્યારે હું આપઘાતથી ખલાસ થઇ ગયલો હોઇશ. મારા દોઢ લાખ રૂપીઆ મુંબઇ બેંકમાં છે જે તુંને એકલીનેજ મલે તેમ મેં એક વીલ આજ છ મહીનાની વાતપર કરીને મારા દીલ્હીના મકાનમાં મુકયું છે.

આપઘાત કરવા પછી તારી પાસે મારા રૂહ માટે દુવા તલબ કરતો, હું છું તારો કમનસીબ કાકો

જમાલ."

સોલીસીટર તે કાગળ વાંચીને ઘણોજ ખુશી થઇ ગયો. તે હુસેનને સલામ કરી લયલાને લઇને જેલની બહાર આવ્યો અને તેજ દાહાડે કોરટમાં હાજર થઇને તેણે શરીફુદીન સાંમે વારંટ કહડાવ્યું. શરીફુદીનને મજકુર કાગલની રૂએ સોગંદ ઉપર ખોટી જુબાની આપવા માટે પકડીને પહેરેજ કરવામાં આવ્યો, અને હુસેન સામેનો સેશન્સનો કેસ ખલાસ થવા પછી તેની સામે પગલાં લેવા માટે તેનો મુકદમો મુલતવી રાખવામાં આવ્યો.

દીલ્હીમાં જમાલના મકાનની ખબર કાહાડવામાં આવી, વીલ મેલવવામાં આવ્યું અને મુંબઇ બેંકમાં ખબર કાહાડતાં માલુમ પડયું કે જમાલના દોઢ લાખ રૂપીઆ બેંકમાં હતા.

આખરે સેશન્સ મલી.

હુસેનનો મુકદમો ખાસ જુરી સનમુખ ધરવામાં આવ્યો. પુરાવાઓ રજુ થયા, જુબાનીમાં જે બનાવ ખરો બન્યો હતો તે શરીફુદીને કહ્યો. જમાલનું કાગલ વાંચવામાં આવ્યું અને બધી બીના હુસેનને નીરદોશ જાહેર કરતી હતી, જ્યારે જજે જુરીનું મત પુછયું જેણે હુસેનને નીરદોશ જાહેર કીધો અને જજે જુરીના મત સાથ મલતા થઇ હુસેનને બાઇઝત કલંક વગરનો જણાવી છોડી મુકયો.

હુસેને પાક ખુદાના શુકરાના કીધા.

તે પછી આ બેતાબ ખલકતના તે બેચેન મતલબી દોસ્ત શરીફુ-દીનની તપાસ ચાલી, અને તેને સોગંદ ઉપર ખોટી જુબાની આપી એક માણસની ઝીંદગી જોખમમાં લાવવાના ગંભીર વાંક માટે દશ વરસના સખત કેદખાનાની સજા કરવામાં આવી.

*   *   *   *

જમાલના દોઢ લાખ રૂપીઆ સાથે લયલા અને હુસેન જઇને લક-નોના મરહુમ કાસમના બગીચામાં રહ્યા અને ત્યાં તેમનાં લગન થયાં.

હુસેને પોતાની ધણીઆણી સાથે સુખમાં લાંબી ઝીંદગી ગુઝારી અને કોઇ દહાડેબી શરાબને હાથ વટીક લગાડયો નહી અને બીજાઓને શરા-બની બદીની સમજ આપવામાં દરેક રીતની કોશેશ તેણે જારી રાખી.

૨.

વફાનું એક પુતળું.

દહેશત ઉપજાવનારો અને દીલમાં ભયાનક ધાસ્તી પેદા કરાવનારો તે એક દેખાવ હતો. નવાબ કુતુબુદીનના જમણા હાથમાં એક તેઝી ખંજર પકડેલું હતું, જ્યારે તેના ડાબા હાથમાં તેની બેગમ મુમતાજના બન્ને હાથો ધરેલા હતા.

"કુતુબ, વ્હાલા કુતુબ, જુનુની ના બનો, ગુસ્સાબાઝ ના થાઓ, ઓ હંમેશના રહેમદીલ પ્યારા કુતુબ, આજે તમે સંગદીલ ના બનો." બેગમ મુમતાજે પોતાના ધણીની નઝરમાં પોતાની નઝર ફેંકતાં અતીશ્ય કાલાવાલાથી મીનતઝારી કરી માગી લીધું.

"ચુપ, ઓ બેવફા ઔરત, તારી મીઠી મીઠી વાતોથી હું હંમેશ ભોલવાતો હતો, મગર આજે મને જોવાને આંખ થઇ છે કે ઔરતોની બોલી કડવી કવીનીનનાં પડ ઉપર આવતી સુફેદીવાલી મીઠાસ મીસાલની છે, જેને થોડોક વખત ચુસવા પછી તે ઝહર જેવાં કવીનીનનું પડ ખુલ્લુ કરે છે, અને આદમીઓનું મ્હોં તમામ કડવું બનાવી દે છે."

"નહીં! નહીં! વહાલા કુતુબ, તમો ભુલો છો. એક સાફ અને વફાદાર ઔરત કવીનાઇનની કડવી ગોલીપર મીઠાસનું પડ એટલા માટે ફેલાવે છે, કે તમારાં મોંઢાંને ગોલી ગલતી વખતે કડવાસ આપે નહીં, અને ગલી રહેવા બાદ કવીનાઇનની દર્દ દુર કરનારી અસર પેદા કરે. ઓ કુતુબ, તમે કીયે દહાડે એટલા બેરેહેમ હતા? ઓ બોલો, બોલો, વ્હાલા જાન, બોલો, કે તમે મારી સાથે કીયે દહાડે એમ ગુસ્સાબાઝ બન્યા હતા?"

"આટલો બધો વખત સુધી હું આંધલો હતો, મગર આજે મારી ચશ્મો ખુલ્લી થયલી છે, અને હું જોઇ શકું છું કે ઔરત જાત સુફેદ આસ્તીન ઉપરના એક કાળા ડાઘા મીસાલ છે, બલકે ઝહર અને દુશ્મનાઇથી ભરેલી ઝહરી સાંપ છે." નવાબે લાલચોલ થઈ જતાં પોકાર્યું.

"ઓ—તમે એમ ના બોલો, કોઇ કોઇ ખરાબ ઔરતોને લીધે ઔરતોની આખી જાતને બદનામ ના કરો, કુતુબ! યાદ રાખો, વ્હાલા, કે આપણા હાથ સાથે લટકતી પાંચે આંગલીઓ જે એકમેકની સાથે વસે છે તેબી—ઓ તેબી—એક સરખી નથીજ. જેમ પાંચ આંગલીઓ સરખી નથી, તેમ બધી ઔરતોબી બુરાઇમાં એક સરખી નથી. બુન્યાદદાર ઔરત ગમે તેવાં સંકટમાંબી વફાની એક આરસી અને વફાના એક પાક, સાફ, ચલકતા આયના મીસાલ ચમકે છે."

"બઅઅઅસ! ચુપ રહે એકદમ, નહીં તો આએ ખંજર જે પાંચ મીનીટ પછી તારૂં સીનું ચાક કરનાર છે તે હમણા—અત્તર ઘડી અને આજ પલોએ તારી છાતીમાં જગ્યા લેશે."

"મારો—મારી નાખો—આએજ પલે મારી નાખો—હું તો વફાઇમાં બીલકુલ ભરપુર છેઉં, અને તમને જે બુરો જુઠ્ઠો શક ગયો છે તે જો તમને સાચ્ચોજ લાગતો હોય અને મારૂં બોલવું તમારી આગલ "પત્થરપર પાણી" મીસાલ હોય તો મારો. મારા વહાલા ખાવીંદ, હું તમારીજ છેઉં, મને મારી નાખો, અને મરતાં મરતાંબી હું સુખી અને ખુશી થઇને એટલુંજ બોલીશ કે મેં મારા વહાલા ધણીનો શોખ પુરો કરવાનેજ લીધે મારો જાન ખોયો છે. જ્યારે તમને એવોજ શોખ થાય છે કે મને તમો મારી નાખો તો પછી તમારી તલવાર ખેંચી કાઢો, અને લેઓ, આએ મારી ગરદન તમારી જનાબમાં હાઝર છે." એટલું બોલીને મુમતાજ બેગમે પોતાની ગરદન નીચે નમાવી.

એક પલ ત્યાં ઘમઘોર ચુપકીદી ફેલાઇ.

નવાબ કુતબુદીનનાં ભેજાંમાંથી એક વીજળીના પ્રવાહના ચમકારા મીસાલે અનેક વીચારો ઉપરાસાપરી પસાર થઇ ગયા. શું તેણે પોતાની ઓરત મુમતાજ માટે જે બુરાં વચનો સાંભલ્યાં હતાં તે ખરાં હતાં કે તેની ઔરત મુમતાજ પોતે ખરી હતી? શું ખ્યાલ બાંધવો, શું વીચાર મનમાં વસાવવો, શું સેવટ ઉપર આવવું, તે તેને સુઝયું નહીં.

થોડા બીજા વીચારો, અને પછી તે પાછો જુનુની બની ગયો.

"નહીં, તુંને એકદમ મારી નાખવી સઝાવાર નથી. એકદમ તું મરી જશે તો દુખમાંથી બીલકુલજ છુટી થશે, અને તેથી તારા જેવી ઔરતોને તો એક બીલાડી જેમ ઉંદરને બચરી—કુચરી—અફાલી—

ઝીકીને રીબાવી સતાવીને પછી મારી નાંખે તે મીસાલ રીબાની રીબાવીને ખલાસ કરવી જોઇએ."

તેણે પોતાના હાથમાંનું ખંજર નાંખી દીધું. ગુસ્સાથી એકદમ દીવાનો બની જઇ એક આંચકો મારીને મુમતાજને બીછાના ઉપર ચતી પાત નાંખી દીધી, અને પાસે પડેલો એક લોખંડનો સલીઓ ઉચકી તે સલીઆને પોતાના તમામ જુસ્સાથી મુમતાજની ડાબી આંખમાં ચલાવી દીધો.

દીલ કાપી નાખનારી એક ચીચીયારી મુમતાજે પાડી; તેણીની આંખમાંથી કાલા રંગનું થોડુંક પાણી નીકલી પડ્યું, અને તે કમનસીબ ઔરત બેફામ થઇને બીછાના ઉપરથી નીચે ગબડી પડી.

ઓ તે શયતાનીયતભરેલું નીર્દય કામ! દોઝખનો દેખી એક ઘડીભર કમકમે તેવું તે દયાહીણુ કર્મ હતું.

તે બુરૂં અને પાપથી દીરમે દીરમ ભરપુર નાપાક કામ કરીને નવાબ ત્યાંથી એકદમ ચાલી ગયો, અને તે ગયો કે તેજ પલે એક આકાર તે ઓરડામાં કુદી પડ્યો.

તે ગુઠણ્યે પડ્યો, બેઠો અને તેણે પોતાના બેઉ હાથોમાં બેગમના બદનને ઉચકી લઇ બીછાનામાં મુક્યું, અને ગુસ્સાથી દાંત કચકચાવવા લાગ્યો.

લગભગ પાંચ મીનીટ સુધી તો તેનાથી કશું બોલાયું નહીં, અને તે બેફામીમાં પડેલી બેગમ તરફ ટગર ટગર જોવા લાગ્યો.

પછીજ તે બોલી શક્યો, અને તે જે બોલ્યો તે સઘલું ગુસ્સાનુંજ હતું:

"કુતુબ! તારૂં મોહોત હવે નઝદીક છે. મારી માઝાદ ખાહર

ઉપર જે સઘળો પ્યાર તેં કીધો હતો તે સરીયામ સહરાગાતી, ઢોંગી, આપમતલબી અને લુચ્ચી રીતનો હતો, એમ હું આજે જોઇ શકું છું. બદકાર! તેં મને બે વરસની વાત ઉપર દેશનીકાળ કીધો, પણ તેને માટે હું તકસીરવાર હતો તેથીજ મેં બદલો નહીં લીધો, પણ આજે તો તેં એક એવું કામ કીધું છે કે જેનો સખ્તમાં સખ્ત બદલો લેવો સઝાવાર છે. ઓ કુતુબ! તેં મારી નીરદોશ બહેનની આંખ ફોડી નાખી છે, પણ હું તારાં પેટમાનાં એકે એક આંતરડાં બહાર કાઢીને ટુકડે ટુકડા કરૂં તોજ—"

તે બોલી રહે તેટલાં બેગમ બેહોશીમાંથી જાગૃત થઇ, અને જે છેલ્લા શબ્દો તેણીએ સાંભળ્યા તેનો એક આખો વાકય બનીને તેના ભાઇનાં મોંહડાંમાંથી બહાર પડે તે આગમજ તેણીએ તેને અટકાવી બુમ પાડી, "ચુપ રહે, જમીલ, મારા ધણીનું તેં અને મેં બંનેએ નમક ખાધેલું છે અને તે નમકને બેવફા થવું એ બેશરમીનો પરદો આંખ સામે ખેંચી લેનાર નફ્ટ માણસોનું કામ છે. તું અને હું,–બેઉ જણાં એક અસીલ અને બુન્યાદ માબાપનાં નેકઝાદ બચ્ચાંઓએ કોઇ કાલેબી નમક હરામ અને બેવફા બનવું સઝાવાર નથી. અલબત, મારા વ્હાલા કુતુબને તું મને છુપો મલતો રહેવાથી કોઇ પારકો મર્દ મને બદદયાનતે મલવા આવે છે એવો શક ગયો હતો અને તેને માટે મેં મારા ધણીને ઘણો સમજાવ્યો, પણ અફ્સોસ, તેના કાનમાં ઝહર ઉતરી ચુકેલું હોવાથી અને તારા આ આગમજના આવ્યાને સબબે બીજો કોઇ મર્દ હોવાનું તે ખાત્રીથી માની ચુકેલો હોવાથી તે અદેખાઇના અંગારથી બલી ગયો હતો, અને તેથી તેણે આ કામ કીધું છે. પણ જમીલ, યાદ રાખવું સઝાવાર છે કે તે મારો પ્યારો ખાવીંદ છે, અને એ ખાવીંદને માટે મારી

એક આંખ તો શું પણ મારો આખો જાનમી કુરબાન કરવા હું જાનો દીલથી તૈયાર છેઉં." બેગમ મુમતાજે પોતાનાં અસહ્ય દૂખ છતાંમી હીમતથી કહ્યું.

"એવી ડાહી ડાહી વાતોનાં માણુસોને હું ઘેલાં અને ચક્રમ માણુસો તરીકે પીછાણું છું, સમજી? હવે હું બી ખરો કે મારા બનેવી તરીકે ઓલખાતાં જાુનુની ચીતાને એવી આતશની ચેહમાં નાખું કે જે આતશ તેને બાલી બાલીને ખાક કરે અને તે ખાકની રજકણો હવામાં ગુમ થઇ જાવ."

"ખામોશ, જમીલ! અએ બેતાબ ખલકતની ઝીનદા તસવીર, તું હવે ઘણો બેઅદબ થતો જાય છે. મારી સામબે મારા વહાલા ખાવીંદ માટે એવા બુરા સુખનો હું કોઇ કાલેમી કોઇનાં મોંહામાંથી નીકલવા દેનાર નથી. જો સાન સલુકે વાત કરવી હોય તો કર, નહીં તો તું તારે રસ્તે પડ અને હું મારે રસ્તે. મારા ખાવીંદને માટે બુરૂં ચાહનાર ભાઇની હું એક તુંબા ભારબી દરકાર કરનાર નથી, અને આજ પછીથી તારૂં નામ વટીક લેવાને હું તૈયાર નથી." આંખ દાબતાં તે પોતાના દૂખ વચેમી હીમતથી બોલી.

"એ જાુઠી બકવા અને એ જાુઠી શીખામણોની મને રતીભાર પરવા નથી. હું મારી બહેન તરીકે તુંને નહીં ગણીને તારા માટે મારૂં વેર નહીં લઇશ તો મારા મરણ પામેલા પીતાની એક યતીમ લડકી તું છે એવા ખ્યાલથીજ હું તે મુજી નવાબ કુતુબદીન ઉપર વેર લઇશ, લઇશ, અને ફેર લઇશ——"

"કોણ? જમીલ કે?" એકદમ અંદર આવતાં મુમતાજ અને જમીલની માદર કુલસુમે બુમ પાડી, "બેટા, નાહાસ, નહીં તો કુતુબ જાણશે તો તારો જાન લેશે. કેમ બેટી મુમતાજ, એ તારી આંખને શું છે? ઓ!

તારી આંખ તો ફુટી ગયલી છે!" ફુલસુમે મુમતાજની આંખમાં જોતાં બુમ પાડી, "મને હમણાંજ નવાબ કુતુબે તારી આગલ તબીયત બીગડી છે એમ કહીને મોકલી. બેટી, શું મામલો બનવા પામ્યો છે?"

તે આખો મામલો કેવી રીતે બન્યો હતો તેનો અહેવાલ જે જમીલે બાગમાંની બારીએથી જોયો હતો તે વીસ્તારીને પોતાની મા આગલ કહયો, અને તે સાંભલીને બીબી ફુલસુમનો પીત્તો ઉછલી આવ્યો, અને તેણી ગુસ્સાથી નવાબ કુતુબને પકડવા દોડી.

તેણી ઓરડામાંથી બહાર પડી કે જમીલ હથીયારોના ઓરડામાં ગયો, અને ત્યાંથી તે એક ઝંજીર લઇ આવ્યો.

"હવે જવાંમર્દી દેખાડવાનું કામ મારૂં છે. નવાબ ગમે તેવો ઝોરદાર છે પણ તેને આ સાંકલમાં સીકડી લઇને પછી જબેહ કરવાનું કામ અતીશય સહેલું છે.'

મુમતાજ આ જોઇને ફ્ગલાઇ ગઇ. તેણીને હવે કાંઇ સુઝયું નહીં. નવાબ જે ઓરડામાં પગ મુકે તો તેણીનો ભાઇ જમીલ તેને સાંકલની બેડીઓમાં સીકડી જરૂર તેનો જાન લે એવું હતું. તેણીએ ધીરજ ધરી, વીચારો કીધા અને પટામણી ઢબે જમીલની નઝદીક ગઇ.

"જમીલ! તારૂં કહેવું તદ્દન દરોસ્ત છે; ભાઇ. નવાબ કુતુબને હવે અચ્ચીતજ મારવો જોઇએ. તેને આ સાંકલમાં ફસાવવા માટે હું તુને મારી મદદ ખુશીથી આપીશ."

અને એટલું બોલીને તેણીએ મક્રરથી જમીલને બનાવીને હાથમાં લીધો. જમીલનું ધ્યાન બીજી ચીઝ ઉપર દોડાવીને તેણીએ એક મર્દને છાજતી હીમતથી ચપલાઇ વાપરી અને કુતુબ માટે લાવેલી ઝંજીરમાં તેણીએ જમીલને પોતાનેજ ઝકડી લીધો.

"શયતાનની ખાલા ! તારી ખોટ્ટી ખોટ્ટી લમ્ભાસોનો આય નતીજો ?" જમીલે ચીરડાઇને કહ્યું.

"હા, મારા પ્યારા ખાવીંદને બચાવવાને માટે તું તો શું પણ તારા જેવા દશ ભાઇઓને હું એવા મક્કરથી ફંદામાં ફસાવું. હવે તુને આ પાસેના તહેખાનામાં લઇ જઇશ, અને જ્યારે તું મારા પ્યારા કુતુબનો જાન લેવાનો બુરો ખ્યાલ છોડશે ત્યારેજ તુંને તે તહેખાનામાંથી બહાર કાઢશ, નહીં તો ગમે તેટલા દીવસો, ગમે તેટલાં મહીના, અને ગમે તેટલાં વરસોબી પસાર થઇ જશે તો તુને તે છુપાં ભોંયરાંમાં એક કેદી તરીકે બંધ રાખવામાં આવશે."

હજુર તો તેણી પોતાનો વાક્ય તમામ કરી રહે તેટલાં કુલસુમ અને કુતુબ બેઉ જણાં ઓરડામાં ધસી આવ્યાં. કુલસુમ ગભરાયલી, અને કુતુબ ગુસ્સાથી દીવાનો બનેલો.

કાંઇબી નવું બને તે અગાઉ ત્યાંનો મામલો જોઇને નવાબ કુતુબે સવાલ રજુ કીધો.

સઘલો ખુલાસો કરવાની ફરજ પડી અને તે સાંભલીને નવાબને પોતાની ઔરતની વફાદારી માટે ઉમદામાં ઉમદા વીચાર બંધા થયો, અને પોતાનાં પાપી અને જુનુની કામ માટે ઘણો પસ્તાવો તેને થયો.

નવાબે જમીલને માફ કીધો છે, કુલસુમની દયા ચાહી છે, અને પોતાની બેગમના પગની ખાક ચુમતાં તેણે તેની પાસે માફ માંગી લીધી છે.

બેગમ મુમતાજ માટે હકીમે.પર હકીમોને બોલાવવામાં આવ્યા, મગર એક વખત ફુટી ગયલી તે આંખ પાછી સમી થઇ શકી નથી.

વહેમી નવાબ પોતાના વફાઇના પુટલાં મૂમતાજ આગલ બેસીને તેણીની બનાવતી કાચની ડાબી આંખ જોતાં કોઇ કોઇ વાર આંખમાં

પાણી લાવે છે, અને બોલે છે કે "કોઇ ગલીચ ઔરતોજ ગલીચ રહે છે. બાકી વફાદાર અને પાક ઔરતો આ દુન્યાના પરદાપર નહીં મલે તેમ નથીજ, અને તેથી ઔરતોની આખી જાતને કદીબી બેવફા ધારવી નહીં."

૩

સુફેદ સાહુયા તળેનો શયતાન.

મેહલ્લી આદરજી વકીલ, એક જાહેર જવાન વકતા અને સુધ્ધ સાચા અને પ્રમાણીક ગ્રહસ્થ તરીકે લેખાતો હતો, અને તે "પારસીઓની ગરીબાઇ દુર કરી જુવાન વીધવા બાનુઓનું સંકટ નીવારણ કરનારી" એક જાણીતી સોસાયટીનો આગેવાન પ્રમાણીક શેઠીઆ તરીકે ગણાતો હતો. તે અત્યાર તુલીક કુમારો હતો અને ઘણીક જવાન બાનુઓ તેના હાથની ઉમેદવાર હતી.

આવતા રવીવારે તે નેક જુવાન ગ્રહસ્થ "સંસારના સડાઓથી થતી બદી અને સંસારના કાલાં મેંઢાંઓથી જુવાન બાનુઓએ કેવી સંભાલ લેવી જોઇયે" તે વિષ્ય ઉપર એક ભાષણ આપનાર છે અને તે દીવસે એક ફક્કડ ફાંકડાં પોશાકમાં સજજ થઇ ભાષણ આપવા માટે જવાનો ઇરાદો થવાથી તેણે પોતાના ખાસ દરજીને બોલાવી મંગાવ્યો છે.

આજે બુધવાર છે અને રવીવારે તો એક ફાંકડો સુટ પહેરીને મેહેલ્લી જનાર છે, એટલે દરજીને સખત તાકીદ સાથે તે ચેતાવે છે:

"દેખો એ કપરા બહોત મેંઘા હય, અઉર અમકુ સુટ આતાવારકે દીન જરૂર ચઇએ."

"સામ આઇતવારકુ જરૂર અમ લાયગા" દરજીએ કહયું અને તે વધારે બોલવા જાય તેટલા બારણું ઉઘાડીને એક જવાન પારસી બાનુ કોઇ એક ઘરડી પારસણ જે તેણીની માતા જેવી લાગતી હતી તેની સાથે દાખલ થઇ. તેઓ ખુલ્લી રીતે જણાતું હતું કે ગરીબ હાલતનાં હતાં તોપણ તેઓનો પહેરવેશ, અકસર કરીને જુવાન પારસણનો પહેરવેશ, ઘણો સુઘડ અને સફાઇદાર હતો. મોટી સ્ત્રી અઘોર ઉમરની લાગતી હતી અને નાની નાઝુક શરીરની ઘટમારી એક ગોરી હતી. તે જુવાન છોકરી યાતો હવે સુખના સાગરમાં આલોટવાની હતી, યાતો શરમીંદગી અને બેહયાઇની ખાકમાં લોટતી થવાની હતી, કારણકે તે સુંદર છોકરી પરણેલી ધણીયાણી થવા વગર થોડાજ વખતમાં એક માતાને દરજજે જનાર હતી!

જો તે જુવાન શખ્શ ખુશ મીઝાજમાં ઉભેલો હતે તો તે છોકરી તેને એકદમ જઇને વળગી પડતે, કારણ કે તેણી જે બચ્ચાંની પોતાના પેટમાં હાલ પરવરીશ કરતી હતી—તે આજ આપણાં કુમારા અને સુઘડાં ગ્રહસ્થ—મી૦ મેહેલ્લી વકીલની બુન્યાદ હતી! પણ પરીચેહેર તેને જોઇનેજ થથરી ગઇ, કારણ કે મેહેલ્લીની નઝર તેણીની માતા અને તેણીની ઉપર પડતાંજ તે એક વિફરી વાઘ ગુસ્સે થાય તેમ ચીરડાઇ પડયો. તેણી—તે ખુબસુરત પરીચેહેર નજદીકમાં પડેલી એક ખુરસીમાં નસીબ બેસી ગઇ, અને જે સુખી દહાડા ગુજાર્યા હતાં તેની ગઇ ગુજરી યાદો તેણી કરવા પડી—મેહલ્લીએ તેણીની સાથે એક ઘણી તરીક વખત ગુઝાર્યો હતો, અને તે ભોલી છોકરી આવા એક સંસારના "આગેવાન અને પ્રમાણીક ગ્રહસ્થ" સાથે જલદીથી પરણી એક નમુનેદાર સારા ગ્રહસ્થની બોહરદાર તરીકે સંસારમાં જાણીતી થવાની ફોકટ ઉમીદો કરતી હતી.

"મી૦ મેહલ્લી" નાલીબાઇએ મેહલ્લી તરફ જોઇને કહ્યું "તમારા પીતાજીના ગુજરવા પછી ઘણા જલદી અમો તમારી આગળ આયા તેથી તમો માફ કરશો; પણ તમે જાણોછ કે તમુને કેવા અખંડ વ્હાલથી મારી છોકરી પરીચેહેર ચાહેછ તે."

તેણીની માતાના મુખમાંથી એ શબ્દો નીકલયા કે પરીચેહરની આંખમાંથી દડદડ આંસુઓ તુટી પડયા, કારણ કે મેહલ્લીની કરડી વર્તણુકથી પરીને ધારી લીધું કે મેહલ્લી તેણીને પોતાની "વાઇફ" કરશે એ વાત હવે અક્કલથી ઉલટી હતી.

"દીકરી, શું તું મેહેરવાનજી જેવા સુદ્ધા, સાચા ને પ્રમાણીક ગણાતા શેઠીયાની મહોરદાર થઇને તારો વાજબી હક હવે મેલવશે તેથા ખુશીના આંસું ખેરવેછ કે?" નાલીબાઇ જેવણુને મેહલ્લીની વર્તણુકથા "દાલમાં કાંઇ કાલું" હોવાનો ધકારો ઉપજ્યો હતો, તેવણે ટેક રાખવા પરીનને સધયારો આપ્યો.

"માતાજી—માતાજી" પોતાની માતાને વલગી પડીને દચકા ખાતાં તેણે કહ્યું "માતાજી, તમો શું જોઇ શકતા નથી કે આપરી વાત મહેલ્લીને ગમતી નથી?"

"ચુપ રહે બેટી!" નાલ્લીબાઇએ કહ્યું "તું વગર કારણે બીહેછ. મી૦ મહેલ્લી, અમો ધારીએચ કે તમો એક બે મીનીટ અમારી સાથે ખાનગી વાત કરવા ફાજલ પાડી શકશો?"

"ખુશીથી તેમ કરતે, પણ હાલમાં જરા હું રોકાયલો—"

"ચાલો, માતાજી, ચાલો." પરીને લગભગ રડી પડતે સાદે કહયું "કોઇબી ચીઝ હું ખમી શકીશ, પણ ઓ! માયજી, આવી જાતની બેવફાઇ કદીબી હું સાંખી શકતી નથી!"

"મી૦ મહેલ્લી" દલગીરીથી દબાઇ જતાં અને કાંઇક ગુસ્સે થતાં નાલીબાઇએ કહયું "મારે શું સમજવું જોઇયે? આ કાગલીયાઓમાં જે ગંભીર વચનો તમોએ લખ્યાં છે તેને શું તમો ભાંજવા તઇયાર છો?" તેણીની બેટી પરીપર મેહલ્લીએ જે "લવ-લેટર્સ" લખ્યા હતાં તેનો ઢગલો બહાર કાઢતાં નાલીબાઇએ કહયું "ઓ! તમે ફીકકા પડતા જાઓછ– તમો ગુચવાઇ ગયલા છેઓ! હગારા, શું–તું મારી ગુલાબ જેવી બેટીને ઇનસાફ આપતાં અટકશે?"

"બાનું, આએ દરજી જેવા શખ્શની સામે તમો તમુને પોતાને ખુલ્લા પાડોછ" મેહલ્લીએ કહયું "જો તમો આવતી કાલે નહીં તો કોઇ બીજે દીવસે મારી આગળ આવશો તો હું તમને બદલામાં શું કીમત આપવી તે નકકી કરશ."

"કીમત આપશો!" દબાઇ જઇને પરીને ચીસ પાડતાં કહયું "બારી નાખો તમારા પઇસા ટકાને અને તમારી કીમતને" પછી તેણીએ પોતાનો ચેહરો નાહલ્લીબાઇ તરફ ફેરવી નાખ્યો અને કહયું "માતાજી, હું તમુને કેહુંછ કે હવે તમે ચાલો, અહીંઆ ઉભા રહેવામાં હવે જરાક જેટલીબી શોભા નથી."

"ઉભી રહે છોકરી" પોતાની બેટી જે હવે ત્યાંથી ચાલી જવાનું કરતી હતી તેને અટકાવીને નાહલીબાઇએ કહયું "આપણે એવી રીતે પગ તળે કચડાઇશું નહીંજ. આ કાગજો એવા તો ગંભીર વચનો, પવીત્ર કસમો ધરાવે છે કે, મી૦ મેહલ્લી, તમારા જેવા સંસારમાં એક ગ્રહસ્થ અને સુધ્ધા ગણાતા શેઠીયાને નીચું જોવું પડશે. જુઓ, તપાસો, વાંચો, તમારી યાદદાસ્ત શકતી પાછી તાજી કરો, અને જો તમને લાગે તો એક દગાખોર નીવડો!" નાલીબાઇએ એકેક પછી એકેક કાગળ ઉખેડવા

માંડયાં અને તે સંસારમાં ગ્રહસ્થ તરીકે લેખાતાં, પણુ બાતેનમાં એક ગડલા કીડા સમાનના ગ્રહસ્થ(!)ને વાંચવા બતાવ્યાં.

"ના નથી પાડતો કે એ કાગળો મેં લખ્યાં હતા નહીં." મેહલ્લીએ કહયું "પણુ હું તે વખતે બેધ્યાન બન્યો હતો, વીચાર વગરનો થયલો હતો અને મુરખ બનેલો હતો! તમારી પોતાની અકકલબી કબુલ કરશે નહીં કે હું તમારી દીકરી જેવીને મારી મહેરદાર બનાવી—

"માતાજી-ફરીથી હું તમને વીણુવું છું કે તમો ચાલો" તે સુંદર છોકરી ફીકકા ફ્ચ લબો વચ્ચેથી ધુજતાં ધુજતાં બોલી "મી૰ મેહલ્લી, મારી તરફ જોવો, તમે જે વીટી મને નહી તુટે એવા પ્યારનાં જુઠા વચનો સાથ આપેલી હતી તે પાછી લેવો—હું તમારા જેવા મોટા માણુસને પરણી શકું નહી એ ખરી વાત, પણુ તમોએ તમારા વચનો તોડયાં છે તોબી હું તમુને કહુવા દઇશ નહી, પણુ એટલું તો યાદ રાખજો કે એવોબી દીવસ ભવીષ્યમાં આવશે કે જે દહાડે મને તમે યાદ કરશો અને મારૂં નામ દઇને દુસકે દુસકે રડશો." તે છોકરીએ પોતાના એક વારના આશકને એમ ઘણી સેહલાઇથી છુટો કરતાં ઉસ્કેરાયલા દીલથી કહયું.

"નહી!" તે માતાએ પોતાની બેટીને આંચકો મારતાં ખસાડીને કહયું, "જેમ પઇસાદારો માટે કાયદાઓ છે તેજ મીસાલે ગરીબો માટેબી છે- અને મેહલ્લી જેવા એક બદમાશનું ભોપાલું ઉઘાડું પાડવાની સાબેતીઓ આપણી પાસે રહેલી સારી" અને તેટલું બોલતાં તેણીએ ભોંય ઉપર નાંખેલાં તે કાગલીયાઓ ઉચકી ડોળા કકડાવી કહયું "તમોએ મારી કુવારી છોકરીનું સત્યાનાશ વાળ્યું છે. તમો બહારથી એક સુધ્ધા સાચા ફરેરતા છેઓ, પણુ બાતેનમાં તો એક 'સુફેદ સાહયા તળેના કાલા

શયતાન' છેઓ. તમો પીવપાઓનું સંકટ નીવારણ કરનારા તરીકે સોસાયટીમાં પ્રખ્યાત છેઓ; પણ તમોને અંદરખાનેથી પીછાણનારાઓ તો જાણે છે કે તમારા જેવા બદમાશો આ દુન્યામાં ઘણા થોડા હશે—તમો એક ગ્રહસ્થ નથી, પણ આ બેચેન દુન્યાના એક હડહડતા બદમાશ છેઓ. તમો છોકરીઓને બુરા માટીડાઓથી દુર રહેવા ભાષણો કરી સમજાવો છો પણ તે તમારૂં ભાષણ તદન ખોટું છે, કારણ કે તમો પોતેજ પેહલે તો કુવારી છોકરીઓનું સત્યાનાશ વાલનાર એક કારગા અહરેમન, એક કાલા શયતાન અને કસરેવજ છેઓ. અમો ગરીબ હતાં અને ગરીબ છીએ તેથી એમ ના ધારતા કે તમો છટકયા છો. તમોએ અમને શરમીંદગી આપી છે તો ખોદા તમને શરમીંદા બનાવશે! અગો બદમાશ, તુને મારા જેવી એક અઘોર વીધવા અથવા મારી બેટી જેવી બાપ વગરની એક કુમારી છોકરીને માટે કશીજ દયા નથી તો ખોદાવંદ તારે માટે કાંઇજ દયા રાખશે નહી. તારા તમામ પઇસા ટકાથી તુને એક અરધીનું સુખ આવશે નહી, કારણ કે મારી પરીનનુ જીગર સદા તુંને હાય મારશે! મુવા અહરેમન લુચ્ચા, એક વિધવાના શ્રાપ તારીપર ઉતરશે!"

"મારા ભલા બાનુ—મારા ભલા નાહલ્લીબઇ" જે કદુવા દેવાઇ હતી તે સાંભળીને ફાટી જતાં તે કોરગાએ કહયું, "હું જાણું છું કે મેં ખરેખર ખોટું કામ કીધું છે—પણ તે માટે તમોને બદલો આપવા હું દરેક કોશેશ કરશ. આએ હઝારની એક નોટ હમણા તમે લેઓ અને પછી—"

"માતાજી—એને અડકતાબી ના" લગભગ ચીસ પાડીને પરીને કહયું "તેની નોટ તેની પાસેજ રહેવા દો—ચાલો આપણે જઇએ."

"મુવા તારી નોટ તારીજ પાસે રાખ" નાહલ્લીબાઇએ બુમ પાડીને

કહયું "મારા શ્રાપ તુંને નડશે ને તું મુવાના રૂવે રૂવાપર કોડ ફુટી નીકલશે, જે વખતે તુંને એ નોટ ખરચવા સારૂ કામ આવશે."

અને ગુસ્સામાં એટલા આખરી શબ્દો કહીને બંને—મા બેટી—ગમથી કપાઇ જતા જીગરે રડની રડતી બહાર પડી.

તે માય દીકરીઓ ગઈ અને મેહલ્લી દરજી તરફ ફરયો.

તેણે દરજીને તમામ વાત ગુપ્ત રાખવા કહી અને તેના બદલા તરીકે તેને—તે બદમાશ, લુચ્ચા, દગારા, ઉપરથી સફેદ પણ અંદરથી કાલા—મેહલ્લીએ દરજીના હાથમાં એક ગીની સેરવી દીધી.

મેહલ્લી જેવા સંસારના કીડાઓ કંઇ થોડાજ નથી. આ બેતાબ ખલકતમાં તેઓ પગે માછલાં મારે છે અને મોંઢે રામ પોકારે છે. બાનુઓને બદીના રસ્તામાંથી દુર કેમ કરવા તેના સાંધનો બતાવનારા મી૦ મેહલ્લી બાતેનમાં કેટલા બદમાશ નીકલ્યા છે તે આપણે જોયું છે.

* * *

વખત વધતોજ ગયો. ગરીબાઇની ઝંજીરમાં સપડાયલી પરીન અને તેની મા નાલ્લીબાઇ મેહલીને કશુંજ કરી શકી નહીં—મગર શું ખોદાવંદે પાક તેને આ પાપનો બદલો આપવાને કશુંજ કરી શકયો નહનો? નહીં. તેણે તો પોતાને લાગ્યું તે કરયું.

મેહલ્લી તે દીન પછીથી પડનો અને પડનોજ ચાલ્યો. શરતનાં મેદાનમાં તેની હાર દીનપરદીન થતી ગઇ, શેર અને સટામાં નબલો વખત આવ્યો અને જે હતું તે સફાચટ થઇ જઈ તે કરજદાર બન્યો.

તેના માંગનારાઓ પઇસાની માંગણી દબાણથી કરવા લાગ્યા અને મેરવાન મગોલ જે એક જબરા વ્યાજખાઉ શરાફ તરીકે જાણીતો હતો તેણે પોતાના પઇસાનો તકાજો ઝુલમાત સાથે કીધો.

મેહલ્લીનો મોટો માંગનાર એ મેરવાન મગોલજી હતો અને તણે તો મેહલ્લીની લેવરી કરવાની ધમકી આપી. તેની ધમકીઓ સ્મોલ કૉઝ કોરટ સીવાય વધારે ચાલી શકતી નહી હતી મગર તોબી તેણે જે દગાણુ અને વળી પોતાની મતલબ કહાડવા તાલ, તલાવત અને સમજનસ્ટથી વાત કીધી તે ઉપરથી એ નકકી થયું કે મેરવાનની એકપુરી બેટી ગુલનાર સાથે મેહલ્લીએ પરણવું.

મેહલ્લી તદનજ કરકો થઇ રહયો હતો અને જો તે ગુલનાર સાથે પરણે તો તેનું આઠ દશ હઝારનું કરજ મેરવાન રીટમફાટ થયનું જાહેર કરે અને વલી સાથે લાગો મેહલ્લીને ત્રણ ચાર હઝારની સેસ કરે.

મેહલ્લીનો અવતાર બાવા નાહે અને તાપે જેવો હો. એટલે તેણે એવા "ફુલ્લુસ મારીસ" વખતમાં જે મલ્યું તે લગ્ને કરી જવાનું હતું, તેથી તે ગુલનારને પરણવા કબુલ થયો.

ગુલનારનું નામજ ફકત ગુલનાર હતું, મગર તેનું બદન ગુલ એટલે ફુલ અને અનાર એટલે દાડમની સુદરતાવાલું હતું નહી, તે તો તેને પેપ વાત કરતી ચાકના જેવી તદન સુફેદ, મગર કાંઇબી દમામદાર દેખાવ વગરની ચામડીની એક છોકરી હતી અને કાંઇ ઘણું શાખેલીબી નહીજ હતી.

મેહલ્લી ફરજ્યાત તેની સાથે પરણ્યો, પણ એકબી લાયકાત વગરની મેરવાન મગોલની તે છોકરીએ મેહલ્લીને ઘરનું એકબી સુખ આપ્યું નહીં, અને જેમ વખત જતો ગયો તેમ મેહલ્લીએ વધુ અને વધુ પોતાના સંસારથી કંટાળવા અને દુઃખી થવા માંડયું.

બદમાશ મેહલ્લી! દર દીવસે તેનો સુફેદ સાલ્યો બદલાતો ગયો અને લોકને પ્રગટ દેખાતું ગયું કે ચલકની કાંચરી તળે એક કાતીલ નાગનું બદન તે ધરાવતો હતો અને તેના કાલા કરતુકોની એક હારમાલા લંબાયલી

હતી. તેનો સુફેદ સાહયો કાલો અને કાલો તેના ખરા આકારમાં જણાવા પછી તેને લોકો ધીક્કારતા શીખ્યા, અને બૈરીની કુંલાત જંજાળો અને સીતમગાર દીવસોની કંગાલીયતો જ્યારે તેને ખમવી પડી ત્યારે તેનો એકબી દોસ્ત તેની મદદે ગયો નહી. મેરવાન મગોલ તો તે પછાથી મેહલ્લીને કાંઇબી મદદ આપતો રહયો નહી, કારણ કે તે જાતે મખ્ખીચુસ કંજુસ હતો અને વળી પોતાની બેટી ખાતર લગભગ પંદર હઝાર રૂપ્યા ઉડારયા છતાંબી હજુ મેહલ્લી તરફથી નાણાંની માંગણી થતી રહી એટલે તેણે હવે એકબી વધારે વખત પોતાના જમાઇને એક દોઢયું વટીક આપવાની ના પાડી.

વલી હરદમ મેહલ્લીને પોતાની ખોટી રીતની સતાવણીઓ તેની બૈરી ગુલનાર આપતી અને તેણીના બાપને પઇસે તે અત્યાર સુધી નીભી રહ્યો હતો તેની યાદ હર વખત તેણી તેને આપીને પજવતી રહી. આ ચીઝ મેહલ્લીને ગમતી નહીં હતી અને તેણે લાખ વખત ઇચ્છયું કે ગુલનાર કરતાં કોઇ મીલનસાર બઇરી તેને મલી હતે તો તે સુખી થયો હતે.

હવેજ તેને ગરીબાઇના સંકટો કેવાં હોય છે તેનો ખ્યાલ આવતો ગયો અને શરતની ખોહારીથી તે એટલો પડતો ગયો કે તેની બઇરીની આપેલી રીતનો ખુરદો કયાંનો કયાં અટવાઇ ગયો તેનીબી તેને ભાન રહી નહીં.

તે બારીકમાં બારીક વખતમાંથી પસાર થતો ચાલ્યો, છતાં તેને શરતની મોહીની છોડવા ગમી નહીં અને કરજના ટોપલા તેના સરપર ચઢતાં રહયાં.

ઘણીક વાર મેહલ્લીને અને તેની બઇરીને મોઢાં ગમી કરવાનાબી વાખા પડતાં ગયાં અને તે વખતમાં તેની બઇરીએ તેનીપર જે જે જાતના

શોખરાં કીધાં તે જોઇને તેને તોબાહ તોબાહ પોકારવી પડી. તેણે પુચ્છયું કે આવે વખતે ગુલનારને બદલે એક સંતોશી અને ગમે તેવા સંકટ અને બારીક વખતમાંબી ધીરજ બતાવી શકે તેવી હેનવંતી બઇરી તેને મલી હતે.

તેણે હવે લખ્ખોવાર પોતાની ચાપલુસીની ભોગ, ભોલી, ભલી, ગરીબ અને ડાહી પરીનને યાદ કીધી.

તે પરીનની મીલનસાર અને નેક વર્ત્તણુકની યાદ હવે કરવા લાગ્યો! પરીનની સાલેહસાઇ, હીમત, મહેનત અને ધીરજ, જે તેણીની સાથની કમનસીબ આશનાઇ વખતે જોઇ તથા જાણી હતી તે આ હઇયાનો આંધળો હવે કવેળાએ યાદ કરવા લાગ્યો.

તે ભમેલી ભોલી ગરીબ છોકરી દુન્યાના તુચ્છકારમાંથી બચવા પામી હતી, યાને લાગેલા જીગરતોડ ફટકા પછી તેણી જાજું જીવી નહી અને અત્યાર અગાઉની મૌતની મીઠી ગોદમાં જઇ લેટી હતી.

આખરે મેહલ્લીની ગરીબાઇએ મેહલ્લીની દેહને સખત રીતે પટકી દીધી, બદબખ્ત પરીન અને તેણીની માના મુંગા કકલાતની હાય અને નાહલીઆઇના બુરા શ્રાપો વીજલી મીસાલ સીતમગર મહેલ્લી ઉપર તુટી પડયા. તે બુઢી ઓરતનો કહેર ભર્યો "કોઢ" ફુટી નીકલવાનો આખરી શ્રાપ આખરે ફલ્યો. કોઢ નહી તો તેથી પણ બુરો ખદીનો મર્ઝ તે નાલાયક હયવાનને લાગુ પડયો, અને ખાટલા ઉપરનો ખાટલા ઉપરજ તે "ખોદા ખોદા" કરતો દહાડા કાઢતો રહ્યો. તેની બૈરી ગુલનાર એટલી સખત દીલની ઓરત હતી કે તેણી પોતાના વરની આવી જીવલેણ બીમારી છતાંબી બીછાનાની પાસે રહી નહી અને નોકરને તેની પાસે રાખી તે પોતાના બાપને ઘરે જઇ રહી!

નાઆકેબત અંદેશ મહેલ્લી! ખાટલા ઉપર બહુજ દુખી થયો અને

તે જ્યારેબી પોતાની બૈરીને પોતાના બીછાના પાસે જોતો નહીં ત્યારે આંખો બંધ કરી બડબડતો "ઓ પરીન! પરીન!!"

ટુંકમાં, શયતાનની હદ કુદાવી ગયલો, આકેબતનો ખ્યાલ ભુલાવી બેઠેલો, તે એક વારનો "ગ્રહસ્થ" હવે પઇસા વગરની મહોતાજ હાલતમાં રીબી રીબીને હરદમ "પરીન" ને યાદ કરતો રહ્યો અને જ્યારે તે પોતાનો છેલ્લો દમ ખેંચતો હતો ત્યારેબી તેની ભાંગેલી ઢોલકી પાસે તેની બૈરી ગુલનારનો કાંઇબી પત્તો હતો નહી!

તે મરણ પામ્યો—પણ મરતી વખતે તેની બંધ આંખોમાંથી પાણી ઝડકતું હતું, ગોયા ઝીંદગીના પાપનો તે આંખો વાટે પશ્ચાતાપ કરતો હતો-જીવતાંઓએ ચાનક લેવા માટે તે એક દીલ થંડુ પાડી નાખનારો દુઃખદાયક અંજામ હતો!

૪.

શયદા.

ખુનખાર તે લડાઇનો અંત દીલ્હીના બાદશાહ બહલોલની ફતેહમાં આવ્યો હતો. લાગત ત્રણ દીવસ સુધી લડાઇ ચાલી હતી, રાત અને દીન, અને આખરે હજારો લાશ અને ડોકાં વગરનાં સેંહેકડો મુરદાઓના ઢગો થયા પછી ફતેહનો વાવટો બહલોલની તરફેણમાં હવામાં ઉડતો થયો હતો, અને રાજા નાહરસીંહની હાર થઇ હતી.

નાહરસીંહ! લડાઇનાં મેદાનમાં નાહરસીંહ એક શેર બચ્ચાના જેવો બાહદુર અને ઝોરેમંદ પહેલવાન પુરવાર થયો, મગર તેની બળવાનીનો

પાયો તેનાં ન્હાનાં લશકરની સંખ્યાને સબબે ઘસી પડીને પુરજે પુરજા થઈ ગયો હતો. નાહરસીંહ હારયો અને રણુશેત્રપરથી જીવ લઇને નાહઠો. તે એક રજપુત હતો અને રજપુતોના બળવાન લોહીનું કંઇક ટીપું તેના બદનમાં ફરતું હતું અને તેવા સબબે પણ તે પીઠ આપીને લડાઇના મેદાનમાંથી નાહસી ગયો નહીજ હતે, પણ નાહસી જવા માટે તેની એક ખાસ મતલબ હતી અને તેથીજ તેણે રજપુત શુરાતનને ઝમીનદોસ્ત કરીને પોતાના લશકરનો અંત આવતાંજ પોતાની ગરદન ઉડી જતી રહે ત્યાં સુધી લડવાને બદલે એક હીચકારાની માફક પીઠ આપી હતી.

મગર, તેના હીચકારાપણાંમાં એક મુસ્તકીમ દલીલ સમાયલી હતી અને તે દલીલના મારમીક વેરથી પોતાના દુશમન બહલોલખાં ઉપર એક જઞુન વેર લેવાનો તેણે કસદ કરયો.

દીલ્લીનો બાદશાહ બહલોલખાં લડાઇના અંત પછી નાહરસીંહના પાયતખ્તમાં પોતાની ફાૈજ સાથે યાહોમ ધશી ગયો, અને રાજા વગરની રાજ્યગાદીનો તે એક લહેઞામાં ધણી થઇ પડયો.

* * * *

ત્રણ વરસ પસાર થઇ ગયાં.

નાહરસીંહને પકડીને જે કોઇ શખ્સ લાવે તેને એક હઝાર સોના મોહર આપવાનું બહલોલખાંએ મોટું ઇનામ કાઢ્યું હતું, પણ ત્રણ વરસની મુદત ખતમ થઈ ગઇ તોએ ન નાહરસીંહ પકડાયો કે ન નાહરસીંહની કશી નસલ યા નીશાની માલમ પડી.

હવે દીલ્લીમાં તે વાતની યાદ જવલેજ થતી હતી—દરબારમાં કોઇ કદાચ વાત નીકલતાં દરબારીઓ નાહરસીંહની વાતને મનમાં તાજી કરી એકમેકમાં કચકચ ચલાવતા હતા, પણ શાહેરમાંથી તો તે યાદ સદાની

ભુસાઇ ગઇ હતી. મોટે દરજ્જે એમ મનાતું હતું કે નાહરસીંહનો નાશ કોઇ જંગલમાં થયો હશે, યા તો તેનો ભક્ષ કોઇ વાઘે કરયો હશે.

એક સાંઝને સમયે બાદશાહ બહેલોલખાં પોતાના રાજ્યકીય ઓરડામાં પોતાની એકપુરી બેટી ખુરશીદને લઇને વાતે બેઠો હતો. બાપ બેટી બારીએ બેસીને ગુફ્તેગો ચલાવતાં બાગમાં જોતાં હતાં અને બાગમાંના ખુશબોદાર અને તાઝગી આપનારાં ફુલોને જોઇ ખુરશીદ તરેહવાર ખુશ કરનારા લફ્ઝો કુદરતની મહાન શકતીની તારીફમાં બોલતી હતી, જે તેણીના પાદશાહી તોખમના પીતાને અતીષ્ય મનોરંજક લાગતું.

સુરજ અસ્ત પામતો હતો, અને તેનાં આખર થતાં નરમ કીરણો ખુરશીદના ગુલાબી રૂખસારા ઉપર પડીને તેને વધારે સુરખીદાર બનાવતા હતા. કીરમજી હોઠોમાંથી બહાર પડતો ખુરશીદનો દરેક શબ્દ જાણે તેણીના રતાશવાલા ગાલોને લાલમલાલ બનાવી મુકતાં અને એક દાડમમાં જે એક સરખી ઢબે દાણાઓ ગોઠવાયલા હોય છે તે મીસાલે ગોઠવાયલા મન આનંદ કરનારા ખુરશીદના દાંતો તેણીની ખુબસુરતી કેવી અસરકારક રીતે કુદરતે બનાવી હતી તેનો પુરાવો આપતાં હતાં.

ખુબસુરત બેટી અને દીલાવર તે બાપ બન્ને ગુફ્તેગોમાં ગુંટાયલાં હતાં, તેટલાં બાગમાં કોઇ જુવાન નાઝનીનને તેઓએ દાખલ થતાં જોઇ. બાદશાહ ચમકયો. કોઇબી રાણીને ઝનાનામાંથી એક ડગલુંબી બાદશાહના હુકમ વગર હઠવાની મનાઇ હતી અને આ શું ? શું કોઇ રાણી ઝનાનામાંથી નાહસી જતી હતી ? પણ ગંભીર મને જોતાં બહલોલખાંએ પારખી કાઢયું કે તેની પાંચ રાણીઓમાંની કોઇબી રાણી બાગમાં આવનારી તે ઓરત ન હતી. આ આવનાર તો બહારનું કોઇ હતું. પણ ત્યારે બહારનું હતું તો કોઇ પહેરેગીર તેણીની સાથે કેમ હતો નહી ?

પણ વધુ વીચાર કરવાની તકલીફ બાદશાહને પડી નહીં, કારણ કે તુરતજ એક સંત્રી અંદર ચાલી આવ્યો અને તે ઓરતને મહેલનો દરવાજો બતાવતો તેણીની થોડે દુરથી ચાલવા લાગ્યો.

સંત્રીએ બાદશાહને કહેણ મોકલાવ્યું કે એક પંજાબી નાઝનીન જે ગાવામાં ગમે તેવાં મજબુત મનનાં આસામીને ગાયનની મઝાહથી એક નાગ જેમ વાંસલીના સુંદર સરોદથી લોટે તેમ લોટાવતી હતી તે આવેલી છે, અને દીલ્લીના રાજાને પોતાના ગાયનની મઝાહ ચખાડવા માગે છે.

બહલોલખાને ગાયનનો ઘણોજ શોખ હતો અને તે કોઇ ચુનંદા ગાયણકારની શોધમાંજ હતો તો ઘર બેઠાં આવેલી ને હુશીયાર કહેવાતી પંજાબી ગાનાર નાઝનીનને બોલાવવાને અને તેણીનો નાદર હુનર સાંભલવાને તે ઘણો તલપાપડ થઇ રહયો.

એક બોલે તેણે તે ગાયનકારને બોલાવી મંગાવી, અને તે ઘણીજ અહમ અદાથી ઓરડામાં ચાલી આવી.

તે દીલરૂબાપર પોતાનો હુનર ચલાવતી હતી, અને પહેલું ગાયન જે ગાયું તે "વફાઇ" ઉપર હતું. આહા, તે સુંદર સરોદ અને વાંસલીને બાજુએ મુકે તેવો મીઠો આવાઝ! પહેલીજ લાઇને તેણીએ બહલોલખાને એવો તો ખેંચી લીધો કે તે એક લોહચુંબક ખેંચાય તેવી રીતે તે ગાયનકાર તરફ ખેંચાઇ ગયો!

"વાહવા! કયા અચ્છી સુનાઇ, મરહબા!" બહલોલખાંએ પોતાના દરજ્જાનો ટેક ભુલી જતાં એક શરાબી આદમી જેમ કેફની ધુણ અને લહેરની તાનમાં આવી જઇને પગપર હાથ ઠોકી ખુશાલી જાહેર કરે, તેવી વર્તણુંક ચલાવતા કહ્યું.

"જી, આપ નામવર હુકમ ફરમાએ તો કનીઝ કોઇ દુસરી ચીઝ

સુનાયગી," મધુરા મીઠાસથી ભરેલા ઝીણા સાદે તે પંજાબી ગાયનકારે બહલોલખાં આગલ પોતાની અર્ઝ રજુ કીધી, જે વખતે બોલતાં બોલતાં તેણીના ગુલાબી ગાલોમાં નાના ખાડા પડયા, જે તેણીના રૂખસારને વધારે ખેંચાણકારક બનાવતા હતા. અર્ઝ કરવા પછી તેણી એક નીરદોશ બાળક પેરે બહલોલખાંનો ચહેરો નીહાળતી ઉભી, અને તે બાદશાહ શો જવાબ આપે છે તેની એક ઘડીભર રાહ જોવા લાગી.

"બહોત ખુબ, બહોત ખુબ, ચલને દો," બહલોલે ખુશ ખુશ થતાં હુકમ કીધો. "મગર, ગાનેકે અવ્વલ એ ચીઝ બતાવોગે કે આપકા ઇસ્મ કયા હય?"

"જી, નામવર, મુજ કનીઝકો અનારકલી કહેતેં હય," કંઇક લજવાઇને તેણીએ કહ્યું.

"માશાલ્લા, આપ અનારકે કલીયાંકે મીસ્લી હો, તો આપકા નામ કયું અનારકલી ન રખ્ખા જાય?" બાદશાહ બહલોલે તેણીની ખુબસુરતીની તારીફમાં હવે બોલી દીધું, જે સાંભળી અનારકલી વધુ શરમીંદી બની ગઇ.

જો બાદશાહ એટલુંજ બોલીને રહ્યા હતે તો તે વાત જુદી હતી, પણ તેણે તો ખરડ્યા પગ ગાલીચા સુધી લંબાવ્યા અને અનારકલીને પોતાની છઠ્ઠી રાણી દાખલ ઝનાનખાનામાં મોકલાવવા ચાહી.

અનારકલીએ સાફ ના પાડી.

તેણીએ જણાવ્યું કે તેણી કદીબી શાદી કરવા તૈયાર થાય નહીં, કોઇબી જોખમે નહીંજ, કારણકે તેણીએ ગાયનોની મઝાહમાંજ પોતાનું સઘળું સુખ રાખી લીધું હતું.

બહલોલે ઘણી બહોંસ કીધી, પણ તેનું જ્યારે વલ્યુંજ નહીં ત્યારે

તેણે અનારકલીને મોટા મુસારાએ પોતાની બેટીને ગાયનની તાલીમ આપવા એક ઉસ્તાદ તરીકે પોતાના રાજ્યમાં રહેવાને અર્ઝ કીધી.

આ અર્ઝ કબુલ રાખીને અનારકલી શાહજાદી ખુરશીદની સાથે તેણીના આરાસ્તે મેહેલમાં ગઇ, જ્યાં તેણીને હંમેશ સુધી ખુરશીદની સાથે રહેવાનું હતું.

* * * *

વખત કોઇને માટે થોભી જતો નથી. તે તો પોતાના કદમ લંબાવનોજ જાય છે.

અનારકલીને બહલોલની બેટી ખુરશીદની સાથમાં રહેવાનેબી છ મહીના પુરા થવા આવ્યા. તે અરસામાં કાંઇબી નવું બન્યું નહીં, સીવાય એજ કે દર અડવાડીએ એક રાત અનારકલી ખુરશીદની ખામના વખતે છુપાછુપ મહેલની બહાર જતી અને પરોઢીયું થવા આવે ત્યારે તેટલીજ ગુપચુપ મહેલમાં પાછી ફરતી.

આ વાતની ખબર પહેલાં તો ખુરશીદને થઇ નહીં, કારણ કે તેણી ઉંઘમાં બધું ખોહતી હતી. પણ એક રાતે જ્યારે તેણીએ જાગી ઉઠતાં અનારકલીને સુતેલી જોઇ નહીં ત્યારે તેણીએ બીજે દીવસે તે ચાલચલણનો સબબ અનારકલી પાસે માગ્યો. તેનો જવાબ આપતાં કયાં તે પંજાબનને આવડતો નહોતો જે!

તેણીએ ખુલાસો કરવાની અગાઉ પોતાની ચેલી ખુરશીદને સેંકડો લાહવરાં સાહવરાંથી સમજાવી લીધી અને પછી કહ્યું કે તેણીની એક બહેન જે કેટલાંક આસામીઓની બદ લંપટમાં ફસી હતી તેણી હાલ ભુખમરો સેહવતી દીલ્લીમાં આવી હતી. તેણીને ભુખમરાથી બચાવવાને તેણી આંઠ આંઠ દાહડે મદદ આપી આવતી હતી, અને વળી એક કાંકરે બે પક્ષીઓ

મારતી હતી, કેમકે મદદ આપવા સાથે તેણી વળી તે અઝીઝ બહેનને મુલાકાત દઇ આવતી હતી.

ખુરશીદના ધ્યાંનમાં તે વાત ઉતરી ગઇ અને તેણીએ તે પછી અનારકલીની દર અડવાડીયાંની રાતરે બહાર જવાની બાબદમાં કનવાર ચલાવી નહીં.

હવે આપણે અનારકલી કયાં જાય છે તેની તપાસ લઇએ.

આજ રાત્રેબી તેણી ખુરશીદને છોડીને મહેલમાંથી છુપાછુપ નીકળી આવી છે. દરવાઝા ઉપરનો સંત્રી જે અરધો ઉંઘમાં અને અરધો બીદારીમાં છે તેબી અનારકલીના હાથમાં રમી રહેલો લાગે છે, કારણકે તે તેણીને કશોબી સવાલ કર્યા વગર બહાર જવા દે છે!

અનારકલી ચાલતાં ચાલતાં એક માઇલ દુર નીકળી આવી છે અને તેણી એક ભાંગેલાં મકાનમાં દાખલ થવા પામી છે.

"કેમ શયદા! તું આવ્યો કે?" અંદરથી એક આવાઝ આવ્યો, અને તે પછી એક કદાવર શખ્સ એક તુટેલી ખાટલી ઉપર બેઠો. તેણે સુફેદ ખોટી દાઢી જે પહેરી હતી તે કાઢી નાખી, માથાંપરથી ગુચ્છાદાર બાલની ટોપી ઉતારી મુકી અને એક નીસાસો નાખતાં અનારકલી ઉરફે શયદાને પોતાની પાસે બેસવાની ઇસારત કીધી.

"હવે તો તારે મારી ઇચ્છા અને આપણી ગોઠવણનો છેડો અહીંજ લાવવો જોઇએ. મેં બહલોલખાં સામે લડતાં લડતાં સોગંદ ખાધા હતા કે તેની એકપુરી બેટીને ગમે તેવા જોખમે ઉપાડી જઇ તેને સદા સુધીનો બરીયેલ અને બલતો જલતો બનાવી મુકવો. તે વેર લેવાનો વખત હવે આવી લાગ્યો છે. એ કરવાનું કામ તારા હાથમાં છે. અનારકલીનું નામ અખત્યાર કરી, અનારકી બાલ અને આ વેશ ઘણી ચાલાકીથી

સજીને મહીનાઓ સુધી નેં આપણો પ્લાન બહલોલના મહેલમાં, બલકે ખુદ ખુરશીદ જેને આપણે ઉપાડી જવા માંગીએ છીએ તેના ઓરડામાં રહીને તમામ તૈયાર કીધો છે તો ખોટી થવાની જરૂર નથી. જો હું હજુર તો આટલી મોડી રાતે હમણુંાંજ ઘરે આવ્યો છું. તું આવ્યો; તેની પાંચ છ મીનીટ આગમજજ હું અહીંઆ આવ્યો હતો અને મેં આજે એક નવી અને ધાસ્તીભરી વાત બઝારમાં સાંભળી છે.”

“ખચીત!” શયદાએ અજાયબી બતાવી “તે શું છે?”

“જરા ધીર પકડ. શાંતીથી સાંભળ. જો, ધારવા મેલે બાદશાહ બહલોલે કોઇ છુપા જાસુસથી સાંભળ્યું છે કે હું—નાહરસીંહ—તેના રાજ્યમાં છું અને એક બુઢ્ઢા મુસલમાનના વેશમાં છું. વળી તેણે મારા નવા વેશનું વર્ણન પણ મેલવ્યું છે, એટલે હવે એક બીજું અડવાડીયુંબી આપણને રહેવું સલામતી ભરેલું નથી. હવે તો તારે મારાં નમકને વફાદાર થવું જોઇએ અને મેં તુંને તારા બચપણથી ઉછારીને આટલી ઓગણીસ વરસની મોટી ઉમરનો કર્યો છે તેનો બદલો તારે આપવો જોઇએ. આજ કાલમાં હવે તારે ખુરશીદને અહીંયા ઉપાડી લાવવી જોઇએ જે પછી આપણે તેણીને લઇને અહીંથી દુરદરાજ નીકલી જઇશું અને પોતાની એક પુરી બેટીના ખોહવાથી બહલોલખાંને બાલી બાલીને તેનાપર મારૂં વેર લઇશું. જો, તું તો એક ઓરતના કાવલા બદનનો છોકરો છે તે કદાચ આખે રસ્તે ખુરશીદને ખાંધે મારી શકશે નહીં, તેથી આગલથી મેં ગોઠવણ કીધી છે તે મુજબ તને આપણો નોકર મસુદ મદદ લાગશે, અને રસ્તામાં કશીબી ગડબડ જો મધ્યરાત્રીને વખતે બનવા પામે તો તેને દાબી દેવા મેં મારી એકઠી કીધેલી નાની ફોજ લડવાને તૈયાર રાખી છે—તેઓ ૧૦-૧૫ આદમીઓને તો એક સપાટામાં દાબી

દેશે અને બાદશાહને કાને સહવારે વાત જાય તેટલાં તો આપણે સેંહેકડો કોશ ઘોડા દપતાવી જઇશું. જા, સલામ. તારો અનારકલીવાલો પોશાક પાછો પહેરી લે, અને આવતી કાલે જરૂર ખુરશીદને ઉપાડી લાવજે."

ખરો શયદા, પણ ખોટી અનારકલી, ખુરશીદના મેહેલમાં અનારકલીના નામ કામ તળે દાખલ થયો. પરોઢીયાનું ઝઝકળું તે પછી થોડે વખતે થયું અને જાણે કશામાં નહીં હોય તેમ સહવારની રાગણી દીલરૂબાપર મતલબી અનારકલીએ ઉતારી અને ખુરશીદ તેણીની પાસે ધ્યાન દેતી બેઠી.

બપોરના ત્રણ વાગ્યાનો સુમાર થયો હશે તેટલાં રાજમહેલ આગળ મોટી ગડબડ થઇ રહી અને શું થયું હતું તે જોવા માટે ખુરશીદના મહેલની બારીએથી ખુરશીદ અને અનારકલી ડોકું બહાર કાઢીને જોવા લાગ્યાં.

તે દેખાવ જોઇને અનારકલીનો ચહેરો ફીકકો મારી ગયો, કારણ કે ચાર મજબુત દેખાવના ચોપદારોએ નાહરસીંહને પકડયો હતો, અને તેઓએ નાહરસીંહના માથાં ઉપરની ખોટા બાલની ટોપી અને બનાવટી દાઢી ભોંય ઉપર ફેંકી દીધી હતી.

ફીતુરી નાહરસીંહ પકડાયો હતો, અને તેને જોતાં રાજ્ય મહેલની સામે હઝારો લોકોની ગંજાવર ઠઠ મળી હતી.

પા કલાક બીજો પસાર થાય તેટલાંમાં તો ખુરશીદના મેહેલમાં ધરધર કરતા સીપાઇઓ ચઢી આવ્યા, અને તેઓ અનારકલી ઉરફે શયદાને પકડી ગયા.

* * * *

નાહરસીંહને ગરદન મારવાની સજા થઇ અને શયદાને જનમ સુધી બંદીખાને નાખવાનો હુકમ થયો.

આ હુકમોનાં પહેલા હુકમ સામે કોઇબી આસામીએ આવાઝ ઉઠાવ્યો નહી, પણ શયદા જેવા ખુબસુરત અને ઉસ્તાદ ગાયનકારને છોડી મેલવા માટે તમામે તમામ પ્રજાએ અર્ઝ કીધી.

બહલોલખાં પીગળ્યો અને તેણે શયદાને માફ કીધો, પણ નાહરસીંહની સજા કાયમ રાખી.

બસ, અતરે આ બનાવનો છેડો આવને, પણ બીજી એક બીના બનવા પામી. શયદાની ખુબસુરતી અને તેની ચુનંદી હુનરબાઝી ઉપર ખુરશીદ ગોયા દીવાની બની ગઇ હતી, અને તેણીએ પોતાની શાદી શયદા સાથે કરી આપવાની બહોંસ પોતાના પીતા બહલોલ આગલ કીધી. એકપુરી અઝીઝ બેટીનો સુખન રાખ્યા વગર બહલોલને ચાલ્યું નહી, અને તેણે ખુરશીદ અને શયદાની શાદી કરી આપી.

શયદા નમકહરામ બન્યો નથી. તેણે પોતાના સસરા બહલોલને સમજાવીને પોતાને ઉધારી મોટા કરનાર નાહરસીંહને ફાંસીએ જતો બચાવ્યો.

સૌ સુખી જેનું સેવટ સુખી.

ખુરશીદને ઉઠાવી જવા માટે મોટો જોખમ માથે ખેડનાર શયદા આખરે તેણીનો ભરથાર થવા પામ્યો અને દીલ્લીના બાદશાહના તખ્તની જમણી બાજૂએ બીરાજવા લાગ્યો.

૫

ઝરીનાના બે આશકો.

મસુદ અને મોહસીન એ બંને જાની દોસ્ત હતા, બંનેને એકમેકના વગર ચાલે નહી એવું હતું.

મસુદ મુફ્લેસ હતો, મગર હુનરથી તે દોલતમંદ હતો. મોહસીન જોકે કંઇક તવંગર હતો, મગર હુનર, ધંધો યા નોકરી તો તેના બાપે કીધી હોય તેજ. કારણ કે બીલકુલ "આખાખાઉ" અને કંઇ જરા "ભેજાંના ભુસા" થી કમતી હતો.

મસુદનો ચાલાક ધંધો તે નકશ પાડવાનો તેનો હુનર હતો અને તસવીરો આબેહુબ પાડવામાં તે એટલો બધો તો કાબેલ હતો કે હેદરાબાદનો આખો મુલક તેની તે હુશીયારી ઉપર મરી ફીટતો હતો.

ન્હાનપણથી મસુદ અને મોહસીન મીત્રો હતા અને તેઓની મીત્રાચારી રફતે રફતે વધીને ઘણી મોટી હદ સુધી ગઇ હતી, પણ એક પરીસુરત ઓરતની હસીન સીરત ઉપર બન્ને જ્યારે સાથે લલચાઇ પડયા ત્યારે તે દોસ્તીમાં વેરનો દસ્ત સામેલ થયો. બેગમ કુલસુમની એકપુરી બેટી ખુબસુરત ઝરીના ઉપર મસુદ જાનો જીગરથી પ્યારમાં હતો, તો મોહસીન માથાથી પગ સુધી મહોબતમાં હતો.

એક રોજ જ્યારે ઝરીના પોતાની વહાલી મા સાથે મસુદના નકશખાનામાં આવી ત્યારે મસુદ અને મોહસીન સાથે વાતો કરતા બેઠા હતા. બુઢી કુલસુમને જોઇને મસુદ તરતજ અદબઅદાથી ઉઠી ઉભો થયો અને શી ફરમાસ હતી તેનો ઘણોજ નરમીથી સવાલ રજુ કીધો.

"મારા ધારવા મુજબ, જો હું ભુલતી નહીં હોઉં તો, મસુદખાન મેહબાદીનો નકશ ઉતારવાનો આજ સદુડીઓ હશે." તે બુઢીએ ઇંગ્રેજી જાણવાની કંઇ પોતાના વાકયમાં નીશાની બતાવતાં નરમ સવાલ કર્યો.

"હા, નામવર બાનુ," મસુદે તેટલીજ નરમીથી જવાબ કરયો જ્યારે મોહસીન તેના મીત્રની અદબ–અદા જોઇ કંઇ કચવાતો લાગ્યો, "કંઇ ફરમાસ છે, બાનું !"

"હાજી," તેણીએ જવાબ કર્યો "મસુદખાન સાહેબ પોતે ત્યાં હાઝર છે?" જ્યારે તેણી તે સવાલ કરતી હતી ત્યારે તેણીની બેટી બુરખા તળેના પોતાના લાલ હોઠો દાબી દઇ અચ્છી ગઉરથી મસુદને તપાસતી હતી.

"હાજી, અંહીઆજ તે કમતરીન હાઝર છે." મસુદે લાયકીથી કહ્યું "અને તે તમારો ગુલામ તમારી સામે ઉભેલો, તમારી સાથે વાત કરતો સેવક પોતે છે."

"ઓહો! તમે મસુદખાન કે?" તે બેઉ મા–દીકરીથી એકાએક સાથેજ બોલાઇ જવાયું.

વાત આગળ ચાલી અને કુલસુમે પોતાની બેટી ઝરીનાના ચેહેરાની આબેહુબ તસવીર "પેન્ટ" કરી આપવાનો હુકમ મસુદને આપ્યો

ગોઠવણ થઇ અને બુરખો કાઢીને મસુદની સામે ફક્ત પંદર મીનીટ બેસવાની ફરમાસ ઝરીનાને કરવામાં આવી કે જેથી મસુદને "રફ" તસવીર ઉઠાવી લેવાનું બની શકે.

ઝરીનાએ બુરખો ઉચકયો.

તે લાલ રૂખસારા, તે કાલી કાલી આંખો અને ગુલાબી હોઠો ઉપર મસુદ અને મોહસીન બંને દીલમાં ઝખમી થઇ ગયા. પ્યારની બળતી કાંડીએ મોહબતના ધાસમાં પોતાની જગ્યા લીધી, તો આગનો જનમ કાંય નહી થાય?

તે પંદર મીનીટ પુરી થઇ ગઇ જે વખત મસુદને મનથી એક સેકંડ જેટલો લાગ્યો, કારણકે તે ઇચ્છતો કે તેના હાથ ચાલેજ નહી અને વધુ વખત પસાર થઇ જાય તો તેની મનની મુરતીનો દીદાર કંઇ વધુ વખત સુધી તેને જોવાને બની શકે. વામા તામાં કરતાં માત્ર બીજી પાંચ

મીનીટ વધારે તે બુરખો ઉંચે રખાવી શકયો, પણ આખરે તેની કલમે કામ તમામ કીધું અને ઝરીનાના બુરખાએ પોતાની જગ્યા તેણીના ચેહેરા ઉપર લીધી.

તે તેઓના મનની મુરતી ગઇ, અને આગના શોહલા એવા તો લગાવતી ગઇ જે આગ કોઇબી બીજા પાણીના મારાથી નરમ પડે નહી સીવાય કે—ઝરીના, અને ઝરીનાનો પ્યાર.

તે તસવીર વાયદા થયલા અરસા કરતાં વધારે જલદી તૈયાર કરવામાં આવી, અને તઇયાર થઇ રહેતાંજ મસુદના લબોએ તે ઝીંદગી વગરના પુતલાંને કાંઇ સેંકડો કરતાંબી વધુ વખત ચુંબન કર્યું હશે.

મુકરર કરેલો દીવસ આવ્યો, જયારે કુલસુમ અને ઝરીના પાછા સાથે તે તસવીરની ખરીદી માટે આવ્યા. તસવીર ઘણીજ સરસ રીતે થયલી બેઉ જણીઓએ જણાવી, અને ઝરીનાએ તો તે જોયા પછી "શાબાશ" નો ઉદગાર કહાડયો.

તસવીરની કીમત ભરવામાં આવી અને મસુદે તેનું બીલ લખીને ઝરીનાને આપ્યું, જે વખતે કુદરતી યા ઓચીંતું તેનાથી ઝરીનાના કાનપર પડી બોલી જવાયું, "મારી પ્યારી બુલબુલ, સદા સુખી રહેજે."

મસુદ બોલ્યો તો ખરો, મગર બોલી રહયા બાદ તે બીલકુલ પસ્તાયો. શું તે પાગલ બની ગયો હતો કે એક પારકી છોકરી સનમુખ તેણે આવો વાક્ય ઓચર્યો હતો? શું તેના મગઝ ઉપરનો કાબુ તેની ઝબાને લીધો હતો, કે તેની સુદ્ધીની લગામ બેઆખરાની ધુંઇએ પકડી પાડી હતી? તે સમજી શકયો નહીં, પણ તે જે બોલ્યો તે માટે સામા બાજુથી ગુસ્સો લેવામાં આવ્યો નહી હતો, બલ્કે અઓર હસી અને ખુશીનો એક પ્રગટ છાપ ઝરીનાના ચહેરા ઉપર ફરી વળ્યો હતો.

તે વખતબી ગયો, અને પાછા એક દીને મસુદ અને મોહસીન સાથે બેસી ગુફ્તેગો ચલાવતા હતા, તેટલાં એક કાગળ ડાકવાળાએ લાવીને મસુદના હાથમાં મુકયો.

તે કાગળ ફોડી મસુદે વાંચ્યો, અને તે વાંચવા સાથેજ તેના તન–મનમાં ખુશાલીનો એક એવો રેલ પસાર થઇ ગયો કે જે રેલ કોઇ શરબતની નદીનો હતો કે ઠંડકના દરીયાવનો હતો તેની મસુદને ખબર પડી નહી.

તે કાગળ નીચે મુજબનો લખાયલો હતો :—

"વહાલા નકશકાર,

તમને મીયાં મસુદથી ઓળખવો, મસુદખાનથી પીછાનવો કે મસુદથીજ જાણવો તેની મને સમજ પડતી નથી. તમારા ઉમદા હુનર માટે હું તમને ઘણી ઘણી શાબાશી આપું છું. મારી તસવીર બીલકુલ આબેહુબ છે અને તે જોઇ હું મારા તન–મનથી રાઝી થઇ છું. તમારૂં બીલ આપતી વખતે તમોએ જે વાકય ઓચરયો હતો તે વાકય જોકે તમારે બોલવો લાઝમ ન હતો, મગર તે વાકય તમો બોલ્યા છો તો તમને તે માટે વાજબી શીક્ષા કરવી જરૂરની છે. શીક્ષા તરીકે તમને મારી સાથે પરણવું પડશે અને તમારા જીગરમાં મારાં દીલને જગ્યા આપવી પડશે. થોડે લખવે ખચીત કરીને ઘણું જાણજો, અને તમારો શો પ્યારો જવાબ છે તે ઘણી ઉતાવળે લખી વાળજો.

લી૦ સદાની તમારી થવા ચાહતી,

કમતરીન ઝરીના."

મસુદ ખુશી થઇ ગયો, પણ મોહસીનનાં પેટમાં જવાળા બળવા લાગી. તે તેજ વખતથી મસુદપર અદેખો બન્યો, અને વરસોના તેની દોસ્તીપર પાણી ફરી ગયું !

તે—તેનું દીમાગ—તેનું બદન મસુદને ધીક્કારવા અને મસુદપર નફરત કરવા જેવું થઇ ગયું. તરછોડ કરીને તે ત્યાંથી ચાલી ગયો, અને મસુદનું "મુએ મોઢું નહીં જોવાના" સોગંદ ખાઇને ગયો.

તેને ગયાને અરધો કલાક વહી ગયો કે મસુદે ઝરીનાપર તેના કાગળનો જવાબ લખ્યો અને તેમાં તેણે તેણીના પ્યારને જીતવા માટે પોતાને ખુદાની મેહેર મળેલી જણાવી પોતાને મોટો કીસમતદાર માન્યો.

ઝરીનાના જવાબની મસુદ "કાગને ડોળે" રાહ જોવા લાગ્યો, અને દરરોજ અને દર પળ તેને ઝમાના જેટલી લાંબી દીસવા લાગી. લગભગ ત્રણ દીવસ પસાર થઇ ગયા અને જે ઘડી જતી તેમાં ઝરીનાનો કાગળ મળવોજ જોઇયે તેની આશામાં મસુદ ગીરફતાર હતો. ચોથા દીવસની સવારના પોહોરમાં હેદરાબાદના જંગી તળાવને કીનારે મસુદ વીચારમાં ગુંટાયલો ફરતો હતો જે વખતે તેને કોઇ બુઢા યાહુદીને બડબડ કરતો સાંભળ્યો. એકાએક તે યાહુદીની નઝર મસુદ ઉપર પડી કે તે બોલી પડયો "સલામ આલેકુમ."

"અલેકુમ-અસ-સલામ" તેનો જવાબ મસુદે દીધો.

"આપ મેહેરબાન કોઇ મોહસીનખાન અશરફી નામના જવાન શખસને પીછાણો છો?"

"હં,-હા." એકદમ અને એકાએક તે યાહુદી દીવસને તે બામદાદને વખતે મળી ગયો હતો અને એકદમ તથા એકાએક તે તેની સાથે વાતમાં ગુંથાઇ જઇ તેનાજ મીત્ર વિશે સવાલ કરવા લાગો તે માટે અજાયબી પામી જઇ ટુંકમાં હકારમાં જવાબ દઇ મસુદ પેલા યાહુદીનો ચહેરો જોતો ઉભો.

"તો સાહેબ મને તેનું ઘર બતાવશો?" પેલા યાહુદીએ પુછયું.

"શું મુઝાકો છે?" મસુદે કહયું "મગર સાહેબ પાસે મારે

એક ચીઝ માગી લેવી છે. તે ચીઝ એ છે કે મોહસીન સાથે મને અતીશય સારૂં હતું પણ હાલ તે દોસ્તી તુટવાને સબબે હું જાતે તેના ઘર સુધી તમો સાહેબને પહોંચાડવા આવી શકવાનો નથી. હું તમને ઘરની નીશાની બતાવું અને તમો ત્યાં જઇ શકશો."

તેટલું બોલી રહી એક મીનીટની ચુપકીદી અખત્યાર કરી મસુદ પાછો બોલી ઉઠયો "સાહેબને કહું જે મોહસીન સાથે સાહેબને કાંઇ ઘણું અગત્યનું કામ હશે ?"

"હાજી," પેલા યાહુદીએ જવાબ દીધો "થોડાક માલના સંબંધમાં રૂ. ૨૦૦૦ ની કીમતનું મોહસીન ઉપર મારૂં લેહણું નીકળે છે." અને તે યાહુદીએ તેટલું બોલી બીજી વાત કાઢી "અને અત્રેની કુલસુમ બેગમ દફતરી નામની હેદરાબાદી બાનુ ઉપર પણ મારા કેટલાક પઇસા નીકળે છે."

"કુલસમ બેગમ દફતરી ઉપર ?" મસુદે સવાલ કીધો.

"હાજી" તે યાહુદીએ પોતાના ખીસામાંથી તપકીરની દાબરી કાઢીને તેમાંનો એક સહરકો ખેંચતાં કહયું. "તમો કંઇ તેવણુનેબી ઓળખતા હોય તેમ મને લાગે છે."

"હા, સાહેબ."

"મારા આશરે એક હઝાર જેટલા રૂપીયા તેમના ઉપર નીકળે છે" યાહુદીએ ચલાવ્યું "લોકો કહે છે કે તે બાંનુ કંઇ થોડી માલદાર છે, જયારે કેટલાકો કહે છે કે તેનો તો બધો ભરમ–સરમ છે. બાકી રૂપીયા બુપીયાની તો તેના ઘરમાં મારામાર છે. આપુને તો ફકટ બે રસ્તા પકડવાના છે."

"તે કેવા રસ્તા છે ?" પોતાની ઝરીનાની માતાના સંબંધમાં વાત નીકળવાથી મસુદની જીજ્ઞાસા વધારે ખેંચાઇ અને તેણે ચપ દઇને

યાહુદી શું કરવાનો હતો તે પુછવા માટેનો પોતાનો સવાલ તરત ને તરત રજુ કીધો.

"એક તો એ કે ડોશી પઇસા આપે તો લઇને ચાલતી પકડવી, નહીં તો ડોશીની એક પરી જેવી છોકરી છે તેને પરણી જવી."

"તમે તેને પરણશો?" ફાળ ખાધી હોય તેમ બીહને તથા ધુજી પડીને મસુદ પોકારી ઉઠયો.

"હાસતો વરી" યાહુદીએ ટંડે કલેજે જવાબ દીધો "હા, હું જાણું છું કે તમો તે છોકરી ઉપર પ્યારમાં છો, અને તમારા તે પ્યારની વાતની વીગત મેં ગઇ કાલેજ અત્રે હેદરાબાદમાં જાણી લીધી હતી. હું નહી ધારતો હતો કે તમો મને આજે સવારના આ તળાવ આગળ મળશો, પણ કુદરતનો રસ્તો કોઇ ઓર વલણપર ફરયો છે અને આપણે મળી ગયા છીએ. મસુદખાન, હું તમને કાલ પછી પીછાણું છું."

"તો સાહેબ" લાલ–પીળો થઇ જતાં મસુદ પોકારી ઉઠયો. "તમો જાણો છો કે તે છોકરી અને હું બેઉ એકમેકના પ્યારમાં છીયે છતાં મારા મોંઢા સામે 'તમારા પરણવા' વીશેની વાત કરીને તમોએ મારો પીતો ઉછાળવાની ઘણી નીચ કોશેશ કરી છે."

"તમો મોઢું સંભાળીને વાત કરશો તો ભલેભલું છે." પેલા યાહુદીએ પોકાર મારયો "નહી તો 'નીચ–રીચ' નો સવાદ તમો બરોબર ચાખશો" અને ડોળાપર ડોળા કકડાવતાં તેણે મસુદને જોયા કીધું.

"હું ધારૂંછ કે 'ચોર કોટવાલને દંડે' તેવી વાત તમો કરો છો, મગર તમોને ખબર છે કે તમો મારી વહાલીને માટે એકબી આડો સુખન ઓચરશો તો હું તમારા પુરચેપુરચા ઉરાડી મુકવાને શકતીવાન છું."

"હું તારી તે વહાલી–બહાલી માટે એક વખત છોડીને દસ વખત

બુરૂં બોલશ" તે હલકા યાહુદીએ છેડાઇ પડી સ્ટીમ છોડી મુકી "તેની મા પાસે પઇસા નહી હોય તો તે તારે આપવા પડશે અને જો તારી પાસે નહી આપવાના હોય તો હું ઝરીનાને પઇસાના બદલામાં ઉંચકી જવાને મારૂં બનતું કરીશ."

હજી તે યાહુદી તે વાકયમાં કાંઇ વધારે ઉમેરો સુમેરો કરે તે આગમજ મસુદનો ચેહેરો ફેરફાર થઇ ગયો અને તેણે હાથ ઉગામી એક સજ્જડ તમાચો પેલા યાહુદીના લમણા આગળ એવો તો ખેંચી કહાડયો કે યાહુદીની આંખે અંધારા આવી ગયાં અને તે તમ્મર ખાતો ખાતો ભોંયપર અફળાયો.

મીનીટો પસાર થઇ ગઇ છતાં પેલો યાહુદી ભોંયપરથી ઉઠયો નહી તેથી મસુદના ગાતર ગગડી ગયાં. તેણે ગુડણે પડીને તે યાહુદીને તપાસ્યો અને તેજ વખતે તેનો ચહેરો ફીકોફચ પડી ગયો, કારણ તેને લાગ્યું કે તે યાહુદી તમાચો ખાવા પછી મુરદું થઇ પડયો હતો!

તેની છાતી ધડક ધડક ઉડવા લાગી અને એક ખુનીની જગા તેણે પોતે રાખી હતી તેના વીચારથીજ તેનું હઇયું ભરાઇ આવ્યું અને તેની આંખમાંથી આંસુનાં ટીપાંઓ દડદડ ઉતરવા લાગ્યાં.

તે રડતો બેઠો હતો જ્યારે તેણે પોતાની પાછળ કોઇ આદમીના પગલાં આવતાં સાંભળયાં. કોઇ ચોપદાર હોય તેના ખ્યાલથીજ તેને ધ્રુજરી ચડવા લાગી અને તેણે બીહતાં બીહતાં પોતાની નજર પાછળ ફેંકી—તો તેને શું જોયું?

તેનું "મુએ મોંઢું નહીં જોનાર" તેનો આગલો મીત્ર અને યાહુદીનો કરજદાર મોહસીન ત્યાં આવ્યો હતો. મસુદે કાંઇબી સુખન

કાઢયો નહીં, મગર મોહસીનજ પહેલા બોલ્યો. "શું છે મસુદ, એ તારી પાસે કોણ પડેલું છે ?"

મસુદના જીગરમાંથી ઉપલો વાકય સાંભળી એક નીસાસો નીકળી પડયો. "અફસોસ ! દોસત મોહસીન" તે બેબાખરો થઇ જઈ બધું ખુલ્લું કરતાં બોલ્યા "એ એક યાહુદી છે. એ તારો અને મારી ઝરીનાની માતાનો એક માંગનાર છે, ઝરીનાની મા પાસે એના એક હઝાર રૂપીઆ જેટલા પઇસા નીકળે છે અને તે પઇસા જો કુલસુમની તરફથી નહીં મળે તો ઝરીનાને ઉંચકી જવાની શેખાઇનો સુખન એણે કાઢયો, અને તેના પરીણામમાં મેં એક તમાચો ખેંચી કાઢતાં એવી હાલતે તે પડયો છે."

"ફકત એક તમાચો ?" મઝાક મશકરીની ઢપે મોહસીને પુછયું "અરે નહીંરે કંઇ બીજુંબી વધારે તેં માર્યું હોસે !"

"નહીરે, ફકત એકજ તમાચો."

"જોઉં તો ખરો એને શું થયું છે," મોહસીને થોડા થોડા થઇ જવાના ઢોંગ કરીને યાહુદી પાસે બેસી જતાં કહયું. તેણે યાહુદીને તપાસ્યો, તે વખતે તેને લાગ્યું કે યાહુદી મરણ પામ્યો નહીં હતો, છતાં તેણે ગભરાયલા મસુદને વધારે ધુજાવ્યો.

"મસુદ, તેં તો એનો સાફ-સાફ નીકાલ કાઢી નાંખ્યોછ, બાકી કંઇબી રહયું નથી. પોલીસના માણસોને ખબર પડતાં તારો ધાણ નીકળી જશે અને ખુનીની ફેજે પુગતાં જોઇને તારી ઝરીના ઝાર એઝાર રડશે. મારૂં માને તો તું અહીંથી પસાર થઇ જા—વાત ઠંડી પડે ત્યાં સુધી હૈદરાબાદથી રંજો માપી જા."

મસુદને મોહસીનની વાતમાં કંઇક વજૂદ લાગ્યું.

આખરે મોહસીન મસુદને હઇદરાબાદથી નહસાડવામાં ફતેહ પામ્યો, તે ભારી દીલેજ હઇદરાબાદથી ગયો—તેને જવા કેમ ગમે? તેની ઝરીના હઇદરાબાદમાં હતી અને તેની ઝરીનાનો તેના તરફનો પ્યાર હઇદરાબાદમાંજ હતો, પણ તે ભારી દીલે ગયો, અને છેક બગદાદ તરફ નીકળી જવાની તેના મીત્ર મોહસીને બહોંસ કીધી.

યાહુદીનાં મુડદાં આગળથી તે ઉઠીને ગયો કે તેજ વખતે મોહસીને એક ભારી પથરો ઉંચકીને બેસુધ થયલાં યાહુદીનાં ભેજામાં મારી યાહુદીનું ખુન કરયું અને તેનાં મુડદાંને તળાવનાં પાણીમાં ફેંકી દીધું.

તે ખુન કરવામાં મોહસીને જાણે એક કાંકરે ત્રણ પક્ષી પોતા ઉપર કાંઇબી પાપ ઢોળયા વગર મારયાં હતાં. પેહેલું પક્ષી મારયું તો તે એ કે યાહુદીનું ખુન મસુદેજ કીધું હતું તેની મસુદને યાદ આપી તેને પોતાના ચાંપ તળે દાબેલો રાખવો, બીજું તો એ કે તેને તેમ કરીને પોતાના માંગનારનો ઠંડા પાણીએ કાસળ કાઢયો હતો અને ત્રીજું તો એ કે તેણે મસુદને ખુની જણાવી તેને બગદાદ નસાડી હવે પછી ઝરીનાને પોતાની કરવાનો તમામ ખ્યાલ રાખ્યો.

યાહુદીને મારી નાખી તેના મુડદાંને તળાવમાં નાખી દેતી વખતે તેના મુખમાંથી જે વાકય નીકળી પડયો તે જાણે તેના દીલ ઉપરથી પત્થરનો મોટો બોજો ઉઠાવી લેતો હતો. તે બોલ્યો "આહા! ઝરીના, ઝરીના, હવે તારા પ્યારની તો ફકત મારા જીગરમાંજ હસતી રહેશે."

* * *

છ મહીના તમામ થઇ ગયા અને તે અરસામાં ઝરીના પોતાના પ્યારા મસુદના એકાએક ગુમ થવાથી અજાયબીમાં અને તમામે તમામ વખત તેની ગયરહાઝરીની ગમગીનીમાં રહી. યાહુદીની લાશ સતાવાળાઓને

હાથ ખુન પછીને ત્રીજે દીવસે તળાવમાંથી લાગી હતી અને હૈદરાબાદના પત્રોએ તેની વીગત આપતાં "કોઇ હૈદરાબાદમાં નવા આવેલા યાહુદીએ નહી જણાયલા ચોક્કસ સબબથી તળાવમાં પડી આપઘાત કીધો હતો" તેનો એકુ બે કોલમ ભરીને સીલસીલાબંધ રસરસતો હેવાલ રજુ કીધો હતો.

ઝરીનાને પોતાની કરવા માટે તે છ મહીનાની મુદતમાં મોહસીને ઘણું ઘણું કીધું પણ ઝરીના કંઇ એવી જાતની ઓરતોમાંની એક નહી હતી જે પોતાનો પ્યાર એકને આપ્યા બાદ બીજાની લાલચપર મોહી પડી પ્યારના આપેલાં પોતાનાં વ્હાલાનાં વચનને બેવફા નીવડે. ઝરીનાએ તો મોહસીનની સઘળી મોટામાં મોટી લાલચોને ઠોકરે મારી અને એક વાર તો મોંઢે ચઢીને મોહસીનને હીમતથી તેણીએ કહયું કે, "તું ગમે તેવો પોતાને તવંગર ઓળખાવતો હોય, તું ગમે તેવો પોતાને ખુબસુરત લેખાવતો હોય, મગર મારા વહાલા મસુદની જુતીએ-બી પુગવાને તું લાયકનો નથી." તે હીમત ભરેલો એક ઘણોજ આફરીનકારક જવાબ હતો, અને તે દીવસ પછી ઝરીના સનમુખ જવાનીબી મોહસીને હીમત કીધી નહી.

મોહસીન એક કાચા મગજનો દોસત, એક ખુની અને પ્યારમાં હારેલો નાસીપાસી પામેલો જવાન પુરવાર થયો હતો. તેનો ખયાલ એ હતો કે મસુદના જવાથી તેનો ઝરીના ઉપરનો પ્યાર નીસતી પામ્યો હતો, મગર તેણે તે ખયાલમાં સજ્જડ ગોતું ખાધું હતું. કારણ તે ઝરીના તેને જે રીતે મચક નહીં આપતી હતી તે રીતથી સાબેત થવા પામ્યું હતું કે તેનો પયાર હસતીને બદલે નીસતી પામી ખરાબીના ખડક સાથે અથડાઇને ચુરેચુરા થઇ ગયો હતો. તેની કશામાં જીત થઇ હતી નહીં. નહીં પ્યારમાં કે નહીં

તેના પાનાના બનાવેલા ઘર મીસાલના કરરભુસ થઇ જનારા ખ્યાલમાં. તેનું મન ઉચ્ચત થઇ ગયું, તેના ખુનના બુરા કામનો ભયંકર છાપ દર રાત્રે તેના સ્વપનામાં આવતો અને તે બુરા સ્વપનાથી તે દહાડે દહાડે પાગલ બન્યો જતો હતો.

તે હવે ઇચ્છવા લાગ્યો કે તે પોતાના મીત્ર મસુદને બોલાવીને તેની પાસે માફી માગી લે, પણ તેની પોતાની આબરૂ માટે તે બીહવા લાગ્યો.

મગર રફતે રફતે તેના મગજનો મામલો એવો ખરાબ બનતો ગયો કે તે હવે પોતે શું કામ કરતો અને બજાવતો તેની તેને સમજ રહેતી હતી નહી.

આખરે તેણે મસુદપર એક કાગળ લખી તેમાં પોતાનું સઘળું પાપ ઝાહેર કરી દીધું અને તે પછી સખત આરસનીકના એકજ ટીપાંથી તેણે પોતાનો આંકો લાવી મુકયો. તે આરસનીકનાં ટીપાંએ તેના ઘાંટીમાં જતાંજ પોતાનું જીવલેણ કામ પાર ઉતારયું અને એક પળના અરસામાં મોહસીન દમ વીનાનું મુરદું થઇ પડયો.

બેતાબ ખલકતના તે બેચેન પાપી દોસ્તનું કાંઇજ નહીં વળ્યું, અને તે આપઘાત કરીને દુન્યાથી ગયો, તે અને તેનો ઝરીના માટેનો પ્યાર નીસતી પામી નાબુદ થયો. તેનો કાગળ મસુદને પોહોંચ્યો અને મસુદ હૈદરાબાદ આવ્યો.

મસુદ પોતાના મીત્રની નાદાનીયત ઉપર અફસોસ કરી તેના આપઘાત ઉપર આંસુનાં ટીપાંઓથી રડયો.

* * * * * * * *

થોડા દીવસ વધારે, અને મસુદ તથા ઝરીના પરણીને એક થયાં.

તે બંને સુખી ધણી ધણીઆણી ભવીશયમાં પણ મોહસીનના મરણ માટે યાદ થતાં દીલગીર થતાં.

૬

નંબર ૩૬ વાળાં ઘરનો ભેદ.

નંબર ૩૭ વાળાં ઘરમાં હું રહેતો હતો. અમારૂં ઘર કુશાદે અને મોટું હતું અને ઘણાં માણસોની રસ્તાપર આવજાવ નહી હતી અને ગાડી ઘોડા કોઇ જવલેજ પસાર થતા હતા. સુમસામ ગામડાંનાં જંગલમાં એક ઝુપડું બાંધીને કોઇ ખેડુત રહ્યો હોય તેવો બધો મેહમાર હતો અને અમો જે સંખ્યામાં ચાર જણાં હતાં તે આખાં ઘરમાં વસ્તાં હતાં. અમારાં ઘરને ૩૭ મું નંબર હતું અને અમારી પાસેનાં એક બેઠાં નાના ઘરને ૩૬ મું નંબર આપેલું હતું. એ ઘરમાં કોઇજ વસ્તું નહી હતું, અને બારે માસ ખાલી પડી રહ્યું હતું. નંબર ૩૬ મું ઘર વેચવાનું છે એવી વાત મેં થોડાક દીનપર સાંભળી હતી અને તે પછી કેટલેક વખતે મેં બે પરદેશના માણુસો જેવા પુરૂશોને તે ઘર જોવા આવેલા દીઠા. તેઓ બંને કોઇ જાડા બટકા અને જરાક જુનુની દેખાવના લાગતા હતા અને તેઓએ નંબર ૩૬ વાળાં ઘરને બરોબર બહારની બાજુથી તપાસી રહીને પછી અમારાં ઘર તરફ નઝર કીધી. મારી અને તે બનેની નઝર એક થઇ અને તે જોઇ મેં સલામ કરીને આંખ ફેરવી લીધી. તેઓએ મારી સલામનો પાછો જવાબ આપ્યો કે નહી તે જોવાની દરકાર કીધા વગર મેં આંખ ફેરવી નાખીને મારાં ઓરડામાં ચાલ્યા કીધું. તે પછી હું મારી

લાઇબ્રેરીમાં ગયો અને ત્યાં વાંચવા બેઠો, અને ત્યાંને ત્યાં મેં બે કલાક ગાળી નાંખ્યાં અને હવા ધોરવાને વારતે મેં પાછું બારીએ ડોકયું કીધું તો મને પેલાજ બે શખ્સો તે ઘરની અંદરથી બહાર નીકળતાં જણાયાં, તેઓ વારંવાર અમારા ઘર તરફ જોતા હતા અને કાંઇ મસલત કરતા હતા અને વળી પાછા નંબર ૩૬ વાળાં મકાનને તપાસતા હતા. દેખાઇતું હતું કે તેઓએ બે કલાક સુધી નંબર ૩૬ વાળાં ઘરમાં જઇને તે ઘરને તેઓએ બરાબર તપાસ્યું હતું. જોકે તે લોકો મને કાંઇ શકની નઝરથી જોતા હતા પણ તેની મને જરાબી કનવાર નહી હતી, તે લોકો મને યા મારાં કુટુંબને કટકટખોરાં માની લઇને કાંઇ શકીલા બન્યા હોય, પણ મને જો તેઓ ખુલાસો પુછે તો હું મારી ખાતરી આપું કે મારા માતાજી, મારા પીતાજી અને મારી બેન ઘણાંજ એકમારગી હતાં અને હું પોતેબી તેઓના જેવાજ સ્વભાવનો હતો. અમને જેટલી લોકની કનવાર ઓછી થાય તે વધારે ગમતું હતું અને તેથીજ અમોએ અમારા એકમારગી ખવાસ મુજબનું અમારૂં એકાંત નંબર ૩૭ વાળું ઘર આ એકાંત મોહોલ્લામાં લીધું હતું. ઉલટું નંબર ૩૬ વાળાં ઘરમાં કોઇ કચબાર સાથનું ભાડુત આવે તે જરાક કરીને મને ગમતું નહી હતું અને એ ઘર ખરીદનારાઓ મને પહેલેથીજ જરા બીજાસી દેખાવના માલમ પડયા હતા, તો પછી કેમ પાટલો ફાવશે એ વાતનો હું અંદેશો કરતો હતો. પણ અમે કયાં તેમને ઘરે જનાર હતા કે અમારે ઘરે તેઓનાં કુટુંબીઓ આવે તો કયાં ઘણી દરકાર કરવાના હતા, જે તેઓ સાથે જંજાળ ઉભી થવાનો અમને જરાબી ભય રહે? છો પડયા, તેઓ ગમે તે આવે ને ગમે તે રહે. તેની સાથ અમને કશી ગરજ નહી હતી અને અમને તેમની કશી પરવાહ કે કનવાર નહી હતી.

પેલા બે જણાઓ નંબર ૩૬ વાળું ઘર તપાસી ગયા ને એક મહીનો થઇ ગયો કે મેં એક રાતે રસ્તાપર કાંઇ ગડબડ થતી સાંભળી. અમારાં એકાંત મોહોલ્લામાં રાતને છેડે કોઇ નહી ને આજે કોણ એટલી ગડબડ કરતું હતું તે વાસ્તે મારી જીજ્ઞાસા ઉશકેરાઇ અને દશ વાગ્યાનો શુમાર હતો અને મને બીછાને જવાનો વખત થયો હતો, છતાં હું બારી આગળ જઇને ઉભો રહયો. રસ્તામાં અંધારૂં ઘોર હતું, જેથી કાંઇ જણાયું નહી પણ ઘોડાના પગલાં વાગવાથી મેં જાણ્યું કે ગાડીમાં કોઇ આવ્યું હતું. ગાડીમાંથી બે ચાર પુરૂશોનો ધાડો જાડો સાદ આવતો હતો, અને તેની સાથે કોઇ સ્ત્રીનો ઝીણો અવાઝ ભેળાયલો માલુમ પડયો. એ ગડબડ નંબર ૩૬ વાળાં ઘરની બહાર થતી હતી. મારા ઘરમાંના બધાં ઉંઘાઇ ગયાં હતાં. મારો ઘણો વીચાર થયો કે હું બરાબર રીતે ગડબડ સાંભળી લઉં, પણ મારા એકમારગી ખવાસે મને તેમ કરતાં અટકાવયો અને હું વધારે કનવાર કે દરકાર કરયા વગર મારાં બીછાનાપર જઇને સુનો.

બીજી સવારે મેં નંબર ૩૬ વાળાં ઘરને જોયું તો દરવાજો બંધ હતો અને અસલ માફક બધું સુમસામ હતું. કોઇબી તે ઘરમાં હોય એવો જરાકબી સનસારો મને પડયો નહી. બપોરે અગ્યાર વાગતાને શુમારે જમી રહીને પાન ચાવતો ચાવતો હું બારીએ ઉભો હતો તેવામાં મેં એક બુરખાવાળી ઓરતને નંબર ૩૬ વાળાં ઘરમાં જતી જોઇ. તેણીનાં એક હાથમાં કપડાંથી બાંધેલું એક પોટલું પકડેલું હતું અને બીજા હાથમાં પાણીની એક નાની મસક હતી. તે ઓરતે પોતાની પાસેની એક ચાવીથી નંબર ૩૬ વાળાં ઘરને મારેલું તાળું ખોલ્યું અને તેમાં દાખલ થઇને તેણીએ બારણું અંદરથી બંધ કીધું.

તે ઓરત બહાર ક્યારે નીકળે છે તે તપાસવાની ઇચ્છાથી હું બારીએ ઉભોજ રહયો, ફકત અરધા કલાકના શુમારમાં તે ઓરત બહાર નીકળી અને તેણે તે ઘરને તાળું દીધું.

તે પછી તે ઓરત પાછી જણાઇ નહીં. તે એકલી આ ઘરમાં શું કામ આવી હશે તેનો એક ઘડી સુધી ખ્યાલ કરયો. પછી બીજીજ ઘડીએ મારો એ વીચાર મેં મારા દીમાગમાંથી ખંખેરી કહાડયો, કારણકે મને લોકના કામમાં માથું મારવાની શી જરૂર હતી?

તે પછી ૧૦ દીવસ વીતી ગયા અને ૧૧ મે દીવસે હું મારે કામે ગયલો નહી હોવાથી મારા રાબેતાના વખતની મીસાલે હું ખાઇને પાન ચાવતો બહાર ઉભેલો હતો તેટલામાં પેતીજ ઓરત આવતી મને રસ્તાને નાકેથી જણાઇ. તે ઓરતનાં એક હાથમાં અગાઉનીજ મીસાલે એક બાંધેલું પોટલું પકડેલું હતું અને બીજા હાથમાં પાણીની નાની મસક હતી. આ વખતે હું કંઇક વીચારમાં પડયો. આ ઓરત બપોરના વખતે આ શું ચીઝ લાવતી હતી અને તેનો જવાબ આપતાં મેં ખ્યાલ દોડાવીને કહયું કે તેણી ખાવાનું લાવતી હોય તેમ દીસતું હતું, કારણકે પેલાં પોટલાંનો આકાર કોઇ વાસણમાં મુકેલી ચીઝોને મળતો હતો અને તે ચીઝ તે બપોરનો ખોરાક હશે એમ મેં અનુમાન કરયું અને વળી તે મારા અનુમાનને પાણીની મસકે ટેકો આપ્યો, કારણકે મેં પાકો ખ્યાલ બાંધ્યો કે ખોરાક ખાવા પછી પાણી પીવાના સાધન તરીકે તે મસકમાં પીવાનું પાણીજ ભરવામાં આવતું હતું. પણ વળી બીજો વીચાર મને એ આવ્યો કે એ ઓરત આવાં એક એકાંત અને જુનાં ઘરમાં ખોરાક લાવીને શા માટે ખાતી હશે! આ ખ્યાલથી મને ચટપટ થવા લાગી. તે પછી થોડોક વખત હું થોભી ગયો, તો દશ દીવસની વાતપર જે રીતે

તે ઓરત અરધા કલાકના અરસામાં પાછી ફરી હતી તેજ રીતે તેણી હમણાંબી પાછી ફરી.

તે દીવસે હું આખો દીવસ બહાર ગયો નહી અને કોઇ નવો બનાવ જોવાના ખ્યાલથી હું બારીએ એક ચોપડી લઇને વાંચતો ઉભો રહયો. સ્હાંઝનો બતીનો વખત થયો કે ગલીને નાકેથી મેં પેલીજ ઓરતને એક હાથમાં એક બાંધેલાં પોટલાં સાથે અને બીજા હાથમાં પાણીની એક નાની મસક સાથે ચાલી આવતી જોઇ. હું તાજુબ થયો કે આ કંઇ ભેદ હતો.

દુન્યામાં એવા તો કચ કંઈ બનાવ ને ભેદ થવા પામતા હશે તેની સાથે મને શું લાગેવળગે કરીને મેં તે વાતનેબી મારા ધ્યાનમાંથી તરછોડી નાખી.

તે વાતનેબી દશ પંદર રોજ વીતી ગયા અને હું એક બપોરે રસ્તા ઉપરથી પસાર થતો હતો તેટલાં મેં એક ગાડીમાં એક ઓરતને જોઇ. તે પેલીજ ભેદી ઓરત હતી એમ મેં તેના પેહરવેશ અને આકાર ઉપરથી જોઇ લીધું. ગાડી મારી ગલીને નાકે આવી કે એકદમ ઉભી રહી ગઇ અને પેલી ઓરત પોતાના હાથમાં એક બાંધેલાં પોટલાં અને બીજા હાથમાં એક નાની મસક સાથે તે ગાડીમાંથી ઉતરીને મારા ઘર-વાળી ગલીમાં ચાલી ગઇ. આ વખતે હું અજાયબ થયો કારણકે તે સ્ત્રીએ ગાડીવાનને પઇસા કાંઇબી આપ્યા નહી અને તેણી જેવી ગાડીમાંથી ઉતરી ગઇ કે ગાડીવાને તેણીના તરફ હસવાનો એક લેહેકો કરીને ચાલુ મુકયું. આ એક નવો ભેદ હતો. આ ગાડીવાન સાથે એ ઓરતને શું નીસબત હતી, અને તે ગાડીવાનની ગાડીમાં બેસીને એ ઓરત એ નંબર ૩૬ વાળાં ઘરમાં શું ફાંફાં બપોર—સાંજ મારતી હતી તેના વીચારથી મને જીગ્નાસા ઉત્પન્ત થઇ.

એટલું છતાંબી અને એ ભેદી ઓરત માટે મને બબે ભેદ ગુચવા-મલા માલમ પડવા છતાં મેં મારા એકમારગી ખવાસ મુજબ ચુનોચરા કરવાનું મુકી દીધું.

વળી એક બપોરે હું જમી રહીને પાન ચાવતો બારીએ ઉભેલો હતો તેટલાં પેલીજ ઓરત મને ગલીને નાકેથી આવતી જણાઇ. તેણીના એક હાથમાં આ વખતેબી એક બાંધેલું પોટલું અને બીજા હાથમાં એક નાની મસક હતી. આ વખતે ઘણા ધ્યાનથી હું તે ઓરતને જોવા પડયો. તે નંબર ૩૬ વાળાં ઘરના ઓટલાપર ગઇ અને તેણીએ પેલી મસક નીચે મુકી દઇને એક ચાવી કાઢી તાળું ખોલવા માંડયું. તાળું ખોલતાં અચાનક તેણીનો પગ સરી પડયો અને તેણી ભોંયપર પડી. ભોંયપર પડતાંજ તેણીનો બુરકો ખેંચાઇને ચીરાઇ ગયો. તેણી ભોંયપરથી ઉઠી ઉભી થઇ અને ફાટેલો બુરકો ખેંચી કાહડીને પેલી મસક ઉંચકી અંદર જવા ગઇ, બુરકો તેણીએ મોઢાં પરથી ખેંચી કાઢયો કે તેજ વખતે મેં એક ઘણો નવાઇ જેવો દેખાવ જોયો કે જે એક ત્રીજા ભેદનો સબુદ હતો.

તે સ્ત્રીને કાળી લાંબી મુછ હતી!

આ જોઇ હું ઘણોજ તાજુબ થયો. હવે મારા દીલમાંનું ઠંડુગાર પાણી ઠંડું રહેવાને ના પાડતું હતું. આ ભેદ શું હતો? ઓરતના વેશમાં આવતો આ ભેદી પુરૂષ બપોરના અને રહાંઝના ખાનાનું ભોજન અને પીવાનું પાણી અહીં શા માટે લાવતો હતો? સ્ત્રીના વેશમાં રહેવાની તેની શી મતલબ હતી, અને એ ગાડીવાન કોણ હતો જે વગર પઇસે બપોર-સાંજ તે ભેદી પુરૂષને છેક આ ઘર સુધી લાવવાને બદલે ગલીને નાકે છોડી જતો હતો?

મારાં મનને હવે સમાધાની થઇ નહી. મેં આ ભેદ શોધવાનો વીચાર કીધો અને તે દીવસે મેં આખી રાત જાગીને કાંઇ નવો ભેદ શોધી કાઢવાનો ખ્યાલ બાંધ્યો, મારા ઘરમાંનાઓ સુઇ ગયાં કે હું બારી આગળ જઇને બેઠો અને નંબર ૩૬ વાળા ઘરમાં જોવા લાગ્યો. તે ઘરમાં બતી બળવાનો જરાકબી ઉજાસ પડતો નહી હતો અને કોઇબી માણસ તે તરફ અથવા તે ઘરમાં આવતું જણાતું ન હતું. વખત વધતો ગયો, અને રહવારનું ઝઝકળું થયું તોબી કાંઇ માલમ પડતું નહી,—નહી કોઇ તે ઘરમાં આવ્યું કે નહી કોઇ તે ઘરમાંથી બહાર ગયું.

તે ઉપરથી મેં અનુમાન બાંધ્યું કે પેલો ભેદી પુરૂષ જે ઓરતના પોશાકમાં તે તરફ બપોરે અને સ્હાંઝે આવતો હતો અને ઘરમાં જઇ કંઇ ભેદી કામ કરતો હતો તે સીવાય બીજું કોઇબી તે ઘરમાં જતું આવતું નહી હતું અને રાતની વખતે તો તે ઘર ખાલી રહેતું હતું, તો પછી મેં વીચાર કીધો કે પેલો પુરૂષ નંબર ૩૬ વાળાં ઘરમાં શું કામ જતો હતો તે રાતની વખતે એ ઘરમાં જઇને શોધવું જોઇએ.

તે આખો દીવસ મેં શું કરવું અને કેમ કામ કરવું તેનો ને તેનોજ ખ્યાલ કર્યા કીધો, અને હું જાતે દીલાવર હોવાથી મેં તાલુ ભાગીનેબી તે ઘરમાં જવાનો વીચાર કીધો અને બીજે દીનની બપોર સુધી તે ઘરમાંજ રહીને પેલો ભેદી પુરૂષ આવીને શું કરી જાય છે તે જોવાને કસદ કીધો. રાતના દશેક વાગ્યાનો અમલ થયો કે હું હાથમાં એક બરછી લઇને ઘરની બહાર નીકળયો અને નંબર ૩૬ વાળાં ઘર આગળ આવી પુગ્યો. એ ઘરના ઓટલાપર હજુ તો હું પગ મુકું તેટલાં તો મને કોઇએ ગલચીમાંથી પકડી લીધો. "જાન ખોવાને એ કોણ નાપેકાર અહીં આવ્યો છે ?" તે ગળચી પકડનારે બુમ પાડી.

આ અવાઝ મને કોઇ ઓળખીતાનો લાગ્યો. મને મારા એક ગુમ થયલા પીત્રાઇના અવાઝને મળતો આ બોલનારનો અવાઝ લાગ્યો અને તેથી મેં અચાનક કહી દીધું, "કોણ, હુસેન છે કે ?"

આ સવાલ સાંભલી પેલાએ મારી ગળચી છોડી દીધી, અને એક પળના વીળંબ પછી બોલ્યો "નંબર ૩૭ વાળા ઘરના તમોજ રહેવાસી છોની!"

મેં હકારમાં જવાબ દીધો જે સાંભળીને તે માણસ મને વળગી પડયો, અને ઘણે લાંબે વખતે બે વ્હાલાં સગાઓ જે વ્હાલથી મળે ભેટે તે વ્હાલથી તેણે મને બગલગીરી કીધી.

તે મારો પીત્રાઇ હુસેનજ હતો.

"હુસેન, ભાઈ, આ નંબર ૩૬ વાળાં ઘરમાંનો ભેદ શો છે?"

"ચુપ, આસ્તે આસ્તે બોલ, એ ઘરમાં કંઇ ભેદ છે ખરો, અને તે ભેદ જોકે મને માલમ નથી, છતાં મને તે ભેદનો પડદો ખુલ્લો નહી થાય તેની સંભાળમાં રોજ રાતે અહીં રહેવું પડે છે."

"એટલે ?"

"એટલે એમ કે આપણાં ઘરમાંથી ટંટો કરીને હું બહાર પડયો તે પછી મને એક ગ્રહસ્થ જેવા દેખાવના માણસે પોતાને ત્યાં નોકરીએ રાખ્યો, પણ તે આદમી રફતે રફતે રહેતાં મને માલમ પડયું કે એક ગ્રહસ્થ નહી હતો પણ આ બેતાબ ખલકતનો ગ્રહસ્થોનાં ગજવાંપર કાપ મુકે એવો એક અફલાતુન બદમાશ હતો—નાચારીએ મને તેને ત્યાં નોકરી કરવી પડી, કેટલોક વખત ગબડયા કીધો અને હાલ થોડાક રોજ થયા મને અહીં રોજ રાત રાતે ચોકી કરવી પડે છે. મને સખત હુકમ છે કે કોઇબી આ ઘર તરફ આવે તેને પહેલાં દમ ભરાવવો, અને પછી તેના સીનામાં આ કાતીલ હથ્યાર ચલાવી દેવું."

અહીં મારા પીત્રાઇએ મને એક આબદાર ખંજર દેખાડયું.

"ત્યારે તું જો મને નહી ઓળખતે તો મને આ દુન્યાપર જીવવાનું નહી હતું કેમ!" મેં જરાક હસીને કહયું.

"હાસ્તો વળી" હુસેને કહયું "ભાઇ, મને ખબર હતી કે તું તારા કુટુંબ સાથે નંબર ૩૭ વાળાં મકાનમાં રહે છે અને હું ઘણો ઇરાદો કરતો કે તારી પાસે આવીને મારી કાહણી કહી તું કેથે નોકરીએ લગાડે તો રહી જાઉં, પણ મને અગાઉ બનેલા આપણા કુટુંબ વચ્ચેના કલેશને લીધે તારી આગળ આવવાની શરમ લાગી. હું સત્ય કરીને કહું છું કે આ બદમાશની નોકરીમાં રહેવાની મને હવે એક ઘડીનીબી મરઝી થતી નથીજ, કારણકે થોડોક વખત થયા બે ચાર બીજા બદમાશોની સંગાથે મારો શેઠ કાંઇ નવાં દોહરાં દોહત્રનો ફરે છે એમ મને લાગે છે."

"હુસેન, મેં વીચાર કીધો છે કે હવે તું મારી સાથેજ રહે અને વળી મારી મરઝી છે કે આજેજ રાતે આ નંબર ૩૬ વાળાં ઘરનું તાળુ ભાંગીને એમાં શું ભેદ છે તે આપણે બંને મળીને જાણીયે."

મારા પીત્રાઇએ તે વાતની હા પાડી અને અમો બનેએ નંબર ૩૬ વાળાં ઘરનું તાળું ભાગી નાખ્યું. તે ઘરમાંથી ઘેરાયલા હવાનો વાસ આવતો નહી હતો અને તેથી મેં અનુમાન કીધું કે અંદરની બાજુથી હવાને આવવા જવા સારૂં મારગ રાખવામાં આવેલો હોવો જોઇયે. અમો બંને તે ઘરમાં ફરયા. કાંઇબી ભેદ અમારી નઝરે પડયો નહી, કારણ કે તે ઘર તદન ખાલી જેવું હતું.

"હું ધારૂં છું કે મેં તને કહયું તેમ ઓરતના વેશ તળેનો એમો માણસ આ ઘરમાં બપોર સ્હાંઝ જમી જતો હશે અને તે અહીં જમવા આવે છે તેમાં કાંઇ ભેદ હશે. બાકી આ ઘરમાં કાંઇ ભેદ હોય તેવું તો મને લાગતું નથી." મારા પીત્રાઇને સમજાવીને મેં કહયું.

"અરે નહી રે, એવી બચ્ચે બાલેકા ખેલ જેવી દલીલ શું ટાંકેછ જો!–વળી અહીં વેર તે ફકત ખાવા આવે એ વાત તો મને અકકલથી દુર લાગેછ."

આ વાત ચાલતી હતી તેટલાં મારી નઝર બતીના એક કીરણપર પડી, જે કીરણ એક નાના બંધ ઓરડામાંથી આવતું હોય એમ મને માલમ પડયું. વળી તે પછી કોઇ સ્ત્રીના ગાયનનો સાદ મારે કાને અથડયો. તે ગાયનમાં થોડે થોડે વારે ડચકાંનો ભાગ સમાયલો હતો.

"હુસેન, એ કોઇ રડીને ગાયન ગાય છે, એ શું ભેદ છે?"

હુસેને કાંઇબી બોલવા વગર મને પોતાની પાછળ જવા માટે આંગળીની ઇશારત કીધી, અને આસ્તે આસ્તે પગલે તે પેલા ઓરડા તરફ ચાલ્યો. હું તેની પાછળ પાછળ ગયો. અમો બંને તે ઓરડાની બહાર કાન તીક્ષણ રાખીને ઉભા રહયા. ફકત એક ઓરતજ તે બંધ ઓરડામાં હતી એવું માલમ પડયું, અને તેણી રડતી રડતી એક દીલ ઝખમી કરનારૂં ગાયન ગાતી હતી.

તે બારણાં ઉપર મેં ટપ–ટપ ટકોરા મારયા.

"ખુદાને ખાતર મને ના સતાવો–મને આએ દોઝખમાં બંધ રાખી છે તો હવે કોઇ વખતે નહી અને આજ રાતે નવા કયા સોંગથી તમો મને સતાવવા આવ્યા છો? ખુદાને ખાતર જો તમારામાં માણસાઇ ખવાસનો એક કતરો યા દયાની એક જરા જેટલીબી લાગણી હોય તો તે દયા બધી ખુદાને ખાતર વાપરો, અને મને હવે સતાવવાનું છોડી દો, મોકુફ કરો."

"બાનુ સાહેબા, અમો કાઇ સંગદીલ આસામીઓ નથી. અમો તો રહમદીલ છીયે–ખુદાએ રહમ આદમ જાતના તનબનમાં મુકી છે તેનો સારો ઉપ્યોગ કરતાં અમને બરોબર આવડે છે." મેં કહયું.

" તમારો સાદ મારા કાનને નવો છે. અગર જો તમો રહમનો ઉપયોગ બરોબર કરી જાણતા હો તો મુજ સરખી એક બેચાર અબળા જાતીને આ દોઝખમાંથી છોડવો."

મેં અને મારા પીત્રાઇએ તે ઓરડાનું તાળું ભાંગી નાખ્યું, અને તે રડતી ઓરતને અમોએ જોઇ. મારો પીત્રાઇ તે ઓરતને જોઇને ચમકયો અને મારા પીત્રાઇને જોઇને તે ઓરત ચમકી.

" હુસેન, તું તારા શેઠની તરફેણમાં હશે તો આજનું તારૂં આવવું મારાપર સીતમ છે."

" નહી, નહી, બાઇજી, હું તમારા ખાવીંદ તે મારા શેઠથી બેઝાર થઇ ગયો છું અને તેની નોકરી હવે પછી કરવા માંગતો નથી—તમોને અહીં કોણે લાવી નાખ્યાં, અને કાંય લાવી નાખ્યાં ?" હુસેને પુછયું.

" હુસેન, તારા શેઠે બદમાશી ચલાવી છે તે તો તને ખબર છે, પણ થોડાક વખતની વાતપર તેના બુરા દોસ્તો સાથે તેણે એક નવી બુરાઇ ચલાવવા માંડી છે. તેણે બનાવટી સીક્કાઓ બનાવવા માંડયા છે. મેં તેને ઘણો સમજાવ્યો અને કહયું કે "પ્યારા શઉહર, જુની બુરાઇઓ મુકી દેવા હું તમને સમજાવું છું તો તેનાથી તમે બાઝ નહી આવતા અને વળી ખોટા સીક્કા બનાવવાની આ નવી બુરાઇ ચલાવો છો. એ ઘણુંજ પાપી કામ છે." પણ તેણે મારૂં કહયું માન્યું નહી અને ખોટા સીકકા બનાવવા ચાલું રાખ્યું. તે ઉપરથી મેં પોલીસને ખબર આપવાની તેને એક રોજ ધમકી આપી, ને તેથી મને તેણે પોતાના રસ્તામાં નડતી અટકાવવાને ખાતર આ જગ્યા ઉપર લાવી કેદ કરી છે. મારો ખાવીંદ રોજ બપોરે અને રહાંઝે મારે માટે ખાવાનું અને પાણી ઓરતના છુપા વેશમાં લાવે છે."

બસ, અમોએ ઉપલો ભેદ જાણી લીધા પછી તે ઓરતને પેલા

ઓરડામાંથી બહાર કહાડી અને તેણીના ખાવીંદને બચાવી લઇને તેના બુરા દોસ્તોને ફસાવવાનો વીચાર કીધો.

બીજીજ સહવારે હું અને મારો પીત્રાઇ તે ઓરતને લઇને અને પોલીસને લઇને પેલા બદમાસનાં છુપાં ઘરમાં ઘુસી ગયા.

પેહલા માળપર હું ગયો અને વાત કરવાને બહાને પેલી ઓરતના બદમાસ ખાવીંદને નીચે લાવ્યો અને તે અરસામાં તેના બુરા દોસ્તો તો ઉપર તાહેલા કરવા બેઠા હતા. મેં પેલી ઓરતને અને તેના ખાવીંદને મારે ઘરે મોકલ્યાં અને પોલીસના હાથમાં તે ઓરતના ખાવીંદના બદમાસ મીત્રોને ખોટા સીક્કા બનાવવાના ઓજારો સાથે સપડાવ્યા, જેમાંના એક બદમાસને મેં પેલા ગાડીવાન તરીકે ઓળખ્યો, જે દર બપોર સાંજ પઇસા લીધા વગર પોતાના કાવત્રાંબાઝ દોસ્તને ઓરતના છુપા વેશમાં ગાડીમાં લાવતો હતો.

* * *

લાગવગ ચલાવીને મેં તે ઓરતના ખાવીંદને સપડાઇ જતો અટકાવ્યો. તેના મીત્રોને સખત સજા કરવામાં આવી છે અને હાલ મારા ઘરમાં મારા પીત્રાઇ સાથે પેલી ઓરત અને તેનો ખાવીંદ જે હવે તદન સુધરી ગયો છે તે બધા મારા કુટુંબ સાથે સલાહ સંપથી નંબર ૩૭ વાળાં ઘરમાં રહે છે.

નંબર ૩૬ વાળું ઘર તે દીન પછીથી મેંજ ભાડે રાખ્યું છે, અને તેમાં મેં મારા વેપારનો કીમતી સામાન ભરયો છે.

૭
મ્હોબ્બતનાં ત્રણ ખુન.

"સાચા પ્યારના કટોરા સનમુખ કહારૂનના ખઝાનાનો કુનોબી કુચ્છ બીસાદમાં નથી." અશમતઆરાએ પોતાના હાથમાંના ગુલાબ સાથે રમતાં કહ્યું.

"હા,—હા, પ્યારી! બેશક, તારી એ વાતમાં દુન્યાં વરણુનનું સુખ સમાયલું છે. પ્યાર, મ્હોબ્બત અને 'લવ' એ એક એવી ચીઝ છે જે સાચા અને રોશન આકારમાં પ્રગટ થતાંજ તમામ દુન્યાંની દૌલતને તણખાંભર કરી મુકે છે." અને તે વાકય ઓચરવા સાથેજ શરીફે અશમતના ગોલાબી થઇ આવેલા રૂખસારા ઉપર એક ચુમી લેતાંજ તેણીને પોતાની છાતીએ ઝોરથી દાબી દીધી.

તે ખાનદાનથી ભરપુર અને આબરૂથી ભરેલો એક જવાન હતો અને જો કે તેનામાં સરવે રીતની લાયકાત ભરેલી હતી છતાં તે હીણાતો અને ધીક્કારાતો હતો—કારણ તે પઇસાના ઝોરથી બીલકુલ બેતાકાત હતો.

તેણી, લાયકી, ખુબસુરતી અને જોબનની ઝમકતી તવંગર પીતાની એક બેટી હતી, મગર કમનસીબી એ હતી કે તેણીના ધારેલા ધણી સાથે તેણીની શાદી કરી આપવા તેનો પીતા નારાઝ હોવાથી દીલગીરીનો છાપ તેના મુખડા ઉપર છવાઇ રહયો હતો—બેશક, મગરૂરીના ધુંવા આગળ ગરીબીનો ઝુંકતો પવન પોતાનો સપાટો જરાકબી ઝોર યા જોશથી લગાવી શકતો નથી!

તે બેઉ વહાલાંઓ છુપાછુપ અને ગુપચુપ રીતે આજે સાથે મળ્યાં હતાં અને તે તકનો લાભ પુરેપુરો લેવા માટે દર પળે તેઓ આરઝુમંદ

અને આતુર રહેતાં હતાં. તેઓ એકમેકની છાતી ઉપર માથું મુકીને પ્યારથી ઉભાં હતાં, જે પળે બંનેની છાતીના ધપકારા ઘડીઆળના ટંકોરાની મુઆફેક પ્રગટ ત્યાં વાગી રહયા હતા.

"મેં એકવાર ના પાડ્યા છતાં મારી મરઝી ઉપરાંત મારી બેટી સાથે પ્યાર કરનાર શખ્સની બની શકે તો તલવારના એકજ સપાટાથી ગરદન ઉડાવી દઉં" તેજ પળે અશમતઆરાનો બાપ ત્યાં ચાલી આવતાં પોકારી ઉઠયો, જેને જોઇને બેઉ જણાંઓ પોત પોતાની બગલગીરીમાંથી છુટા પડી ગયાં, શરીફ ગભરાયલો અને અશમત ફીક્કી ફચ થઇ ગયલી.

બેઉ બીકથી ધડકતી છાતી સાથે એમના એમ દંગ થઇને આરીફ (અશમતઆરાના પીતા) ને જોતાં ઉભાં રહયાં.

"કેમ છાતી સીવાઇ ગઇ? કેમ ખુબસુરતી કરમાઇ ગઇ? ક્યાં ગયું તે જોશ અને ક્યાં ગયો તે પ્યારનો જળનો જુસ્સો?" ગરમ થઇ જતાં ટકોરની ઢપે આરીફે તે બેઉની તરફ જોતાં બુમ—બરાડ પાડી મુકી.

"બેઅદબી માફ છે, સાહેબ, પ્યારના મહોડાને બંધ કરવું એ આસમાનના દરવાઝાને તાળું લગાડવા જવા જેવું મુશ્કેલ કામ છે." શરીફે હીમત આવતાંજ જોસ્સાથી બચાવમાં કહયું.

"શું?" આરીફે મીઝાજ ખોહી દીધો, "મહેતાજીની નીશાળમાં જઇ મહેતાજીને પોતાને શીખવી આવવું એ હેમાકાત નથી! મને—મને? તું પ્યાર-પીયારના કોતક અને તેની શીખામણ દેવા અહીં આવ્યો છે! પણ બચાજી યાદ રાખજે કે પ્યારના બેણુ અને મ્હોબ્બતના ફારસ એ બચાના નાટક તથા છોકરાનાં તમાશા છે." આરીફે પોતાની અક્કલ (!) નો ફતવો ખાલી કરતાં કહયું "પ્યાર ને મ્હોબ્બત કરનારાઓ દીવાના હોય

છે, પાગલ રહે છે, અને તેઓની રહેવાની જગા માણુસાઇ મકાનો હોતાં નથી પણ દીવાનાશાળા અને પાગલખાનાની ઇમારતોના ઓરડાઓ હોય છે."

"સાહેબ, જેમ મીઠાં વગરનું પકવાન ફીકકું અને દમ વગરનું લાગે છે તેજ મીસાલે મ્હોબ્બત વગરના લગન દમ વીનાના અને તમામ ધુળથી ખરડાયલી રસીની બેડી સમાન એક બંધ મીસાલના હોય છે" શરીફે ચલાવ્યું જે વખતે આરીફના દીલમાં ગુસ્સો મીઝાજ અને ગરમ હવાના ઝોરથી લાગી રહયો હતો, તથા અશમતઆરા પોતાના પ્યારાની ગોદ તરફ દબાવાને પોતાના પગલાં તેની તરફ લંબાવતી હતી. અશમત-આરાનું આ પગલું આરીફે જોઇ લીધું અને તે જોવા પછી તેના ગુસ્સાની ગરમી વધુ તપી ગઇ.

"છોકરી, તારી એ બેહુદાઇથી હું આજેઝ થઇ ગયો છું, અગર જો અરધીની દોલત વીનાના એક ભુખા લુખખા સુખખા આદમી સાથે તું પરણવાને ખુશી હોય તો મારી તવંગીરીની ચાદરનો એક છેડો બી આશરા માટે તારા શરીર ઉપર નાખવા હું હરગેઝ તઇયાર થઇશ નહી."

"અને તમારી તવંગરીની ચાદરનો એક છેડો મારી ગરીબાઇની સખતમાં સખત ઠંડીમાંબી ઓઢવાને હું કદી તઇયાર થઇશ નહી," અશમતઆરાએ બાહીમતથી પોતાના બાપના ચેહેરા સામું જોતાં કહયું, અને તે પછી તુરતજ પોતાના આશકની ગોદમાં ભરાઇ જતાં અને તેના ગુસ્સાથી ગરમ થઇ આવેલા ગાલો ઉપર પોતાના હોઠો દાબી દઇ તેજ પળે ઉચકી લેતાં બોલી પડી "ખુદા, મારા વહાલા શરીફને સલામત રાખે! એ મારા માથાનું તાજ અને મારા શરીરની ચાદર છે. એની દાળ —રોટલીનો નવાલો હું તમારી લખોની દઉલત કરતાં વધારે તાકાતદાર અને સુખ દાબનાર માનું છું."

"છોકરી ખતા ખાશે."

"મારા કીસમતથી."

"જો ઠોકરાશે."

"મારા તગદીરથી."

"ભુખે મરશે" આરીફે તસ તસ થતાં ડોગાથી એક ભેંકારભર્યા ઘાઘ્ર મીસાલે બરાડ પાડી.

"મારા નસીબથી."

"ખુવાર થશે, મરશે, મૌતને આધીન થશે."

"મારા શરીફની બલાથી."

એજ વખતે અશમતઆરાનું માથું શરીફના ખભા ઉપર ઝુકાઈ પડયું, જેને આરીફે દોડી જઇ બાજુએ કરી દઇને આગલી ગોઠવણ મુજબ રાખેલા માણસોને બાજુના ઓરડામાંથી તાળીના અવાજથી બોલાવી લીધા અને તેમની મદદથી શરીફને પકડી લઇ જઈ પોતાના મકાનના એક છુપા ભોંયરા તરફ ઘસડી ગયો, અને તે ભોંયરાના કેદખાના સમાનના ઓરડામાં શરીફને કેદ પુરી દીધો.

* * *

શરીફ !

પ્યારનો તે પરવાનો, મહોબ્બતનો તે મસતાનો, સાંકળની ઝંઝીરથી કેદ થયલો, આજેઝ અને પરેશાન થઇ વીચારવંત બેઠો હતો.

આજ લગભગ છ મહીના થયા તે આરીફના મકાનના છુપા તહેખાનમાં કેદ હતો. નહીં તેની કોઇ માદર હતી કે તેના ગુમાવાની ખબરથી તે માહેતમ ચલાવે, નહીં તેનો પીદર હતો કે તે એના બોલવાઈ જવાની ખબરથી ગમ ખાઇ શોધ ચલાવે, નહી કોઇ તેનું સગું હતું જે એના બેમાલુમ થઇ જવાના સબબથી દોડાદોડી કરી મુકે.

એકની એક તેના દીલની મુરતી હતી તે—આહા ! તે, તે તો જોકે તેની પોતાની પાસે દર પળે અને દર ઘડીએ આવવા આતુર હતી, મગર અફસોસ ! તેનો બાપ, ઝુલમી, નાવાકેફ—પઇસાનો પુંજારી, તેણીને જવા દેતો નહી હતો.

પણ, દઉર અને ઝુલમી તઉર સવા પહોરની ઝુહાકી મીસાલ સવા પહોરના ટુંકે અરસાનીજ હોય છે, તેમ હવે તેની ઝબરદસતીનોબી અંત આવ્યો હતો.

રાતનો વખત હતો.

ફીલીયાણુ અંધકાર અને કાળાશની અંધારી વચે કોઇ આકાર પોતાના હાથમાં એક ન્હાનું ફાનુસ રાખી ધીમે, મકકમ પણ બીધેલે ડોળે આજુબાજુ નઝર ફેરવી હળવે અને હળવે પગલાં આગળ લંબાવતો હતો. આખરે તે આકાર થોભી પડયો. તેણે ધારેલી જગ્યાએ પોતાને સલામત આવેલો દીઠો. તે ભોંયરાંમાંના છુપા ઓરડામાંની જાળીઓ સાથનું કેદખાનું ધરાવનારી જગ્યા હતી. પેલા આકારે પોતાના હાથમાંની ચાવીથી તે કેદખાનાને લાગેલું ભારી તાળું ખોલ્યું અને તેજ પળે તે કેદખાનાના દરવાઝાઓ ઉઘાડા પોર મુકી દઇ અંદર સુતેલા શરીફ તરફ પગલાં ભરયાં.

" શરીફ ! ઓ શરીફ." તેણે શરીફનું ખભું હળવેથી હીલવતાં ધીમે રહીને સાદ કાઢયો.

" કોણ ?" શરીફે ઉંઘમાંથી ઝબકી ઉઠતાં ગભરાઇને પુછ્યું " આરીફ, તમો હજી સતાવવાનું મોકુફ રાખતા નથી ? શું રાતેબી ઉંઘ-વાની મને ચેન પડવા દેતા નથી ! "

પેલો આકાર આ સાંભળી કંઇ દલગીર થઇ ગયો. તેણે પોતાના હાથમાંના ફાનુસની રોશનીવાળો ભાગ પોતાના ચહેરા તરફ ફેરવ્યો અને

તે સાથેજ તેણે પોતાના ચેહેરા ઉપર નાંખેલો રંગીન કપડાંનો કટકો ઉંચકી લીધો.

" શરીફ, વહાલા, પ્યારા, મારાં કલેજાં, જો-જો હું આરીફ નથી, હું તારી સદાની સાથી, તારા દુઃખની ભાગયણ, તારા મનની એકલી મુરતી, અશમત છું."

આ વાકય જાણે શરીફના કાનો ઉપર ખુશાલીના વાજીંત્રીક સરોદ મીસાલ વાગ્યો. તેણે તે કેદખાનાના ભયંકર ડાચાં વચે જાણે સુરજને દરીયાવના પેટમાંથી પેદા થતાં જોયો હોય તે મીસાલે અશમતનો મીઠો ચેહેરો તે નીહાળવા લાગ્યો. તે પોતાના હાલહવાલ બીછાનામાંથી એકદમ ઉઠી ઉભો થયો અને તેજ પળે તેના મુખમાંથી એક લાંબા નીસાસા સાથનો વાકય નીકળી પડયો :—

" આહા ! શું મારી આંખની રોશની આવી પહોંચી ? શું રાતના અંધકારને દુર કરનારો તે ખુરશીદ આફતાબમાં ખીલી નીકળયો ? એક ખાબમાં સુતેલું બુલબુલ જાગી ઉઠયું ?"

" હા, કલેજાં. ચળકતી તે રોશની પ્રગટવા આવી, અંધકારની તે રાત ઉપર સુરજ રાજ્ય કરવા આવ્યો, એક પાંજરાના બંધમાં સપડાયલું બુલબુલ ધણીની દહેશત છતાં હીમ્મત કરીને બહાર નીકળી પડી પોતાના આશકના લબોને ચુમવા ઉડી આવ્યું." અશમત શરીફને વળગી પડતાં બોલી "શરીફ ! કેમ મને તું ગમગીન કરે છે, ના સમજ તે બુલબુલ હું છેઉં જે ખાબમાં સુતું હતું, ના સમજ તે રોશની જે દીવાની જોતને ભુલી ગઇ હતી, ઓ ના સમજ મને તે સ્ત્રી જે પોતાના પ્યારા ઉપર ગુઝરતા આઝાબને દાબી દેવા પોતાની કોશેશ કરતી નથી. હું-હું, પાક અલ્લાહના નામથી કહું છું કે તારી પાસે આવવાની અને

તુંને છોડવવાની આ છ મહીનામાં મેં સેંકડો વાર કોશેશ કરી હશે, પણ આજની મુઆફક કદીબી હું ફાવી નહીં હતી."

"ફાવી? ફાવી? કદી નહી, હરગેઝ નહી, જરાકબી નહી" એક ઘોઘારી અવાઝે પાછળથી બુમ પાડી જે એક ઘાયલ થયલા શેરની બરાડને મળતી આવતી હતી અને જે પુરવાર થઇ કે અશમતના પીતા આરીફનો અવાઝ હતો.

બેશક, આરીફે મામલો જાણી લીધો હતો અને તે પોતાના ગાફેલ-પણાથી પોતાની બેટીને આજે અહીં આવવા માટે ફાવી જવા દેવા સારૂ ગુસ્સે બની ગયો હતો. તેને સનસારો જે પળે માલુમ પડયો કે તહે-ખાના તરફ અશમત જઇ પહોંચી હતી તેજ પળે તે તેની પછવાડે નીકળી પડયો હતો.

હવે, એક સેકંડ એક જાન જેટલી કીમતી હતી, વખત જાય તેટલો શરીફના ગયરલાભમાં હતો.

પવન વેગે અશમતે કામ કરવા કસદ કરયો. તેણે પોતાના આશ-કના હાથમાંની બેડી છોડી નાખી અને પગમાંની બેડી છોડવાની મહેનત લેવા જાય તે અગાઉ આરીફે તેના હાથ પકડી લીધા અને એક હડસેલો મારીને તેને દુર કરી નાંખી.

આરીફ હવે શરીફના હાથો ઉપર પેલી બેડી પાછી ઝકડવા ગયો, મગર શરીફે તેને આંચકો મારયો અને તેજ પળે અશમને પોતાની સાથે છુપી રીતે લાવેલી રીવોલવર દોડી જઇ શરીફના હાથમાં મુકી દીધી.

અશમત! તેણે તે રીવોલવર પોતાની સાથે રાત્રે માત્ર ધાસ્તીને દુર કરવા રાખી હતી, મગર તેનાં ભેજાંની ગતીએ મામલાનો રંગ જુદોજ પકડયો!

શરીફે તે ભરેલી રીવોલ્વર પકડી, તેની નેમ આરીફ તરફ ટાંકી, તેની ચાંપ દાબી અને સનનનન દઇને તેમાંની ગોળીએ આરીફની છાતીમાં જગ્યા લીધી. થોડી તાંસવીસ, અને બીજી મીનીટે આરીફનો જાન કબ્જ થઇ ગયો.

ખતમ !

*   *   *   *

ફક્ટ બીજા બેજ મહીના પસાર.

ઝમાનાના ચકકરમાં પોતાને સઉથી વધારે સુખી અને ખુશી સમજનાર, પ્યારથી એકમેકના ગળાને જોસ્સાથી સાથે વળગી પડનાર, તે જોડું બેજ મહીના મ્હોબ્બતની સરવેથી ફરી ટોંચ સાથે ગેલ કરવા શકનીવાન થયું.

અને ત્રીજા મહીનાની શુરૂઆતમાં શરીફની તબીઅત અચાનક બીગડી ગઇ. તે ગળાતો અને નખાતો ચાલ્યો. તેની છાતીમાં અંગાર જલતો હોય તે મીસાલે બળત્રાં બળવા લાગ્યાં. તેની છાતી ખરાબ થઇ હતી અને તે ઉપરાંત દહેશતનો દેવ તેના જીગરને કોતરી ખાતો હતો.

તેને દરરોજ રાતના ખાબમાં આરીફનું રૂહ આવીને સતાવતું હતુ અને તે દેખાવથી તેના કલેજાંમાં ધાસ્તીનો ડંખ દર પળે વાગતો હતો.

તે મૌતને બીછાને હતો !

અશમત ! કમનસીબ અશમત ! પોતાના ખાવીંદના બીછાના નઝદીક આસુંનો દરીયો વહેવરાવતી, રડતી, અને ડચકાં પર ડચકાં ખાતી માથે હાથ દઇ બેઠી હતી.

"અશમતઆરા, પયારી અશમત, મારાં કલેજાં, તુંને દીલગીર જોઇને મારૂં જીગર ફાટી જાય છે. રડ ના, મારા બુલબુલ, રડ ના.

મારા કીસમતની રેખા એટલીજ દોરાયલી હશે, મારા તકદીરની રસી એટલીજ હદમાં લંબાયલી હશે."

વધુ અને વધુ ડચકાંઓ સીવાય તે ચાર–પાંચ સેકંડની ચુપકીદીમાં બીજો કશો અવાઝ સંભળાયો નહી.

"મારાં જીગર, મારો તારી ઉપર કેટલો બધો જીવ છે તેની પુરવારી તુંને સહાબરી મળી ચુકી છે–હવે ખુદા હાફેઝ, સદા મારી યાદ તારાં દીલમાં રાખજે."

"ના બોલો, ના બોલો એમ, મારા જાન, એમ ના બોલો! ખુદા તમારો નેગેહબાન થાય અને તમો જલદીથી સારા થઇ જાઓ." તે સધ્યારાના સુખનો બોલતી હતી, પણ તેના દીલના ઉંડાણમાંથી ડચકાંઓ નીકળતાં હતાં.

"નહી, હવે હું સારો થઇ શકીશ નહી—ખલાસ, તું મારી યાદ તારે દીલે કોતરી રાખજે અને મારા મરવા પછી કદીબી કોઇબી શખ્સ સાથે શાદી કરતી ના."

"શાદી? મારા જીગરના જાનની બરબાદી, અને મારી શાદી? શું એ બનવા જોગ છે, શરીફ! તારા વગર હું એક ઘડીપળ જીવી શકું નહી તો શાદી કરૂં? કોઇ બીજાને મારા દીલમાં જગ્યા આપું!"

બસ, વધુ બોલવાને વખત નહી હતો.

શરીફનો જાન કબજ થઇ જતો હતો. તે મૌતનાં તરફડીયાં મારતો હતો અને તેના દીલના પંજામાંથી તેનો જીવ બહાર નીકળવા વખત તપાસતો હતો.

એક પળ શરીફ હુશીયાર થયલો જણાયો, તેણે અશમતનો જમણો હાથ પોતાના નબળા હાથમાં લીધો, તેણીનાં આંગળાં પોતાની બંને

આંખોમાં દાબી દીધાં અને એક ડચકાં સાથનું આંસુ તેની આંખમાંથી બહાર પડવા સાથે તેનો જીવ જુદાઇ ગયો.

અશમતની આંખો આ દેખાવ જોઇ શકી નહી. તેણીની છાતીમાં ખુક ભરાઇ આવ્યો અને તેણીનું કલેજું કોઇ કાપી નાખતું હોય તેમ તેણીને લાગ્યું.

"ગયો, બુજાઇ ગયો! મારી ઝીંદગીનો ચેરાગ બોલવાઇ ગયો! અફસોસ." કમનસીબ અશમત! તેણી એમ બોલતાંજ બેફામ થઇ પડી.

આ તકલીદી દુનીયાની દઉલત યા ઝીંદગીનું સુખ હવે તેણીને માટેનું નહિ હતું, તેના શરીફના ખતમ થવા સાથે હવે તે સઘળુંબો તેણીને મનથી ખતમ અને નાબુદ થયું હતું.

બેફામીથી જાગી ઉઠતાંજ તેણીનું પહેલું કામ માત્ર એ હતું કે શરીફના મુએલા શરીર તરફ એક નઝર ફેરવ્યા બાદ બાજુના ઓરડામાં-થી રીવોલવર ઉચકી લઇ તેમાં ગોળી ભરવી.

તે કામ ધ્રુજતે હાથે તેણીએ કીધું અને શરીફનાં મુડદાં આગળ પાછી આવી લાગવા પછી તેણીએ તે રીવોલવરનું મોઢું પોતાના મસતક તરફ ટાંકી તેની ચાંપ દાબી, અને તેજ વખતે લોહીના એક ખાબોચી-યાંમાં તેણીનું શરીર ઢળી પડયું.

ખલાસ!

પઇસાની મતલબને ખાતર આરીફે શરીફ જેવા ગરીબને છોકરી નહી આપીને તેણે બે ખરી ચાહતના જીવપર જોરાવરી ચલાવી, પણ તે ફાવ્યો નહી અને મુઓ, આરીફને ગુસ્સાના અવેશમાં પ્યારની મતલબ ને એક દીવાનાપણાને સબબે શરીફે જાનથી મારયો પણ પોતેબી પોતાની મતલબને પુગા પછી ઘણું નહી જીવ્યો અને અંતકરણના દંખથી મુઓ,

અને તેના મરણનો ઝખમ નહી ખમી શકવાથી અશમતે આપઘાત કીધો !—અને એવી રીતે આ તકદીદી બેતાબ ખલકતથી તે ત્રણે જણાં જાન ખોહીને ગયાં !

૮

પત્થરનું દીલ !

૧

અમીર ખુશરો ! તે બગદાદનો હાકેમ હતો, અકકલે જો કે તે આ-કેલ—ફાઝેલ હતો, પણ કરતુકમાં ગોયા મલઉન હયવાન હતો—હયવાનથીબી બદતર શયતાન હતો !

આજેજ તેના હુકમથી તેના માણસો એક પરીસુરત છોકરીને વગર વાંકે પકડી લાવયા હતા, અને તે ગરીબ છોકરીની સાથે મુસાફરી કરતા તેના આશકને પણ ગીરફતાર કરવામાં આવ્યો હતો.

કંઇજ વાંક ને લોકનો નહી હતો, બસ ફકત મતલબ એજ હતી કે અમીર ખુશરો પોતાના પાપી રીવાજ મુજબ પોતાના ઝનાનામાં આ નવી ખુબસુરતીનો વધારો કરવા માંગતો હતો.

તે—તે કાળા કરતુકના પાપી અમીરે વગર પરવાને પોતાના દેશમાં આવી જાસુસી ચલાવવાનું ખોટું બોહતાનુ મુકી ફરહાદની માશુકની તપાસ તે પોતે એકલો ચલાવતો હતો.

નરગીઝ અદબથી તે બેરહમની સામે ઉભી હતી.

" મારી કહેવાની મતલબ એ છે કે નરગીઝ તું દુન્યાની સઉથી વધારે

ખુબસુરતી છે—તું આએ જહાંનની પરી છે, પરી—અને આએ અમીર ખુશરો તારો ગુલામ છે."

"બાઝ આવ! અએ નામવર અમીર, તું તારા લલચાવનારા સુખ-નપર આંકોશ મુક." નરગીઝે હીંમતથી કહયું.

"નહીં—નરગીઝ! હું તારીપર દીલ રાખુંછ, હું તુને ચાહુંછ અને હું તારો પોતાનો થવા માંગુછ" અમીર ખુશરોએ નરગીઝના ચેહેરા ગમ ટગર ટગર ટીકતાં કહયું.

"મારો પોતાનો તો એક થઇ ચુકોછ અને હું દુન્યામાં કોઇની થવાની નથી, પણ ફકત તેનીજ થવાની છું—તેનું ને મારૂં દીલ એક છે, પ્યાર સાફ છે—ઇરાદો નેક છે."

"બસ, ખામોશ." ગરમ થઇ જતાં અમીર ખુશરોએ પોકાર મારયો "યાદ રાખ નરગીઝ! ફરહાદ તારો નહી થશે હરગીઝ!—તે તો આવતી કાલની સ્હવારના ખાક થશે–મોતની ગોદમાં ખાબ કરશે."

નરગીઝે કુમકુમીને બેઉ આંખો બંધ કીધી.

"બોલ શું કહેછ નરગીઝ?" અમીરે નરગીઝનો હાથ પકડતાં કહયું "તું મારી થાયછ કે? બોલ શું જવાબ છે?"

"જવાબ એજ છે" નરગીઝે પોતાનો હાથ ખેંચી લેતાં કહયું "જવાબ એજ છે કે મારા સદાના પ્યારા ફરહાદની ગોદમાં મનેબી જવા દો, તેને કાલે સ્હવારના મારી નાંખોછ તો મને આજેજ રાત્રે ખતમ કરો."

"અગરજો તારા એકઆી બાલને નુકશાન થશે તો તારી પોતાનીજ ગફલતીથી તેમ થવા પામશે" અમીરે કહ્યું "ફરહાદને હવે યાદ ના કર—પણ જે તુને જીવતદાન આપવાનો છે તેને યાદ કર-મને યાદ કર, છો-કરી, મને યાદ કર."

"ચુપ, શયતાન,—અમીરના નામ કામ તળેના કાળા કસરેત્તજ, તારી નાલેશીભરી ઝબાનને બંધ કર" નરગીઝે ગુસ્સાથી કહ્યું "તુને યાદ કરવો જોઇયે? અરે બદનઝર કંગાળ! તુંને ખબર નથી કે શયતાનને યાદ કરવાથી તો ઇનસાન પોતાની ઇનસાન્યત ખોહી દે છે—ગોયા આદમી પોતાને એક હયવાનની શકલમાં ફેરવી દે છે."

"નરગીઝ! મને ગુસ્સે ના કરતી, યાદ રાખ, મને છેડી ના મુકતી" અમીરે ધગધગતા આતશ મીસાલ ગરમ થઇ જતાં કહ્યું "વીચાર કર—ખ્યાલ કર—દરયાફ્ત કર! વરસો સુધી કાદખાનામાં સબરવા માંગેછ, કે અયશો ઇશરત ગુઝારવા માંગેછ?"

"બેઇઝઝતીથી અયશો ઇશરત ગુઝારવાના કરતાં તો ઇઝઝતથી ભરેલું મૌત ભલું" નરગીઝે જુસ્સાથી કહ્યું "અમીર ખુશરો! યાદ રાખ, કે આએ નરગીઝ ગરીબ છે પણ તે પોતાની નીતીમાં તવંગર છે. ઓ બદતમીઝ! તારા જેવા સેંહેંકડો માલદારોને નરગીઝ પોતાના પગની ખાક સમજે છે.";

તેજ ઘડીએ અમીરે તાલી ફાડી,—બે આકાર પડોશમાંથી નીકળી આવ્યા,—અને નરગીઝને ગીરફતાર કરી લઈ ગયા.

૨

નરગીઝ કયખાનામાં હતી.

મધ્ય રાત્રનો વખત થયો હતો. વીચારમાં બેઠેલી નરગીઝના ખ્યાલમાં ખલલ થયો, કારણ કે તેના કયદખાનાનો દરવાઝો કોઇ ખોલતું હતું.

આવી રાતની વખતે તે કોણ હતો? નરગીઝનું દીલ કમકમ્યું—થોડાજ વારમાં દારોગો એક બતી સાથે આવ્યો, તેની પછવાડે કોઇ બીજો

આકાર ચાલતો હતો. દારોગો બતી મુકીને ચાલી ગયો અને તે કોઇ આકાર ત્યાંજ રહયો.

હવે તે આકાર નરગીઝની સામે આવ્યો.

નરગીઝની આંખો તેના ઉપર પડી–તે બેઉની નઝર એક થઇ, અને નરગીઝનો ચહેરો તેને જોઇને ફીકક્ષ થઇ ગયો અને તેનું નાઝુક બદન થરથર ધ્રુજવા લાગ્યું.

તે આકાર કોઇનો નહીં–પણ મુઝી, બદકાર ખુશરોનો હતો.

"નરગીઝ! બીહી ના–હું તુંને બચાવશ, હું તુંને આતશની ચેહમાં જીવતા જીવત બાલી મારવાના મૌતે નહીં મારશ." અમીરે ધીમા અવાઝે કહયું.

"જલદીથી, ઓ અમીર! જલદીથી તું મને જીવતી બાળી નાંખ" નરગીઝે મક્કમપણે કહયું "જીવતું બળી મરવાનું તો શું, બલ્કે તેનાં કરતાં બી વધારે કરૂર મૌતે તું મને મારી નાંખશે તો તેમાં બી હું ખુશી અને રાઝીજ થવશ, કેમજે હું મારી પછવાડે મારી હુરમતભરેલી વફાદારીને મુકી જવશ–તે વફાદારીના આશીરવાદને સાથે લેતી જવશ."

"તું પસતાશે, નરગીઝ–તું પસતાશે" અમીરે કહયું "જ્યારે તુંને લાકડાંના ધીમરાં સાથે બાંધવામાં આવશે, અને જ્યારે તેને સળગાવી દઇ તારાં નાઝુક દીલને બાળી નાખવામાં આવશે, ત્યારે તું તે દીલ મારા હાથોમાં નહી સોંપવાને વાસ્તે ખુબ પસતાશે."

"નહી—હું ખુશી થવશ, હું તારા જેવા બેરહમ ચંડાલને મારૂં દીલ નહીં સોંપવાના ખ્યાલથી ખુશી થવશ ને તે લાકડાંના બળતાં ધીમરાં તરફ જોઇને હસસ, કાંય જે તે ધીમરૂં મારી અશમતને બચાવશે, જે અશમત આએ દુન્યાની દરેકે દરેક ઓરતનો એક ધરમ છે, એક સખતમાં સખત વફાદારી છે."

"નરગીઝ-નરગીઝ! માન, મારૂં માન."

"ચંડાલ સંગદીલ હયવાન! નાબુદ થા. એક નાચાર ઓરતને તેની લાચારીમાં સતાવવાથી દુર રહે."

"નરગીઝ, હું જાઉંછ—પણ જો તું હજુ પછીથી મારા હાથમાં પડવા માંગશે તો હું તઇયાર થવશ, મને દારોગા પાસે બોલાવજે, હું ઉંઘાયલો હોવશ તોબી આવશ."

"જા! કંગાલ કુતરા, તારૂં કાળું કર, ઉઘાઇ જા—તુંને કોઇ ઉંઘમાંથી ઉઠાડવા નથી આવવાનું—ઉંઘા, આખી રાત ઉંઘા, પણ યાદ રાખજે કે કોઇ રાત તારે વાસતેબી એવી આવશે જે રાતના તુંબી અમારી કાણી ઉંઘના ફાંફાં મારશે."

અમીરે દારોગોને તાલી ફોડી બોલાવ્યો. દારોગો આવ્યો, તેને બતી ઉંચકી લીધી. અમીર નરગીઝ તરફ છેલ્લી નઝર નાખી બહાર નીકળ્યો, દારોગો બહાર આવ્યો અને તેણે દરવાઝો બંધ કીધો.

જેવો દરવાઝો બંધ થયો કે તેજ વખતે અંદર કોઇના પડવાનો અવાઝ આવ્યો, અને તે આદમીની છાતીમાંથી હાયનો એક નીસાસો નીકળી "યા ખુદા"ના શબ્દો બહાર પડયા.

* * *

થોડો વખત પસાર થયો.

ફરીથી દરવાઝો ખુલવાનો કોઇનો અવાઝ આવ્યો, અને નરગીઝ બીહીની ધ્રુજતી પાછી ભોંયપર પડેલી ટટાર થઇને બેઠી.

તે આકારના હાથમાં તેજ બતી હતી, ભારે પગલાંનો તેજ અવાઝ હતો—લેકીન તેણે આ વખતે બતી મુકી દેવાને બદલે હાથમાંજ રાખી હતી.

"કોણ?" નરગીઝે સવાલ કરયો.

"મદદ." જવાબ મળ્યો.

"નામ ?" નરગીઝે પુછ્યું.

"ઇનસાન." પાછો ટુંક જવાબ મળ્યો.

"કામ ?" નરગીઝે ફરીથી પુછ્યું.

"હયવાનનું સર તોડવાનું, ઇનસાનને મદદ આપવાનું, શયતાનને ખાક ચાટતો કરવાનું, ફીરેસ્તાને હસ્તો બનાવવાનું." જવાબ મળ્યો.

"ત્યારે તું કોઇ ફીરેસ્તો છે ?"

"ફીરસ્તાની ભલાઇનો એક નવીસ્તો છું."

"મારો મદદગાર છે ?"

"બુરાઓથી કંટાળેલો, ભલાઇનો એક યાર છે." આકારે જવાબ દીધો.

"શાબાશ" નરગીઝે કહ્યું "ત્યારે ભેદ ખોલ."

પેલા આકારે તુરતજ પોતાના હાથમાંની બતી પોતાના ચેહેરા તરફ પકડી, તેજ વખતે નરગીઝના મુખમાંથી અજાયબી નીકળી પડી.

"કોણ ? આએ બંદીખાનાનો દારોગો ? મારો મદદગાર ?"

"હા–બાનુ, મેં તમારો અને તે સંગદીલ વચેની બધી વાત સાંભળી–હું એ બેરેહેમ આદમીથી કંટાળયોછ–પાક ખુદા જો કંઇ યારી આપે તો ઇનશાલ્લા બુરાનો બુરાઇમાંજ ફેજ થશે."

૩.

તે એક ઓરડો હતો જેમાં લોખંડનું એક મોટું પીંજરૂં મુકવામાં આવ્યું હતું, અને પીંજરામાં એક મોટા અઝદાહને પૂરેલો હતો.

અઝદાહના પીંજરાવાળા ઓરડામાં અમીર ખુશરો દાખલ થયો

અને તેની પછવાડે હાથ બાંધેલા એક કેદીને લઇને અમીરનો એક નોકર દાખલ થયો.

તે કેદી તે ફરહાદ હતો.

અઝદાહના પીંજરા આગળ આવતાં અમીર ખુશરો પોતેબી બીહીધો અને કમકમયો, કેમજે તે ઝહરી કાળો મોટો સાંપ ચાલીસથી પચાસ ફીટની લંબાઇનો એક માંસનો પહાડ હતો! તેની પોહોલાઇ એક જાડા માણુસની જાંગ કરતાંબી વધારે મોટી હતી!

તે અઝદાહ પોતાના પીંજરામાં ગુચલું વળી બેઠેલો હતો અને વારંવાર પોતાની નાની આંખો ચમકાવ્યા કરતો હતો.

"આએ અઝદાહને છેલ્લો ક્યારે ખવાડેલો?" અમીરે પોતાના નોકરને પુછયું.

"છ અઠવાડીયાં થયાં એ ભુખો છે" પેલાએ જવાબ દીધો.

"ઠીક" અમીર ખુશરોએ કહયું, અને તુરતજ તે પોતાની કરૂર નઝર ફરહાદ તરફ નાખતાં બોલ્યો "અએ આદમ, તારૂં મૌત નઝદીક આવ્યુંછ, તુંને આએ અઝદાહનો શીકાર થવું પડશે."

ફરહાદે તે મોટા ઝહરી પહાડ તરફ જોયું, તે જરાકબી કમકમ્યો નહી— પણ તુરતજ તેને આસમાન તરફ ચેહેરો કરી પોતાના બેઉ હાથ જોડી નાખ્યા.

અમીર ખુશરોએ પોતાના માણુસને ઇશારત કીધી કે તેજ વખતે ફરહાદને અઝદાહના પીજરાં આગળ ખેંચી જવામાં આવ્યો. તે પીંજરાંની વચમાં સલીઆવાળું બારણું હતું જેથી પીજરૂં બે ભાગે વહેંચાઇ જતું હતું. તે બારણું ઉતારેલું હતું જેના બંધ ભાગમાં તે અઝદાહ બેઠેલો હતો અને જેના બહારની બાજુના ખુલ્લા દરવાઝામાંથી ફરહાદને દયાહીણ રીતે અંદર હડસેલી મુકવામાં આવ્યો!

ગરીબ ફરહાદ !

તેને અંદર હડસેલી મુકવા પછી બહારનો દરવાજો બંધ કરી દઇ અંદરનો વચલો દરવાજો ઉપર ખેંચી લેવામાં આવ્યો.

હવે પીંજરાંમાં તે અઝદાહ અને ફરહાદ એકલા રહયા! છ અઠવાડયાંના તે ભુખા અઝદાહની દયા ઉપર હવે ગરીબ બીચારો ફરહાદ હતો!

તે દેખાવ ખરેખરો કંપારી ઉપજાવનો હતો—અમીર પોતે કમકમતો હતો, પણ તેના પાપી ચંડાળ પત્થર સમાન સખત દીલમાં રહેમનો એક કતરો બી વસતો નહી હતો.

પાપી અમીરે જે શીકારને તે અઝદાહ આગળ મુકી દીધો હતો તે શીકારને તે કાળા ઝહરી પહાડે પહેલાં તો થોડો વખત જોગોબી નહી અને તે દરમ્યાન ગરીબ ફરહાદ આંખ બંધ કરીને બેઉ હાથ જોડીને પાક દાદારની બંદગી કરતો જણાયો.

અમીર અને તેનો નોકર થંભ થઇને તે દેખાવ જોતા હતા, જ્યારે નોકરના આખાં તનબદનમાંથી ધાસ્તીની ધ્રુજરી પસાર થતી હતી, મગર તેના શેઠ પાપી જંગલી હયવાન અમીરને કાંઇ ધાર બી નહી ખાતી હતી!

પાંચ મીનીટ પસાર થઇ ગઇ—ફરહાદની બંદગીમાં અને તેના દુશમનની આતુરતામાં.

પાંચ મીનીટના વીતવા બાદ તે અઝદાહની આંખો અસાધારણ રીતે હાલવા લાંગી, તે આંખો કોઇ જાતની અશાંતીથી તેમ ચમકતી હતી અને તે જોઇને અમીરનો નોકર બીહીકથી બરફ જેવો ઠંડો થઇ ગયો—પણ અમીર ખુશરો પોતે તો જરાકબી દગમગ્યો નહી, કે નહી ઠંડો થયો!

તે અઝદાહ હવે ધીમેથી ચાલવા લાગ્યો—તેના સાંધા એકેક પછી

અકેક હાલતા જણાયા, જ્યારે તેની આંખો પીંજરાને બીજે છેડે બેઠેલા તેના ભોગ તરફ ટીકવા લાગી.

ફરહાદ ઘણી ઉતાવળથી હોઠ હીલવીને બંદગી કરવા લાગ્યો—તેના કાનપર તે જંગી પહાડી બદનના ઝહેરી અઝદાહના ધીમા ચાલવાનો સરરર સરરર સાહાદ પડયો હતો, અને તે નઝદીક આવતા મૌત—દુઃખદાયક કંપારી આપનારા મૌતની ભયાનક ધાસ્તીને દુર કરવા વધારે ને વધારે ઝોરથી બંદગી કરી પોતાનું દુઃખ ભુલવાની કોશેશ કરતો હતો.

એકાએક ત્યાં એક અવાઝ થઇ રહયો—જાણે સંખ્યાબંધ પક્ષીઓ બેઠેલાં એકદમ ઉડી ગયાં હોય તેવો અવાઝ થયો અને આંખના પાંપણ હાલે તેના કરતાંબી થોડા વખતમાં—એકદમ જલદીથી—તે મોટો અઝદાહ પોતાના ભોગ—ગરીબ ફરહાદ—તરફ કુદયો.

હા—પણ, ફરહાદ? ફરહાદ શું કરતો હતો? યા ખુદા! પાક ખુદાએ તેને જરાકબી દુઃખ નહી પહોંચે તેવું કામ કીધું—ગરીબ ફરહાદ સાંપને પોતાના બદનપર ધસ્તો જોઇ શકયોજ નહી, કેમજે તે તો કયારનો બેસુદ્ધ થઇ ગયો હતો! સાંપ તેને વીટલઇ ગયો!

નોકર જે જોતો હતો તેના મુખમાંથી કંપારીનો એક સાહાદ નીકળ્યો—લેકીન પત્થરથીબી સખ્ત દીલના અમીર ખુશરોની આંખ તો પીંજરાંમાંના અઝદાહની આંખ મીસાલજ ખુશાલીથી ચમકતી હતી!

જો જરાબી તે સાંપ ઝોર વાપરે તો ગરીબ ફરહાદના બદનમાંના હાડકાં કરાકર ભાંગી જાય અને તેનો ચુરેચુરો થઇ જાય—પણ નહી, એકાએક તે મોટો અઝદાહ પોતાના સાંધા ટાઇટ કરવાથી બાઝ રહયો, અને થોડા ઘણાબી તેણે પોતાના સાંધા જે સંકોચી લીધા હતા તે હવે ઢીલા કરવા લાગ્યો!

ફરહાદની આંખ બંધ હતી—તે બેસુધ્ધ થઇ ગયો હતો—તોબી જાણે તેના હોઠ પાક પરવરદેગારની મુંગી બંદગી ગુઝારતા હતા.

૪

ગરીબ ફરહાદ અઝદાહના પીંજરામાં ફેંકી દેવાયલો હતો તે દરમ્યાન તેની વફાદાર માશુક નરગીઝ પોતાના કયદખાનામાં શું કરતી હતી તે જોઇશું.

નરગીઝે તે કંગાલ કોટડીમાં રાતના બીલકુલ ઉંઘ લીધી નહીં હતી અને સહવાર પછીબી તેણે કાંઇજ ખાધું પીધું નહીં હતું—પણ ફક્ત પાક દાદારની યાદમાં પોતાના પરવાળા જેવા હોઠ હલાવ્યા હતા.

એકાએક તેના કયદખાનાની કોટડીનો દરવાઝો ઉઘડતો હોય તેવો અવાઝ થયો અને ઘણીજ ઝડપથી દારોગો અંદર દાખલ થયો.

"બાનુ, સીતમ!" તે ગભરાયલો અકરાયલો બોલ્યો.

"ઉઅફ! ખામોશ!" નરગીઝે પોતાના બેઉ કાનોપર હાથ મુકી દેતાં પોકાર કીધો, અને ભોંયપર પછડાઇ પડી.

તે દારોગોએ તેને તુરતજ ઉચકીને પાછી ટટાર કીધી–અને તેના કાનમાં ધીમેથી બોલ્યો "હીમ્મત–બાનુ–હીમ્મત."

અધમુઆ માણસની માફક અરધ ઝુલઇ પડતા નરગીઝ બોલી "ઓ ફરહાદ! તુ કાંહાં છે? તેં દીલના અરમાનને છોડીને દીલ મૌતને સોફ્યું? ઓ મ્હારા ફરહાદ! તું ગયો—શું સદાનો હાથથી જતો રહયો?" અને તે બેઉ હાથો ભોંયપર પછાડીને પાછી તુટી પડી.

"ફરહાદ મરી નથી ગયો બાનુ" તે દારોગો ઝડપથી બોલ્યો.

"શું ! ફરહાદ મરી નથી ગયો ?" એક ઝડપી હરણીની માફક એકદમ ઉઠી ઉભી થતાં નરગીઝે પુછ્યું.—હા, હવેજ તેને થોડો જીવ આવ્યો હતો !

"નહી—તે જીવતો છે, પણ મરવાની અણીપર છે."

"બચી શકશે ?" નરગીઝે આતુરતાથી એકદમ પુછ્યું.

"ખુદા જાણે" તે દારોગો ખભાં ચઢાવીને બોલ્યો.

"તો કોશેશ કરો." નરગીઝે કહ્યું.

"અલબત—હીમ્મત ને કોશેશની બહુજ ઝરૂરત છે—લેઓ આએ ખંજર" તેણે નરગીઝના હાથમાં પોતાની કમરબંદમાંથી કહાડેલું ખંજર આપતાં કહ્યું.

"મારો યા મરો—બચાવો, બચો યા તબાહ થાઓ, મગર ઢીલી દોરી નહીં છોડો." નરગીઝે એક મરદની હીમતથી કહ્યું "લેકીન ફરહાદ કયાં છે ?" તેણે દારોગાનો હાથ પકડીને બહુજ આતુરતા સાથે ઝડપથી સવાલ કીધો.

દારોગોએ જે સઘળી વાત જાણી હતી તે ટુંકમાં અને ઉતાવળથી નરગીઝને કહી, જે સાંભળી નરગીઝનાં રૂવેરૂવાં ઉભાં થયાં અને તેનાં દીલમાંથી એક આહ નીકળી પડી.

તે ગરીબની આંતરડીની હાય હતી—તે મુફલીસના દીલના અંદરના છેક ઉડાણમાંથી નીકળેલી એક આહ હતી.

"બાઇ, વાત ખરી છે યા કોઇ દગો છે !" કંઇ વીચાર આવતા એકદમ નરગીઝે અચકીને કહ્યું.

"જે નોકર અમીરની સાથે તે અઝદાહવાળાં ઓરડામાં ગયો છે

તેની ઓરતે છુપેથી નઝરો નઝર જોઇને મને આવી કહ્યું છે—બેઉ, મરદ–ઓરત અમીરના તે કામને ધીક્કારે છે, મરદ ફરહાદની સામે ઉભો રહીને થરથર ધ્રુજે છે—તેની ઓરત ચીમાઇને જોવાથીબી આખા તન-બદને કંપે છે."

"હુશીયાર રહો—તઇયાર થાઓ–મઝલુમને બચાવો, ઝુલ્મગારને જો બની શકે તો તેના પોતાના ઝુલ્મમાંજ તબાહ થવા દેવો." નરગીઝે ખંજર હાથમાં લઇને કહ્યું. "ચાલો."

નરગીઝે ઉતાવલ કીધી.

કયદખાનાના તે લોખંડી દરવાઝા ખુલ્લા મુકી દેવામાં આવ્યા—અને તે બેઉ કેદખાનામાંથી બહાર પડયાં—આહા, આખી રાત પછી બહારની ખુલ્લી હવા નરગીઝે હમણાંજ દમમાં લીધી.

પેલા નોકરની ઓરત કાગને ડોળે તે લોકની રાહ જોતી ઉભેલી હતી—તે તેઓને અઝદાહવાળા ઓરડા આગળ લઈ ગઇ—તે બેઉ ત્યાં ગયાં, નરગીઝે ફરહાદપર પહેલી નઝર નાખી—તેની આંખ બંધ હતી, પણ તેના હોઠ જાણે હાલતા હતા!

એક છલાંગ!--અને તે અઝદાહ જે ફરહાદને દાબી નાખવાથી અટકયો હતો તે છોડીને પીંજરાને બીજે છેડે જઇ બેઠો!

એક વાઘ પોતાના શીકારપર તડાપ મારે તેમ અમીરની આગળ ઉભેલો નોકર પીંજરા તરફ કુદયો અને તેણે અઝદાહ અને ફરહાદની વચેનું લોખંડી ફાલકું ઉતારી દીધું!

એક પળનો ચમકારો! અને વીજળી એક છેડેથી બીજે છેડે પુગી જાય તેમ એકદમ દોડી જઇને નરગીઝે ખંજર ફેંકી દઇ ફરહાદને પીંજ-રાંની બહાર ખેંચી કહાડયો.

બીજીજ પળ ! અને આંખના પલકારામાં નરગીઝના મદદગાર દારોગોએ અમીરને પોતાના બેઉ હાથોમાં ઉચકી લીધો અને તેને અઝદાહના પીંજરામાં ફેંકી દઇ દરવાઝો બંધ કરી, વચલું ફાલકું ઉંચકી લઇ, ઉપરથી મઝબુત બાંધી દીધું !

જે થોડી પળ અગાઉ ફરહાદ અઝદાહની પાસે હતો—તેજ થોડી પલ પછી અમીર અઝદાહની પાસે પડયો !

અમીર થરથર ધ્રુજવા લાગ્યો—તે ચીસાચીસ અને બુમાબુમ કરવા લાગ્યો—અને હવેજ તેણે જોયું કે અઝદાહની પાસે પડવામાં એક માણસ ધાસ્તીથીજ અધમુવું થઇ જતું હતું !

" નરગીઝ ! નરગીઝ ! મને છોડ !" અમીરે દીલ કાપી નાખનારા કાલાવાલાએ હાથ જોડીને અંદરથી બુમ પાડી.

નરગીઝનાં નાઝુક દીલમાં દયા આવી ગઇ—તે તેને બચાવવા સારૂં પીંજરાંની વચમાંનું ફાલકું ઉતારવા ગઇ—પણ—

તે ઝબરદસ્ત જંગી અઝદાહ અમીર ખુશરોનાં બદને વીંટળાઇ ચુકયો હતો !

તે સાંપ—ગોસ્તના કાળા પહાડનો ઝહરી ટુકડો—પોતાનાં સઘળાં ઝોરથી અમીરનું બદન દાબવા લાગ્યો, અને પોતાના સાંધેસાંધા સંકોચાવીને ટાઇટ કરવા મંડયો.

અમીરના મુખમાંથી દીલ કાપી નાખનારી એક ચીસ બહાર પડી અને તે અઝદાહ વધારે ને વધારે સંકોચાવા લાગ્યો.

આહા ! પાપી શયતાન !

હવેજ તુંને તારાં પાપ યાદ આવતાં હતાં, અને તું તેપર દરયાફત

કરતો હતો !—ગરીબોની બેટીઓની ઇજ્જતનો તેં વિચાર નહી કીધો અને મુફલીસોના જાનપર આઝાબ નાખતાં તું નહી બીધો !

અમીરની છાતીમાંથી એક ભયંકર ચીસ પાછી બ્હાર આવી—અને હવે તેનું મોઢું બંધ થયું, તેની આંખ ફાટી ગઇ, અને તે મુડદું થઇ ગયો ! તેજ વખતે અઝદાહે તેનું ગરદન સુધીનું માથું પોતાના મોઢામાં લઇ લીધું !

હયવાનની હયવાન્યત પુરી થઇ ગઇ હતી—શયતાનની શયતાન્યત ખલ્લાસ થઇ હતી ! અને આ બેતાબ ખલકતનો આદમીઓનો દુશ્મન તે મલઉન પલીદ પોતાના ઇનસાની લેબાસને છોડી દઇ હવે મોતના હાથમાં સપડાયો હતો.

* * * *

સઘળું શાંત થયું.

ગરીબ ફરહાદને રઇયતની કોશેશથી અમીરપદપર ચઢાવવામાં આવ્યો અને પેલા દારોગોને તથા નોકરને ઉચા દરજ્જાપર મુકવામાં આવ્યા.

આજે ખુશાલી હતી.

કારણકે બગદાદના નવા હાકેમ ફરહાદના નામનો ઢંઢેરો પીટવામાં આવ્યો હતો અને સાથે સાથે સઘળી રઇયતને તે નામદારની બહાદુર બાનુ નરગીઝની વફાદારી ઝાહેર કરી તમામ ખાસોઆમના ચેહેરા ખુશબખ્તી ભરેલા કરવામાં આવ્યા હતા.

૯

બગલા ભગત

૧

મુઝાફરપોરનો બુઝોરગ હકીમ નુરદીન પોતાની જવાનીના વખતથીજ

મશહુર થઇ ગયો હતો અને સરકાર દરબારમાં તેની બહુ નામના હતી. પોતાના નામી કામથી હકીમે દઉલત ઠીક જમા કરી હતી, મગર તવંગરી આવતાંજ તેનામાં લોભ પયદા થયો હતો !

લોભી હકીમ નુરૂદીન, છેલ્લા વીસ વરસથી કીમીયું શોધતો હતો, અને સીસાપર પોતાની બનાવેલી પ્રવાહીને લગાડીને સીસાને સોનામાં ફેરવી નાંખવા જેટલી હીકમત કરવાની તે અણીપર પુગ્યો, તેટલાં તો વળી તેના મગજમાં એવો વીચાર પયદા થયો કે મુએલા માણસને જીવતું કરીને તેને ગમે તેવું જવાન બનાવી દેવા વાસ્તેનું "આબે હઇયાત" શોધી કાહાડવું !

હકીમ નુરૂદીનમાં તેના એવા ઝઇફ વખતમાં ગુરૂરી આવી ગઇ હતી ! અને તે અક્કલનો ઓથમીર બેવકુફ, હવે પાક પરવરદેગારની કુદરતની સામે જવા જેટલી શેખાઇપર ઉતરી પડયો હતો !—હમણુંબી તે પોતાના કીતાબખાનામાં બેસીને અસલી મોટા પોથાઓ ઉથલાવતો હતો. "હા, હું દુન્યાને બતાવી આપીશ કે સીસાના લાઠાના લાઠાઓ સોનાના ટુકડાઓમાં ફેરવાઇ જાય છે અને સાઠ વરસના આદમીઓ મ્હારા "આબે હઇયાત" થી પચીસ વરસના જુવાન્યા બની જાય છે; નહી, એટલુંજ નહી, પણ મ્હારા "આબે હઇયાત"થી હું મુએલાં માણસને જીવતા કરી દઇશ અને તે લોક જીવીને આ દુન્યાપર નવી ઝીંદગી ગુઝારી શકશે."

તઉબા,—હકીમ ઉપલા તકોબરી ભરેલા બોલ બોલતો હતો, કારણ કે તે જાણતો હતો કે તેનામાં બહુજ અસલ પ્રકારનું હકીમું હતું, મગર તે એટલું નહી જાણતો હતો કે પાક ખુદાની કુદરતની સામે જવા માટે જમશીદ જેવો માહ બળવાન શાહબી પાપી ઝોહાકની તલવારના એકજ

ફટકાથી તબાહ થઇ ગયો, અને તકાબરીને લીધે અઝાઝીલ નામનો નામી ફરેસ્તો ખાર થઇ ગયો—નહીં, તે જાણતો હતો, તેનામાં અકકલબી હતી, મગર અફસોસ કે તે ગુમરાહ બની ગયો હતો, તેના લોભે તેને આંધલો બનાવી દીધો હતો, તેની ગુરૂરીએ તેને બેવકુફ બનાવયો હતો અને આપણે જોયું તેમ એંસીની ભરતીમાં આવી ચુકેલો તે નામી હકીમ, છતી અકકલે એક મોટામાં મોટો "અકકલમંદ બેવકુફ" બનતો હતો!

હકીમ પોથા ઉકલાવતો હતો તેટલાં તેનો દરવાઝો ઠોકાયો, અને હકીમે પોથામાં કાગલની કાપલી મુકી દઈ તે પોથાને ખાનામાં મુકી દરવાઝો ખોલ્યો. નોકરે જણાવ્યું કે કોઇ પરદેશી શખ્સ તેને મલવા માંગતો હતો. હકીમ જાણતો હતો કે તેને મલવાને વાસ્તે ફીલસુફો અને અકકલમંદ આદમીઓ આવતા હતા, અને આ વલી કોઇ પરદેશી હતો એટલે તેણે નોકરને હુકમ કીધો કે તે શખ્સને તાઝીમ તવાઝો સાથે કીતાબખાનામાં લઇ આવવો. નોકર ગયો, અને થોડા વખતમાં તે કીતાબખાનામાં હકીમની પાસે એક ચાલાક જવાન શખ્સ સલામ કરીને આવી બેઠો. તે ઉંચો, પાતલો અને ગંભીર દેખાવનો હતો. તેના માથાંપરના લાંબા બાલ ખભાં સુધી ઝુલતા હતા, અને તેણે કાશમીરનો રહીશ હોય તેવાં કપડાં પેહેરયાં હતાં.

"મારૂં નામ ઓલમા ઝનદાનખાન છે" તે અજનબી શખ્સે નમીને કહયું.

"શું કાશમીરના ફીલસુફ ઓલમા ઝનદાનખાન આપ પોતે?" હકીમ તુરૂદીને અજનયબી સાથે પેલાને જોતાં પુછયું—અને તુરતજ વધારયું "હું આપને જોઇને નેહાયત ખુશ છું."

"જી, મેં આપની બહુ તારીફ સાંભળી, અને આપની મુલાકાત લેવા હું અહીં આવ્યો છું. તમુનેબી જોઇને હું બહુ ખુશી છું, અને આપ ફીલસુફીના ગ્રંથો વાંચો છો એવું હું આપની આ મોટા કીતાબખાંનાની કીતાબોપર નઝર નાંખતાં કહી શકું છું" ઓલમાએ કહ્યું.

"હું હાલમાં આએ ચીઝનો અભ્યાસ કરૂં છું" હકીમે પોતાનું ખાતું ખેચીને પેલો પોથો કહાડી તેમાનું પાનું ખોલી આંગલું મુકી "આબે હઇયાત" વીશે તેમાં આપેલું લખાણ બતાવતાં કહ્યું, "એ ઉમદામાં ઉમદા ફીલસુફી છે."

"આએ કીતાબ આપના હાથમાં છે તે મારી પોતાની લખેલી છે, અને આબે હઇયાતની બાબદમાં જે વીવેચન કીધેલું છે તે માહરી પોતાની કલમનુ પરીણામ છે."

હકીમ તો તે સાંભળીને ઘડીભર ફ્રીઝ ગયો! તેના મોટા ચળકતા ડોળા પેલા શખ્સને જાણે ઘુરકી ઘુરકીને જોવા લાગ્યા. "અરે! એ કેમ બને? બીલકુલજ નહી બનવાજોગ! આએ ચોપડી એકસો વરસની વાતપર લખાયલી છે, અને તહમે તો ફક્ત પચીસ ત્રીસ વરસના જુવાન્યા છો!"

"તહમે કહોછ તે ખરૂં છે કે એમ ગ્રંથ એકસો વરસની વાતપર લખાયો હતો" પેલાએ ઠંડે કલેજે જવાબ દીધો. "મગર મારી ઉમર પચીસ ત્રીસ વરસની છે એમ કહેવામાં તમે ભુલ કરો છો, મારી ઉમર પચીસ ત્રીસ નહી, પણ એકસો ને ત્રીસ વરસની છે."

"ઓહો!" હકીમ નુરૂદીન વધતી અજાયબીમાં ગરકાવ થયો. "એકસો ને ત્રીસ વરસ! અને આપ લાગોછ તો એક જુવાન જવાન ગબરૂ શખ્સ"!

"એ બધા આબે હઇયાતના પ્રતાપ છે" ઓલમા ઝનદ્દાનખાને કહયું. "મગર, આપ એમાં દરશાવેલી ચીઝોથી પુરેપુરૂં ખરૂં આબ બનાવી શકશો નહી, કેમજે મેં જ્યારે એ લખી ત્યારે તેમાં થોડી ખામી રહી ગઇ હતી—મેં જ્યારે એ ચોપડી લખીને પુરી કીધી ત્યારે મને એવી ખબર નહી હતી કે તે ખોહવાઇ જશે, પુરી થયા બાદ એ પુસ્તક પંદર દાહાડા પછી ગાયબ થઇ ગયું, મગર હું જોઇ શકું છું કે એ મારી એકપુરી કીતાબ આપના કીતાબખાનામાં આવીને પડી છે!"

"મેં તો એને એક જરીપુરાનાવાળા પાસેથી લીધી—શાયદ, આપના દફતરખાનામાંથી એ ચોરાઇને તેની પાસે આવી હોય, યા તો પડી જવાથી તેને હાથ લાગી હોય, મગર જે હોય તે, હાલ તો તે મારી પાસે છે." તે નવા શખ્સના ચેહેરા સામે જોતાં હકીમ નુરૂદીને ખુલાસો કીધો. "લેકીન, મને પુછવા દો કે એમાં દરશાવેલી ચીઝોથી શુ આબે હઇયાત બની નહી શકસે?"

"બનશે, પણ તેમાં ખામી ઘણી રેહેશે" ઓલમા બોલ્યો "મ્હારા પુસ્તકના ગુમ થવા પછી મેં મ્હારી ખામીઓ શોધી કહાડી, અને તેને દૂર કરવા બાદ નવું આબે હયાત મેં બનાવીને પેહેલાં ખાને પીધું—પીતા સમેત મહારામાં આ જાતનો ફેરફાર થઈ ગયો. હું જે બુઢ્ઢો ખખ હતો તે હમણાં છેઉં તેવો જુવાન જવાન થઇ ગયો, અને વીસ વરસ પછી હમણાંબી જેવી ને તેવીજ હાલતમાં છું."

"હું ધારૂં છ કે આપની પાસે આબે હયાત તઇયાર કીધેલુ મઉજુદ હશે." હકીમ ઘણી ઉલટથી બોલ્યો.

"નહીં, એકબી ટીપું નહીં" ઓલમાએ જવાબ દીધો.

હકીમનો ચેહેરો ઉતરી ગયો, મગર તેને વીચાર આવતાંજ તે

પાછો ખુશીમાં આવી ગયો અને બોલ્યો "પણ આપ સાહેબ જો તકલીફ લઇને આબે હઇયાત મ્હને બનાવી આપો તો બહુ અહેશાન થાય-મગર, અવવલમાં તો આબે હઇયાતથી શું શું થઈ શકે છે તેની મ્હને જરા ત્હમે સમજ આપશો તો મહેરબાની."

"અરે સમજ શું, હું તમને તેની સાબેતીઓ અને પુરાવાઓજ બતાવી આપું છું,–જુવો" એમ કહેતાંજ ઓલમા ઝનદાનખાને પોતાની જેબમાંથી એક તેઝ ખંજર ખેંચી કાહાડયું, અને તે ચલકતા ખુંખાર હથયારને પોતાના સઘળા ઝોરથી પોતાની ડાબી બાજુની છાતીના ભાગ ઉપર ભોકી દીધું. હકીમ નુરૂદીન તે કામની ઝડપ અને ગંભીરતાથી ગભરાઇ ગયો અને છાતીની છેક અંદર સુધી તે ખંજર ધુસી જતાંજ તેના હોઠ વચેથી એક ચીસ નીકલી પડી—પણ ઓલમા ઝનદાનખાને તો ઠંડે કલેજે તે ખંજર પોતાની છાતીમાંથી બહાર ખેંચી કાહાડયું, અને લોહીથી ખરડાયલી તેની ધારને બતાવતાં કહ્યું "મને કંઇબી ધા લાગ્યો નથી જોકે ખંજર દીલ સુધી પહોંચી ગયું હતું—એ આબે હઇયાતના પ્રતાપ છે."

"આબે હઇયાતને માનનારો જોકે હું એક મોટામાં મોટો હકીમ છું, મગર તોબી આવી જાતના પરીણામની મેં બીલકુલજ આશા નહીં રાખેલી." હકીમ અજાયબી સાથે બોલી પડયો.

"અરે એટલુંજ નથી, લેઓ આએ બીજી સાબેતી" ઓલમાએ ખંજરની ધાર સાફ કરીને તેને મુકી દેતાં પોતાના કમરબંદમાંથી એક પીસતોલ કાહાડી તેમાં ગોળી મુકીને કહ્યું "લેઓ આએ પીસતોલ, પાંચ કદમ દુર જાઓ અને બરોબર મારી છાતી ઉપર ગોળી છોડો."

હકીમ નુરૂદીને તે પીસ્તોલ લીધી, પાંચ છ કદમ દુર ગયો અને તેની ચાંપ દાબતાંજ તેના ચેહેરાપર પસીનાના ટીપાં ફુટી નીકળ્યા. તેણે

માની લીધું કે એક મોટા અવાઝ સાથે ઓલમા ઝમીનપર તુટી પડશે-મગર, તેણે પીસ્તોલ ફોડી, ગોળી છુટવાનો અવાઝ કાને પડયો, ધુમાડો હવામાં મળી ગયો અને ઓલમા ઝનદાનખાન તો જેવોને તેવોજ બીલકુલ ઇજા વગરનો ઉભેલો જણાયો, જેના ચહેરાપર સ્હેજ હસ્વુ પથરાઇ રહયું હતું !

"બેશક, મારા અઝીઝ દોસ્ત, આપ મઉત વગરના છો" હકીમ તુરદીને આગળ વધીને ઓલમા ઝનદાનખાનને બગલગીર થતાં કહયું "હું આપને સઉથી મોટામાં મોટા ઓલમા ને ફીલસુફ સમજું છું—આવો, હું હવે તમને મારા ઘરની કૈફીયતથી વાકેફ કરૂં. તમે આઘરમાં સુખેથી રહો અને મને આબે હઇયાત બનાવીને પાઓ. પછી આબે હઇયાત આપણે બેઉ સાથો-સાથની મહેનતનાં મોટા જથ્થામાં બનાવીને ઘણીજ મોંઘી કીંમતે રાજ રાજવાડામાં વેચીએ. મારા આ આખા ઘરમાં ચાર ઓરડા છે, એક દીવાનખાનું, એક કીતાબખાનું, એક દવાખાનું અને એક બાવરચીખાનું-બસ એ ચાર છે. કીતાબખાના અને દવાખાનાની વચે દીવાનખાનું છે, જેમાં હું રાતના આરામ કરૂં છું અને બાવરચી-ખાનામાં માહરા નોકરો રહે છે અને કામ કરે છે. તમે મારા ઘરમાં મારી સાથે રહેશો તો હું તમને મારા મોટા ભાઇ સમજીશ."

"હું ખુશી છું, હું તમારીજ પાસે રહીશ, અને સાથેસાથ આબે હઇયાત બનાવીને આપણે બહુ મોટી દોલત જમા કરીશું." ઓલમાં ઝનદાનખાને હસતાં હસતાં વાત કીધી.

"ઘણી નેક વાત છે" હકીમ તુરદીન બોલયો "મારા મોટા ભાઇ, તમો મારા બાપ જેવા છો—આવો મારાં દીવાનખાનામાં, તમે જરા આ-રામ કરો, પછી સ્હાંઝના હું તમને મારાં બધા સતકો પુખતાવીશ અને

મારા દવાખાનામાં ફેરવીશ, જ્યાં મારા એકપુરા વફાદાર નોકર સીવાય કોઇનેબી દાખલ થવાનો હક નથી, અને હુકમબી નથી.

૨.

સ્હાંઝના હકીમ નુરૂદીને પહેલાં તો ઓલમા ઝનદાનખાનને પોતાની કેટલીક નામીચી કીતાબો બતાવવા માંડી, પછી પોતાનું દીવાનખાનું બતાવી બોલ્યો "હું કીતાબખાના અને દવાખાનાની વચમાંના આ મારા દીવાનખાનામાં ઉંઘ લઉ છું, અકસર કરીને કે રાતના ઉંઘમાંથી મને કાંઇ યાદ આવી ગયું, તો તેની નોંધ લઉં યા કોઇ રસાયણી પ્રદારથની કે કોઇ દવાઇની જરૂર પડી તો તાબડતોબ દવાખાનામાં પહોચી શકું—સહવાર પડવા દેવાની આળસાઇ તો કરૂંજ નહી, કેમજે ઘણીક વાર એવી ઢીલથી સારી ચીઝો જે યાદ આવી હોય તે બીલકુલ ભુલી જવાય છે" તે પછી તેઓ આખાં દવાખાનામાં ફર્યા જે જોઇને ઓલમા ખુશ થઇ બોલ્યો "વાહ, માશાઅલ્લા—દવાઇ તો બીસયાર છે, હું ધારૂંછ કે આએજ દવાખાનામાંથી આપણે આદમીજાતને વાસ્તેની તંદરૂસતી, જવાની અને અમર ઝીંદગીની પ્રવાહી—આબે હઇયાત—બનાવી શકશું."

"આએ મારા દવાખાનામાં મારો એકનો એક વફાદાર નોકરજ રહે છે, એ ઘણો જુનો છે અને બહુ મહેનતુ છે" હકીમે કહયું "જુઓ પેલા ખુણામા, એ હજુ સુધીબી દવાઇજ કુટયા કરે છે."

હા—એક ખુણામાં બેસીને ખાંડણીયામાં એક નોકર કાંઇ દવાઇ છુંદતો હતો, ત્યાં તે બેઉ ગયા. હકીમે તેને રાત સુધી સખત કામ નહીં કરવા વાસતે જણાવ્યું, પણ તેના જવાબમાં નોકરે કહયું "સાહેબ, જ્યાં સુધી આજનું આ વસાણું હું છુંદી નહીં રહીશ ત્યાં સુધી સુવા નહીં જઇશ."

હકીમ તેનાં જવાબથી ખુશ થયો, મગર બોલમા તેના જવાબના અવાઝથી નાખુશ થયલો લાગ્યો. અને તેનો અવાઝ સાંભળીને કાંઇક ચોંકયો, તે નોકરે બોલમાનું ચોંકવાનું જોયું અને જ્યારે તેઓ ત્યાંથી પાછા કીતાબખાનામાં ગયા ત્યારે હકીમે તેનું કારણ પુછ્યું.

"મારા અઝીઝ દોસ્ત, હું ચોંકયો તે તેના કરડા અવાઝને લીધે નહીં, મગર તેનું માથું અને કપાળ જે બોલતી વખતે બરોબર આપણા સામે થયું હતું તે જોઇને મને અજાયબી લાગી" બોલમા ચેહેરાપર રૂમાલ ફેરવતાં બોલ્યો "મસતક વીદયા એબી એક કીમીયું છે, અને એ વીદયા જોકે બીજાઓને શીખવી પડે છે તોબી જેણે આબે હઇયાત પીધું હોય તેને એ વીદયા આપોઆપ માલુમ પડે છે. મેં અત્યાર સુધીમાં આબે હઇયાત માણુસને કેવું બેમૌત બનાવે છે તેની સાબેતી બતવી આપી, પણ હવે હું બતાવી આપવા માગું છુ કે અમર ઝીંદગીનો એ પ્રવાહી પીધાથી માણુસ ભવીષ્યબી જાણી શકે છે, ને લોકનાં મસ્તકોબી પારખી શકે છે. આએ તમારો માણુસ જે તમે કહોછ કે બહુ જુનો અને વીશ્વાસુ છે તેના મસ્તકપર એવા લેખ લખેલા છે કે "ચોર" અને "ખુની". તમને હું ચેતવણી આપું છું કે આ તમારા માણુસથી ચેતેલા રહેજો—અને વળી વધારે સાંભળો, એ જે ચોરી કરનાર છે તે આજેજ રાત્રે કરનાર છે, તમારેજ ત્યાં ચોરી કરવા માંગે છે અને ખુનબી એ આજ કાલમાં કરનાર છે."

"શું?" હકીમ એ વાત સાંભળીને ઘણીજ અજાયબી સાથે પોકારી ઉઠયો "મારેજ ત્યાં ચોરી કરનાર છે? તો શું મેં મારીજ આસતીનમાં એક ઝહરીલા સાંપને ઉછેર્યો છે?"

"હા, તમે ખરેખરજ એક ઝહરીલા સાંપને પાળ્યો છે" બોલમાએ

ડૅડે કલોજે કહ્યું "એ આજે દવાઇ છુંડવાના વામાતામા કરે છે તેની મતલબબી એજ લાગે છે, થોડો વખત તે કહાડી નાખવા માંગે છે અને અરધી રાત થતાંજ તમારાં કેતાબખાનાની દીવાલમાં જડેલી જે છુપી કબાટ છે તે ઉઘાડીને તેમાંનું જે હોય તે બધું સાફ કરવા માંગે છે."

"કબાટ ઉઘાડીને ?" હકીમે સવાલ કીધો.

"હા, કબાટ ઉઘાડીને. એની પાસે તમારી છુપી કબાટની બનાવી લીધેલી એક બીજી ચાવી છે, આજે સ્હવારના વારૂ તમે એને કીતાબખાનાનાં એકલો છોડીને કપડાં બદલવા ગયા હતા ?"

"હા." હકીમે જલદીથી જવાબ આપ્યો "વાહ, આપ તો એક ફીલસુફ કરતાંબી આલા દરજ્જાના છેઓ-તમે જે બોલ્યા તે પ્રમાણે આજે સહવારના ખરેખરજ બન્યું હતું."

હકીમ એમ બોલતાં બોલતાં ઓલમાને અજાયબી અને વખાણથી જોતો હતો, ત્યારે ઓલમા પોતે તો બીલકુલ શાંત જણાતો. તે બોલ્યો "વહાલા રફીક, આખે હઇયાત શું કરી શકે છે તેનો ચોથો ભાગબી હજુર તમે જાણી શક્યા નથી-થોડાજ વખતમાં આપ જોશો કે હું શું શું મોજેજાઓ કરી બતાઉં છું, લેકીન તે પેહલાં હમણાં તો આપણને તમારા પાપી નોકર સુલેમાન વીશે વાત કરવાની છે."

"તમે મને સલાહ આપો" હકીમ બોલ્યો "તમે જેમ કહેશો તેમ હુ કરીશ. શું આપણે એને હમણાંજ પોલીસના હાથમાં આપી દઇએ ?"

"નહી-નહી, આએ બીના તો આપણા વચ્ચે ખાનગી રહેવા દેવી જોઇયે. તમે ફકત એટલુંજ કરો કે તમારાં બે માણસને બગીચાના દરવાઝા આગળની ઝાડીમાં છુપાવેલા રાખો ને તેમને હુકમ આપો કે ત્યાં મધરાતે કોઇબી દરવાઝાની આગળ યા વાડીમાં કોઇબી જાતની અક્ષચાળી કરે

તો તેને તેમ કરતાં અટકાવવો અને એક માણસને તમારા કીતાબખાનામાં છુપાવો કે સુલેમાન કબાટ ફાડવાને આવે કે પાછળથી જઇ તેને પકડી લે—જાઓ તે પહેલાં હમણાં જઇને સુલેમાનને હવે ચાલી જવાનો હુકમ કરો."

હકીમ તરતજ ઉઠયો અને ઓલમાના કહયા મુજબનું કામ કરવા ઝડપથી દવાખાનામાં ગયો–તેણે સુલેમાનને જવાનો હુકમ કીધો, જે પછી એક નોકરને સુલેમાનને પકડવા કીતાબખાનામાં છુપાવ્યો અને બે માણસોને બગીચાના દરવાઝાની ઝાડીમાં છુપાઇ જવા કહયું—તે પછી ઓલમા આગળ આવતા બંને જણા દીવાનખાનાંમાં આરામથી બેસીને વાત કરવા ગયા, જોકે હકીમ તો કોઇ નવા બનાવની જાણે દર ઘડીએ આશાજ રાખતો હતો.

હકીમ અને તેના રફીક ઓલમા ઝનદાનખાનને વાતે વળગેલા છોડીને આપણે જરા નોકર સુલેમાન જે બગીચાની અંદર આવેલાં પોતાનાં નાના ઝુપડામાં ગયો છે તેના મનના વીચારો વાંચીશું.

જતાંને વાર ભોંયપર બેસતાં તેણે પગપર હાથ ઝોરથી ઠોકયો "બસ –બાઝી હાથથી ગઇ. આએ કોઇ હકીમનો દોસ્ત આજે અહીંજ મુકામ કરી રહેલો છે અને કોઇ બહુજ ચાલાક લાગે છે, જેથી મારૂં અરધું ઝોર તુટી ગયું છે. આએ ચાવી લગાડીને તો મધરાતની અગાઉ હું હકીમને તળયાંઝટક કરી નાખી શકતે, મગર બાઝી હાથથી ગઇ.—તોબી સબર, પહેલાં પેલું કામ કરી દઉ ને જો લાગ ફાવે તો કાંય નહીં કીતાબખાનામાં ફેરો મારી જોઉં ? જો બધું સુમસામ હશે તો હાથ મારવામાં મઝા આવશે. આજે સહવારની મારી મુલાકાત લેતાં મરીયમે કહ્યું હતું કે તે મારા હુકમ પ્રમાણે ચાલીને પોતાની શેઠાણીના દાગીના આજે રાતના ચોરશે અને રાતના બાર વાગે આવીને મને આએ બગીચાના દરવાઝા આગળ મળશે.

આહા ! એ છોકરી મને ચાહેછ, બહુજ ચાહેછ—પણ ઓ દયા, તું દુર થા ! હું એને લઇને કયાં જાઉં ? મારી નાસભાગમાં એ એક મોટી નડતલ સમાન થશે- બસ, એ દાગીના ચોરીને લાવે કે દરવાઝાની બહારો બહાર જઇને હું તેની પાસેથી લઇ લઉં અને તે મારે ગળે વળગી પડે તે અગાઉ હું આએ તેઝદાર છુરી તેનાં ગળાંમાં ભોકો દેવશ—હા, મારે મારી માશુક મરીયમે ચોરેલા દાગીના તેનાં હાથમાંથી લેવાજ જોઇશે, તે પછી છુરી મરીયમનાં ગળાંપર ફેરવી દઇ તેને મારી નાંખવી પડશે અને તે પછી જો ફાવી જવાશે તો હકીમનાં કીતાબખનાામાંની કબાટમાં લુટ ચલાવવી પડશે, બસ એજ–એજ."

અને તે પાપી નોકર પોતાના વિચારો પાછા રજુ કરતો દીવાના માફક બની ગયો.

વખત પસાર થયો અને મધરાતનો શુમાર થયો, હકીમના બગીચાની બહારની બાજુએ થોડેક દુર મરીયમ–પોતાના આશકની શીખવણીથી ચોરી કરીને શેઠાણીનાં ઘરની બહાર નીકળેલી પાપી મરીયમ–આવતી જણાઇ. તેની છાતી ધડક ધડક થતી હતી, તે પાછળ ફરીને શેઠાણીનાં ઘર તરફ જોતી હતી, અને હાથમાંનાં ચોરેલા દાગીનાનાં પોટલાંને સંભાળી સંભાળીને બહુજ ધીમા પગલાંએ આજુબાજુ જોતીજોતી ચાલતી હતી. થોડેક ચાલીને તે પાછી ઉભી રહી ગઇ, પોતાની વરસોની જુની ભલી શેઠાણીનાં ઘર તરફ એક વાર ફરીને તેણે જોયું, અને તે વખતે તેની નાઝુક છાતીમાંથી એક હાય નીકળી પડી–તે એક ભારી નીસાસો હતો,–ઓ, ખુદા ! તે દીવસ કયાં ગયા જયારે મરીયમ એક પક્ષીની માફક નીરદોશ હતી ! ઓ તે ઝમાનો કેવો નીરદોશ હતો જયારે દુન્યાની લાલચ તેની છાતીમાં નહીં હતી !

તેણે ભારી દીલનો નીસાસો નાંખ્યો. તેજ પળે તેની આંખમાંથી દડદડ દડદડ આંસુનાં ટીપાંઓ સરી પડયાં. તેની નાઝુક છાતીમાં વરસોનું નીમક ધાઇ આવ્યું, અને નીમકની શરમ તેની આંખોમાંથી પાણી બનીને હમણાં સરી પડયું,–તે આગળ વધવાને બદલે ડચકાં ખાતી છાતીએ પાસે પડેલા એક પત્થરપર રસતાની બાજુએ બેસી ગઇ અને ટગર ટગર પેલા ઘર તરફ જોવા લાગી. રાત શાંત અને અંધારી છતે તારાના આછા ઉજાળાથી રમણુય લાગતી હતી–સઘળું શાંત હતું, ફકત થોડે થોડે વખને વનવાગળાના ઉડવાનો સાદ આવતો હતો અને તેની સાથે બસ મરીયમની દોશીત છાતીમાંથી ફરીયાદનો નીસાસો નીકળતો હતો–અરે ! તે પોતાની બાપને લુટવાની અગાઉ મરી જવા તઇયાર હતી, મગર તેના વીચારો જે ઝહરી બની ગયા, તેથી તેણીએ એક આશકના કહયાપર ધ્યાન આપી આ પાપી કામ કીધું હતું !

આખરે તે ઉઠી—ઉઠતાંને વાર તેનાં આખાં તનબદનમાંથી ધ્રુજ રીનું એક લખલખું પસાર થઇ ગયું. તે ચાલી, તેના આશકને જઇ મળવાને વાસ્તેનો દરવાઝો હવે થોડાજ કદમપર હતો–ધીમે અને ધીમે તે પગલા ભરવા લાગી, એવામાં તેની નઝરે એક આકાર પડયો. તેણે માથું ઉચાઇને જોયું તો તેના આશક સુલેમાનજ આતો જણાયો, જેવો તે તેની આગળ આવી લાગ્યો કે મરીઅમ તેના હાથોમાં જઇ પડી. એક બગલગીરી પછી તે પાપી બનેલી સુંદર છોકરીનું માથું તેના આશકની છાતીપર ઢલી પડયું, અને એક ભારી નીસાસો ખેંચવા પછી તે ધસોધસ રડી પડી.

સુલેમાને એક ઝડપી નઝરે જોઇ લીધું કે તે ખાલી હાથે આવેલી નહી હતી, પણ તેના હાથમાં દાગીનાનું બોચકું હતું. તેણે ઝડપથી

તેના હાથમાંનું તે બોચકું લઇ લીધું અને બંદીનાં ખીસામાં છુપાવેલી તે કાતીલ છુરી એકદમ ખેંચી કહાડતાંજ તેણે તે નાઝુક છોકરીનાં ગળાંમાં ભોકી દીધી !

ઉફ ! એક ગઝબનાક ચીસ તે કમનસીબ છોકરીના ગળાંમાંથી બહાર પડી, હવામાં તે ચીસનો કમકમાટ ઉપજાવનારો સાદ ફેલાઇ રહ્યો અને તેના લાંબા દરદનાક અવાઝનો પડઘો થયો. તે તમર ખાઇને ભોંયપર પડી—એક બીજી ચીસ—અને સઘળું તમામ.

અફસોસ ! થોડાજ કલાકની ઝીંદગીને વાસ્તે પાપી બનેલી તે આખા જનમારા સુધીની નીરદોશ છોકરી લોહી લુવાન થઇને જ્યારે મુદડું થઇ પડી, ત્યારેબી તેનો ચેહેરો તેની શેઠાણીનાં ઘર તરફ ફરેલો હતો !

એક બીજી પળ—અને બે છુપાયલા આકારો એકદમ ખુની સુલેમાન ઉપર તુટી પડયા અને તેને રસીથી પકડીને ગીરફતાર કીધો.

૩.

આદમ ! ખરેજ તેના નામ પ્રમાણે એક "આહ" અને એક "દમ" નું બનેલું ટુંકી ઝીંદગીનું બશર છે. હઝારો ફંદ અને ફરેબ રમવામાં આવે છે, લાખો આશાઓપર સેહેંકડો પાપ કરવામાં આવે છે અને હઝારો હવાઇ ખ્યાલોપર અસંખ્ય બદી ખેલવામાં આવે છે—મગર, એકજ સપાટામાં, એકજ દીનમાં—અફસોસ, કહો કે એકજ ઘડીમાં તે ખલાસ અને નાબુદ થઇ જશે તેનું કયાં તેને ભાન છે? બસ, ફકત એકજ "આહ" નીકળ્યા બાદ ફકત એકજ "દમ" ભરી લીધો કે દુન્યા ખલાસ ! નહીં તે આદમી દુન્યા માટે રહેશે, કે નહી તેને માટે આ દુન્યા રહેશે.

એજ મીસાલ ફાની દુન્યાની ચંદ ઘડીઓને માટે હંમેશની નીરદોશ મરીયમ પાપી થવા પછી થોડાજ વખતમાં સુલેમાનની કાતીલ છુરીને ભોગ થઇ પડી તે આપણે જોઇ આવ્યા છીએ. હવે આપણે કુદરતની સામે થતા બેવકુફ હકીમ નુરૂદીનના દીવાનખાનામાં પાછાં ફરશું જ્યાં તે એક "આબે હઇયાત" બનાવીને આ દુન્યાના તમામ આદમીઓને બેમૌત બનાવવા ચાહાતા ફીલસુફો હજી સુધીબી વાતોજ કર્યા કરે છે. એવામાં એક નોકર ત્યાં ધશી ગયો અને ખુનની વીગત તેણે ધડકતી છાતીએ જણાવી દીધી. હકીમે તો પોતાના ઓલમા રફીકનું કેહેવું ખાત્રીથી માનીજ લીધેલું એટલે તેને એવા બનાવની આશા તો હતીજ એટલે તે તે બીનાથી ગભરાઇ—અકરાઇ નહી ગયો, મગર તેણે માણસોને હુકમ કીધો કે લાશને અને સુલેમાનને રાતોરાત સત્તાવાળાઓને સ્વાધીન કરવા-જે મુજબ માણસોએ કીધું.

બીજી સહવારે પોતાની પાસેથી કોઇ અજબ પ્રકારની પ્રવાહી કાહાડીને હકીમને બતાવતાં ઓલમા ઝનદાનખાને આબે હઇયાત બનાવવાનું શુરૂં કીધું. હકીમના દવાખાનામાંથી ઘણીક જાતની દવાઇઓ એક કીટલીમાં નાંખી, તેમાં લોખંડ, સીસું, ત્રાંબુ અને પેલી પ્રવાહી રેડીને કીટલીને એક ધગધગતા ચુલાપર મુકી અને તેમાં રબરની નલી પોઇને બીજે છેડેના એક નાના બંધ વાસણમાં ઓલમાએ તે નળીને ઉતારી— પેલી તમામ દવાઇઓ અને ધાતુઓનો રસ બનીને તેનો અરક થઇને આબે હઇયાત બનવાનું હતું.

આઠ દીવસો સુધી તે ચુલો એમનો એમ ધગધગતોજ રહ્યો અને તેમાંની પ્રવાહી છેક પાંચમે દીવસે એકરસ થયા છતાંબી તે ઉકલતીજ રહી—ઓલમા તેને પોતાના જાનની માફક તપાસતો હતો અને પેલી

નલી ફાટે નહી તે માટે ઉપાયો લેતો. આઠમે દીવસે તે અરક તઇયાર થયો અને હવે તેણે તે થયલા અરકમાં પોતાની પાસેની એક બીજી દવાઇ નાંખીને તેને પાછો ઉકાલવા માંડયો—કારણ પેલા અરકમાંથી અરક નીકલવાનો હતો.

એક આખા દીવસની મહેનત પછી અરકના અરકનેબી પાછો ને પાછો ઉકાલીને ત્રણ ટીપાં ઓલમાએ નાની બાટલીમાં મેળવ્યાં, અને તે મેલવ્યા પછી છુટકારાનો લાંબો દમ તેણે ખેંચ્યો—આખરે કામ ખલાસ થયું હતું, અને હકીમ નુરૂદીનને એકલાને વાસ્તે હાલ તુરત તો ત્રણ ટીપાં આબે હઇયાત તઇયાર થયું હતું !

"એ ત્રણજ ટીપાં એક માણસને અમર રહેવા અને પાછા જવાન બનીને તંદરૌસ્ત થવા પુરતા છે," ઓલમાએ ખુશ થતાં હકીમને કહ્યું "મ્હારા અઝીઝ રફીક, ખુશ થાઓ કે તમે બુલંદ નસીબના છેઓ. આએ સઉથી ઝોરાવર અરક છે જે તમને મ્હારા કરતાંબી વધારે તેઝ રાખશે."

ઓલામાએ હકીમને પહેલાં કોઇ જાતની કાળી દવાઇ જે પોતાની પાસે હતી તે પીવડાવી અને પછી સુઇ જવા કહ્યું, કારણ કે હકીમને સુતા સુતા તે આબે હઇયાત પીવાનું હતું. હકીમ સુતો, ઓલમા ઘણી સંભાળથી તેના બીછાના આગળ ગયો, હકીમે આબે હઇયાતની શીશી લેવા હાથ લાંબો કીધો, પણ તેટલાં તેના હાથના આંચકાથી કે ઓલમાના હાથની ધ્રુજરીથી, યા તે બેઉ કારણથી—બાટલી ઉંધી વળી ગઇ અને તેમાંના બે ટીપાં બીછાનાપર ઢોળાઇ ગયાં !

"અફસોસ ! ત્હમે આએ શું કીધું !" ઓલમાએ પાહાડ તુટી પડયો હોય તેમ ગભરાઇને બુમ પાડી, પગ ભોંયપર ઠોકયો. "ત્હમે

આખા માખાં બે ટીપાં તો હાથના આંચકાથી ઢાળી નાંખ્યા, હવે તો બાકી એકજ ટીપું છે."

હકીમ સમજી શકયો નહીં કે તેણે પોતે જીજ્ઞાસાને લીધે આ શું અગરમ–બગરમ કરી નાંખ્યું હતું. તેણે તેથી કપાલપર હાથ મારીને ગમ ક્રાધો "બસ –ગયું."

"નહીં, એક ટીપું રહયુંછ" બોલમા બોલ્યો "આએ એક ટીપું પી જાઓ–એનાથી ત્હમે પુરેપુરા તો મોત વગરના નથી થવાના, તોબી ત્હમારામાં મોટો ફેરફાર થઇ જશે. ઓ કમનસીબી ! અગર જો ત્રણે ટીપાં ત્હમે પીધાં હતે તો આજથી તમે મ્હારી માફક અમર થઇ જતે."

તે બાકી બચેલું એક ટીપું ઘણી સંભાળથી બોલમાએ હકીમની ઘાંટીમાં નાખ્યું, અને તે પછી પેલીજ કાળી દવાઇનો એક બીજો ભાગ હકીમના ગલાંમાં હોમાવ્યો. પા કલાક થયો નહી હશે કે હકીમ તો જાણે માય બાવાને બેહેસ્તમાં મળવા ગયો હોય તેમ અવાચક થઇ ગયો !

હકીમને નહી આએ દુન્યામાં કે નહી પેલી દુન્યામાં થઇ ગયલો જોઇને બોલમા કીતાબખાનાની ચટાઇપર જઇને બેઠો, અને પછી ઉઠીને કાંઇ બડબડીને ઉંચક મેલ કરવા લાગ્યો. કોણ જાણે શું માથું ફોડતો હતો !

સ્હવારના હકીમ જ્યારે બેદાર થયો અને તેણે પોતાની આંખ ખુલેલી જોઇ ત્યારે તેને જાણે નવું ઝોર ને જોસ શરીરમાં આવેલું માલમ પડયું–ઉઠીને એક આઇનામાં જોયું તો, માશા અલ્લા ! બધા સુફેદ બાળ કાળા કાળા થઇ ગયા હતા, અને આંખ જાણે વધારે તેઝ થઇ હતી–બીલકુલ બુઢે મીંઆ તો એક અતતા કતતા ગબરૂ જવાનમાં બદલાઇ ગયા હતા !

તેટલાં ઓલમા સાહેબ હકીમ આગળ આવી લાગ્યા અને તેવણુ તો જાણે કાંઇ નવું જોતાંજ નહી હોય તેમ ઠંડે કલેજે હકીમની સામે ઉભા. "તમારામાં મોટો ફેરફાર થયો છે તે તો હું ધારૂંછ કે તમે જોયોજ હશે, મગર જો તે ત્રણે ટીપાં તમારાં ગળાંમાં પડને તો બસ કમાલ કરતે."

"કાંઇ નહી—હવે પછી માણુસ જાતને વાસ્તે મોટા જથ્થામાં આપણે આબે હઇયાત તૈયાર કરશું, ત્યારે તેમાંથી હું પેહેલાં પી લઇશ" હકીમ સધ્યારો આપતાં અને સધ્યારો લેતાં બોલ્યો.

"મગર હવે મારી પાસે દવાઇ ખલ્લાસ થવા આવીછ, અને મારા પોતાના મુલકમાંથી એકજ ઠેકાણેથી એ દવાઇ મલી શકેછ, પણ બહુ મોઘી કીમત તેની છે."

"કાંઇ ફીકર નહી" હકીમ બોલ્યો "કેટલી કીમત પડશે ?"

"ત્રણ હઝાર ટીપાં બને તેટલી દવાઇના ત્રીસ હઝાર રૂપીઆ બેસે એમ મ્હને લાગેછ" ઓલમા કાંઇ વીચાર કરીને બોલ્યો.

"તો તેમાં શું મોટી બીસાદ છે !" હકીમે પોતાની કાળી દાઢી પસવારતાં કહયું "મહારી પાસેથી ત્રીસ હઝાર રૂપીઆ લઇ જાઓ, બીજી દવાઇઓનો ખરચ તહમે ગમે તે કરજો—આપણે બેઉની મહેનતે આબે હઇયાત તઇયાર કરશું, અને ૧૫૦૦ ટીપાં વહેંચી લઇશું. આપણે દરેક જણ ૫૦૦ માણુસને એવા ટીપાં પાઇ શકશું જેઓ દરેકની પાસેથી અકેક લાખ રૂપીઆ લઇશું."

"હાજી—શકશું, લઇશું, બધું કરશું—પણ હવે આજકાલમાં મને તે દવાઇ લેવા જવું જોઇશે" ઓલમાએ જણાવ્યું.

"હા—હું મારા છુપા મુકેલા ખઝાનામાંથી તહમને એક અરધા

કલાકમાં ત્રીસ હઝાર રૂપીઆ લાવી આપુંછ, હું આશા રાખુંછ કે એ ભેદી ખઝાનો ત્હમે મુસાફરીથી પાછા આવો ત્યારે હું ત્હમોને દેખાડી આપું" હકીમે કહ્યું "પણ સબુર કરો, ત્હમો મારા મોટા ભાઇ છો, ચાલો હમણાજ મ્હારી સાથે-હું ત્હમોને મ્હારો છુપો ખઝાનો બતાવી આપું અને તેમાંથી ત્રીસ હઝાર રૂપીઆ આપું."

ઓલમા જાણે હકીમના ખઝાનાની દરકાર નહી કરતો હતો, મગર તેણે પેહલાં પગ ઉપાડયા!—દીવાનખાનાની અંદર જઇને બરોબર દરવાઝો બંધ કરી દઇ, હકીમે ચટાઇ ઉપાડી લઇ એક લાદી જે ઢીલી હતી તે ઉંચકી, કડું ધરાવતી તે લાદી ઉંચકાતાંજ એક મોટો ખોહ જણાયો જેમાં લોખંડની એક પેટી ઉતારેલી હતી. તે પેટીમાં એક બાજુએ સોનાની મોહોરનો ઢગ હતો અને બીજી બાજુએ રૂપાના સીક્કાની ઢેલીઓ ભરેલી હતી. ઓલમા તો તે જોઇને ફાટીજ ગયો!

"આએ મહારો ખઝાનો છે, એમાંથી ત્રીસ હઝાર સીક્કા ઓછા થયા તો મહારે કયાં કમ થઇ જવાનું હતું!—ચાલો ગણી આપુંછ" હકીમ વાંકો વળીને સોના મોહોર કાહાડતાં બોલ્યો "આએ ફકત ગણવાની ખોટી છે."

"ત્યારે તમે એમ કરો" ઓલમા હકીમ તરફ જોઇને બોલ્યો "મને બધી મોહોરજ આપો, અને એક બીજી દવાઇ માટે પચીસ હઝાર રૂપ્યા વધારે આપો."

"બીજી દવાઇ?" હકીમે પુછયું "તે કઇ?"

"મુએલાં માણસને જીવતી કરવાની દવાઇ" ઓલમા બોલ્યો.

"સુબહાનઅલ્લાહ—શું તેબી તમે જાણોછ?"

"હા—મને એવી એક દવાઇ ખબર છે જેથી બે દહાડા સુધીના

મુએલા માણસથી જીવતાં થઇ શકે છે. ૪૮ કલાકનું એક મુડદું હું તે દવાથી જીવાડી શકું છું."

હકીમના તો ડોળા ચઢી ગયા! ઓહો, આએ કોઇ ઓલમા હતો કે તેની સામે કોઇ જીન પલીદ ઉભેલો હતો? હકીમ ઉંડા વીચારમાં થોડો વખત પડયો, પછી કાંઇ યાદ આવી ગયું હોય તેમ બોલ્યો "કાંઇ નહી, હાલ તુરત તો ત્હમે આબે હઇયાત માટેની ત્હમારી પેલી પ્રવાહી ખરીદી લાવો, પછી આપણે જોઇશું."

ઓલમાએ જોયું કે હકીમ કાંઈ ડઘમઘીઓ બની ગયો હતો જેથી તેણે ઝડપથી ઉમેર્યું "કાંઇ ફીકર નથી, જો બનશે તો હું મ્હારે પોતાને ઘરે જઇશ અને પચાસ હઝાર રૂપીઆ મહારા ખરચીને મુએલા માણસને જીવતા કરવાની દવાઇ લાવીશ. પછી તમે તમારા ભાગના પઇસા મને આસતે સાસને રહીને આપજો."

હકીમના ધ્યાનમાં આ વાત ઉતરી ગઇ, અને ઓલમા સાહેબના બેઉ હાથો લઇને તેણે ચુમ્યા, અને પછી ત્રીસ હઝાર રૂપીઆની મોહોર ગણીને ઓલમાને આપી.

ઓલમા ઝનદાનખાન મોહોર લઇને ઘોડેસ્વાર થઇ રવાના થયા.

૪

ઓલમા ગયો અને હકીમ તેની ફીરાગમાં વાર જોતો રહ્યો! જે દોસ્તે તેને આબે હઇયાતના એક ટીપામાં જુવાન જવાન અતતો કતતો બનાવી દીધો હતો તે શું કઇ તેને મન ઓછો વહાલો હતો? હકીમને દીવસના ચયન ને રાતના ઉંઘ બરોબર નહી હતી, તે હવે વધારે આતુર એટલા વાસ્તે થયો હતો કે તેનો આબે હઇયાત બનાવનારો રફીક

પોતાના આવ્યા પછી મુરદાં સજીવન કરવાનો હુંનરખી તેને શીખવનાર હતો! કોઇ કોઇ વખતે હકીમ પોતાના ગદેલામાંથી જબકીને ઉઠતો, કારણ કે ખાબમાંબી તેને તેનો દોસ્ત ઓલમા ઝનદાનખાન જણાતો હતો અને જાણે તેને ગળે વળગીને દીલલગી કરતો હતો! ટુંકમાં, હકીમ પોતાના તે દુન્યામાંના સઉથી આકેલો ફાઝેલ પ્રોફેસર રફીક ઝનદાન-ખાનના નામની જાણે હરપળે જપના ને તપના કરતો, અને તેની દુન્યા ફક્ત તેજ મીત્રના મળવામાં સમાઇ ગઇ હતી!

ઓલમાને ગયાને છ દાહડા થઇ ગયા, મરીયમના ખુની અને હકીમના વરસોના નોકર સુલેમાનને મોતની સજા થઇ, તે પછાની રાતના હકીમ બેઠેલો હતો, તેવામાં તેના કાનપર કંઇ અવાઝ પડયો, જાણે કે કોઇ તેના દીવાનખાનામાં કંઇ થોકથાક કરતું હોય—તે બીહીધો, તેને પોતાનો છુપાવેલો ખઝાંના હઇડે ચડી આવ્યો, કોઇ ચોરની તેને ધાસ્તી થઇ, અને તેથી તે લાગલોજ ઉઠયો અને એક ફાનુસ લઇને દીવાનખા-ના તરફ હળવે હળવે ચાલવા લાગ્યો.

ઘણી અજાયબી વચે તેણે દીવાનખાનાનો દરવાઝો અલગો જોયો, તેણે ધીમેથી દરવાઝો ખોહલ્યો અને જોયું તો જ્યાં તેનો ખઝાનો હતો તેજ તરફ કોઇ શખ્સ ફાંફાં મારતો હતો! તેણે વીચાર્યું કે કોઇ નોક-રને બોલાવવો અને તેની મદદથી ચોરને પકડવો, પણ ખઝાનાની વાત ઝાહેરમાં આવી જાય તેની તેને ધાસ્તી પેઠી, જેથી તેણે વીચાર કીધો કે કંઇ નહીં, હીંમત કરીને આગળ જવું અને ચોરને બેધ્યાનપણામાં રાખીનેજ પછવાડેથી પકડી લેવો. તે જરા આગળ વધ્યો પણ તે પાછો અચકી પડયો. અરે તે કોઇ એકદમ ઉઠીને કંઇ ભોકી બોકી દે તો? મગર વળતા વીચારથી તે મજબુત થયો કે તે પોતે તો આખે હઇયાતના

એક ટીપાંથી થોડા ઘણાંખી બેમજ્ત હતો એટલે પેલો ચોર કંઇખી કરી શકનાર નહીં હતો—તેથી છેલ્લી હીંમત બાંધીને તે આગળ વધ્યો.

પેલો કોઇ ઝમીનપર ખઝાનાની શોધમાં હોય તેમ વાંકો વાંકો લાદીની નીશાની જોતો હતો, અને હાથમાંની એક હથોડીથી ધીમે થોક થાક કરતો હતો—આખરે તેને તે નીશાની મળી, તેણે લાદી ઉંચકી અને હકીમ નુરૂદીનનો ખઝાનો તેને પોતાની નઝર સામે ખુલ્લો જોયો. તે હવે દરવાઝો બંધ કરવા ઉઠયો, અને જેવી નઝર પાછળ કીધી કે તેની સામે હકીમ થયો!

તે ચોરની અને હકીમની નઝર એક થઇ ગઇ. હકીમ તો તેને જોઇને બીલકુલ પથ્થર જેવો સુનો સાવજ થઇ ગયો! અરે એ શું તે જોતો હતો? ખઝાનાનો ખોલનાર તે કોણ હતો? બસ, જ્યારે તેને તે જીવતી જાગતી તસવીર જોઇ કે તે પોતે જાણે એક મુએલી શકલ માફક થંભ થઇ ગયો!!–તેની સામે એ કોણ ઉભેલું હતું? કોઇજ નહી, પણ ઓલમા ઝનદાનખાન!!!

ઓલમા ઝનદાનખાન! જેને તે દુન્યાનો એક સઉથી આલામાં આલા આદમી, મોજેજાઓનો ભરેલો ફીલસુફ, એક ફીરેસ્તો, એક પીર, એક પેગમબર સંહમજતો હતો તે એક ચોર?

ઉફ! તેના માથામાં ગોયા કોઇએ લોખંડનો સળીઓ મારી દીધો હોય તેમ તે બેબાખરો અને સુનો સાવજ બની ગયો. તેની અને ઓલમાની નઝર એક થઈ ગઇ તો ઓલમાના મુખમાંથી એક ચીસ નીકળી પડી, તે એકદમ હકીમ પર બીલાડી કુદે તેમ કુદયો અને બેઉ એકમેકને બાઝી પડયા.–મગર, હકીમ તેના કરતાં ઝોરાવર પુરવાર થયો યાને એકજ મજબુત પેચમાં ઓલમા (!) ઝનદાનખાન ભોંય ઉપર તુટી પડયો.

"બોલ, ઓ શયતાન" હકીમ તેની છાતી ઉપર બેસીને બોલ્યો "તું મ્હારા ખઝાનાપર કેમ હાથ મારવા તઇયાર થયો? શું તુંને હું જે સમજું છ તે તું નથી? શું તું એક મોટામાં મોટો ફીલસુફ, મસતક-વીદ્યા અને ભવીષ્યનો જાણનારો પીર, મોજેજાઓ કરનારો એક પેગમ-બર, આબે હઇયાતનો બનાવનાર, કીમીયાનો કરનાર અને મુએલાંને સજીવન બનાવનારો ઓલમા નથી?"

મગર, હકીમના ગુઠણ નીચેનો તે ઓલમા એકબી શબ્દ બોલી શકયો નહી. પણ ફાટેલે ડોળે ટગર ટગર જોવા લાગ્યો. હકીમે તેની છાતીપર પોતાનો જમણો પગ વધારે ઝોરથી ડાબીને એક બરાડ પાડી "બોલ."

ફરીથી જવાબ મળ્યો નહી.

હકીમે એક હાથે ઓલમાની છાતી આગળનું કપડું પકડીને બીજો હાથ ઉંચે કરી બોલ્યો "જો આ ત્રીજી મરતબે જવાબ નહી આપશે તો તારૂં ગળું દાબી દઇને તુંને મારી નાંખશ."

નીચે પડેલા ઓલમાએ જોયું કે વાત બેહકી ગઇ, તેણે હવે ગળગળા સાદે કહયું "અગરજો મને મારી નહી નાખવાનું વચન આપવામાં આવે તો હું જવાબ આપીશ."

"મારા પોતાના લહુના કસમ કે હું તુંને નહી મારૂં-તું ખુલાસો કર, બોલ, શું તું હું ધારૂં છ તે છે કે તે નથી?" હકીમે ગડગડાત કીધો.

"નહી—હું તેવો કોઇ બીલકુલ નથી" ઓલમા બોલ્યો.

"નથી?" જાણે પહાડ ફાટી ગયો હોય તેમ હકીમે બરાડ પાડી "તું તે નથી? તો પછી?"

"મને ઉઠવા દો તો હું ખુલાસો કરૂં" પેલો બોલ્યો.

હકીમે તુરતજ ગજવામાંથી રોમાલ કહાડીને તેના બેઉ હાથ બાંધ્યા અને તેને પકડેલોજ રાખીને તેના દીલ ઉપરથી ઉઠયો. પેલો કહેવાતો ઓલમા ઉઠયો અને પાસેના સ્ટુલપર બેસી જઇ ખુલાસો કરવા લાગયો.

"તમે મને જયારે મારી નહીજ નાખવાનું વચન આપ્યું છે તો કહેવાને બીહીતો નથી કે તમારી નઝરમાં હું જે હતો તે બીલકુલજ નહી હતો, અને નથી."

"એટલે?" હકીમે પુછ્યું.

"એટલે એમ કે હું નથી ફીલસુફ, નથી પીર, નથી પેગમબર કે નથી મહાન ઓલમા, પણ એક મામુલી આદમી છું."

"પણ તું છે કોણ? તું આટલું બધું કેમ કરી અને બજાવી શકયો?" હકીમે તેની સામે બેસતાં ગડગડાટ કીધો "શું તેં પોતે તે ચોપડી નથી લખી જેમાં આબે હઇયાત બનાવવાનું વર્ણન આપ્યું છે?"

"નહી" પેલો બોલ્યો "તે તો એક ખાલી ગપ હતી, અને મારી ઉમરબી એકસો ત્રીસની નથી પણ ફકત ત્રીસ વરસની છે."

"તો પેલું ખંજર જે તેં તારી છાતીમાં ભોકી દીધું તે કેમ?"

"ખંજર તો બનાવટી હતું, તે ખંજરમાં એવી કરામાત હતી કે તેના હાથા આગળની ચાંપ દાબતાંજ તેનું બનાવટી પાનું અંદર ચાલી જાય, અને અંદરના ભાગમાં જે લાલ રંગથી ભીજવેલું કપડાનું પડ હોય તેનાથી ખરડાઇ જાય."

"અને પેલી પીસતોલ?" અજાયબીના મારેલા હકીમે આગળ સવાલ કીધો.

"પીસતોલ?" બનાવતી ઓલમા બોલ્યો "પીસતોલબી બનાવ-

ટીજ હતી, તેમાં જે ગોળીઓ મુકવામાં આવેલી હતી તે રબરના પાતલા પડની ગોળીઓ હતી, જેની અંદર પારો ભરેલો હતો—પારાની બનેલી એ ગોળીઓ પાંચ કદમ દુર ગયા કે તે એક કાંકરા કરતાં વધારે નહીં લાગે."

"વારૂં, ત્યારે પેલા સુલેમાનનું મસતક પારખ્યું તે વાતનું કેમ ?"

"માફ કરો, તેબી જુઠી વાત હતી. મેં કંઇ મસતક બસતક પારખ્યું નહીં, પણ અકસમાતે મને સુલેમાનના પ્રપંચની વાત જણાવી દીધી. થયું એમ કે તમુને જો બની શકે તો બનાવી લેવા ને તમારી પાસેથી વાહી પટાવીને કંઇ પડાવી લેવા હું જ્યારે તમારા ઘર તરફ આવતો હતો તયારે દરવાઝાની ઓથે ઉભા રહેલા બે આકારને મેં ધુસપુસ વાત કરતા સાંભળ્યા. તે લોકની વાત કંઇ ચોરી વીશેની હતી, એટલે મને આતુરતા થઇ અને મેં તે લોકની છુપી વાત કાન દઇને બરાબર સાંભળી. સુલેમાન મરીયમને કહેતો હતો કે તે પોતે તમારા કીતાબખાનામાંની કબાટની બીજી ચાવી બનાવી ચુકયો હતો. વળી તમે સહવારના કપડાં બદલવા ગયા તે વખતે તે ચાવી લગાડીને જોઇ હતી તે વાત મરીયમ આગળ કહેવા ઉપરાંત તેણે જણાવ્યું કે મરીયમે પોતેબી પોતાની બાઇના દાગીના ચોરીને તે રાતના બાર વાગે દરવાઝા નજદીક આવવું—જેથી તે પોતે તમુને લુટીને બેઉ કોઇ ગામ નહાશી જાય, અને ત્યાં ચોરેલાં માલની કીમતથી મઝાહ મેળવીને શાદી કરીને બેઉ રહે."

"વારૂં પણ તેં તો ચોરીની વાત જાણી, પણ ખુનની ?" હકીમે પુછયું.

"હું તે ખુલાસાપરબી આઉછ" પેલો બોલ્યો "મરીયમના જવા પછી દરવાઝા આગળજ ઉભા રહીને સુલેમાન મનમાં બડબડયો કે તે

મરીયમને સાથે લઇને પોતાને માથે બોજો કરવા ખુશી નહી હતો અને તે મરીયમનું ખુન કરવા માંગતો હતો."

"એમ ?"

"હા,—તે પછી તમે જાણોછ કે તમારા ઘરમાં આવ્યા પછી જ્યારે મેં સુલેમાનને તમારી સાથે વાત કરતાં સાંભળયો ત્યારે હું ચોંકયો, કેમજે મને તુરતજ માલુમ પડયું કે જે અવાઝ દરવાઝાપર વાત કરતો હતો તેજ તે હતો, અને તેજ માણુસ ખુન કરવા માંગતો હતો, અને તમારે ત્યાંથી ચોરી કરવા ઇચ્છતો હતો."

"તું ઘણોજ ચાલાક છે." હકીમ બોલી પડયો. "પણ વારૂ, હવે આબે હઇયાતનો ખુલાસો કરશે ?"

"તેબી બધી બનાવટ હતી, આબે હઇયાત કોણનું ? મેં તમારા મકાનમાં દાખલ થયા પછી જોયું કે તમે આબે હઇયાત બનાવવાનાં ફાંફાં મારતા હતા એટલે મેં જોયું કે એ બાબદમાંજ તમુને બનાવવા અને બની શકે તો વેતરવા."

"ઠીક" હકીમે ટકોર કીધી.

"હું એક રસાયણ શાસ્ત્રોની દુકાનપર આગળ નોકર હતો એટલે મેં તમુને બનાવવાની લાગ સારી જોઇ. મેં તમુને ઉંઘમાં નાખવાની દવાઇ જે મારી સાથે હું લાવ્યો હતો તે એક શીશીમાં રાખી હતી, ધાતુને અને દવાને તાવીને તેનો અરક બનાવવાનો તો ફારસ હતો. મેં તે ઢોંગથી ત્હમોને બનાવ્યાં અને પેલી ઉંઘની દવાઇનાં ત્રણ ટીપાં એક ઝીણી શીશીમાં નાંખીને તે ત્હમોને પીવડાવવા લઇ આવ્યો અને ફીતુર કરીને તે ત્રણ ટીપાંમાંથી બે જાણે ત્હમારેજ આંચકો લાગ્યો હોય તેમ ઘોળી નાંખ્યાં."

" વાહ–વાહ " હકીમે વધતી ટકોર ચલાવી " પછી ? "

" પછી, ત્હમોને પેલી કેફી દવા આપીને ખુબ ઉંઘમાં નાંખ્યા, અને તે પછી રાતોરાત બાળ કાળા કરવાનો કલપ મારી પાસે હતો તે ત્હમારા ચહેરા અને માથાના બાલ ઉપર લગાડી દીધો, ત્હમે તો મુએલા જેવા પડેલા હતા અને તે મજબુત કાળા કલપે ત્હમને જુવાન બનાવ્યા તે ઉપરાંત વળી તમારા ચહેરાપર ખુશબોદાર કોસમેટીકનું પાણી લગાડ્યું, સહવારે તો ત્હમારા મનનાં "વીચાર"થી ત્હમે કાળા બાલ જોઇને પોતેજ જુવાન જવાન બની ગયા હતા ! "

" તું આખી દુન્યાનો સઉથી મોટો ફીલસુફ નથી, તોબી ત્હારી ચાલાકી એવી તેં પુરવાર કરી આપીછ કે આખી દુન્યાના સાહુ લુટારૂ અને ચોરોના કાન કાપી નાંખે તેવો તું ઉસ્તાદ છે. "

" ત્હમારી મહેરબાની છે. " તે નફ્ફટે કહ્યું "એ તો ત્હમારી લાયકી બોલેછ સાહેબ."

" વારૂ પછી ? " હકીમે પુછ્યું.

" પછી તો હું પઇસા લઇને ત્હમારી પાસેથી ગયો, તે વાત તો ત્હમને ખબર છે. હું કાંઇ દુરદરાઝ ગયોજ નહી હતો–ત્હમારો ખઝાનો મ્હારી નઝર આગળ રમ્યા કરતો હતો અને તેમાંથી જેટલું બને તેટલું ચોરી જવાનો મેં વીચાર કીધો. આજે લાગ ફાવ્યો, ત્હમે બહુજ વાંચવામાં મશગુલ હતા, હું પેહલાં તો ઉઘાડો દરવાઝો રાખીનેજ પેલી છુપી લાદીની શોધમાં રહ્યો, કેમજે તેટલાં કોઇ આવી જાય તો તેને ધક્કો મારીને ખુલ્લાં દરવાઝામાંથી ચાલી જવાનું ફાવે–પણ ત્હમે તો મ્હારા કરતાં વધારે ઝોરદાર નીકળ્યા—"

" નહી–વધારે ઝોરદાર તો હું નથી, કારણ કે તું જુવાન છે ને

હું બુઢો છેઉ, પણ મને એકદમ ઝોર અચાનક આવી ગયુ" હકીમ બોલ્યો "વારૂ ત્યારે હવે તું તો એક ફીલસુફ નહી પણ ચોર નીકળ્યો.—હવે મ્હને ત્હારી મદદ વગર પેલી કીતાબની મદદથીજ આબે હઇયાત બનાવવું પડશે."

"મ્હને માફ કરો તો કહુ" પેલો ધુજતાં ધુજતાં બોલ્યો.

"વળી શું છે?" હકીમ ગભરાયો "બસ, હું આજે તુંને માફજ કરવા બેઠોછ તો બીલકુલજ માફ કરૂંછ, બોલી દે, વળી એ નવું શું છે?"

"હું પેલી ચોપડી જતી વખતે ચોરી ગયો."

"ચોરી ગયો?" હકીમ ફાટી ગયો "શું તું તે ચોરી ગયો? તે કાંહ છે? લાવ."

"અફસોસ! એક રાતનાં હું સરાઇના હોટલમાં પતરાના ડબાની બતી આગળ તે વાંચવા બેઠો ને અકસમાત ડબો તેની ઉપર ઉધો વળ્યો, ચોપડી બળી જળી ગઇ અને એકબી પાનુ તેનું સલામત નહી રહયું"

"ઉફ!" હકીમ માથાપર મુક્કી મારી બોલ્યો. "ઓ, હું બધું ખમતે, તુંને બધા ગુનાહ માટે જવા દેતે, તેં મને બનાવયો, મને લુટયો, અગર મારો આખો ખઝાનોબી લુટયો હતે તો હું તુંને માફ કરતે પણ મારી તે ચોપડીને માટે તો હું તુને જવા નહીજ દેવશ—હું તારો જાન લેવશ."

એમ બોલતાંજ હકીમ પેલાપર કુદયો અને તેને બાઝી પડયો.

બનાવટી અને નકલી ઓલમા પોતાના હાથ બાંધેલા હોવાથી ઝમીનપર તુટી પડયો, હકીમ તેની છાતીપર ચઢી બેઠો, અને બેઉ હાથે ઘણા ઝોરથી તેનું ગલું દાબવા લાગ્યો.

હકીમ બીલકુલ ગુસ્સાબાઝ બની ગયો હતો, તેની સુદ્ધી બુદ્ધી જતી

રહી હતી, તેની હોશ ફરામોશ થઇ ગઇ હતી અને તે ખુનીની માફક પેલાનું ગલું દાબતો હતો !

આખરે એટલું ઝોર હકીમે વાપરીયું જેથી પેલાની આંખ લગભગ બ્હાર ખેંચાઇ આવવા લાગી, હવે પેલા પડેલાએ પોતાના સઘળા ઝોરથી અછાત મારી–તેને આવેલા છેલ્લા ઝોરથી અચાનક રોમાલ ગાંઠમાંથી ચોરાઇ ગયો, પેલાના હાથ છુટા થઇ ગયા, અને તેજ વખતે તેણે પોતાની પેહેરનના ખીસામાં હાથ ઘાલી એક છુરી ખેંચી કાહાડી. છુરી જેમ તેમ નીકળતાજ તેણે પોતાના આખરી ઝોર સાથે તે હકીમના સીનામાં ચલાવી દીધી, હકીમે એક બરાડ મારી—તે તુટી પડયો, પડતા પડતા તેણે પેલાનું ગળું એટલા ઝોરથી દાબ્યું કે તે ગુંગળાઇ ગયો.

બસ, તે બેઉની કઝા આવી હતી.

હકીમ લોહીલુવાન થઇને ઝમીનપર મોતના તરફડીઆ મારવા લાગ્યો, જ્યારે પેલો ગુંગળાઇને કયારનો આખર થઇ ચુકયો હતો.

*　*　*　*

તમામ ! આ બેતાબ ખલકતના "આબે હઇયાત" બનાવનારા તે બગલા ભગતો પોતપોતાને મારીને આખર થઇ ગયા હતા, એક પોતાની તકોબરીથી અને બીજો પોતાની લુચ્ચાઇથી.

૧૦.

શ્રાવણ મહીનાનો જૂગાર.

૧.

દુન્યામાં જેટલી બુરી વાસનાઓ છે તે સર્વે શુરૂઆતમાં અનીષ્ય મીઠાસદાર લાગે છે, પણ તેના ઉંડાણમાં ઉતરતાંજ તે પોતાની ધાટકી ખાસીહત બતાવી આપે છે, અને પોતાની જાલમાં લપેટાયલા ઇનસાનને પાયમાલ કરી મુકે છે—તેને ભીખ માંગતું બનાવી દેછે—ને ઘર તથા દુન્યાથી તેને ઉખેડી નાંખે છે. હરસી આદમીના ઘરમાં સંગેમરમરના પુટલાં જેવી ધણીઆણી હશે તોબી તે બહારનો કાદવ ખાશે, અને અજાયબી તો એ છે કે તેને જેટલી ખુશાલી હલાલ હીસ્સામાં નથી મલતી તેટલી ખુશાલી હરામ ઇલ્લતમાં મલે છે, મગર અફસોસ, કે તે પરસ્ત્રીનાં ફંદાની તકલીદી મોજમાં ખુહવાર થઇ જાએ છે—ઘરબારને ઉંધું વાલી નાંખે છે અને આખરે એક દીન રીબી રીબીને મરી જાએ છે——તેમજ શરાબ છે, જેનો આશક તેને પી-પી-પી-પીને આખરે દુન્યાથી જાએછે——તેમજ, તેમજ જૂગાર છે, અને હું તેમાં સપડાયલાં ઇનસાનો શું શું કરેછે અને કેવા અંજામને પહોંચેછે તે બતાવવાની મ્હારી અદના કોશીશ કરીશ :

શ્રાવણ મહીનાનો ગણેશ ચતુરથીનો તે તેહવાર છે, વાલકેશવરપર આવેલા "પ્રેમકોર લોડજ" માં આપણને નઝર નાંખવાની છે. તે આલીશાન મકાનના ભવ્ય દીવાનખાનામાં પ્યાનો વજાડતી એક દીલખુશ શકલની શીખેલી સુધરેલી અપ-ટુ-ડેટ હીંદુ નાર ખુશ મીઝાજમાં બેઠેલી છે, જેવામાં ઘરનો રામો અંદર દાખલ થઇને કોઇ બહારના આવેલા આદમીની ખબર આપે છે.

"પરભુદાસ શેઠ આવે આહે" રામાએ અદબથી કહ્યું.

"તેનલા પાઠવા." પ્યાના પરની નાઝનીને પ્યાનો છોડતાં, સાડી સરખી કરીને એક રોકીંગ ચેરપર બેસતાં કહ્યું.

રામો ગયો, અને એક મીનીટમાં તે કોઇ પરભુદાસ શેઠ અંદર દીવાનખાનામાં ચાલી આવ્યા, અને આવતાંજ બોલ્યા "કેમ ગુલાબ, પ્યાનો કેમ છોડયો?—તહમારા કોમલ આંગલાંઓથી જે મધુર સાદ હવામાં ઘુમી રહયો હતો તે મહને અતીષ્ય ખુશાલી આપતો હતો."

ગુલાબવહુ હસી, લેકીન તુરતજ તે હસવું સમાવી દઇને બોલી "હું તહમને કે કોઇને ખુશાલી મલે તેના વીચારથી પ્યાનો વગાડતી નહીં હતી, પરંતું હું મ્હારા શોખને પંપાલવા તેમ કરતી હતી. મ્હારા દીલને લાગ્યું કે હવે બંધ કરવો—તે મેં તેમ કીધો."

પરભુદાસને આ એક સાબુત ચીમકી હતી, પણ ગુલાબવહુ તરફથી મલેલા કંઇક એવાં ખાસડાંની તેણે દરકાર નહીં કરી હતી, તો પછી એને મલેલું આ મોઘમ અપમાન તે કેમ ગણવાનો હતો ભલા?

"લખમીચંદ કયાં છે? કેમ આજે જણાતા નથી?" અહીં તહીં નઝર ફેરવતાં પરભુદાસે વાત ઉડાવીને સવાલ પુછયો. "મ્હારે એક અગત્યના સોદાને વાસ્તે વાત કરવી હતી."

"હું દલગીર છું કે આપ તેમને આજે અને બીજા થોડા દીવસ વધારે મલી શકશો નહીં." ગુલાબવહુએ જવાબ આપ્યો "એમને સુરતમાં એકાએક કાંઇ વેપારના કામ સંબંધી જવું થયું છે, અને મ્હને કહેતા હતા કે કદાચ આઠ દીન પણ ત્યાં રોકાવું પડે તેમ છે."

આ વાત ગુલાબવહુને મોંઢેથી સાંભલીને બહારનો દેખાવ પરભુદાસે એવો બતાવ્યો કે જાણે શું એક દીલગીરી પેદા થઇ હોય, પણ અંદરના

ભીત્તરમાં તેનું દીલ ખુશાલીથી ધકધક થવા લાગ્યું—તે ગુલાબવહુપર પ્યારમાં હતો, પણ પતી તરફ વફાદાર ગુલાબ જોકે તે ઘરનો આદમી હોય તે મીસાલ ઘરમાં હર હંમેશ આવતો જતો હતો તોબી તેને જરાક થઇને આડી તીડી વાતપર ઉતરી પડનો રોકતી, ને પોતાના પતીના આ વેપારી સગાને તેની બુરી વાસનામાં હર હંમેશ માહાત કરતી હતી.

"આજે હું જાણું કે જરા પાના—પાસાથી ગયે સાલ પેઠે આખો દીવસ લખમીચંદ જોડે ગુજારશું, પણ અહીં તો નાસીપાસી મલી" પરભુદાસે એરંડીયાનો જુલાબ લીધો હોય તેવું મોંહ કુમલાવીને કહયું "પણ, હું આશા રાખુંછું, ગુલાબ, કે આપની સાથે બેચાર દાવ અજ-માવવામાં વખત સારો નીકળશે."

ગુલાબવહુ વમાસણમાં પડી.

ગયે સાલ લખમીચંદ ઘરે હતા ત્યારે પરભુદાસની સાથે તેઓ બન્ને-એ જૂગાર રમ્યો હતો, અને ગુલાબવહુને જુગાર બહુજ મીઠો લાગ્યો હતો. તેણે જરાક વીચાર કરી લીધો, મનમાં બડબડી, અને ધાર્યું કે ઘણાખરાં બડેખાંઓના ઘરમાં આજે જૂગાર ચાલતો હતો તો તે પણ જરા રમે તેમાં તે કાંઇબી ખોટું કરતી નહીં હતી, પરંતું તેને બીજો વીચાર એ આવ્યો કે તે પોતાના ધણીની ગયરહાઝરીમાં એક પરાયા મરદ સાથે જૂગાર રમે તેમાં શું તે ખોટું નહીં કરતી હતી? તેને લાગ્યું કે તે ખોટું કરતી હતી, પણ બીજીજ પલે ગયે સાલના જૂગારની મીઠી લાલચે તેના મનપર કાબુ બેસાડયો અને તેથી ઝટ તે વીચાર બાજુએ મેલતાંજ તેણે મનમાં બડબડી લીધું. "સલુક સાચવીને રમીશ તો પારકા મરદ સાથે રમવામાં કાંઇજ ખોટું નહીં હતું—સામસામાં બેસીને બેચાર દાવ જૂગારના રમી લીધા તો તેમાં અમર્યાદા જેવું કાંઇબી ન હોવું."

તેથી ગુલાબવહુ પરભૂદાસ જોડે જુગાર રમવા તૈયાર થઇ, પાનાનો કાર્ડ કબાટમાંથી કાહાડી લાવી, પોતાની પાસેના પૈસામાંથી નોટનું એક બંડલ લાવી, અને એક ટેબલ આગલ પરભૂદાસની સામે ખુરસી લઇને તે બેસી ગઇ. અને અફસોસ કે તે પાપી જૂગારની શરૂઆત થઇ ગઇ.

પરભુદાસે જેવા હાથમાં પાના લીધાં કે ગુલાબવહુએ એક સોની નોટ કાહાડીને ટેબલપર મુકી, પરભૂદાસને પણ તેમ કરવું પડયું—પાના રમાયાં, અને પહેલેજ દાવે ગુલાબવહુ જીતી.

"ગુલાબ, આપનું નસીબ ચમકયું" પરભુદાસ હસીને બોલ્યો "હવે કેટલાથી દાવ માડશું?"

"માહરો વીચાર છે કે ત્રણસો" ગુલાબવહુએ લોભ કરતાં જીતેલી નોટોપર એક બીજી કહાડીને મુકતાં કહયું "પરભુદાસ, ચલાવો."

બીજી રમત થઇ, પાના નખાયાં, અને ગુલાબવહુનું નસીબ ચહડતું હશે કે શું તે તે દાવબી તેણેજ જીત્યો. બે દાવમાં ગુલાબે રૂપીઆ ચારસોની ચાર નોટ લીધી હતી, અને તેથી તેના નાઝુક જીગરમાં ખુશાલી વ્યાપી રહી હતી. અફસોસ જૂગાર, તેની લાલચ, તેની ખુશાલી, તેની ચમક ધમક એવીજ હોય છે.

"હું ત્હમને ચેતવણી આપું છું—પરભુદાસ" ગુલાબવહુએ હસ્તાં હસ્તાં કહયું "કે આપે યાદ રાખવું કે જુગારના દાવમાં જો પહેલો દાવ હું જીતું છું તો હંમેશ મ્હારી ને મ્હારીજ જીત થાએ છે—માટે ત્હમે જોજો હારશો."

"હારશું તો ભલે—ઘી રેડાશે ખીચડીમાંજ." પરભુદાસે હસી હસીને વાત કરતી ગુલાબ સાથે વધારે પલોતાઇ જવા જીભ જરા તેઝ કરવા માંડી.

" ઠીક, તો હજારનો દાવ માંડશું—આપ ખુશી છો ?" ગુલાબે દશ નોટ ગણીને ટેબલપર મુકતાં કહયું.

" બહુજ ખુશી." અને પરભુદાસે એક હસ્વાં સાથે પોતાની નોટ બી બહાર ખેંચી કાહાડીને મુકી.

પાછો દાવ મંડાયો, અને ઓ! તે દાવબી ફ્રીથી ગુલાબનેજ ગયો! ગુલાબની આંખ્યો ચમકવા લાગી, તેની ખુશાલીનો પાર નહીં હતો, અરે, જો તેના ધણી લખમીચંદે દશ હઝારની એક માલા ભેટ આપી હતે તો તે માલાબી જૂગારમાં મેલવેલા આ એક હઝાર રૂપીઆની આગળ કુચ્છ બીસાદમાં નહીં હતી!—હા, જૂગારની એજ મીઠાસ છે. ત્હમને પાંચ રૂપીઆ ધંધામાં વધારે નફો મલે ત્યારે જે ખુશાલી ત્હમને લાગશે, તેના કરતાં જૂગારમાં મલેલો હરામનો એક રૂપ્યો ત્હમને તેનાથી વધારેજ મીઠો મીઠો લાગશે! જોકે પેલા પાંચ હલાલના છે અને તેની સંખ્યા વધારે છે, અને આ એક હરામનો છે અને તેની સંખ્યા ન્હાની છે—તો બી જે ચીઝ માણુસને વધારે ખુશી કરે છે તે નબલા વીચારવાલા મનપર અસર કરનારી તે જબરી લાલચ છે—અને તે લાલચ હસાવી બોલાવીને માણુસને મારી નાંખે છે!

જેમ જેમ રમત આગળ ચાલતી ગઈ તેમ તેમ ગુલાબવહુ વધારે ને વધારે છુટ્ટી થતી ગઇ, તે હવે રમાતા પાનાપર વાંકી વલવા લાગી અને ક્યારે પાછો દાવ પોતાની તરફ્માં પડે તે જોતી બહુજ આતુરતા બતાવવા લાગી.

દાવ પછી દાવ રમાતા ગયા, અને ગુલાબવહુ તેમાં જીતતી ગઇ. સ્હાંઝ પડી ગઇ અને ફરવાનો ટાઇમ થયો તોબી ગુલાબને સૂઝયું નહીં અને તે મીઠાસદાર જુગારની મોહીનીમાં સપડાયલી જાણે દુન્યાનેજ ભુલી

ગઇ. રાત થઇ, ઘડીયાલમાં નવના ડોકા પડયા અને રામો ખાવાનું તૈયાર હોવાનું કહેવા આવ્યો ત્યારેજ તે જુગારીઓની શુધ્ધ ઉઘડી કે તે લોકોએ કલાકોના કલાકો જુગાર રમ્યો હતો, અને ઘડીયાલના ડોકા જાણવા માટેની ખબર પણ તેમને નહીં હતી!—આખરે, તેઓ ઉઠયા. ગુલાબવહુએ રીતભાત સાચવતા પરભુદાસને જમી લેવા કહયું, અને જમણ કર્યા બાદ દશ વાગતાને શુમારે "પ્રેગકોર લોડજ" માંથી ધીરે ધીરે પરભુદાસ શેઠ નીચે ઉતરયા ત્યારે તેમના ખીસામાંની નોટો બધી ખલાસ થયલી હતી!

"હું કાલે મ્હારા ગુમાવેલા નાણાંનો બદલો લેવા પાછો આવીશ—ગુલાબ, બે વાગતા પછી બહાર નહીં જતા" અને ગુલાબે હાનું ડોકયું કીધું.—તે "ના" બોલવા માંગતી હતી, પણ હારેલા જૂગારીને બદલો આપવાની ટક આપવાનો તેનો વીચાર થયો, અને જુગારની રમતમાં જે મીઠાસ મલતી હતી તેનાથી તેને કાંઇ વીચાર આવ્યો—તેથી તેણે હાનું ડોકયું કીધું, અને તેમ કરવામાં તેને લાગ્યુ કે વાજબીજ કીધું હતું.

બીજે દીવસે સ્હાંઝના ચારને શુમારે પરભુદાસ આવ્યા, અને જુગાર પાછો શુરૂ થયો. આજેબી જીત ગુલાબવહુનીજ તરફેણમાં જણાઇ, કેમજે પહેલો દાવ રમાતાંજ સોની બે નોટ ગુલાબની ઠેલીમાં આવી પડી હતી. રમત આગળ ચાલી, દાવ પછી દાવ રમાતા ગયા અને એક બે દાવ પરભુદાસે લીધા તેજ, બાકી બધાજ દાવ ગુલાબની તરફેણમાં પડયા—અને બે કલાકને છેડે તો સવા ત્રણ હજાર રૂપીઆ ગુલાબ જીતી ગઇ!

સ્હાંઝને છેડે ગુલાબે રામા પાસે દુધના બે ગલાસ મંગાવ્યા, એક પરભૂદાસને આપ્યું અને એક પોતે લીધું. દુધ પીધા પછી જ્યારે હુકમ કરવામાં આવે ત્યારેજ રામાએ ભોજન તૈયાર રાખવું એવું કહીને તે તવંગર ઘરની શેઠાણી પાછી જૂગારમાં ગુંથાઇ. રમતની

ખુવારીમાં તે પોતે પોતાને ભુલી જતી હતી, તે એક પારકા મરદ સાથે જૂગાર રમતી હતી તે તો થયું પણ રાત સુધી જૂગાર રમવાને તે લલચાઇ હતી તેબી જાણે ભુલી ગઇ હતી. રમતપર રમત થઇ, અને રાત વહેતીજ ચાલી—આખરે રમતમાં તે પોતે થાકી ગઇ અને નઝર ઉચકીને ઘડીઆલ જોયું તો અગીઆર વાગતાનો શુમાર થયો હતો! તેને હવેજ જરાકબી વીચાર આવ્યો, અરે, બહારના એક મરદ સાથે રાતના અગીઆર વાગતા સુધી એખલા એક રૂમમાં બેસવાથી શું નીંદા બરેલી જીભોને ખોરાક મલવાનો નહીં હતો? તે તો ફક્ટ જુગાર રમતી હતી, પણ નોકરો શું સમજે! અને વલી કોઇ નીંદક જીભલી જે એવી ટકની રાહજ જોય તેને કેવો લાભ મલે?—આખરે તે ઉઠી, અને ઉઠતાંજ બોલી "બસ પરભુદાસ, આજે હવે બસ."

"પણ હું બહુજ હારમાં છું" પરભુદાસ કહયું "રમત તો થવીજ જોઇએ."

"હું કાલને માટે વચન આપુંછ" ગુલાબબહુ બોલી "કાલે પાછી હું ત્હમારી જોડે રમીશ, અને ત્હમને એક વળતી બીજી ટક આપીશ."

"ત્હારી મેહેરબાની, ગુલાબ" એમ બોલતાં પરભુદાસે શેકહેન્ડ માટે હાથ લંબાવ્યો, ગુલાબે તેને હાથ આપ્યો.

પરભૂદાસ ગયા અને બીજે દીવસે પાછા આવ્યા. પાછી રમત થઇ, અને આ ત્રીજે દીવસની રમતમાં ગુલાબબહુ હારી ગઇ. આગલીજ રાતની માફક મોડે સુધી રમત ચાલી અને ગુલાબે ચાર હજાર ખોહયા. તેના હોઠપરનો રતાશ ઉડી ગયો, તે ફીકકા હોઠ છતાંબી મકકમ હાથે પાછી રમત કરવા પડી અને ઘણાજ ધ્યાનથી રમતપર પાછી રોકાઇ. પાછો સુમો ફેરવાયો, અને તેની જીત થવા લાગી, અને જીતપર જીત મલવાથી

તેની ઉશકેરણી વધી ગઇ—અને આ ત્રીજી રાત્રે તો તે એક વાગતા સુધી રમી !

ત્રણ રોજની રમતનું સરવાયું કાહાડતાં ગૂલાબને ફાળે બે હઝાર આવ્યા હતા, અને ગૂલાબને લાગ્યું કે જો ત્રીજી રાત્રે તે હારી નહી હતે તો તેની જીતમાં આવેલા લગભગ તેર હઝાર રૂપીઆ કેવા મીઠા હતા ?—તેથી તેણે તે તેર હઝાર પાછા મેલવવાનો ઠેડાવ કીધો અને પરભૂદાસને ચોઠે દીવસે પાછા આવવાને વાસ્તે હવે તો તેણે પોતે આગ્રહ કીધો.

ગૂલાબ લોભી થઇ હતી.—તેની આંખો સામે લોભ આવીને લલચાવનારા દેખાવો બતાવી તેના કાનમાં જૂગારની મીઠાસનો અવાઝ નાંખતો હતો. હા, જો તે ચાહતે તો બે હઝાર રૂપીઆની જીત પછી રમત બંધ કરાવીને મોડી રાત સુધી એક પારકા મરદ સાથે જૂગાર વધુ વાર નહી રમતે, પણ તે લાલચુ થઇ હતી, એટલે ચારોજ શો હતો ?

એવી રીતે છ રાત જૂગાર રમાયો ! અને આવતી કાલની રાત ફક્ત છેલ્લીજ રાત હતી, કેમકે પરમ દીને સહવારના પહોરમાં લખમીચંદ શેઠ આવવાના હતા. છ રાતની આવક જે ગૂલાબવહુની તરફેણમાં ગઇ હતી તે વીસ હઝાર રૂપીઆ થવા ગઇ ! !

છ સ્હાંઝ સુધી ગુલાબ કેઠે પણ ફરવા હરવા ગઇ નહીં હતી, કોઇને મલી નહી હતી, જીમખાનામાં ગઇ નહીં હતી અને એક સગાને ત્યાં જરૂરી મલવા જવાનું હતું તેબી સહવારના વખતમાં જઇને પાછી આવી હતી. તેને લોભ અને લાલચે ઘેરી લીધી હતી, તેને ખાવાનું ભાવતું નહીં, ફરવાનું ગમતું નહીં—પણ તેની આંખ્યો સામે જે એક ખુશાલી દોડતી–ધામતી–કુદતી–નાચતી હતી તે ફકટ જૂગારની રમત હતી ! વીસ હઝાર રૂપીઆ ! જોકે તે મોટે ઘરની શેઠાણી હતી એટલે વીસ હઝાર

તેની નઝર સામે ઘણુા નહીંજ હતા, પણુ હમણાં તે ઘણુા અને વળી મધુર લાગતા હતા, અને તેનું કારણુ આપણે ઉપર જોઇ આવ્યા છીએ કે હરામની મલેલી ચીઝ માણુસપર વધારે લહેઝતનો છાપ બેસાડની હતી!

તે છેલ્લી રાત હવે રમવાની બાકી હતી, અને તે રાતનાં રમતાં રમતાં પરભુદાસે ખરડયા પગ ગાલીચા સુધી લઇ જઇને ગુલાબવહુની ખુબસુરતીની ઘણી ઘણી વખાણો વારંવાર કર્યા કીધી, પણુ ગુલાબવહુ તેની વાત તરફ ફકટ એક હસવું હસીને રહેતી, અને બીજીજ પલે પાનાના દાવપર પૂર ઉમંગથી મંડી જતી. રાતના નવેક વાગ્યાનો શુમાર થયો હશે, જયારે ગુલાબવહુને નામનો એક તાર આવ્યો જેમાં સૂરતથી લખમીચંદ શેઠે જણાવ્યું હતું કે એકાએક બીજા વેપારીને માટે ભરૂચ ઉપડી જવાનું તેમને થયું હતું અને તેથી બીજા ચાર દાહાડા સુધી તેવણુ આવી શકવાના નહીં હતા.—પરભુદાસે તે તાર વાંચીને ખુશાલીનો એક મૂંગો દમ મનમાં ને મનમાં ખેંચ્યો.

અને ગુલાબ? ગુલાબની શું હાલત થઇ? અફસોસ, કે તેબી ખુશીજ થઇ! અગાઉ તો જયારે લખમીચંદ એક દીવસથી વધારે રોકાઇ જતા તો ગુલાબને ચેન નહીં પડતી અને ઘરમાં અકડવકડ કરતી બેકરાર બની જતી હતી, પણુ આજે તે મીઠ્ઠા ઝહર જૂગારે તેના મનપર એટલો બધો કાબુ મેલવ્યો હતો કે લખમીચંદ ચારને બદલે બાર દીવસેબી ઘરે પાછા ફરે તેની તે થોડીજ દરકાર કરતી હતી!

ખુશાલીને મારે ગુલાબના ગુલાબી ગાલો વધારે રતાશવાલા બની ગયા, અને પરભુદાસ તે વખતે તેના ચેહેરા સામે જોઇ જોઇને આતશની ચેહમાં જાણે બળી જતો હોય તેમ ગરમ થઇ ગયો. તેની આંખ સામે ત્રીશ વરશની ગુલાબ સત્તર વરસની એક ગલગોટા જેવી છોકરી મીસાલ લાગતી

હતી, તેની કાળી ભમર આંખ જોઇને તેને તમ્મર આવતા હતા, અને તેના સુંદર હોઠ વચેથી હસ્તી વખતે જે દાંતની કલીઓ દેખાતી તે તેના જીગરને વીંધી નાંખવાને બસ હતી! ટુંકમાં, પરભુદાસ કોઇબી સુરતે ને પ્યારી માશુકને હાથ કરી લેવા જાણે નવું ઝોર દીલમાં વસાવતો હતો અને ગુલાબની આજની ખુશાલી જોઇ, તેના સુંદર ભરેલા મોહામાગું ચેહેરાને જોઇ, તે પ્યારમાં સખત રીતે ઘાયલ થઇ ગયો હતો. બસ, ગુલાબે પોતાની ખૂબસુરતીથી પરભુદાસની ગોયા સુદ્ધ ઉડારી મુકી હતી.

આખરે પરભુદાસ અરધી રાતના જૂગાર રમીને ઉઠયો ત્યારે તેણે શેકહેન્ડ કરતાં ચાહ્યું કે એક ચુમીબી લઇ લે—પણ તે ગુલાબના નેણ જોઇ ચોંકી ગયો—અને ચાલી ગયો.

૨.

પરભુદાસના ઘરમાં, તે અરધી રાત્રે બહાર રહેતો તો કુટુંબીઓ કોઇબી અજબ થતા નહીં, કારણકે તે વારંવાર અને લગભગ તેહેવારો પગની સઘલી રાત્રે કલબ—નાટક—યા એવીજ કોઇ બીજી રમત ગમતની જગ્યાપર જઇને મોડી રાત્રીએ પાછો ફરતો અને વળી કેટલીક વખત ચાલુ મધ્યરાત્રેજ આવતો, એટલે હાલમાં તે એક અઠવાડીયું ચાલુ લખમીચંદને ત્યાં જૂગાર રમવા રોકાયો હતો તેનીબી કોઇને પરવાહ થઇ નહીં. લખમીચંદને ઘરે લખમીચંદની પતીવ્રતા ધણીઆણી સાથે જૂગાર રમે છે એમ જો પરભુદાસની વહુ જાણતે તો અજાયબીથી ફાટીજ જતે, પણ પરભુદાસે તેનો જરાકબી સંસારો કોઇને જવા દીધો નહીં હતો, તે જતો ત્યારે લખમીચંદના ઘરથી દુર પોતાની ગાડીમાંથી ઉતરી લેતો ને ગાડીવાલાને ગાડી પાછી ઘરે લઇ જવા કહી પોતે પગે ચાલીને ગુલાબ પાસે રમવા જતો અને મધ્ય

રાત્રે પાછા ફરતી વખતે ભાડેની ગાડી કરી લેતો. લખમીચંદના ઘરના માણુસોનેબી તેણે રૂપેરી ચલકથી દાબી દીધા હતા, અને બધા માણુસો લગભગ જાણી ગયા હતા કે તેમના શેઠની પતીવ્રતા ધણીઆણી આ પોતાના સગા સાથે જૂગાર રમતી હતી—અને તેથી તેઓ ખામોશ રહેલા હતા. તોબી કોઇ અટકચાલા માણુસે કાંઇ નવી ટક હાથ લાગી જાય તેથી ભરાઇ છુપાઇને જોઇ લેવાની કોશેશ કીધી હતી, પણ જ્યારે ધુલજ ફાકવી પડી ત્યારે તે પોતે અજબ થઇને મનમાં સવાલ કરતો કે "શેઠાણીને આ શું ઘેલાપણું લાગું પડયું હતું? પતી તરફ વફાદાર ગુલાબ દીવાની તો નહી થઇ હતી?" પણ તેને શું ખબર કે ગુલાબને જૂગારનો "મેન્યા" લાગુ પડયો હતો!

જુઓ! પાછી ગુલાબ જૂગાર રમવા પડી ગઇ છે! તેણે મેજપર હવે તો પાંચ હઝારની નોટ મુકતાં કહયું "પરભુદાસ, મ્હારો તો પાંચ પાંચ હઝારનો દાવ માંડવાનો આજે વીચાર છે."

"ફીકર નથી" પરભુદાસે ખીસામાંથી નોટનો ચોરો ખેંચી કાહાડતાં કહયું "અહીં પચોતેર હઝાર રોકડા લાવેલો છું—ત્હમારી હીમત ચાલેતો રમો, મ્હને કાંઇ વાધો નથી."

પોતાના બોલેલા બોલ મુજબ પાંચ હઝારના દાવો રમવા સારૂજ ગુલાબ વહુએ બહોંસ કીધી અને દાવ રમાયો. પેહેલો દાવ ગુલાબ જીતી!

"પચીસ હઝાર" ગુલાબ ખુશાલીથી બોલી "કેમ પરભુદાસ, પાંચ હઝારનોજ દાવ છેવટ સુધી રમશો કે?"

"બાપેદાદે" પરભુદાસ જોશથી બોલ્યો "હું તો આજની દરેક રમતમાં પાંચ હઝારજ મુકીશ, ત્હમારો જીવ ચાલશે કે?"

"બોલેલું ફરવું નહીં. મ્હારો એ નીયમ છે; હું પાંચ હઝાર

સીવાયના દાવ આજે મુકવાનીબી નથી, અને લેવાનીબી નથી" ગુલાબે ટેબલપર હાથ ઠોકતાં કહયું "ચાલો બીજો દાવ."

અફસોસ, એક કોમલ સુંદર પતીવ્રતા નાર! તેને સ્વપ્ને જે ચીઝ નહી તેની ઉપર આજે કેટલા બધા પ્રેમથી દોરવાઇને ગોયા દીવાની બની ગઇ હતી! ઓ જૂગાર! ત્હારૂં ખાનુ ખરાબ હોજો!

બીજો દાવ રમાયો અને આ વખતે ગુલાબવહુ હારી!—ગુલાબે તેની દરકાર નહીં કરતાં જીતેલા વીસ હઝારમાંનાં હવે પાંચ હઝાર મુકયા, પણ તે દાવબી ગયો!—ગુલાબ જરા ફીકકી પડી ગઇ, તેણે સ્હેજ ધ્રુજતા હાથે બીજી પાંચ હઝારની નોટો મુકી, પણ અરે રામ, આબી ગયા!—ઉપરાસાપરી ત્રણ દાવો તે હારી ગઇ અને રૂપીઆ પંદર હઝાર બોલ બોલતા ચાલી ગયા! હવે તો તે અકડવકડ કરતી હતી, અને ધ્રુજતી હતી. ધ્રુજતા હાથોએ તેણે બીજા પાંચ હઝાર મેજપર મુકયા, દાવ રમાયો—અને ઓ આ શું થયું? આ ચોથી વાર ગુલાબના પાંચ હઝાર-પર પાણી ફરી ગયું! આજે જયારે પાંચ પાંચ હઝારના દાવથી એક બીજી મોટી રકમ તે હાથ કરવા માંગતી હતી, ત્યારેજ આમ ઉપરાસાપરી હાર કેમ થતી ચાલી? ગુલાબે મનમાં ને મનમાં અનેક બાધા લીધી, દેવ અને દેવીઓને યાદ કરી, પ્રભુની મનમાં યાદ લઇને પોતાને મદદ કરવા આજુજી કીધી, અને પાછા પાંચ હઝાર ટેબલપર મુકયા. દાવ રમાયો, અને ઓ કમબખત નસીબ, ગુલાબને તેણે યારી નહીંજ આપી, જીતના બચેલા આ બાકીના પાંચ હઝારબી ગયા!

ગુલાબ નસોસ થઇને ખુરસીમાં પડી! "અફસોસ."

"કેમ અફસોસ કરોછો, ગુલાબ?" પરભુદાસે ગુલાબની આંખમાં જોઇને કહયું "એ તો મ્હારા પચીસ હઝાર મ્હને પાછા મલ્યા, ત્હમારી

તો એક પાઇબી ગઇ નથી—મેં પચીસ હઝાર ખોહયા ત્યારે તો આવો અફ્સોસનો દમ ભર્યો નહીં હતો.—તો ત્હમે આજે આ શું કરો છો?"

"મ્હારી પાસે મ્હારા અંગત રોકડા વીસ હઝાર છે" ગુલાબ એકદમ બોલી ઉઠી.

"તો રમોને?" પરભૂદાસે ઝટ ગુલાબનો વાકય પકડી લેતા ઉલટ આપી, અને તે ઉલટ ઝટ લઇ લેતાં ગુલાબ ઉઠીને પોતાનું રોકડ લઇ આવી, પાછી બેઠી, ને એક છાકટા માણસની માફ્ક નોટનો ચોરો કહાડીને પાછી રમવા લાગી.

પણ નહીં, કોણ જાણે આજે નસીબદેવી શું રમત કરવા માંગતી હતી કે ગુલાબને તે હરાવતીજ ગઇ. ગુલાબના પોતાના પાંચ હઝાર ગયા! તે નીસાસાપર નીસાસા નાંખીને બીજા પાંચ હઝાર મુકીને પાના તરફ એક વાઘ જેમ પોતાના શીકારપર તડાપ મારવા તાંકે તેમ ટગર ટગર જોતી રહી, પણ ઓ પ્રભુ! આ શો ગઝબ? બીજા પાંચ હઝાર ગુલાબે ખોહયા!—ગુલાબ, મૌત માફ્ક ફીક્કી પડી ગઇ, એક ફીક્કી સુફેદ ચાદર તેના ચેહેરાપર મુકી હોય તે મીસાલ સાવ સુફેદ પુણી જેવી થઇ ગઇ! તેના હોઠ હવે થરથર ધ્રુજતા હતા, તોબી તે બીજા દાવમાં જીત મલશે તેના ઇરાદાપર બીજા પાંચ હઝાર મુકી બેઠી, ને તેબી ખોહયા! હવે છેલ્લા પોતાની પાસેના પાંચ હઝારથી કદાચ પાંચ હઝાર સામેના ખેંચાઇ આવશે તેમ ધારીને છેલ્લા પાંચબી મૂકયા!—પણ અફ્સોસ, તે બી ગયા!

"બસ—હું હવે વધારે રમી શકતી નથી." ગુલાબ નસોસ થઇ જઇને બોલતી હોય તેમ બોલી "હું મ્હારી પાસેના બધેબધા રૂપીઆ હારી ગઇ છું, હવે ઘરખર્ચના એકસો સીવાય મ્હારી પાસે એક પાઇબી નથી."

"લખમીચંદના રૂપીઆમાંથી ઉપાડો." પરભુદાસે કારસ્તાન કરવા માંડયું.

"નહીં,–મ્હારી પાસ તેમની તીજોરીની ચાવી નથી, અને હોય તોબી તેમના રૂપીઆને હાથ લગાડવાનો મ્હને અધીકાર નથી, અધીકાર હોય તોબી જાન જવેબી હું તેમના પૈસા જુગારમાં નહીંજ લઉં." ગુલાબે મક્કમપણે કહયું.

"તીજોરીની ચાવી ત્હમારી પાસે નથી, તો લો હું ત્હમને ધીરૂં–અને ત્હમે રમો, કદાચ ત્હમારા ત્હમને પાછાબી મલે." પરભુદાસે સમજાવ્યું.

"નહીં, સાહેબ, હું ત્હારો ઉપકાર માનું છું" ગુલાબવહુએ હોઠ કરડતાં કહયું "પણ હું સામેના રમનાર તરફથી મલેલા ઉછીના રૂપીઆએ કદીબી નહીં રમું."

"પણ ત્હમારો બદલો, ત્હમારૂં વેર લેવાબી ત્હમે રમવા માંગતા નથી?" પરભુદાસે સલગરી કરી.

"હા! હું તેમ કરીશ!" લાલચે પાછો તેના મસતકપર કાબુ મેલવ્યો, અને તે વગર વીચારે કહી દેતાં હાથમાંની સાંકડી, કાનમાંના ઇઅરીંગ, ગલામાંની માલા કહાડીને ટેબલપર મુકતા બોલી "આની કીમત ત્હમે પાંચ હઝાર કરોછો કે નહીં?"

"સમજો કે પાંચ હઝાર, હું હાર્યો તો પાંચ હઝાર રોકડા ત્હમને આપીશ, અને ત્હમે હાર્યા તો હું ત્હમારી એ બધી જણસ લઇશ."

"ઓલ રાઇટ" તે અપ–ટુ–ડેટ ગુલાબે ગુમાયલી સુધ્ધી છતાં દમામથી કહયું "હું જીતીશ તો રમીશ, ને હારીશ તો દાગીનો ઘરમાં પેહેરવા નહીં ગમતો કરીને લખમીચંદને સમજાવીશ, અને વલી બહાર પણ દાગીના વગરજ જઇશ."

"ત્હમે ક્યાં બહાર દાગીના પેહેરીને જાઓછો જે ત્હમને ધાસ્તી હોય ?" પરભુદાસે આગમાં તેલ રેડતાં કહયું "અરે હારશો તોબી એના વગર ચાલશે, બીજો કોઇ તેહેવાર આવે અને દાગીના પેહેરવા પડે તો તેટલા વખતમાં લખમીચંદને શીશામાં ઉતારીને સમજાવી લેતાં વાર કેટલો ! કેમ બોલ્યા નહીં ?" અને તેણે તાલી માટે હાથ લંબાવ્યો.

પણ ગુલાબવહુએ તેના હાથપર હાથ ઠોકયોજ નહીં. તે અપ-ટુ-ડેટ હતી, તે સુધરેલી હતી, તે પારકા મરદ સાથે એખલી જુગાર રમવા જેવી હદપર ગઇ હતી, તોબી તે પોતાનું સ્વમાન તો ખોહવા તૈયાર નહીંજ હતી.

પરભુદાસે દાંત કચકચાવ્યા, અને મનમાં બડબડયો "ગુલાબ, ત્હારો મરડાત નહીં તોડું તો હું પરભુદાસ નહીં."

"ચલાવો" ગુલાબે કહયું "હે ઇશવર, ત્હારી કૃપા."

પણ નહીં, ઇશ્વરે કૃપા દ્રષ્ટી કીધીજ નહીં અને ગુલાબ પોતાના તમામ દાગીના તે રમતમાં હારી ગઇ ! હવે ?

"પણ નહીં, ઉભા રહો—હું છેલ્લી કોશેશ કરી જોવા માંગુ છું" હાર્યો જૂગારી બમણું રમે તે મીસાલ શૂરપર આવી જઇને ગુલાબ બોલી "હું મ્હારો હીરાનો હાર જે લખમીચંદે સૂરત જતી વેળા મ્હને તેહેવારના શુભ પ્રસંગ સારૂ પ્રેસંટ કીધો હતો તે લાઉ છું, તે છ હજારનો છે, તમે પણ છ હજાર ટેબલપર મુકો ?"

પરભુદસે તેમ કરયું, ગુલાબ તે ચકચકીત હીરાનો હાર લઇ આવીને ટેબલપર મુકી બેઠી, દાવ ચાલ્યો, અને ઓ કમનસીબ ! તે હારબી પરભુદાસને ફાલે ગયો ? હા, તે ગયો અને ગુલાબવહુને જાણે અરધી મારી નાખીને ગયો !

ગયું ! બધે બધું ગયું ! ગુલાબ પાસેનું રોકડ નાણું, તેના દરદાગીના,

તેની માલા, તેનો હીરાનો હાર, સર્વે ગયું, અને હવે રમવાની તે જીજ્ઞાસા કરતી હતી તોબો રમવા સારૂ તેના હાથમાં કાંઇજ નહીં રહ્યું !

તેટલાં રામાએ દુધનાં બે ગ્લાસ લાવીને મુકયાં, અને ચાલી ગયો. પરભૂદાસે ગ્લાસ ઉપાડીને દુધ પીધું, પણ ગુલાબવહુએ એક અછાટ મારીને દુધનું ગ્લાસ એમનું એમ ભોંયપર ઉરાડી દીધું.

"ગુલાબ, ગુલાબ!" પરભૂદાસે ઉઠીને ખૂરસી પકડતાં કહયું "આ ત્હમે શું કરો છો? ઇશવરને વાસ્તે, જરા શાંત થાઓ! યાદ કરો, કે અવાજ જશે તો નોકરોમાં આજની વાતની ખબર થઇ જશે."

"સાચું." એકદમ નસોસ થઇ જઇને ખુરશીમાં પડી જતાં ગુનાબે કહયું "બીલકુલ સાચું! હું દીવાની બની ગઇ! મેં સર્વ સર્વ ખોહયું! સોનામોહોર–મ્હારી સઘળી નોટ–હીરાનો હાર–મોતીની માલા–સાંકડી–આંગડી–ઇઅરીંગ બધે બધું ખોહયું! અને હવે અફસોસ કે તે પાછું મેલવવા માટે મ્હારી પાસે રમવા સારૂ એક પાઇ નથી યા કોઇ ચીજ નથી."

અફસોસ, ગૂલાબ હજી રમવા માંગતી હતી! ઓ જુગાર, ત્હારૂં સત્યાનાશ જાએ, તું કેટલો બધો એક માણુસને પોતાના સકંજામાં સપડાવે છે કે ત્હારી તકલીફી મોહીનીમાંથી છુટી શકવું મહાલ ગણે છે! એક નેકઝાત ઑરત, એક પતીવ્રતા નાર, તેનો આએ હાલ? જૂગાર, તું પાપી છે, અને બીજાને પાપી બનાવે છે.

"ગુલાબ!" પરભુદાસે પ્યારભરી આંખોથી કહયુ "તું રમવા માંગેછ? તો રમ, હું તને રમવાની સઘવડ કરી આપું. ઓ ગુલાબ! તું શું જાણે કે ત્હારે માટે હું શું નહીં કરવાનું બાકી રાખું? મ્હને માફ કર, મ્હને માફ કર, હું કરગરીને કહુંછ કે મ્હને માફ કર, પણ

મ્હારો પ્યાર કબુલ કર. આહા ! મ્હને તું ગુસ્સાથી જોયછ—પણ તું મ્હારે માટે મ્હારી ઉપર ગુસ્સો ના કર—પણ તું ત્હારે માટે ત્હારી પોતાની ઉપર ગુસ્સો કર ! હા, તું જો ખૂબસૂરત નહીં હતે તો પછી હું શું કામ ત્હારીપર પ્યારમાં પડીને આવા શબ્દો ઉચારતે ?"

ગુલાબ તો ફાટે ફાટે ડોળે પરભૂદાસને જોતીજ રહી ! તેની જીભ જાણે તાળવે વળગી ગઈ, તે કાંઇ બોલવા માંગતી હતી તોબી બોલી શકી નહીં, અને થોડે વારે જ્યારે તે બોલી તેબી ગુસ્સાનું બોલવાને બદલે, હાય અફસોસથી બોલી "અરે, હું આજે એક ગરીબ ઘરની નારી હતે તો જૂગાર નહીં રમવા પામતે !"

"ગરીબોબી જુગાર રમે છે" પરભૂદાસે સમજાવ્યું "આપણા આ શ્રાવણ મહીનાના તેહેવારોપર તો ગરીબોબી જૂગાર રમે છે, તેઓ પાંચ હજાર નથી રમતા તો પાંચ આના, અથવા પાંચ પૈસાથી રમતા હશે—પણ જૂગાર તો રમેછેજ."

"ગરીબોબી રમે છે ?" જાણે દીવાની બની ગઇ હોય તેમ ફાટે ફાટે ડોળે અને બેધ્યાંનપણે જોતી રહીને ગુલાબ બોલી "તો, જાઓ, ઓ કોઇ જાઓ, તે ગરીબોને સમજાવો કે મ્હારા જેવી તવંગર ઘરની શેઠાણી આજે જૂગારને લીધે ઘેલી ગાંડી જેવી થઇ ગઇ છે, તો પછી તમો ગરીબોના હાલ કેવા બુરા થતા હશે ? શ્રાવણ મહીનાના તેહેવાર ઉપર અંગે નવાં વસ્ત્ર ઘાલીને રૂડાં કામ કરવાને બદલે, જૂગાર રમીને તકલીદી મોજ મેળવતા, ઓ ત્હમો જૂગારીઓ ! તમે મ્હારી હાલતબી નથી જોતા ? અને તેમાંથી કાંઇ નથી શીખતા ?"

"ગુલાબ ! ગુલાબ ! એ શું ફાટું ફાટું બકો છો ? કોણ સાથે વાત કરો છો ? કોઇ સાંભળશે તો તમને દીવાના ગણશે" પરભૂદાસે ગુલાબ વહુને

બેધ્યાનપણે બકબકારો કરતી જોઇને ગભરાઇને કહ્યું "સાવધ થાઓ, ને ચાલો એક બીજો દાવ રમીએ."

"બીજો દાવ રમું!" જાણે કાંઇ યાદ આવતું હોય તેમ યાદ કરી કરીને ગુલાબ બોલી "પણ શાથી રમું? મ્હારી પાસ હવે બાકી શું છે?"

"બાકી છે" પરભૂદાસે ઝટ કહ્યું.

"શું?" ગુલાબે આતુરતાથી પુછ્યું.

"ત્હમારી આબરૂ"

માથામાં કોઇએ લોખંડનો સળીઓ માર્યો હોય તેમ એકદમ માથુ પકડીને ગુલાબે એક ચીસ પાડી "ઓ, હીંઆં સુધી જુગારે મ્હને લાવી નાંખીછે?"

"મ્હને સાંભળી લે, ગુલાબ, મ્હને સાંભલી લે, હું ત્હારી ઉપર માથાથી પગ સુધી પ્યારમાં છું" ગુઠન્યે પડીને પરભૂદાસે કહ્યું "પેહેલે દીનથી રમવા બેઠાં ત્યારથીજ હું ત્હારીપર ઘેલો દીવાનો બની ગયો છું."

"ઓ અપ-ટુ-ડેટ સુધરેલા જમાના! ત્હારો નાશ થજો, તું જ્યાં સુધી સારી હદમાં હોય ત્યાં સુધી રેહેજો, અને ત્હારી ઓળંગી ગયલી અમર્યાદાની હદનો નાશ થજો! હું જો આજે સુધરેલી નહીં હતે તો એક પારકા મરદ સાથે વાતબી નહી કરતે, પણ અફસોસ, બુરા સુધારા! તેં એક પારકા મરદ સાથે મ્હને વાત કરાવીને, આએ અવસ્થાએ પ્હોંચાડી?" ગુલાબ માથાપર હાથ મારતા બોલી.

"ગુલાબ," પરભૂદાસે પોતાનું હાણ્યા કીધું" પરમ દીને લખમીચંદ આવી જશે, તે ત્હમને દાગીના વગરની જોઇને અજબ થશે—માટે છેલ્લો દાવ રમી લો, અગરજો ત્હમારી જીત થઇ તો હું ત્હમને ત્હમારા વીસે વીસ હજાર પાછા આપીશ, ત્હમારા તમામે તમામ દાગીના પાછા આપીશ, ત્હમારો એકબી રૂપીઓ, ત્હમારો એકબી દાગીનો હું મ્હારી પાસે રાખીશ

નહી, પણ ત્હમને પાછો આપી દઇશ—પણ જો ત્હમે પાછાંપી હારીજ ગયા, તો ત્હમારી આબરૂ—— ”

“ ચુપ, ઓ રાક્ષસ, વધુ ન બોલ, આએ મ્હારા પવીત્ર ઘરની ભીતને ત્હારી નાલાયક માંગણીનો સાદ વધારે સાંભલવા નહી દે—તે ધ્રુ-જશે, કંપશે અને કદાચ તુટી પડીને મ્હને અને તુંને બેઉને કચડી નાખશે.” ગુલાબ ગુસ્સાથી ઉઠતા બોલી “ બેસ, હું જરા જઇને દુધ પી આઉછું, અને પછી ત્હારી મરજી મુજબ દાવ રમશું. ”

તે ગઇ ! એક છાકટા માણસની માફક અફલાતી, ઝીંકાતી, લઠડતી, અટડતી રાંધણી તરફ હલવે હલવે ગઇ ! અને ત્યાં કોઇને નહી જોઇને દુધ પીવાને બદલે તેણે રાંધણીમાનો મોટો ચપપુ બંધ કરી દઇને ચોલીની અંદર છુપાવી લીધો ! તે દીવાની જેવી થઇ ગઇ હતી, તેની સુધ બુધ જાણે ગેબ થઇ ગઇ હતી, તે શું કરતી હતી તેનું તેને ભાન નહી હતું. તે એક ખરેખરી પતીવ્રતા ઓરત હતી, અને તેણે મનમાં ઠેઠાવ કીધો કે જો દાવ જીત્યો તો બધું પાછું મેલવી લઇ જૂગારનુ હવે કોઇ કાલેબી નામ નહીંજ લેવું, અને જો હારી ગઇ તો તેઝદાર મોટો ચપપુ પોતાના કાલજાંમાં ચલાવી દઇ મરી જવું—પણ પતીવ્રતાપણું કદી નહી છોડવું !

તે દુધ પી આવી હોય તેવું બતાવી ગુપચુપ આવીને બેસી ગઈ, અને બોલી “ ચલાવો દાવ. ”

દાવ શુરૂ થયો, ગુલાબનો ચેહેરો ફીકકો થઇ ગયો હતો, તેના હાથ પગ ધ્રુજતા હતા, તેને લાગ્યું કે તેના આખા શરીરપર કોઇએ બરફની લાદી મૂકી દીધી હતી, તેને લાગ્યું કે તેની નસેનસમાં કોઇએ તપાવેલું સીસું રેડી દીધું હતું, તે ફાટેલા ડોળે રમત જોતી હતી, બીજીજ પલે તેને યાતો સર્વ પાછું મલવાનું હતું, યાતો—ઓ પ્રભુ——

પણ, તે દાવબી ગયો! અને પરભૂદાસજ તે દાવમાંબી જીત મેલવવા પામ્યો!

ગુલાબની આંખે અંધારા આવી ગયાં, તેનું આખું શરીર ધ્રુજવા લાગ્યું અને હાથ પગ ગલી જતાં હોય તેમ જણાયું. અફસોસ, તે છેલ્લો મૌત જીવતનો દાવબી તે હારીજ ગઇ હતી! અરેરે, નસીબ, તે ક્યાં સુધી ગુલાબપર રૂઠયું હતું?

"ગુલાબ, ત્હમારૂં વચન પાલો" પરભૂદાસે કહ્યું.

"રાક્ષસ! ત્હારીપર મ્હારા શ્રાપ હોજો. જો, આએ છુરી" ગુલાબે તે તેઝ હથીયાર ખોલતાં ઉઠીને બુમ પાડી "જો, હું કેટલી બધી જૂવાન છેઉં, હું હજી કેટલાં બધાં વર્ષો સુધી જીવવા માંગુ છું, પણ ઓ દયાહીણુ દૈત, ત્હારે લીધે હું જૂવાનીમાં મરૂં છું, હું જીવવા માંગું છું તોબી મરૂં છું—મરતાં મરતાં હું તુને શ્રાપ દઉં છું કે તું દીવાનો થઇને રીબીને મરજે, તું એક પરણેલો મરદ થઇને પતીવૃતા પારકી સ્ત્રીપર નીરલજ આંખોથી જુએ છે, ને તેની લાજ લુટવા માંગે છે, પણ યાદ રાખ ઓ દુષ્ટ, કે પતીવૃતા ઓરત પોતાનું પતીવૃત છોડશે નહીં, પણ આએ એમ મરી જશે," પરભૂદાસ તેને પકડી લે તે આગમજ કાલજાંમાં છુરી ચલાવી દેતા ગુલાબ પડતાં પડતાં બોલી "ઓ, દુરાચર્ણી અભાગ્યા, તું મ્હને મરતાં જુએછે પણ ત્હારી તે જોતી આંખો ફુટી જજો."

* * * *

અફસોસ!

દીવાનાશાલામાં એક દીવાનો શખ્સ અનેક ચેનચાલા કરતો પડેલો છે, અને તે પોતાની આંખો છતાં દેખી શકતો નથી!

તે કોઇજ નહીં, પણ પરભૂદાસ છે.

તે મરતી ગુલાબને જોઇને ભાણુજુશો થઇ જઇ તેજ રાત્રે દીવાને બની ગયો હતો, અને દીવાનાશાલામાં પડયા પછી રફ્તે રફ્તે આંખોનુ નુર ખોહી બેઠો હતો. અફ્સોસ, તેને શું ખબર ન હતી કે નેકીને ભરેલી પતીવ્રતા ઓરત કોઇંમી ભોગે પોતાની પાકદામનને ડાઘ લગાડવા તો કદીબી દેતીજ નથી? અને એવી ઓરતો આ દુન્યામાં કંઇ કમતી નથીજ

બસ, "મશરેક," કલમને થામ, તે જુલ્મગાર ઝીંદગીપર વધારે ના ચાલ જે જેવું કરેછ તેવું પામેછ.—ખુદા! ઇનસાફી છે. તેની લાકડીને આવાઝ નથી

પણ સબર, છેલ્લા મ્હને બોલી રહેવા દો કે મ્હારી કલમે એક કરૂણારસ દેખાવ દોરયો નથી? અને શું તેથી જૂગારીઓને બો મલવાનો નથી? ઓ લોકો! ઓ બેતાબ ખલકતના ઓ ત્હમો બેચે લોકો, કાંય જુગાર રમોછ? સારા તેહેવારોપર શું બીજી કોઇ મો ત્હમને મલતી નથી કે ખાનાખરાબ શત્રુને ત્હમારો મીત્ર બનાવોછ? હ ઉઠાવો, હાથ ઉઠાવો, એ દુષ્ટ રમતપરથી હાથ ઉઠાવો, અને સારે દીવસે દાન—પુણ્ય અને ધર્મપર ધ્યાન આપો.

૧૧

ફકટ ભાઇને ખાતર.

૧

આ એક ઇતીહાસીક વાર્તા છે, જેનો પરદો ચઉદમી સદીમ બવેરીઆની પૂર્વ સરહદપર શાંતી, સુખ અને સંપથી રહેનાર એક ખેડુ અને તેનાં બે નવજવાન છોકરાઓના ઝુપડાપરથી ઉચકાય છે. બુઢ્ઢો ખેડુ

સ્ટીલ્ડબરજર પોતાની વ્હાલી ધણીઆણીના ગુઝરવા પછી પોતાના આ બે નવજવાન ખઝાનાને બહુજ સંભાળથી ઉછેરી મોટા કરી શકયો છે, અને હવે તેઓ સાથે સુખમાં દીવસો કાહાડતો નઝરે પડે છે.

કાર્લ, ખેડુતનો મોટો છોકરો, ઉમરાવી દેખાવનો જવાન છે, તેની કાલી મોટી આંખો તથા ગ્રીશીઅન પહેલવાની દેખાવ માણસને ખેંચી લે, તે એક કસરતબાઝ નવજવાન છે, જેના હાથથી છુટેલો તીર બરોબર નીશાણને વીંધી નાંખીને આરપાર બહાર નીકલી જાય એવી ચોકસ નેમ સાથે ઘણાજ જોશથી હવામાં ઉડે છે.—જ્યારે ન્હાનો ભાઇ, સીસમન, પોતાના મોટા ભાઇ કાર્લથી તદન ઉલટાજ ખવાસનો એકમાર્ગી છે અને તેનો દેખાવ એક પેહેલવાની મદ કરતા એક નાઝુક ઓરતના શરીરને મલતો આવે છે. તે ઘણો ખુબસુરત, નાઝુક અને દેખાવલો છે, તે પોતાનો ફુરસદનો વખત પુસ્તકો વાંચવામાં ગાલે છે જ્યારે તેનો પેહલવાની બદનનો મોટો ભાઇ ફુરસદનો વખત તીર, કામઠાં અને તલવારના પટા ચલાવવામાં ગુઝારેછે.

બુઢ્ઢો સ્ટીલડબરજર જે ગામડામાં રેહેતો હતો તેજ ગામડામાં સ્ટીલડબરજરના ખેતરની બાજુમાં એક બીજો બુઢ્ઢો રેહતો હતો જેબી રંડાયલો હતો અને તેને એકની એકપુરી ખુબસુરત બેટી નામે મેરીયેતા હતી. એ ખુબસુરત સુંદરીના બાપે જવાનીના વખતમાં હંગેરીના પાદશાહોના હાથ નીચે રહીને તુર્કો સાથે એક લડાઇમાં ભાગ લીધો હતો, અને લડાઇમાં અચ્છી રવેશે હાથ મારી લુટમાં મલેલી એક દોલત સાથે પોતાના આએ ગામડામાં પાછો ફર્યો હતો, એક બગીચો ખરીદયો હતો, તેમાં એક ન્હાનું ઘર બાંધ્યું હતું અને પોતાની બુલબુલ જેવી નાઝુક છોકરી સાથે વરસો સુધી ત્યાં રહીને હવે બુઢ્ઢો થવા આવ્યો હતો.

મેરીયતા પોતાના બાપની એક મગરૂરી હતી, તે હમણાં વીસ વરસની થઇ હતી, અને કુમારી હતી,—પણ લોકમાં ચકચાર એ ચાલતી હતી કે સ્કીલડબરજરના કોઇબી છોકરા સાથે તેના લગન થશે, પણ કયા છોકરા સાથે થશે તે લોકો બરોબર કહી શકતા નહીં હતા, કારણકે કાર્લ અને સીસમન બેઉ મેરીયેતાને વાતચીતમાં વારંવાર મલતા રહેતા હતા.

"સ્કીલડબરજર" એક દીવસે બુદ્ધા હરમને બુદ્ધા સ્કીલડબરજરને કહ્યું "હવે આપણો બેઉનો વખત તો આવી રહયો છે, હવે તો મરતી વખતે આપણે આપણા બચ્ચાઓને એકમેકને સાચવતા કરી જઇએ તો સારૂ—મ્હારો વીચાર છે કે મેરીયેતાને ત્હમારા એકુ છોકરા સાથે પરણાવવી."

આ વાત સીમસન છુપાઇને સાંભલતો હતો, તેની જીજ્ઞાસા ઉશકેરાઇ હતી, કેમજે તેને લાગતું કે તેને પોતાને જો મેરીયેતા મલે તો દુન્યાનું એક અનમોલ મોતી મલી જાય-તેથી તે ધ્યાનથી પોતાના બાપ અને મેરીયેતાના બાપ વચેની વાત સાંભલવા છુપો ઉભોજ રહયો.

"હું સમજ્યો" સ્કીલડબરજરે દાઢી પસવારતાં કહ્યું "બલા કામ માં ધીલ કેવી ?"

"તો કોણ સાથે મેરીયેતાનું કરવા માંગોછ ?" હરમને સવાલ કીધો, અને છુપાયલા સીસમને કાન વધારે તેઝ કીધાં.

"વરી કોણ સાથે !" સ્કીલડબરજરે અજાયબી બતાવી "કાર્લ મોટો છે, ને કાર્લનીજ સાથે."—આ સાંભલીને પેલી તરફ છુપાયલા સીસમને હોઠ કરડયા, પગ ઠોકયા અને તેના ચેહેરાપરનો રંગ ઉડીને ફીકકો થઇ ગયો.

સાટું નકકી થયું, હાથપર હાથ થોકાયા, બીરના સલામતીના ગલાસો ઉંચકાયા, અને હરમન પોતાની દીકરીને તે વાતની ખબર કરવા ગયો, જયારે સ્કીલબડજરે સ્હાંઝના જમવા બેસતી વખતે બેઉ છોકરાઓ

આગલ વાત કીધી. કાર્લ ખુશી થયો, સીસમને ખુશી થવાના ઢોંગ કીધાં પણ તે છોકરાના દીલમાં જાણે જવાલા ફાટી નીકલ્યો હતો, તેને ખાધુંબી જેમ તેમ, અને લોહીનો ગોટ ગલી ગયો.

ઉપલા બનાવની બરોબર બીજે દીવસે સહવારે અજબ સંજોગે એક બેવેરીયન ઉમરાવ રકીલડબરજરના ઝુપડા આગલ ઘોડો ઉભો રાખીને પાણી માંગવા લાગ્યો, સીસમને અંદરથી સાંભલ્યું અને બીજીજ પલે તે પોતાના સુફેદ હાથોમાં બીરનું ગલાસ ભરીને બહાર લાવ્યો અને પેલા ઉમરાવને પીવા આપ્યું. ઉમરાવ તો બીર પીવાને બદલે પેહેલાં તે અઢાર વરસની ઉમરના ખુબસુરત છોકરાને જોવા લાગ્યો, અને પછી પાક પરવરદેગારની કરામાતપર આફ્રીન કરી તે પેલું બીરનું ગલાસ લઇ બીર પી જઇને બોલ્યો "વૃધ્ધ ખેડુત, આપના આએ જુવાન શખ્સ કોણ થાય?"

"જી, ત્હમારો ગુલામ."

"હંઅ, એવો બેટો ધરાવવા નસીબવંત છો? જો ત્હમો એ છોકરાને મ્હારા મહેલમાં મોકલશો તો હું એને સંગીતની અચ્છી તાલીમ અપાવીશ અને લડાઇનુંબી કાંઇ શીખવીસ." ઉમરાવે કહયું.

"નહીંજી, મ્હને માફ કરો–મ્હારી એ આંખની કીકીને હું મ્હારાથી દુર કરી શકતો નથી——" અને ખેડુત વધારે કાંઇ બોલવા ગયો. તેટલા સીસમન વચે પડીને બોલ્યો "નહીં, બાવાજી, હું એવણ સાથે આજેજ જવા ખુશી છું, ત્હમુને દર આંતરે મલવા અહીં આવીશ, ત્હમે મ્હને એવણના મહેલમાં જવા દો."

ખેડુત પહેલાં તો જરા અજબ થયો, કેમજે સીસમન પોતાના ઝુપડાની દુર કદી જવાનું પસંદ કરતો નહીં, અને હમણાં તેનામાં એ

એવો કેવો ફેરફાર થયો ? સીસમન, બીચારો તે તો પોતાના ભાઇને પોતાની વ્હાલી સાથે લગન કરે તે બનાવ જોવા ખુશી નહીં હતો, પણ તે એક વફાદાર ભાઇ હતો, અને ભાઇના લગન જોઇને તે પોતે સંતાપથી દુખ નહીં પામે તેના વીચારે કેઠો દુર થવાજ માંગતો હતો—અને પરવરદેગારે જાણે આ એક રસ્તોજ તેના માર્ગમાં ખુલ્લો મુકી દીધો હતો.

ખેડુતે ધસીને નાની નાજ પાડી, પણ સીસમને પોતાના ભાઇને સુખથી પરણી જવાના વખત સુધી પોતે દુરજ રેહેવાનું ધાર્યું, એટલે મક્કમ મને બાપને સમજાવ્યું અને વખતો વખત મલવા આવવા તથા બે ચાર સાલમાં નોકરીથી રૂખસદ લઇ સદા સુધી પાછા તેનીજ પાસે આવવાનું વચન આપીને તે બાપને, ભાઇને, હરમનને અને છેલ્લે ઝખ્મી દીલે હરમનની બેટી સુંદર મેરીયેતાને મલીને પેલા ઉમરાવ સાથ ગયો.

ઉપલા બનાવને છ અઠવાડીઆં થઈ ગયાં.

સીસમન તે ઉમરાવના મહેલમાં કેટલીક નવી રીતભાત, નવી યુક્તીઓ અને લડાઇની તથા મયુઝીકની થોડીક ચીઝો શીખ્યો હતો. તે વધારે વખત રહેતે તો ઘણુંએક વધારે શીખ્યો હતે, પણ એકાએક લડાઇનું વાદલ તે દેશપર છવાઇ રહયું અને સીસમનના ઉમરાવે ઢંઢેરો પીટાવીને શેહેરના અને ગામડાંઓના દરેક ઘરવાલાઓને ખબર આપી કે તેઓએ બે દીવસની અંદર પોતાના મોટા છોકરાને—કબુલાત અને રસમ મૂજબ—લડાઇમાં મોકલવા સારૂ તે ઉમરાવના વાવટા તળે ભેગા થવા મોકલવા. જેવું સીસમને તે જાણ્યું કે તે ઉતાવલે પોતાના ઉમરાવ આગલ જઇ ગુઠન્યે પડયો અને તેની પાસેથી માંગી લીધું કે તેના ભાઇ કાર્લને બદલે તેને પોતાને એટલે સીસમનને લડાઇમાં મોકલવો. ઉમરાવે, તે વાત કબુલ નહીં રાખી, કારણકે દેશનો કાયદોજ હતો કે દરેક ઘરના મોટા

છોકરાએ લડાઇમાં મદદ અપવી—તો તે ઉમરાવ સીસમનને કેમ લઇ શકે ?

પણ સીસમન તેને પગે પડયો, આજીજી કીધી અને બહુજ કાલાવાલાથી માંગી લીધું ત્યારે તે ઉમરાવ તેને કાર્લને બદલે કબુલ કરી શકયો. તે બુઢ્ઢા ખેડુતનું જીગર જાણે કોઈ કાપી નાખતું હતું, કારણકે તેની હંમેશની તે આંખની કીકી જે તેની પાસેજ રહેતી, તે હવે જુદાઇ કરવાની હતી, અને વલી તેમનાથી જુદો થઇને તે લડાઇના મયદાનમાં પોતાના નાઝુક હાથોથી લડવા જનાર હતો !

થોડા અઠવાડીઆ પછી જ્યારે કાર્લ અને મેરીયેતાના લગન થયા, ત્યારે કાર્લનો ન્હાનો ભાઇ સીસમન તો જંગે મયદાનમાં ઘોડો દપતાવતો હતો.

૧૩૯૬ના સાલમા તે મોટી લડાઈ ખ્રીસ્તીઓ અને મૂસલમાનો વચે થઇ, ખ્રીસ્તીઓ લડાઇનો પલાન વીએનામાં તૈયાર કરીને નીકોપોલીસ જે તુર્કીઓનું ડેન્યુબ નદી ઉપરનું શેહેર હતું ત્યાં મલનાર હતા. અનેક વીટંબણા પછી ખ્રીસ્તીઓ જીતે તેવો બધો મામલો હતો, પણ તેટલાં બેપરવાઇએ તેઓમાં ગલબો કીધો, અને નીશામાં તથા મોજમઝામાં ચકચુર થયલા તે વખ્તના ખ્રીસ્તીઓ આખરે હારી ગયા.

ખ્રીસ્તીઓની તલવારે ઘણો ઘાણ કહાડયો હતો, મગર મોજશોખથી તેઓ જે હાલતે પોંહોંચ્યા તે બહુજ કંપાવનારૂં હતું, ઘણા કેદીઓને પકડવામાં આવ્યા હતા, અને તેઓમાં સીસમનનો ઉમરાવ અને સીસમન પોતેબી તુર્કી છાવણીમાં કેદી થયા હતા. લડાઇ પછી શેહેરે નીકોપોલીસની દીવાલો આસપાસ જ્યારે સુલતાને તપાસ ચલાવી તો ત્રીસ હઝાર કરતાં વધારે મૂસલમાનો માર્યા ગયલા જોઇને સુલતાનના ગુસ્સાનો પાર રહયો નહીં, અને તેણે તે ગૂસ્સામાં ને ગૂસ્સામાં વીસ વરસની અંદર સીવાયના બધા ખ્રીસ્તી કેદીઓની કતલ ચલાવવાનો હુકમ આપ્યો. તે ભયંકર કતલમાં

સીસમનનો મુરબ્બી ઉમરાવ માર્યો ગયો, પણ ઓગણીસમાં વરસની પગડીએ પુગેલો જવાન સીસમન કાઢેલા કાયદાને લીધે બચી ગયો. જે સઘળા જવાનીયાઓ બાકી રહ્યા તેઓને સુલતાને મુસલમાન અફસરોમાં ગુલામ તરીકે વહેંચી આપ્યા. અને તેથી, અફસોસ, કે સીસમન એક ગુલામનો અવતાર પામ્યો!

સીસમનને સકુતારીની એક મદરેસામાં મોકલાવવામાં આવ્યો, ત્યાં મુસલમાની ધર્મનું શીખવવામાં આવ્યું, અને મુસલમાનોએ ઝબરદસ્તીથી જે ખ્રીસ્તી જુવાનીઆઓને પોતાના ધર્મમાં વટલવાની ફરજ પાડી હતી તેની સાથે સીસમનનેબી પોતાનો ધર્મ નાખુશીથી છોડવો પડયો! ઓસ-માંન અને માલખાતુનના બેટા ઉરખાન સુલતાનના વખતથી તે બનાવ બન્યો હતો જ્યારે ઝબરદસ્તીથી વટલેલા ખ્રીસ્તી જવાનોની એક જૂદીજ લશકરી ટુકડી બનાવવામાં આવી હતી.

બે વરસ પસાર થઇ ગયા.

તે અરસામાં સીસમનને પોતાના વહાલા પીતાપર કે ભાઇ ઉપર એક કાગળ લખવાનોબી મૌકો મળ્યો નહીં અને તેથી જ્યારે ખ્રીસ્તીઓની હાર અને કેદીઓની કતલની વાત તે દુખી બાપ અને ભાઇના કાન ઉપર પડી ત્યારે તેઓ નક્કી સમજી ગયા કે ઉમરાવનું જેમ ખુન કરવામાં આવ્યું હતું, તેમજ સીસમનનુંબી દુશમનોએ ખુનજ કીધું હશે, અને તેથી તે બાપ-દીકરા અને મેરીયેતા સીસમનના મૌત ઉપર બહુ બહુ રડયા. કાર્લને એ અરસામાં એક બેટા થયો, જેનું નામ તે ભાઇએ પોતાના મરહુમ ગણાતા ભાઇના નામપરથી "સીસમન" રાખ્યું, અને ન્હાનો સીસમનબી પોતાના કાકાની માફક ખુબસુરતજ ઉછરતો ગયો.

૨.

મગર, તે પછીથી સ્ફીલડબરજર પોતાની વહુ અને કાર્લ સાથે સુખથી નચીંત રહી શકયો નહી, કેમજે બીજેજ વરસે પાછું લડાઇનું વાદલ ચઢી આવ્યું. બેગલરબેગ તીમૂરતરફની સરદારી હેઠલ પંદર હજાર તુર્કોએ ખ્રીસ્તી ગામડાંઓપર હુમલા કીધા અને સઘળે આગ લગાડવા લાગ્યા તથા કતલ ચલાવવા માંડી. આખરે, શેહેર અને ગામે ગામના ખેડુતોબી તુર્કો સામે લડવા તૈયાર થયા, અને જો કે હરમન તો અત્યાર આગમજનો મરી ગયો હતો પણ જીવતો રહેલો સ્ફીલડબરજર બેટા કાર્લ સાથે બહાર પડયો. તેથી તે બુઢ્ઢા ખેડુતના ઘરમાં હવે મેરીગેતા અને બાળક સીસમન એકલા પડયા.

પહેલે દીવસે ખ્રીસ્તીઓ જીત્યા, પણ બીજે દીવસે વધારે હુમલા સાથે તુર્કો ધસી આવ્યા અને તેઓએ એક ભયંકર કતલ ચલાવવા ઉપરાંત ઘણાંઓને કેદ પકડયા. એવી રીતે કેદ પકડાયલાઓમાં બુઢ્ઢો સ્ફીલડબરજર પોતાના બેટા કાર્લ સાથે હતો. તુર્કીશ છાવણીમાંથી હુકમ બહાર પડયો કે જે જે સરદારોના હાથમાં જે જે કેદી આવ્યા હોય તેને બીજી સ્હાંઝ સુધીમાં પોતપોતાની છાવણીની અંદર કતલ કરવા, અને પોતાનું વેર લેવું. આ એક જબુન કામ હતું, અને ગાવ ગોસ્પંદ માફક પકડાયલા લાચાર કેદીઓની ભયંકર કતલ ચાલવાની હતી.

બુઢ્ઢો સ્ફીલડબરજર અને કાર્લ જે ટુકડીને હાથે પકડાયલા હતા, તે ટુકડીનો અફસર જવાન કેપટન હસન હતો અને બીજી સ્હાંઝે તે બાપ દીકરાની કતલ ચલાવવા સીપાહી તે બેઉ કેદીઓને હસનની રૂબરૂ છોડી ગયા. તે બેઉ ખ્રીસ્તીઓની અને કેપટન હસનની જેવી આંખ એક

થઈ કે ત્રણેના મુખમાંથી ખુશાલીની ચીખ નીકળી પડી ! કાર્લે જે પોતાના ન્હાના ભાઇ સીસમનને મુએલો સમજતો હતો તે સીસમનને કેપટન હસનના નામ કામ તળે જોઈને પોતાના ભાઇને જીવતો જોઇ તેના પહોલા કીધેલા હાથોમાં જઇ પડયો—મગર, તે બુઢ્ઢો બાપ પોતાના આ મુએલા ધારેલા પણ જીવતા મલેલા છોકરાને જોઇને ખુશી થવાને બદલે ઉલટો દીલગીર થયો, અને તંબુના ખુણામાં એક બાજુએ બેસીને ઝારબેઝાર રડવા લાગ્યો !

"સીસમન" તે બાપ રડતા રડતા પોકારી ઉઠયો "મ્હારા બેટા, તું જે હમણા હસનનું નામ ધરાવેછ અને માથાપર તુર્કીશ ટોપી પેહેરેછ તે—અગાઉનો સીસમન, અફસોસ ! અફસોસ ! કે તુંને વટલેલો જોવાની મ્હારી કેવી બુરી સરજત !"

"બાવાજી, એની તરફ એમ કરડી નઝરથી ના જુઓ, કદાચ એના કામ માટે એ પોતે ગુનેહગાર નહીં હોય" કાર્લે પોતાના બાપ તરફ જોઇને કાલાવાલા કરતી ઢબે કહયું.

"ગુનેહગાર !" તંબુના થાંબલાને અડકીને બેઉ હાથની અદબ વાલતાં સીસમને કહયું "હા, ભાઇ, હું ગુનેહગાર છું, હું ગુનેહગાર છું, કેમજે મેં માહરા દેશને તજયોછ, મેં માહરા ધર્મને તજયોછ, પાક ખુદા જેણે આપણુને એક ધર્મમાં ઉતાર્યા હોય તે ધર્મ છોડીને બીજા ધર્મમાં જવાથી પાક ખુદાના જેમ વટલી જતા લોકો ગુનેહગાર થાયછ, તેમજ હું તે પાક પરવરદેગારનો ગુનેહગાર થયોછ."

"બસ ! બસ !" તે દુખ પામેલા બાપે કાનપર હાથ દેતાં કહયું "વધારે બોલીને તું મ્હારા કાનને કંપારી ના આપ—ઓ બેકરાર દુન્યાની તું પાપી તસ્વીર, તુંને એમ બેચેન બનવાની કાંઇજ જરૂર નહી હતી, પણ જયારે તેં તેમ કીધુંછ તો પછી તું મ્હારો હવે બેટોજ નથી."

"પીદર, મ્હને સાંભલી લેઓ" સીસમન હવે જુસ્સાથી બોલ્યો "કે જે સઘળું બન્યું છ, જે પાપ માહરેથી થયું છ, જેને લીધે હું આવી રીતે ગુનેહગાર બન્યોછ—તે ભોગ ફકટ મ્હારા ભાઇને ખાતર આપ્યોછ!"

"મ્હારે ખાતર!" કાર્લે અજાયબી બતાવી.

"હા,—ત્હારે ખાતર" સીસમને જવાબ આપ્યો. "કાર્લ ભાઇ, ત્હારે ખાતર. જાણ, કે જેટલી હદે તું મેરીયેતાને ચાહતો હતો તેથીબી વધારે હું મેરીયેતાને ચાહતો હતો, મેરીયેતા મ્હારા દીવસનો ખ્યાલ ને મ્હારી રાતનો સ્વપનો હતી, હું તેને અથાગ પ્યારથી મનમાં ચાહતો હતો—પણ જ્યારે પીતાજીએ તુંને તેની સાથે પરણાવવા કાહાડયો ત્યારે તુંનેબી હું મ્હારા ખરા જીગરથી ચાહતો હોવાને સબબે ત્હારા લગનમાં મ્હારી અદેખાઇનો કોઇ ભાગ નહીં ભેલાય તેના ખ્યાલથી ત્હારેથી દુર જવા મેં ધારીયું—ને મરહુમ ઉમરાવને ત્યાં જઇ રેહેવા સાથે આપણુ વ્હાલું ઘર મેં ત્હારે લીધે છોડયું. વધારે સાંભલ, કાર્લ, જયારે લડાઇનું રણશીંગડું પેહેલું ફુંકાયું અને ઉમરાવે તમામ ઘરના વડા છોકરાઓને લડાઇમાં ઉતરવાનો ઢંઢેરો પીટાવ્યો, ત્યારે તુંને ત્હારી મહોરદાર મેરીયેતાથી જુદું નહી પડવું પડે તેમ કોણે કીધું? મેં, મ્હારા વ્હાલા ભાઇ, મેં ઉમરાવને સમજાવ્યો અને તુંને ત્હારી ધણીઆણી સાથે આપણા બુઢ્ઢા બાપ પાસે રેહેવા દઇને મે મ્હારો પોતાનો જાન જોખમમાં નાખ્યો, ને ત્હારે ભોગે, તુંને બચાવવા, ત્હારે ખાતર મેં લડાઇમાં ઝીપલાવ્યું—અને આજે હું આએ ફેંજે પુગોછ—પાક ખુદા મ્હને માફ કરે!"

"હુંબી તુંને માફ કરૂંછ" તે ચીરડાયલો બાપ હવે શાંત પડી જઇને એકદમ પોતાના બેટાને ગલે લગાડીને બોલ્યો "નેં તાહરા ભાઇને ખાતર આટલું આટલું ખમ્યું તો પછી હું તુંને માફ કરૂંછ, ચાહુંછ, પાક

ખુદાને માફ કરવા આજીજી કરૂંછ અને તે પાક પરવરદેગાર તુંને ચાહતો રેહેશે."

"મ્હારા વ્હાલા ભાઇ હું તહારો કેટલો બધો ઉપકાર માનુંછ!" કાર્લ તેને ફરીથી વલગી પડતા બોલ્યો, પણ બીજીજ પલે છુટો થઇને તેણે કહ્યું "મગર આજે તો અમને તારેજ હાથે મરવું પડ શે, નહી તો તુને તીમૂરતીરકની તલવારના ભોગ થવું પડશે."

"નહીં, હું ત્હમુને અહીંથી નહશાડવા માંગુછ" સીસમને પીદર અને બીરાદર તરફ જોઇને કહ્યું "હું અહીં એટલું વડપણ ધરાઉછ કે બેગલરબેગના હુકમથીજ ફકટ કોઈ એકદમ મ્હારા તંબુમાં આવી શકે, નહીં તો મહારી રજા વગર કોઇબી બીજો અફસર હોય તેબી આએ તંબુમાં દાખલ નહીં થઇ શકે. તેથી ત્હમે થોડા દીવસ મહારા તંબુમાં છુપા રહો, મૌકો મલશે તે રાતના હું ત્હમને અહીંથી નહશાડી દઇશ."

"અને તું!" તે અધીરા પડી ગયલા બાપે કહ્યું "તું આપણે ઘર પાછો નહીં આવનો?"

"નહીં, પીદર" સીસમને જવાબ આપ્યો "હું નથી આવી શકતો, હું ત્હમને બેઉને માહા મુશકેલીથી નહશાડી શકશ—પણ હું બી જો કોશેશ કરૂં તો પછી ત્રણઘે સપડાઇ જઇએ—ખુદા ત્હમારો નેઘેહબાન, ત્હમેજ અહીંથી ઘરેબારે સીધારો, ને છેક દુરથી મહારે વાસ્તે દુઆ મોકલજો—જો અહીં હું જીવતો હોઇશ તો ત્હમારી દુઆથી સુખ જોઇશ, ને મરી જઇશ તોબી ત્હમારી દુઆ મહારા આત્માને આશીરવાદ આપશે."

તે સ્હાંઝના ભયંકર કતલ ચાલી હતી, બીજે દીવસે સહવારના દરેક કપતને પોતાના હવાલાના કેદીઓના સર કાપીને નેઝાપર ચઢાવી તેને પોતાના તંબુની બહાર મુકવાના હતા જેથી માલમ પડી આવે કે દરેક

પોતાનું વેર બરોબર લીધું હતું. રાતના દરેક તંબુની બહાર કપાયલાં માથાઓ નેઝાપર ચહડાવવાના હતા, એટલે સીસમને અરધી રાતના ઉઠીને જ્યાં લડાઇના મયદાનમાં ખ્રીસ્તીઓ લડતાં મરી ગયા હતા તે તરફ ઘોડો કુદાવ્યો, અને ત્યાં જઇને ખ્રીસ્તીઓની લાશના ઢગમાંથી બે ડોકાં કાપી લાવ્યો—અને તે માથાઓને પોતાના નેઝાપર તેને ચહડાવી દીધા. આ રીતે પોતાના બાપ અને ભાઇને બચાવવા તેણે આફરીનકારક યુક્તી અજમાવી હતી.

બીજી સહવારે એક અમલદાર જે સોંપાયલા કેદીઓનું લીસ્ટ ધરાવતો હતો, તે કપાયલા ડોકાં ગણી જોવા બહાર પડયો, અને તેણે સીસમનના તંબુની બહાર બે ડોકાં નેઝાપર ચઢાવેલા જોઇને ત્યાંથી ચાલૂ મૂક્યું. તે ગયો, અને સીસમન ખુશી થયો.

ત્રણથી ચાર દીવસ પસાર થઇ ગયા જે દરમ્યાન કાર્લ અને તેનો બાપ સીસમનના તંબુમાં કોઇનીબી જાણ વગર છુપા રેહેવા પામ્યા, તેઓને સીસમન નહશાડી દેવાને વાસ્તે દર પલે ટક જોતો હતો, પણ એકબી ટક તે જવાન બેટાને પોતાના બાપને નહસાડવા તથા પોતાના પ્યારા ભાઇને તે આફતમાંથી દુર કરવાની મલી શકી નહીં! સીસમન હવે બેતાબ બન્યો, કારણકે હવે વખત નઝદીક આવતો હતો જ્યારે તુર્કીશ લશકરને ઉપડી જવાનું હતું અને જંગે મયદાનમાં જતી વખતે તો તે કોઇબી રીતે પોતાના કેદી બાપ અને ભાઇને બચાવી શકે તેમ હતુંજ નહીં. હવે?

૭.

પણ, નસીબ તે બે ખ્રીસ્તીઓની ઝીંદગીની તરફેણમાં હતું એટલે તુર્કીશ ફોજ ઉપડી જાય તે અગાઉ તેનો સઉથી વડો સેપેહસાલાર તીમુર-

તરક એકદમ બીમાર થઇ ગયો, તે એકરાર થઇ ગયો, અને તેને ઉંઘ ક્રમે ક્રરીને આવી શકતી નહીં તેવી ખરાબ હાલત થઇ. મોટા મોટા ડાક્ટરો અને તબીબોને બોલાવવામાં આવ્યા, છાવણીમાંના તબીબો અને હકીમોની દવા પાવામાં આવી, મગર કશાંથી તીમુરતરકને કાંઈબી ફાયદો થયો નહીં, અને હવે તે દીનપરદીન મૌતને બીછાણે પડયો.

સીસમને પોતાના સેપેહસાલારની તબીઅતના માઠા સમાચાર પોતાના તંબુમાં આવીને બાપ અને ભાઇને કહયા, જે સાંભલીને બુઢ્ઢા રફીલડબરજરની આંખ જાણે રૌશન થઇ ગઇ. તેણે કહ્યું "બેટા, તું જાણેછ તો ખરો કે હું નાનપણથી ઝાડપાનમાં ફરેલો છેઉં, અને તેથી ઝાડપાનનો છાલો પાલોબી જાણું છું—અગરજો મ્હને તું ત્હારા સરદાર પાસે લઇ જાય તો તેનું દરદ જોઇ હું પાક ખુદાના હુકમથી કાંઇ કરી શકું, જેથી તેનું દરદ દફા થઇ જાય."

સીસમન તે સાંભલીને તાબરતોબ સેપેહસાલાર તીમુરતરકના તંબુ આગલ ગયો, દુરથી તે સરદારના દુખના દરદનાક આવાજો આવતા હતા, સીસમન રજા મેલવીને અંદર ગયો ત્યારે બીછાનામાં પડેલો તીમુરતરક શરીરના દુખથી ઘણોજ પીડાતો બુમ બરાડા પાડતો હતો.

તે, સીસમન, બેગલરબેગ તીમૂરતરકના બીછાના આગલ ગુઠન્યે પડયો અને પછી ઉઠી ઉભો થઇ અદબ વાલીને બોલ્યો "નામવર સેપેહસાલાર, ત્હારા તંબુના કપડાનેબી હાથ લગાડી નહીં શકે તેવો ત્હારો હું કમીનો ગુલામ ત્હારી આગલ કાંઇ કેહેવા આવ્યોછ, તો આશા છે કે તું મ્હારી વાત બરોબર ધ્યાનથી સાંભળી લેશે. સરદાર, ત્હારી માંદગીની ખબર મ્હને મલીછ ને તેના ઉપાય માટે હું અહીં આવ્યોછ. ત્હારો ગુલામ, એક બુઢ્ઢા ખ્રીસ્તીને પીછાણે છે જે અહીં થોડેક દુરની ટેકડીમાં એક છુપી જગ્યામાં

રહે છે, તેને છાલોપાલો ખબર છે અને તે તું નામવરને પાક ખુદાના હુકમથી સારો કરશે."

"તેને અહીં બોલાવ, વ્હાલા બચ્ચા" બેગલરબેગે કહયું "અને હું નબીના કસમ ખાઇને કહુંછ કે જો તે મ્હને સાજો કરશે તો તેને માલામાલ કરશ, તે જે માંગશે તે તેને આપશ, અને જો સાજો નહીં કરીને ખાલી ઢોંગ કરીને મ્હારૂં દુખ ઉલટું વધારશે તો હું મ્હારી ધારમાંથી બી તેની ઉપર વેર લેવાને ચુકશ નહીં !"

સીસમન નમ્યો અને ગયો, તેણે ચાર કલાક જવા દીધા અને પછી પોતાના બાપને લઇને તે તીમુરતરફના તંબુમાં ગયો. તંબુમાં તેઓ દાખલ થયા ત્યારે એક ખુબસુરત છોકરી તે બીમારના માથા આગલ વાંકી વલીને કાંઈ ભરચોપડ કરતી હતી. તે વખતે તેનો નીકાબ તેના ચેહેરાને બંધ કરતો નહીં હતો, અને જ્યારે તે સુંદર છોકરીએ પોતાની સાંમે બે જણાને આવેલા જોયા ત્યારે તે શરમાઇ ગઇ, પણ નીકાબ નાંખવા પેહેલા તેના બાપનું કામ અતી અગત્યનું હોવાથી તે તે કામ કરવાજ પડી, અને તેથી એક ખુબસુરત ચેહેરાની સુંદરતા બારીકીથી જોવાને સીસમનને અચ્છી ટક મલી ગઇ.

તેની કાલી આંખો જે તેણે પોતાના પીદરના માથા આગલ નમાવી હતી અને જે હવે અરધી છુપાવી દીધી હતી તે આંખ, ગુલાબ સરખા હોઠ જેની વચે મોતી સમાન દાંત છુપાવેલા હતા, તે અરધો વાંકો વલેલો સુંદર ગલગોટા જેવો આકાર જે બધેથી ગોલ અને રોનકદાર લાગતો, તે આશકને પુરતો ઝખમી કરવા કારગર હતો. ઝડપથી તે કામ ખલાસ કરીને તે સુંદરીએ ચેહેરાપર બુરકો નાંખી દીધો અને સીસમનને આગલ વધવાની જગ્યા કરી આપી. સીસમન પોતાના

બાપને લઇને તીમુરતરફના બીછાના આગલ ગયો, જેને જોઇને તે બીમાર સરદાર બોલ્યો "આવો હકીમ સાહેબ" અને તુરત તેણે પોતાની બેટી તરફ ફરીને કહયું "બાલકીસ, તું આએજ ઓરડામાં બાજુએ બેસ, તું મ્હારી આંખની કીકીને જોઇને મ્હને ઠીક લાગેછ."

બુધ્ધા સ્કીલડમરજરે તે સરદારને તપાસ્યો, અને જંગલમાંથી કોઈ જાતના પાંદડાં મંગાવ્યા, જે લાવવામાં આવતાં તેને છુંદીને તેણે તે સરદારના શરીરપર લગાડયા. બુધ્ધો સ્કીલડમરજર જ્યારે દવા ભરચોપડ કરવામાં પડયો હતો, ત્યારે ન્હાનો કંઇ ઓર વીચારમાં મશગુલ થઇ ગયો હતો. તે તો પેલી સૂંદર બાલકીસને જોતોજ બેઠો, અને તેને લાગ્યું કે તેના દીલમાં કાંઇ થતું હતું! મેરીયેતા માટેના તેના પ્યારમાં તેના દીલમાં અગની સલગી હતી, પણ આ પ્યાર માટે તે પોતે અજાયબ રહયો કે વીજળીની માફક તેની છાતી કેમ ધડકતી હતી!—એકાએક બાલકીસ પોતાના બાપના બીછાણા આગલ ગઇ અને તપાસ કરવા પડી તો તેને માલમ પડયું કે બાએ તે સરદારપર ગલબો કીધો હતો.

બાલકીસ ખુશીથી સીસમન આગલ દોડી ગઇ અને બોલી "ભલા જવાન, ત્હમારૂં નામ?"

"હસન, ગૂલામ." નમીને અદબથી સીસમન બોલ્યો.

"હસન, મ્હારા પીદરને આજે છ દીવસે ઉંઘ આવી છે" બાલકીસ ખુશાલીથી બોલી "હું તમારી તથા આ વૃધ્ધ હકીમ સાહેબની બહુજ આભારી છું, હકીમને વાસ્તે તો મ્હારા પીદર ઇનામ આપશે, પણ તમો સાહેબને વાસ્તે આ મ્હારી હીરાની વીટી સ્વીકારશો તો મેહેરબાની."

સીસમને તે સુંદર હાથની આંગલીએથી ઉતરેલી તે ઝકઝકીત

વીટી અદબથી લીધી, અને નમીને બોલ્યો "એ મ્હરા જાન કરતાંબી મ્હને વધારે વ્હાલી લાગશે."

બાલકીસ જાનોજીગરથી હસી, તેણે તુરતજ હુકમ કરીને ખાવાનું મંગાવ્યું, અને શરબતની જામ સાથે ખુશબુદાર ખુરાક મેજપર મૂકાયો ત્યારે બાલકીસે પોતાનો બુરકો ઉંચકી લીધો, અને પોતાના મહેમાનોને સાથે જમવા બેસાડયા.—સીસમન ખાવાનું બાવાનું સઉ ભુલી ગયો, તે તો બાલકીસનેજ જોતો રહયો અને તે સમજી શકયો નહી કે તેના દીલમાં એ શું થતું હતું! બુધ્ધો સ્કીલડબરજર મામલો પામી ગયો, અને તે જમતાં જમતાં દરદીના બીછાના તરફખાખસુસ નઝર ફેરવીને જોવા લાગ્યો—જે ટકનો લાભ લઇને શરબતના ગલાસ ઉચકતાં તે બેઉ પ્યારમાં પડેલાં બુલબુલો ગાલમાં ખાડા પાડી પાડીને હસતાં હતાં.

આખરે સ્કીલડબરજરને તીમૂરતસ્ક આગલ રાખી સીસમન પોતાના તંબુ તરફ જવા માટે નીકલ્યો, જ્યારે બાલકીસે તેના કાનમાં કહયું "વ્હાલા હસન, તું રોજ અહીં આવનો રેહેજે."

વીસ દીવસો સુધી સ્કીલડબરજરને તીમૂરતસ્કની આગલ રેહેવું પડયું, અને તે વીસે વીસ દીવસ દરરોજ સીસમન તીમૂરતસ્કને જોવાને મસે આવ્યો, અને તીમુરતસ્કને બદલે તેણે પોતાની વ્હાલી બાલકીસ સાથે વાતચીત કીધી. જેમ દીવસપર દીવસ ઉગતો ગયો તેમ સીસમન અને બાલકીસનો પ્યાર વધતો ગયો.

વીસમે દીવસે જ્યારે તીમૂરતસ્ક ફરી હરી શકતો થયો, ત્યારે સ્કીલડબરજરે તેને કહયું કે હવે વધારે વખત તેની જરૂર રહી નહીં હતી, તેથી સીસમનને બોલાવીને તીમુરતસ્કે હુકમ આપ્યો "સીસમન,

આ હકીમ સાહેબને ત્હમો ત્હમારા તંબુમાં થોડા દીવસ રાખો, એવણુને એક મોટી મજલીસ સામે ઇનામથી નવાઝવામાં આવશે."

તીમુરતરક ચાહતે તો તુરત તેને ઇનામ આપી દેતે, પણ તે વહેમી સરદારે વીચાર કીધો કે કદાચ હકીમે તેને થોડા વખતને માટે આરામની દવા આપી હશે, અને તેથી તે બીજા દીવસો ગાલી નાંખીને હકીમની તપાસ લેવા માંગતો હતો.

દશ દીવસ પસાર થઇ ગયા, અને તીમૂરતરકને લાગ્યું કે તે હકીમમાં ખોટારૂં કાંઇજ નહીં હતું તેથી તેણે હસનને અને તે હકીમને બેઉને નવાઝી નાંખવાનો વીચાર કર્યો, અને પોતાની બેટી બાલકીસને બોલાવી કહયું "બેટી, હસન ત્હારા બાપના સાજા થવાનું એક મૂખ્ય કારણ થઇ પડેલો છે, પાક ખુદા મોટો છે, અને તેણે હસનની મારફતે ગોયા હકીમ ફરેસ્તાને મ્હારી મદદે મોકલ્યો છે, પાક ખુદા સીવાય કોઇ બીજો ખુદા નથી, અને તે પાક પરવરદેગારના નામથી આપણે ચાલીએ તો હસનને એક બેમુલ ઇનામ મલવું જોઇએ—હસન જવાન છે, બહુ ખુબસુરત છે, લડાયક શુરવીર છે, અને મૂસલમાન છે, હું એના લગન ત્હારી સાથે કરવા માંગુંછું, ત્હારો શું વીચાર છે?"

તે શું જાણે કે બાલકીસનો શું વીચાર હોય? અરે તે તો એવી કોઇ ટકની રાહજ જોતી હતી તો પછી ચુપચાપ કેમ થાય? તેણે શરમાઇને ડોકું નીચે નમાવતાં કહયું "મ્હને મંઝુર છે."

તીમુરતરકે તુરતજ બાલકીસને બીજા ઓરડામાં રવાના કરીને ત્રણ વખત તાળઢા ફોડયા, જેથી તેના ગુલામોનો સરદાર ત્યાં હાઝર થયો. "અબદલ્લા" બેગલરબેગે કહયું "ત્હારી સાથે બાર ગુલામો લે, તેમના સરપર ઉમદા લેબાસો તથા જે સોના હીરાની મોતીની ચીઝો તૈયાર

કરાવેલી છે તેની ઢાલો ઉંચકાવીને તેમને હસન વફાદારના તંબુમાં લઇ જા, ત્યાં તુંને તેના તંબુમાં એક ખ્રીસ્તી જણાશે, હસન અને પેલા એક ખ્રીસ્તીના બેઉના શરીરપર અકેકો ઝરરીન લેબાસ ઓઢાડજે, બેઉના ગલા આસપાસ સોનાનો અકેકો હાર નાંખજે, તેઓ બેઉને આંગલે હીરાની વીટીઓ પેહેરાવજે, અને કાંઇબી ધીલ વગર સેતાબીથી તેમને બેઉને મ્હારી હજુરમાં લાવજે."

આ પેહેરામણી ગુપચુપ સીસમનની જાણ વગર મોકલવાની હતી, એટલે સીસમનને તેની કાંઇજ ખબર નહીં હતી. તે તો પોતાના બાપ અને ભાઇ સાથે પોતાના તંબુમાં બેઠેલો હતો તેટલાં અબદલ્લા કાંઇબી હુકમ લીધા વગર હસ્તો હસ્તો અંદર દાખલ થયો, તે દાખલ થયો ને તેના ચેહેરાપરનું હસવું ઉડી ગયું—"અરે, અહીં તો બે ખ્રીસ્તીઓ છે! અને મ્હને તો એકજ ખ્રીસ્તી હોવાનું કહ્યુંછ, હવે હું કોણને સેપેહેસાલારની ભેટ આપું? હું તો એ બેઉને નામવર તીમૂરતરફ આગલ લઇ જવા માંગુછ."

એટલું બોલતાં અબદલ્લાએ સીસમન જે અંદરખાનેથી બધો ધ્રુજતો હતો, તેના દીલપર તેનો ઝરરીન પોષાક મૂકયો, તેના ગલા આસપાસ એક જાડી સોનાની સાંકલી જે બે વાર વીટાલવામાં આવી તે નાંખી અને તેને આંગલે હીરાની વીટી પેહેરાવી. તેણે તે બે ખ્રીસ્તીઓને પોતાની પાછલ આવવાનો હુકમ કીધો, તેઓ બેઉ બીધેલા ચાલ્યા, અને તેઓની પાછલ સીસમનબી ગયો.

"નામવર સેપેહસાલાર" અબદલ્લા ત્યાં જતાંજ નમીને બોલ્યો "તમે કહયું હતું કે ત્યાં એક ખ્રીસ્તી હશે, પણ ત્યાં તો બે નીકલ્યા છે, અને હવે કયા ખ્રીસ્તીને ભેટ આપવી તેનો હુકમ કરો તેમ પેહેરામણી કરું."

"બે ખ્રીસ્તી છે ?" તે બેઉને જોઇને એકદમ તીમૂરતરફની પાસે ઉભેલા એક બીજા તુર્કી સરદારે પોકાર માર્યો "હું હવે સમજી શકયોછ કે આ તે બેજ ખ્રીસ્તી છે જેમને કતલ કરવા હસનને આપવામાં આવ્યા હતા."

તીમૂરતરફ લાલ ને પીળો થઇ ગયો, "હું કહુંછ કે એ તેજ બે હોય તો હસને એક મોટો ગૂનોહ કીધો છે. હસન, બોલ, શું આએ તેજ બે ખ્રીસ્તીઓ છે જેમને તેં કતલ કીધા નથી પણ બચાવીને તહારા તંબુમાં છુપાવ્યા હતા ?"

સીસમન તીમૂરતરફની ખુરસી આગલ ગુઠન્યે પડયો, અને તેણે સઘલું કબુલ કીધું.

"ફીતુર, દગો, એક નહીં માફ થઇ શકે તેવું ફીતુર !" ગુસ્સાથી લાલ થયલા તીમૂરતરફે ગડગડાત કીધો "મેં કસમ ખાધેલાં કે છેલ્લી લડાઈમાં સપડાયલા બધા ખ્રીસ્તીઓને કતલજ કરવા અને તેઓને જેઓ બચાવે તેનો પોતાનો જાન લેવો, તો હું મ્હારા કસમથી ફરી શકતો નથી, હું મ્હને પોતાને બચાવનારનો જાનથી ઉગારી શકતો નથી."

બુઢ્ઢો રફીલડબરજર આ જોઇને ગુઠન્યે પડયો અને તેણે માફી માટે એટલી તો આહોઝારી ને કાલાવાલા કીધાં કે ત્યાં ઉભેલા સર્વેની આંખમાંથી આંસુના ટીપાં પડયાં, તેઓએબી હવે માફીનો દસ્ત લંબાવવા તે સેપેહસાલારને કહયું એટલે તીમૂરતરફ પીગલ્યો, અને બોલ્યો "ફીતુરી, હું ત્હારા બાપનો જાન બચાઉં છું કારણકે તેણે મ્હારો જીવ ગોયા બચાવવામાં મદદ આપી છે, અને વળી ત્હારા બાપને તેના એકજ બેટાની ઝીંદગી બચાવમાં માંગી લેવાનો હુકમ આપવામાં આવે છે, પણ મ્હારા કસમને લીધે બાકી રહેલા બેટાની ઝીંદગીનો તો નાશ

કરવામાં આવશે, તેનું સર ધડથી કાપીને નેઝાપર લટકાવવામાં આવશે. "

બુધ્ધા સ્ફીલ્ડબરજરને એક છોકરાની ઝીંદગી માંગી લેવાની હતી અને બીજા છોકરાને પોતાની નઝર સામે કતલ થતો જોવાનો હતો. તેણે એક માયાકુલ નઝર પોતાના વડા બેટા કાર્લ તરફ નાંખી, અને તે બાદ સીસમન તરફ ફરીને જોયું. કાર્લ પરણેલો હતો, તેને પોતાની ધણીઆણી અને બચ્ચાંને પાળવાના હતા અને સીસમન કુંવારો અકેલો હતો, પણ વળી સીસમન પોતાની માતાની માફક ખુબસુરત અને તેનો ચેહરો તે મુએલી બાનુનો હુબહુ હતો. કાર્લ એક મરદને છાજતી હીંમત અને બહાદુરી ધરાવતો હતો, સીસમન સુંદર છતાં ચાલાક ને લડાયક હતો. તે બાપ કાર્લથી જુદો પડવા ખુશી નહીં હતો. તે કાર્લને પોતાની જોડે મેરીયેતા આગળ લઇ જવા માંગતો હતો, તોબી, તે સીસમનને કોઇબી દીવસ પાછો ખ્રીસ્તી ધર્મમાં આવેલો જોવા માંગતો હતો. તે બીચારો પોતાના એક બેટા પાસેથી દોડીને બીજા બેટા આગળ જતો—બેઉને વારા ફરતી પાસામાં દાબતો—તેમના બેઉના શરીરપર ગરમ આંસુનાં ટીપાં પાડતો—દીલમાં એકની વખાણ કરીને બીજાની તારીફ કરતો—પોતાની બે ચશ્મોમાંની અકેકી ચશ્મ બેઉને સમજતો—એક તરફથી દોડીને બીજી તરફ દોડતો તે શખ્સ ઘેલો દીવાનો જેવો થઇ ગયો હતો! તે બુધ્ધાને સુજયું નહી કે હવે શું કરવું, તે બેઉને જીવતા રાખવામાં આવે તો પોતાનું મૌત તેણે માંગી લીધું, પણ તેમ તીમુરતરફે કીધું નહીં.

"પીદર" સીસમન બોલી પડયો "ધીલ ના કરો, કાર્લને તો એક ધણીઆણી ને ફુલ બચ્ચાને પાળવાનાં છે, જો તમે તેને મારી નાખવા કહેશો તો સમજજો કે તમો ત્રણ જણાને મારી નખાવશો—માટે

હું જે છડો ને એકલો છેઉં તો મને મારી નખાવો, હું માહરી ગરદન આપવા તૈયાર છેઉં."

"નહી." કાર્લ બોલી પડયો "દુન્યામાં હવે બીજી વાર એવું નહી સંભળાવું જોઇએ કે મોટા ભાઇને ખાતર આ બીજી મરતબેબી નહાના ભાઇએ પોતાનો ભોગ આપ્યો. મેં ઝીંદગીમાં હવે મોજ કરી લીધી છે, પરણીને બૈરીબચ્ચાંવાલોબી થઇ ગયો છું, પણ બીચારો મહારો વહાલો ભાઇ સીસમન તો રંજ જોવા પામ્યો છે, એને હજુર સંસારમાં પડવાનું છે, અને છોકરા બચ્ચાવાલા થવાનું છે. એને દુન્યાનું સુખ જોવા જીવતો રહેવા દો, અને હું જે દુન્યાનું સુખ જોઇ ચુકેલો છેઉં તો મને મારી નાખવાનો હુકમ આપી દો."

"નહીં પીદર" સીસમન બોલ્યો "કાર્લને મારી નખાવીને તેની બૈરીને રંડાપો અપાવો ને તેના બેટાને યતીમ બનાવો, તેના કરતાં તો મારૂં જે કોઇજ નથી તો મનેજ મારી નખાવો."

"નહીં, બાવાજી" કાર્લ પોકારી ઉઠયો "હું મરવા તૈયાર છેઉં."

"નહીં પીદર," સીસમન પાછો બોલ્યો "મને મરવાનો હુકમ આપો."

"હા—સીસમનને પોતાના ભાઇને ખાતર પોતાનો ભોગ આપવા દો।" તે બુઢ્ઢો શખ્સ હવે આંખમાં આંસુ લાવીને બોલ્યો "પણ—નહીં, નહીં, કાર્લને મરવા દઇને તેને બચાવો, એ તેની માદર સમાનની બનુ આંખ હું જોઈ જોઇને મહારા બુઢાપામાં કંઇક જરાક બી શાંતી પામીશ. પણ પછી મેરીયેતા શું કરશે? તે પોતાના યતીમ બચ્ચાં સાથે કેમ જીવશે? નહીં, તેઓને ખાતર કાર્લને જીવતો રહેવા દો। તો શું સીસમન મરી જાય? નહીં, નહીં, તેનેબી જીવતો રહેવા દો—તો પછી?——"

બેતાબ ખલકતની તે બ્યાકુલ વૃદ્ધ ઝીંદગીની હાલત "સુડી વચ્ચે સુપારી" જેવી હતી! તે છેલ્લો વાકય બોલી રહે તેટલાં બેચેન બેકરાર બની ગયો અને પોતાના વડા બેટા કાર્લના હાથમાં બેહોશ થઇને તુટી પડયો. કાર્લ પોતે કેદી છે તેનું ભાન ભુલી જઇને પોતાના પીદરને તંબુની બહાર હવામાં ઘસડી ગયો, કોઇએ કંઇ કહયું નહીં, પણ તેટલાં તે ટકનો લાભ લઇને સીસમને કહયું "મહારા પીદરે મને મરવા સારૂ પસંદ કીધોછ! માટે તેની સુધ્ધી પાછી આવે તે અગાઉ તેની નઝરથી દુર મહારી ગરદન ઉડારી દો, તે જોશે તો જીવીબી નહીં શકશે."—અને તે વાંકો વળીને ગરદન નમાવી બેસી ગયો. તીમુરતરફે બોલાવેલા જલ્લાદને હુકમ આપ્યો, અને જલ્લાદે જેવો તેની ગરદનપર મારવા તેઝ કુહાડો ઉચકયો કે કોઇ છોકરી તમામ બુરકામાં બંધ થયલી એક દરદનાક ચીખ પાડીને ત્યાં દોડી આવી બોલી "પીદર, હસનને બચાવો, બચાવો. એને જો મારી નાંખો તો અમારાં બેઉનાં સર એકજ ધીમરાંપર મુકાવો, ને એકજ ફટકામાં અમો બેઉને સાથેજ મારી નખાવો."

"બેટી" તીમુરતરફે ગરજના કીધી "આવા એક પીતુરી તરફ તું હજુણ પ્યાર રાખી શકેછ? અરે, હું જાણું કે તેં તાહરો વીચારજ ફેરવી નાંખ્યો હશે."

"નહીં, નહીં" બાલકીસ ડચકાં ખાતી ખાતી બોલી "એને જો મારી નાંખશો તો પછી હું એક ઘડી બી જીવવાની નથી—મારીજ નાખવા માંગતા હોવ તો મનેબી સાથે સાથે મારી નાંખો, નહી તો જીવાડો, એને મને બક્ષી દો—હું તમારો બેટી દાખલ વારસામાં તમારી પાસેથી એકજ ચીઝ માંગી લઉંછ, ને તે ચીઝ તે મહારો પ્યારો હસન છે, મને તમારૂં કંઇજ જોઇતું નથી, આપો તો મને માહરો પ્યારો હસન આપો."

"છોકરી!" પોતાની આંખમાં પાણી ભરાઇ આવેલાં જોઇને નરમ પડી જતાં તીમુરતરફે કહયું "પેલા બે ખ્રીસ્તીઓને મહારા વચન મુજબ ઝીંદગી આપવામાં આવેછ, ને હસનને તાહરે ખાતર ઝીંદગી આપવામાં આવેછ, જા,—ને સુખી થા, માહરાં વહાલા બચ્ચા."

તે ખુશાલીની ખબર સીસમનના બાપ અને ભાઇને તુરતજ કહેવામાં આવી. ગમના આંસુને બદલે હવે હરખના આંસુ તે બાપ દીકરાની આંખમા ભરાઇ આવ્યાં, તેઓ સીસમનને ભેટયા.

થોડા દીવસ પછી સીસમનનાં મોટી ધામધુમથી લગન થયા, અને તે પછી થોડે દીવસે ભેટ સોગાદોના બોજા સાથે બુધ્ધા સ્કીલડબરજર અને કાર્લને તેમને વતન રવાના કરવામાં આવ્યા.

* * * * *

* * * *

૩૩ વરસો સુધી હસન અને બાલકીસ ઘણા પ્યારથી રહયા, પણ તેમને કાંઇબી બચ્ચું થયું નહીં. તેત્રીસમાં વરસની આખેરીએ બાલકીસ મરણ પામી, અને હવે ખ્રીસ્તી તથા તુર્કીઓ વચ્ચે પાછી દોસ્તી થઇ હતી એટલે વગર અડચણે સીસમન પોતાને અસલ વતને ગયો. તેનો બાપ તો મરણ પામ્યો હતો, પણ બાકીની તેની ઝીંદગી તેણે પોતાના ભાઇ કાર્લ અને તેનાં બચ્ચાં કચ્ચાં વચે પોતાનો અસલી ધર્મ અખત્યાર કરીને ગુઝારી.

૧૨
નનામાં કાગલની મોહોકાણ.

૧

ન્હાની પારસી કોમ મોટા પાપી કામો કર્યા વગરની એક ભલી કોમ તરીકે ગણાય છે, મગર ચાલુ ઝમાનામાં એ નેક કોમમાંથીબી હવે દુષ્ટ અને પલીદ આદમીઓ બહાર પડતાં જોઇને ખરેજ દીલગીરી પયદા થાય છે. મગર, મ્હને કહેવા દો કે હજ્જુણબી ઠીક છે કે એવા અહેરીમંડી ખવાસના આસામીઓ પારસી કોમ અંદર ઘણાં કમ છે અને તેબી ઘણુાખરા મરદો હોય છે—તોબી દુખી દીલે કહયા વીના ચાલતું નથી કે શયતાનની ખાસીહત કોઇ કોઇ સ્ત્રીઓમાં પણ ઉતરી છે—અને તે બહુજ દર્દમંદ છે. આજ કાલ નીંદા, ખોટી ફીશીઆરી અને અદેખાઇથી થોડાએક એવી આડી રાહે ધસ્યા જાય છે કે ખુદા ખૈર કરે! અકસર કરીને આજે એ બહુજ બુરી નીંદા કરવાની રીત સાથે જે સડાએ વધારે પગ પેસારો કીધો છે તે નનામાં કાગલની મોહોકાણ છે, અને એક નનામું કાગલ કેવું નખોદગીયું પરીણામ લાવે છે તે બતાવવાની અત્રે મ્હારી ન્હાની કોશેશ હું ધારૂંછ કે વ્યર્થ જનાર નથી.—ગમે તે કહો, ગમે તે ધારો, પણ એટલું તો બરાબર ધ્યાનમાં રાખજો કે બુરા આદમીઓનો અંતે ફેજ બુરોજ છે, આપણા પવીત્ર ધર્મની નેક શીખામણ પ્રમાણે "જેવું કરશો તેનું મલશે" અને "કર ને જો" અહીંનું અહીંજ છે. કદાચ તમને પેહેલાં પેહેલાં પાપીઓ ફાવતાં જતાં હોય તેમ દેખાશે, મગર આખેરશમાં, અફસોસનો દમ બી કોઇ તે પાપીની કદર ખાવાને વાસ્તે ભરશે

નહીં, જ્યારે તે દુષ્ટો તો આ બેતાબ ખલકતમાં આકુલ વ્યાકુલ અને બેકરાર થઇને રીબતા હશે! અરે દુષ્ટો, શું તમને ખબર નથી કે પાક ખુદાની લાકડીને આવાઝ નથી?

ખંબાલા હીલના એક મસ મોટા આલીશાન મેહેલ રોકા બંગલામાં આપણને નઝર કરવાની છે, જેના દીવાનખાનામાં એક મા-દીકરી વાતો કરતી બેઠી છે. તે બંગલાનું નામ "નાજુ વીલા" છે, અને તેના માલેક મીસીસ નાજાંમાય અસપંદીઆરજી લોર્ડ પોતાના એકપુરા બેટા રૂસ્તમ અને એક પુરીબેટી ગુલ સાથે મોજ, અમન, ચમન અને સુખથી દાહાડા કાહાડે છે. નાજામાય પછી મરહુમ અસપંદીયારજી લોર્ડના વારસો તરીકે રૂસી અને ગુલ બધું મરહુમ બાવાજીના વીલ મુજબ અર્ધ અર્ધું વ્હેંચી લેનાર છે, અને તેથી વીધવા બાઇ નાજામાયને પોતાના બે બચ્ચાઓ વચ્ચે શું આપવું ને શું નહીં તેની ખટપટ કરવાની બાકી રહીજ નથી. રૂસી લોર્ડ ડાકટરનું કામ શીખે છે, પણ ભવિષ્યના તે એલ. એમ. એન્ડ એસ. ને કમનસીબે બૈરાઓમાં હેલાવા ભેલાવાનું વધારે પસંદ છે, અને બૈરાંઓની માફક વહેમ કરવો અને વાતો કરવી તથા અદેખાઇના બોલો બોલવાની આવડ આવા શીખેલા જવાનને વધારે છે એ ઘડીભર આપણને અજાયબ કરે છે, મગર લાડઘેલા ઉધરેલા મોટે ઘરનાઓમાં જેમ કેટલીક ઘણી કમાલ અયબો હસ્તી ધરાવે છે તેમાંની એક બુરી આદત આ આપણી વાર્તાના પાત્ર રૂસી લોર્ડમાંબી છે! રૂસીની બ્હેન ગુલ, એબી નાંખપર માંખ નહીં બેસવા દેતીજ ઉધરી છે અને બાવાજીના વાડી બંગલામાં અમન ચમનથી રહીને બોય બટલરના હાથના જમવાનાઓ જમીને મોટાં થયલાં મીસબાબામાંની આ ગુલ ખાસી તેત્રીસ વરસની ન્હાની બુચીમાય (!) હજુણબી બચ્ચાં બાલેના ખેલ કરતી હોય તેમજ ઘણુંખરૂં

કરે છે, અને તેથીજ આપણુને હયફ છુટે છે. એ બેઉ તો થયાં, મગર વીધવા બાઇજી નાજામાય કેવાંક છે ? તેવણુની ખાસીહતનું વર્ણન કરવાની હવે કોઇ જરૂરજ નથી રહી, કેમજે આપણે તેમના હાથે ઉછરીને મોટાં થયલાં બચ્ચાંઓની ખાસીહત વાંચી છે, તો પછી તેવણુની રીતભાત તો પેલા કહે તેમ " કલેજાને જો અને બદનનો હાલ ના પુછ " તેવી છે !

" મરે, એ નસલને સું વાઇ ભરઇ આવી, હં મમમા ડીયર ! હું જાણું કે કાલે ત્હમે એને છેલ્લે પુછીજ લેવા બઉજ્જ થશો તો એ ના તો કદી કેહેનાર નથી, પણ કોણ જાણે એને એમ ધસીને સાફ ના કાંય કેહયું હોસે ? એમ બી જરા કેહેતે કે થોડા દાહાડા રહીને જવાબ આપસ તો મ્હારા જીવને સધ્યારોબી આવતે, ને આપરે બીજી બે ચાર મોટી મોટી પાર્ટીઓ આપીને એ પોરયાને આંજીબી નાંખતે,--પણ મરે, મ્હારાબી નસીબ, ફીલ્લો કંઇ મહીનાઓ સુધી બાંધ્યાજ કીધો ને પછી એમ એકજ તરાકામાં ભોંય થઇ ગીઓ ?" આપણે ઉપર કહી આવ્યા તેમ તે મા દીકરી દીવાનખાનામાં બેસીને વાત કરતી હતી, જે વાતની શુરૂઆત મીસ બાબા ગુલબાનુએ કીધી, અને તેમ કરતાં ઉપલો બખાલો બહાર કાહાડીને સ્હેજ પોતાનું પેટ ખાલી કીધું.

" મ્હનેબી શું ખબર માય ? હું જાણું જે નસલને પાર્ટી ને પાર્ટાના મેલાવરાઓ કરીને બધી આપરી દોલતના દોરચોરનો કંઇ ખ્યાલ આપસું તો અંજઇ જસે ને જાહરેબાં તાહરે વીસે પુછસ તો એ એકકે પગે તૈયાર થઇ જસે, પણ આએ તો ધારીયું સું ને થઇ સું ગીયું ! " નાજામાયે બળાપો કીધો " એમ તો મેં એક દાહાડે મોને થરીને કેહેલું સઉ, જે આએ બંગલો દોર લાખનો છે તે પોણો લાખ ગુલમાંથી ઉચકીને રૂસીને આપાને બંગલો આપો ગુલના નામપર કરવાની છેઉં, ને વરી બાકીના રોકડા

પચાસ હજાર ને વીસ હજારનો દાગીનોબી ગુલનોજ છે—તોબી એ છોકરો કંઇ અંજાયો નહીં, ને રહી રહીને મેં કાલે ચોખો ચાંપી જોયો તો કે જે કે "ગુલને તો હું મ્હારી બ્હેન જેવી સમજુંછ," એ બરે, બધું રાંધી સીંધીને તૈયાર કીધું ને છેલ્લેજ બરીને બેપર થઇ ગીયું !"

"એમ તો મેં એ પોરીઆને આંજી નાંખવા કાલે ઘણો સરખો કુલર સઉ કીધેલો, ને વ્હાઇટ રોઝની બે આઉંસની એક આખી બાટલી મેં રોમાલપર ને દીલપર ને બ્લાઉઝપર બધી છાંટી દીધેલી, તોબી મરે હું એને પસંદ નહી પરી એ તો મુઇ અજાયબીજ કેહેવાય તો માય!" જાણે સેંટ ને કુલરથીજ દુન્યા બધી લુટાતી હોય તેમ લાડઘેલી ગુલે માયજી આગલ બલાપો કીધો, જ્યારે તે બુધ્ધી થવા આવેલી નાજામાય તેના બોલવા પર કમતીજ ધ્યાન આપતી કોઇ બીજી વાતનો વીચાર કરતી હતી "મ્હારી ગમ જોવની માયજી, મેં વ્હાઇટ રોઝની આખી બાટલી ખાલી કીધેલી જો."

"દીકરા, વ્હાઇટ રોઝની બાટલીપર છોકરાઓ લોભાતા હોય તો પછી છોકરીની માયોને ઉંદર પકડવાના છટકાઓ માંડવાની જરૂરજ શું રેહે?" નાજામાયે ભાર મુકીને દાંત દબાવતાં સમજાવ્યું.

"અરે પણ હું કેહુંછની માયજી કે મેં કુલર સઉ કીધેલો." ગુલે ઝડપથી અકકલ ઉલટી મારી દીધી.

"છોકરી, માથું ના ખા" નાજામાય હવે મોટેથી બોલ્યા "કુલર ને સેન્ટથી ફાંસામાં આવનારાંઓ તો કમઅકલ યા તો ભોલા દોલા હોયછ, બાકી અક્કલમંદ અને હુસ્યાર છોકરાઓ કુલર ને સેન્ટથી ઉલટા દુર ન્હાસેછ, આપરે હારેલી બાજી ઘણીજ બુરી પુરવાર થયલી છે, મ્હને તો એ છોકરાપર પૂરો વીસવાસ ઉતો કે એ તુને લેસેજ, પણ એને તો તોવાવી તોવાવીને આપુને બરોસે ભુખે મારેલા છે!"

"ત્યારે તો હવે એ મૂઆ નસલ ફસલપર કોઇ રીતે આપરૂ વેર લેવું જોઇએ" ગુલ જીભ કરડીને બોલી "મૂઆને મ્હારા જેવી સોભ-છતી બૈરીબી મલતે ને મેહેલ જેવો બંગલો ને દરદાગીના ને રૂપીઆ પૈસ મલતે તે જૂદા, મૂઆ અભાગ્યાના નસીબજ નાહ્લા તે માય કાંહાંથી મોટાં થાય!"

"બલા જાણે એ મૂઓ કોણુ ભરનેગીઆનો દુકનોબી છે" હવે નાજામાય છેડાઇને ખાસીહતપર ગઇ "કેહેછ કે નવરોજી લેનટીને તો કોઇનો એ કરી લીધેલો દુકતો છે, બાકી નવરોજીનો પોતાનો નથી—મૂઆ કોઇ ગરીબરા હીણા છીણાનો દુકતો બરેલો હોસે તાહરેજ તેણે એવી હાથમાં આવેલી સુન્નાની ચલ્લી જવા દીધી કેની."—નાજા-માય બખાલ્યા, અને આપણે હવે બખાલસું કે શું ગરીબો બીચારા બધાં હીણા છીણાઓ હોયછ કે? અને જો ગરીબો એવીજ જાતની સુન્નાની ચલ્લી જવા દેતા હોય તો આપણે કહીશું કે તેઓ ખરેજ દાનાવ છે; લાડઘેલા બચ્ચાસહી સભાવ, દુષ્ટ વીચાર, પૈસાપર ફુલઇને દુન્યાના ગરીબોને ધીકકારનાર, પોતાના શરીરપર અસંખ્ય અયબ છતાં બીજાની નીંદા કરનાર, કલર અને સેન્ટપર જગત મારી જનાર કેટલીક અકલ વગરની તવંગર સુન્નાની ચલ્લીઓ જો એક સંતોષી, ભલા અને તુમાખ વગરના ગરીબને હાથ નહીં આવે તો લાખ દરજજે ભલું ને બહેતર છે—અરે, એવી સુન્નાની ચલ્લી કરતાં તેને લોખડના પીંજરામાંનું નીરદોશ તુટી મલે તેજ બહેતર અને દુરોસ્ત છે. મગર, આપણે આપણી વાતથી વેગલા ગયા. નાજામાય છેડાયાં, અને દીકરીબઇનો ચીલ્લો વધારે ચસકયો!

"દીકરાં, તું જા, હું એ મુઆ નસલપર કોઇબી રીતે આપરૂ વેર લેવાજ માંગુછ, ને પૈસાના જોરથી હું વેર લઇજ શકસ તેની મ્હને

ખાત્રી છે, એ મૂઆને તુને નહીં પણવા સારૂ સુધારી નાંખું તોજ હું નાજામાય લોર્ડ ખરી–નહીં તો નહીંજ." અને એમ બોલતાંજ તે માયે પોતાની દીકરીને જવાની ઇશારત કીધી, અને પોતે કોચપર જઇને સુતી.

તે તવંગર ઘરની શેઠાણી ખરેજ ઘણા ગુસ્સામાં આવી ગઇ હતી, તેનું આખું શરીર ધગધગતા આતશની માફક ગરમ આગ થઇ ગયું હતું, તે બુઢ્ઢા બાનુ જે હવે પોતાનો વખત આ દુન્યાથી પુરો કરીને ચાલી જવાની લગોલગ આવી હતી તે છેલ્લા થોડાક બાકીના વરસો ખુદાની બંદગી કરી લેવાને બદલે પાપનું બીછાનું પોતાને વાસ્તે તૈયાર રાખવા કમર કસતી હતી! તેના આખા તનબદનમાં જાણે જવાલામુખી ફાટી નીકલ્યો હતો, અને તેની ધગધગતી રાખ તેના શરીરને ગુસ્સા અને જુનુનથી બાલી નાંખતી હતી "એને મરવુંજ જોઇશે, નવરોજી લેનટીનના એ કરી લીધેલા નાપાક દુક્તા નસવાનને તેની તુંદઇ વાસ્તે મરવુંજ જોઇસે, ને મ્હારૂં વેર વલવું જોઇસે." પણ એમ બોલતાંજ તેણે વીચાર કરીને દાંત કચકચાવ્યા "પણ કેમ?"

તેટલાં ત્યાં ફસી આવી લાગ્યો "કેમ માયજી, એ મનમાં શું બબરીઆ કરોછ? તબીઅત બરોબર નથી શું? ત્હમારો ચેહેરો એટલો તપી આવેલો કેમ લાગેછ!"

તે સાંભલીને નાજામાયે પોતાના તે ડાકટર દીકરા આગલ માંડીને વાત કહી, અને નસલે ગઇ કાલે કેવી રીતે છેલ્લે 'રોકડું' પરખાવ્યું હતું તે કેહેતાં તેમાં મીઠું મરચું ભભરાવ્યું. ફસીબી ઉછાછલોજ હતો! તેબી તેની માય અને બ્હેન માફક નસલની તે રીતપર છેડાઇ પડ્યો, અને વગર આતશે ગરમ આગ થઇ ગયો "એ પેલી જરબાઇ

મોદીની સાથે સખાવતના કામથી પરવારે તો પણણી મરે કેની ?" બાયલા માફક "મરે–ધરે" ઉમેરીને રૂસીએ ચેષ્ટા કીધાં.

"શું બોલ્યો ?" નાજામાય જાણે શું એક શીકાર હાથમાં આવવાનો હોય તેમ તડાપ મારવાની ઢપે ઝડપથી ઉઠીને બેસતાં બોલ્યાં "એ કોણુની સાથે શું કરેછ ?"

"અરે નેપીયનસી રોડપર ઉકરજી ભીમજીભાઇ મોદીની વીધવા નથી રેહેતી ?"

"હોસે."

"તે તેના ઘેરમાં એ છોકરો ઘણો જાયછ આવેછ તે હું જાણુંછ" રૂસીએ ખુલાસો કીધો "એ જરબઇ મોદીનો એક મ્હારા જેટલો છોકરો છે તે પોતાની માયને ગાંડી ઘેલી સખાવતો કરવા સાફ ના પાડેછ, ને એ બૈરીને સખાવતનાજ વહેજાં બરેલાં છે—તેથી આએ નસલની સાથે કંઇ ઓરખાણ હોસે તે નસલને પોતાના છોકરાની હરૂસે બંગલા ઉપર તેરેછ ને પછી બેઉ જણાં કયાં ને કેમ સખાવત થવી જોઇએ તેના બધા હીસાબ કીતાબ કરતાં દેખું, ને પછી નસલજી ફસલજી તે બાઇ પાસેથી રકમ મેલવીને નકકી કીધેલાં ખાતાંઓમાં છુપે નામે સખાવત ને છુપી રીતે ગરીબોને મદદ આપી આવેછ, બાઇ તો બંગલો છોડીને બહાર જતી નથી તે નસલની એવી રીતે મદદ લઇને પોતાના સખાવતી વહેજાં પુરા પાડેછ."

"એ જરબઇ મોદીની ઉમર શું હોસે વારૂ ?" નાજામાએ પુછયું.

"કેહછ કે ચાલીસ પીસતાલીસ હોસે, ને ધણીના ગુજરવા પછી પોતાનો બધો વખત ભણવા ગણવામાં ને સખાવત કરવામાં કાહરેછ."

"તેં એ વીગત કેમ જાણી ?" નાજામાએ પુછ્યું.

"એજ નસલના કોઇ દોસ્તદારે એક દાહડો કલબમાં ભાંગરો વાટી દીધો." રૂસી જરા હસવાનું મોંહ્ડું કરતાં બોલ્યો.

"એમ છે ?" નાજામાયે કહ્યું "તો ઠીક, એ નસલ તાહરે કોઇ ચાલીસ પીસતાલીસ વરસની જુવાન વીધવા બાઇ પાસે તે બાઇના છોકરાની હરૂસે સખાવતના કામની મસલહત કરવા જાએછ કેમ ?"

"હા માયજી."

"વારૂ, એ જરબાઇ મોદીના છોકરાનું નામ શું ?"

"અદી" રૂસીએ જલદીથી કહ્યું.

"ત્યારે રૂસી તુંને હું કેહું તેમ એક નનામું કાગલ એ અરદેશર ઉકરજી લીમજીભાઇ મોદીપર એની જ્યાં ઓફીસ હોય તેની ખબર કાહાડીને તે સરનામે લખ" કારસ્તાની કસરવજે સમજાયું "તું નહીં લખે તો બીજા પાસે લાલચ આપીને લખાવ, કોઇબી રીતે મ્હારા કહયા પ્રમાણેનું નનામું કાગલ એ અરદેશરપર જવુંજ જોઇએ—જા, તું ઓરપીતલમાં જવાને વાસ્તે દ્રેસ કરી આવ, તેટલાં હું તે કાગલનો ખરડો તૈયાર કરી રાખુંછ." રૂસી તે સાંભલીને દ્રેસ કરવા ગયો, અને આપણી વાર્તાની આ બુધ્યા દદાએ સુખી એક ઘરમાં ફીતનો મચાવવાના ખ્યાલથી એખલી પડતાંજ કહ્યું "નસલ, હું મ્હારી દીકરીનું વેર ત્હારીપર નહીં લેઉ તો નાજામાય લોર્ડ નહીં."

૨

હવે આપણે જરા "મોદી મીનાર" ના આલીશાન બંગલામાં નઝર નાંખશું, જ્યાં વીધવા બાઇ જરબાઇ મોદી પોતાના એકના એક

અદી નામના બેટા સાથે રહે છે. એ નેક બાનુ જ્યારે ચઉદ વરસની પોતાની ભર જવાનીમાં હતી ત્યારે ઉકરજી મોદી સાથે પરણીને આએ આલીશાન બંગલામાં આવી વસેલી, અને બીજે વરસે એક ગુલાબ જેવા છોકરાને જનમ આપેલો. તે પછી વરસો વીટી ગયા, પણ "મોદી મીનાર" ના એકલા વારસ અદી સીવાય કોઇબી બાલક જનમ્યું નહીં અને તે ત્રણનું તવંગર કુટુંબ માણસોની ઢોરચોર સાથે અમન ચમનથી રેહેવા લાગ્યું. લાંબો વખત થઇ ગયો, અને જરબાઇના પાંત્રીસમાં વરસની ઉમરે ઉકરજી મોદી બેહેશતનશીન થયા, અને પોતાની પાછલ એક નેક વીધવા તથા વારસ બેટા અદીને છોડી ગયા. ઉકરજીના મરણથી જરબાઇને પોતાની ભરજવાનીમાં બહુ મોટો ફટકો પડયો, પણ તે રાંક અને અશરાફ બાનુ ખુદા પાકપર સબર રાખીને રહી અને પોતાનું બધું સુખ અદીમાં ભરતી દાહાડા કાહાડવા લાગી. ઉકરજીના મરણ પછી જરબાઇએ બસ જાણે દુન્યાનું સુખ અને મોજમઝાહપર પાણી ફેરવી દીધું, અને ઘરના કામકજથી પરવાડી પોતાનો તમામ વખત ભણવા ગણવા ને પાક ખુદાની એબાદત ગુઝારવામાં તે નેક બાનુ કાહાડવા લાગી. વલી ઉકરજીના મરણ પછી તેવણે પોતાના બંગલાની બહાર પગ મુકવાનાબી જાણે કસમ લીધા, અને તે પછીથી તે દીલ તુટેલી બાનુએ બંગલાથી બહાર જવાનું બી ઠીક જાણ્યું નહીં. જેમ તેવણ એકાંત પસંદ કરી ભણવા ગણવામાં પોતાનો વખત કાહાડતાં હતાં તેમ તેવણ સખાવત કરવાપર બી ઘણું ધ્યાન દોડાવવા લાગ્યા. મગર, તેમનો બેટો અદી જે તેમના વીચારને મલતો થતો નહીં તે સખાવતના કામમાં હાથ નહીં નાંખતો હોવાથી નેક જરબાઇએ પોતાના એક એજન્ટ દાખલ કામ કરવા નસલને બોલાવ્યો. આ નસલને તેવણ એક ભલા, પરગજુ અને સાદામાદા છોકરા દાખલ ઓલખતા હતા, અને ગરીબોને પોતાની નેક સખાવતોમાં સીધો

રસ્તો બતાવનાર તેમને આ એકલો ભલો છોકરો લાગવાથી તેની સાથે મસલહત ચલાવી નેક બાનુ જરબાઇ નસલને જુદી જુદી રકમો આપતી, જે લઇ જઇને ઘટતે ઠેકાણે નસલ પુગાડતો.—અલબત, આ કામ અદીથી છુપુંજ થતું હતું, કેમજે નહીં તો અદી એવાં વહેમોમાં નહીં પડવા માટે પોતાના માતાજી સાથે ચીહડાં ફાડે તેની બીહીકથી શયતાન ઉભો કરવા આ નેકઝાત બાનુ નસલને સખાવતની રકમ છુપેથી આપતી, અને છુપાં નામેજ નસલ ઘટતે ઠેકાણે તે રકમ ભરી આવતો અને ગરીબ જરથોસ્તીઓની ખોલ કાહાડીને તેમની ગરજ સારતો. ત્યારે, આપણે જોયું કે જરબાઇ મોદી એક ફીરેસ્તાઇ ખવાસની પરદુ:ખભંજન બાનુ હતી, નેક હતી, પાક ચાલચલણુની હતી, અને તેવીજ રીતનો ભલો તેવણુનો મદદનીશ નસલ હતો. નસલના માબાપ વીશે આપણે કશું હાલમાં જાણીશું નહીં, પણ કોઇ તવંગર શેઠીઆ નવરોજી લેનટીનનો તે કરી લીધેલો ભવીષ્યનો વારસ બેટો હતો, તે વાતની જરબાઇનેબી ખબર હતી, લેનટીનવાલા સાથે એવણુના મરહુમ ધણીને સારૂં હોવાથી ઓલખતાં હતાં અને તેથી સખાવતી કામમાં તેવણુને નસલને બોલાવવામાં સવલતા મલી હતી. ત્યારે "મોદી મીનાર" માં આપણે જોયું કે નેકીની નદી વહેતી હતી; અને તે છતાં બી, અફસોસ, કે તે નદીમાં પાપીઓ તરફથી બદીની રેલ ચલાવવામાં આવનાર હતી!

કોટના લત્તા તરફ અદી મોદીની ઑફીસ હતી, એ ઓફીસ ઉકરજીની વધારેલી વધેલી હતી અને તે મોદી પેઢીની આબરૂ બઝારમાં મોટી હતી. ઉકરજીના મરણ વખતે અદી વીસ વરસનો થયો હતો, તે વખતે વેપારીઓએ પોતાના મરહુમ વેપારી મીત્રનીજ માફક અદીનેબી જોયો અને તેને સીધે રસ્તે પાડવામાં મદદ આપી હતી. આજે તો અદી

લગભગ ત્રીસ વરસની ઉમરનો થયો હતો, અને ઉકરજીના મરણ પછીના આ દશ વરસમાં પેઢી જે હતી તેથીબી તેણે વધારેજ વધારી અને ધીકતી કીધી હતી.

એક દાહાડે સ્હવારના ઓફીસમાં અદીએ પગ મુકયો કે ટેબલપર કોઈ નવાજ આસામીના હાથનું લખાયલું એક શોભાયમાન પરબીડું ટપાલમાં આવેલું તેણે જોયું, તેણે તે કાગલ શું હતું તે જોવા પેહલુંજ ખોલ્યું, અને તેમાનું નીચલું લખાણ વાંચવા માંડયું :—

"આ કાગલ લખનારને ઉકરજી મોદીના કુટુંબની આબરૂ માટે વ્હાલ છે. તેને વ્હાલ છે તે માટેજ તો જે પાપ થોડોક વખત થયા "મોદી મીનાર" માં ચાલે છે તે જોઇને સહન નહીં કરી શકવાથી આ કાગલ લખે છે. જાણ, ત્યારે ઓ અદી મોદી, કે પીસતાલીસ વરસની ભરેલા બાંધાની હજુબી વીસ વરસની જુવાન છોકરીને ટકકર મારે તેવી લાગતી ત્હારી માય પોતાના દીલપર સાધુનો સાહયો ઓઢીબી બંગલાની બહારબી નહીં જવાનો દાવો કરીને બંગાલાની અંદરજ એક બુરામાં બુરૂં પાપ કરે છે—અને પોતાને એક બગલા બગત પુરવાર કરે છે. જાણ, અને જરા કંપ, ઓ મોદીના અદી કે ત્હારા માય જરબાઇ મોદી પેલા નવરોજી લેનટીનના કરી લીધેલા છોકરા સાથે હસે છે—બોલે છે ને તુંને છતી આંખે આંધલો બનાવે છે. બંગલાની અંદર રહવાર, બપોર ને સ્હાંઝ સ્હાંઝે આંતરે ને આંતરે છુપી રીતે આવવાનું એ નસલ લેનટીનનું કારણુજ શું છે? ત્હારી માય કદાચ પોતાને પકડાઇ આવેલી જોશે તો કોઇ બાહાણું તે છોકરા માટે કાહાડશે, પણ તું તે માનતોજ ના, પણ એ બેઉને સુધારવા તું ત્હારૂં બનતું કરજે. યાદ રાખ, કુટુંબની આબરૂ એ દુન્યાના જીવ કરતાંબી વધારે છે."

તે નાતરસ નનામું કાગલ અદીના ધુજતા હાથમાંથી પડી ગયું. અજાણી અને ગુસ્સાથી તે લાલચોલ થઇ ગયો. તેને ચકકર આવી ગયા અને તે પાસેની એક ખુરસીપર લગભગ પડીને અફલાઇ બેઠો. તેના કપાલ ૫ર ગુસ્સા અને ધીકકારની કરચલીઓ વળી ગઇ અને શયતાનની સુરત હોય તેમ તેની નેસ ફુલીને તેનો આખો ચેહેરો કાલો મારી ગયો. તે સેકંડ પછી સેકંડ ગરમીથી નરમ પડીને ગોયા ધીમાં બંધાતા બરફની માફક ઠંડો–મુઆં મુડદાં–જેવો થતો ગયો, અને તેના દાંત એકમેકપર દબાઇને કચકચાવા લાગ્યા.—અફસોસ ! પાપી પલીદીના નાતરસ નાકદર તે હર્ફે હરફ પાપથી ભરેલા નીચ નનામા કાગલે પોતાની સત્યાનાશીની શુરૂઆત કીધી હતી, અને એક કાચા કાનના જવાનપર પોતાની નીચ અસર કરવા માંડી હતી ! ઓ વાંચનાર, એક ખરા બનાવ અને એક નીચ નનામાં કાગલમાં કેટલો તફાવત છને, કાચા કાનનું માણસ કેવું ભોલવાય છે તે તેં જોયું છે, તો પછી હું ધારૂં છ કે તું બી ઉતાવળે કાચા કન થવા માટે હમેશ દુર રહેશે ને કદી કાચા કાન રાખશે નહીં.

મગર, આપણી વાતપર.

અદીએ તે નનામાં નીચ કાગલને ટુકડે ટુકડા કરીને તેને પોતાના પગો નીચે દાબી છુંદી દેવાને બદલે કાચા કાનનો થઇને તેને તે કાગલમાં લખાયલી નીચ વીગતપર ભરૂસો મુકયો, અને લોહીનો ગોટ ગલતાંજ સ્હાંઝનાં તેણે છુપેથી બધી ખબર મેળવવાનો વીચાર કીધો. સ્હાંજનાં ઘરે જતાં તે પોતાના એક કેમીસ્ટ મીત્રની દુકાનેથી ઉંદર અને બીલાડાં મારવાનાં બહાણુંએ થોડુંક કાતીલ ઝહર મેળવી, જાણે કશામાં નહીં હોય તેમ કપડાં કાહાડી, ફરવાનાં કપડાં પહેરી લઇ તે ફરી આવ્યો, અને ઝઝકળું થતાં તેણે પોતાના રૂમમાં કાવલાને બોલાવ્યો.

કાવલો નોકર આવ્યો, અને અદીએ તેને સવાલ કીધો "કાવલા, તું નસલ લેનટીનને ઓરખેછ વારૂ ?"

"હાજી હેઠ," કાવલાએ તુરત કહ્યું "ઘણા મજેના મનીખ છે, નોકરો હાથેથી એરાય ભેરાય, ને માહરાં પોયરાંઓને તો કેક ને મખરૂમ આપ્યા વગર તો જાણે દાખલ ની થાય."

"વારૂ" અદી આતુરતાથી બોલી પડયો "હું પુછું તેનો જવાબ આપ, એ નસલ કોઇ દહાડે આપના બંગલાની અંદર આવેછ કે ?"

કાવલાએ જવાબ આપવાની આણાકાગ્રી કીધી, તેથી ગુસ્સો કરીને પગ ઠોકતાં અદીએ કહ્યું "મને સીધો જવાબ આપ, એ અંદર આવેછ કે નહીં ?"

"આવે, હાસ, આંતરે આંતરે આવે ને જાય." કાવલાએ ગભરાઇને જલદીથી કહી દીધું.

"ને તે બંગલામાં સીધો સરભોગ સાહુકારની માફક ચાલી આવેછ ખરો કે ?" અદીએ સવાલ કરયો.

"ખરૂં પુછો તો નીહ" કાવલાએ કહ્યું "હું તો બહુ કરીને હાલમાં તીને કેટલો વખત થીઓ જોતો નથી, બગીચામાં રહેલો બેહેરામ જોય, પણ અગાઉ હું જયારે બી જોઉં ત્યારે નહલજી બીહીતાં હહલાંની કાણી બંગલામાં આવે ને——"

"ને શું" અદીએ ઘણીજ આતુરતાથી સવાલ કીધો "બોલી દે ઝટપટ."

"ને બાઇ હાએબના ઓરડામાં જાએ." ગભરાઇ જતાંજ કાવલાએ કહ્યું.

"વારૂં, એ વાતની ચકચાર તેં આપણાં માણસોમાં થતી જોઇછ કે ?" અદીએ પુછયું.

"નીહ, હાબ."

"વારૂ, જા—બેહરામને મોકલ."

કાવલો ગયો, અને બેહેરામ તેની સામે આવીને ઉભો રહયો ત્યાં સુધી અદીએ ગુસ્સામાં ને ગુસ્સામાં ઓરડામાં ફેરા માર્યા.

અદી તે નોકરની સામે એકદમ ધશી જતો હોય તેમ ઝડપથી ચાલીને બોલ્યો "બેહેરામ, તેં નસલ લેનટીન નામના આસામીને કયારે ઘેરમાં આવતો છેલ્લો જોયો ?"

"નસરવાનજી શેઠ તો આજે બી આવેલા.'' બેહેરામે કહયું.

"આજે બી આવેલા ? કયારે ?"

"એક કલાક આગમજ" બેહેરામે જવાબ દીધો.

"તો પાછા ગીયા ક્યારે ?"

"પાછા તો હજુણુ ગીયાજ નથી." બેહેરામે કહયું, ને વળી વધારયું "તેવણ બગીચાને પાછલે લોખંડને ન્હાને દાદરે ઉપર જાયછ તેમ ગીયા, ને તેજ રસ્તેથી પાછા ઉતરેછ, પણ મેં તો તેવણુને આજે હજુણુ સુધી ઉતરેલા જોયા નથી !"

"વારૂ, તું હવે બંગલાના દીવા બતી કર, જા જઇને કેશવ ને માધુને મહારી આગળ મોકલ." બગીચામાંથી અદીએ કહયું, ને બેહેરામ ગયો. કેશવ ને માધુ તે પછી આવ્યા કે અદીએ કહયું "જાઓ, તમે બેઉ જણાં બેહેરામને કહયા વગર પાછલે દાદરે હાથમાં અકેકી લાકડી લઇને ઉભા રેહો, હું આઉં છું. તમારા કામનો સન્સારો કોઇને નહીં જાએ."

તે બેઉ ફરમાબરદાર નોકરો ગયા અને હાથમાં અકેકી લાકડીને લઇને શેઠના કહ્યાસર ગુપચુપ ઉભા, અદી પોતેબી થોડે વારે તેઓની તરફ હાથમાં લાકડી લઇનેજ ગયો, અને ત્યાં જતાંને વાર શું કરવાનું હતું તે પેલા બેઉ નોકરોને અદીએ સમજાવ્યું, અને તે પછી તે ત્રણે સામેના એક મોટા ઝાડને ઓથે ભરાઇને ઉભા.

દશ મીનીટ પછી દાદરને મથાળે નસલ દેખાયો, અદીએ પેલા બેઉને પોતાથી થોડા દુર રહેવાનો ઇશારો કરી, પોતે પહેલાં આગળ વધવાનો વીચાર કીધો ને વાઘ જેમ શીકારપર તાંપવા ઉભો રહે તેમ નસલના હેઠે ઉતરવાની વાટ જોવા લાગ્યો. જેવો નસલ હેઠે આવ્યો કે અંધારામાં તેનો હાથ પકડતાંજ અદી બોલ્યો "કંગાલ કુતરા, તારી નીચ ખાસીયતનો સવાદ અદી મોદીને હાથે ચાખ."

પણ પાક ખુદા જાણે તે ભલા છોકરાની મદદે આવ્યો હોય તેમ અદીની ઉગામેલી લાકડી તેને નઝરે પડે તે માટે જાણે એકાએક વાદળામાંથી ચાંદની રોશની પ્રગટી નીકળી, અને તે લાકડીને પોતાના શરીરપર આવતી નસલ બચાવી શક્યો. ઉજરડાએ જોઇ શકીને નસલે ફટકો બચાવી લીધો તેથી તો અદી વધારે ગુસ્સે બની ગયો, અને તેણે સીપટી ફોડીને બેઉ નોકરોને મારવા બોલાવ્યા. અદીએ પોતેબી બીજી લાકડી ઉગામી, પેલા બેઉ ઉચકેલી લાકડી સાથે ધસી આવ્યા, પણ ખુદ ખુદાજ નસલની મદદે હતો તો ત્રણ માણસોબી તેની સામે શું કરનાર હતાં ? એક પક્ષી જેમ પારધીની જાલમાંથી નહાસે, એક હરણી જેમ પુઠે પડેલા શીકારીને માહત કરીને દોડી જાય તેવીજ રીતે નસલના તાંતીયામાં કંઇ કુદરતી પુશકળ ઝોર આવી ગયું, અને તે પેલા ત્રણેના હાથમાંથી છુટો થઇને ચાંદરણાંનો લાભ લઇને તે બંગલાના બગીચામાંથી ન્હાસીને એવો

તો જીવ લઇને બ્હાર દોડી ગયો કે પેલા નોકરોને જાણે કાંઇ તલેસમાતજ લાગ્યો, અને અદી તો અજાયબીથી બે પલ દંગ થઇ ગયો!

૩

હવે તો અદીના ગુસ્સાનો પાર રહયો નહીં, તેને તે બેઉ નોકરોને કાંઇબી કોઇને જણાવવું નહીં તેવો સખત હુકમ આપીને મોકલી દીધા અને પોતે ગુસ્સાથી ઘેલો બનેલો પોતાના ઓરડામાં ગયો, અને જતાંને વાર કપાલ કુટીને ખુરસીમાં ફસડાઇ પડયો. "વહેમ બધો દુર થયોછ, એ નનામાં કાગલને લખનાર આસામી કોઇ તદન ખરૂં માણુસ છે. અફસોસ! મ્હારી માય! હું જાણું જે પહરેઝગાર ભોલી ભાલી બાનુ છે, મગર એક ધર્મઠગ ઓરત પુરવાર થઇછ! મોને રામ પુકારી, પગે માછલાં મારેછ! તે જીવીને શું પોતાના પાપી આશકને વારતે જીવેછ? નહીં, એવી પાપી ઓરતને આએ મ્હારાં બાપીકા બંગલામાં—આએ દુન્યામાં-જીવવાનો બીલકુલ હક નથી, ને એ હવે વધારે જીવી શકશેબી નહીં."

અફસોસ! તે નનામું કમબખત કાગળ! તેણે એક બેટાને પોતાની માદરને અપમાનભરેલા શબ્દો બોલવા ઉશકેર્યો હતો અને એક પાપી પલીદ કામ—ખુન-કરવા જેટલો દીવાનો બનાવ્યો હતો!

અદી હવે ઉઠયો, તેણે ઝહરની પેલી શીશી પોતાના બદીઆનના ગજવામાં લઇ લીધી, અને પોતાની માદરના ઓરડા તરફ ગયો. તે નેક બાનું બંદગીમાંથી ફારેગ થવાની અણીપર હતી, જે જોઇને તે વહેમી બનેલો છોકરો મનમાં બડબડયો "હા, ધર્મઠગ, ઠગી લે, દુન્યાને ઠગી લે, પણ હવે ત્હારી ઠગાઇ વધુ વાર ચાલશે નહીં."

તે ઓરડામાં દાખલ થયો તે જોઇને માદર ખુશ થઇ, અને ભણી રહીને તેણે સવાલ કીધો "કેમ બેટા, જમ્યા કે ?"

"નહીં, માય" અદી પોતાનો ગમ દાબીને બોલ્યો "જમ્યો નથી, પણ ત્હમારી સાથે આજે જમવા આયો છ."

"એમ રોજ સાથેજ ટેબલપર બેસનો હોય તો હું કેટલી ખુશી થાઉં, મ્હારા દીકરા." ખરો ભેદ જાણ્યા વગર તે પાકીઝેહ ફીરેસ્તાએ નેક દીલની ખ્વાહીશ રજુ કીધી

"આજથી મેં ત્હમારી સાથેજ જમવાનો વીચાર કીધોછ, ભોણું મેં અહીંજ મંગાવ્યુંછ" અદી જાણે કશામાં હોય નહીં તેમ બોલ્યો "જો ત્હમે ભણી રહયા હોવ તો માય જરા આપરે ગોટ ગોટ દારૂ પી લઇએ, તેટલાં જમવાનુંબી આવશે."

"મ્હને દીકરા દારૂ લાગી બહુજ જાયછ, તોબી આજે જરા સરદી છે તો થોડોક પીધેલો દવા તરીકે કારગત લાગશે."

"હા, પીશો તો ત્હમારી સરદી સદંતર જતી રહેશે!" કીનાથી અદીએ જણાવ્યું, કે જાણે હવે ત્હમારૂં કાટલું એકદમજ નીકલી જશે.

દારૂની દીકાનતર લાવવામાં આવી, અને તેમાંથી થોડો થોડો દારૂ અદીએ ગલાસમાં રેડયો, અને જાણે યાદ આવી ગયું હોય તેમ બોલ્યો "માયજી, મ્હને "ચીઝ"નો એક ટુકડો મ્હારી ટેબલપરથી લાવી આપસો?"

તે માય વહેલી કે પોતાના છોકરાના ઓરડા તરફ તે કામ કરવા ગઇ, અદીનો ઓરડો જરા છેટે હતો અને તે અરસામાં તે નેક બાનુના ગલાસમાનાં દારૂની અંદર ઝહર મેલવી દેવાની સારી ટક અદીએ જોઇ. "ચીઝ" લાવતાં જરા વખત થયો, તેટલાં કામ કરી લેવામાં આવ્યું. તે માય–દીકરાએ હવે સલામતી લેતાં પોતપોતાનું ગલાસ ઉંચક્યું, જરબાપ્નો

દારૂ તો થોડોજ હતો તે તેવણે એકજ ટાંસમાં ગલામાં હોમાવી દીધો અને તે જોતો રહીને અદીને લાગ્યું કે તેના પોતાના દીલમાં કંઇ ફરીયાદ ઉઠી રહી હતી, અને એક માયનું જખુનમાં જખુન ખુન કરવા માટે જાણે તે ગુનેહગાર થતો હતો—તોભી તેના ગુસ્સાએ તેને ઉશકેરેલોજ રાખ્યો. અદીના ચેહેરાપર એક ઘણોજ ગુસ્સાબાઝ દેખાવ ફરી વલ્યો, તેનો ચેહેરો ફીકકો બની ગયો, તેની આંખ જાણે બહાર નીકલી આવી, તેનાં ફીફરાં પોહલાં થતાં લાગ્યાં, તેના હોઠ ધ્રુજતા હતા અને તેની ગરદનની નેસ ફુલઇ આવી હતી.

"ઓ ખુદા" જરઆઇ તે જોઇને બુમ પાડી ઉઠી "તુને એકાએક સું થઇ આયું? તું મ્હને કાંય ગભરાવેછ? સું દારૂની અતરસ ગેઇ?" પણ તે માદર બોલતી ને પુછતી હતી તોબી તેને પોતાને અજાયબી સાથે લાગતું હતું કે તેના પોતાના પેટની અંદર ઉઠલપાઠલ ને ગરમી કેમ થતી હતી!

"માય" અદી બોલ્યો "એક જુવાન છોકરો હમણાંજ થોડા વખત ઉપર આએ બંગલામાં હતો, અને તે ત્હમારી પોતાની આગલ એખશો હતો!"

"તે ઘણોજ ભલો છોકરો છે, દીકરા" નહીં સમજ પડે તેવા પેટના દુખારાને લીધે પેટપર હાથ મુકીને જરઆઇએ સમજાવ્યું.

"સું?" વધારે ગરમ થઇ જતાં અદીએ પોકાર માર્યો "આવી જાતની ઠગાઇ? અને તેની ઉપરથી વરી તેની વખાણ? મ્હારા મોનાપર?"

"તું સું કેહેવા માંગેછ, મ્હારા બચ્ચા!" તે નેકઝાત બાનુએ ગભરાઇને સવાલ કીધો.

"હું કેહું તેની અગાઉ આએ કાગલ વાંચો"—અને અદીએ તે નાતરસ કાગલ પોતાની માદરના દીલપર ફેંક્યો! તે બાનુએ આ

પેહલવેહલી વખત આવા અપમાનથી પોતાના દીકરાને પોતાની તરફ કોઇ ચીઝ ફેંકતાં જોયો હતો અને તેથી ઘણો ગમ કરીને તે કાગલ વાંચવા લાગી. જેમ જેમ તે વાંચતી ગઇ, તેમ તેમ તેના ચેહરાનો રંગ બદલાતો ગયો. વાંચી રહીને એક શેર બરાડ પાડે તેમ તે દુખથી કલવઇને બુમ પાડી ઉઠી "આએ કાગલ સદંતર જુઠું છે, હયફ હોજો એના લખનાર લખાવનારાપર, ઓ ખુદા! હું ત્હારી આગલ ફરીયાદ ઉઠાઉછ કે આએ નનામાં કાગલના લખનારના હાથ જલી જજો, તેનું ઘેર બલી જજો—હું વધારે નથી બોલતી, જે તુંને લાગે તે થવા દેજે ઓ ખુદા! અફસોસ દુન્યાના આદમીઓ કેટલા દુષ્ટ બનતા જાયછ કે તે લોક પોતાનું ખાઇને બીજાની નીંદા કરેછ, ને નેકીના દુધમાં બદીનું પાણી ભેરેછ!"

"નેકીનું દુધ? જો માયજી તમે નેકીનું દુધ હોતે તો સું કામ હું એમ ગુસ્સે થને?" બદીએ કહ્યું "તમે તો ધર્મઠગ છેઓ, ભણી ગણીને એક પરાયા જુવાન છોકરાની સાથે વાતચીત છુપેથી કરોછ."

"છુપેથી વાત તો સખાવતનાં માહરા કામને વાસ્તે કરતી હતી" અને વધારે ને વધારે દુખતાં પેટપર હાથ મુકીને તે માદરે પોતાના સખાવતી કામની વીગત કહી.

"વારૂ, મહારી હરૂસે સખાવતનું ધુલધુમારૂં ઉડતુંતું, પણ તેમાં કામ કરવા વાસ્તે કોઇ બાનુ કમપેનીઅન તમુને નહી મલી કે એક જુવાન છોકરાને બોલાવ્યો? જાણુ, ઓ ધર્મઠગ માદર, કે તહારા દારૂમાં મેં જેહેર ભેરયુંછ, ને હવે તું મરશે. પણ મરતાં મરતાં બી તું તારૂં પાપ કબુલ કરી લે, ને ખુદાની માફી માંગ."

"જેહેર! હવે હું સમજી" જરબાઇએ એક ચીસ પાડતાં કહયું "ઓ ખુદા! હું તો મરવાની હોવસ, તેથી મરૂંછ; પણ બદી તારૂં સું

થશે ? તું કેમ પાક ખુદાના ગુસ્સાથી બચશે ? મ્હારા બચ્ચા, તેં એક નાતરસ નાકદર નનામાં કાગળની સુઝે એક એવું પાપી ને કરપીણ કામ કીધુંછ કે તું તેના પલીદ અઝાબમાંથી કોણ જાણે કેમ બચશે ? તોબી, તારે હાથે મરવા છતાંબી, માહરા બચ્ચા, હું તુંને કદુઆ દેતી નથી, જા પાક ખુદા તારૂં પાપ માફ કરે ! " અને તે પાસેના કોચપર પડી જતાં બોલી " ઓ, માહરી આંખે અંધારાં આવેછ, માહરા દીલમાં કંઇ ચુંઠાયછ. "

" માદર, તમે હજુરબી તમારૂં પાપ ધોયા વગરજ મરોછ." અદીએ કહયું " તમે કબુલ કરી જાઓ કે એક જુવાન છોકરા સાથે તમો પ્યાર કરતાતા."

" ઓ, નહીં, નહીં—તાહરી ગંદીલી જબાનને રોક, અદી. એક પાપમાં વધારે પાપ ના કર " જરબાઇ જેમ તેમ બોલ્યાં " મેં કોઇ ઔરતના હાથમાં કામ નહીં સોંપ્યું, ને નસલને એ કામ વાસ્તે પસંદ કીધો, ને તેની પાસે મારૂં સખાવતી કામકાજ કરાવી, હું તેને મ્હારા ઓરડામાં એકલો બેસાડીને વાત કરતી'તી; પણ તેનું કારણ છે, છોકરા, તેનું કારણ છે—માહરેથી હવે મોટેથી બોલાતું નથી, તું જરા પાસે આવ" અને અદી તે મરતી માયની પાસે ગયો કે જરબાઇએ ધીમાં પડતાં જતાં અવાઝે કહયું " અદી, તું જાણતો નથી કે નસલ તો તાહરો જોડયો ભઇ ને માહરો પોતાનો જનેલો બેટો છે."

ઉફ ! કોઇએ લોખંડનો સલીઓ મારયો હોય તેમ અદીને તમ્મર આવી ગયાં, અને બેઉ હાથોએ તેણે પોતાનું માથું પકડી લઈ પોકાર મારતાં પુછયું " સું ખરી વાત છે, માયજી ? નસલ માહરો ભઇ થાય ? "

" હા, તાહરો પોતાનો ભઇ થાય, દીકરા, તહારો પોતાનો ભઇ

થાય" મોતની તાસવીસ કરતી, દુન્યાની તે ખરી પાકઝાત બાનુએ જીવને તાણી તાણીને ખુલાસો કીધો "દીકરા, તુને જનમ આપવા પછી વીસ મીનીટે નસલને મેં જનમ આપેલો, તહમે બેઉ જોડીયા બઇ થાઓ, જોકે તમારા ચેહેરા એકમેકને એકદમ મલતા નથી તોબી બેઉની આંખ એકસરખી છે ને તમારા બેઉના જમણા હાથની બાજુપર એકસરખાં મોટા લાછણ છે. નવરોજી લેનટીન તમારા બાપના મોટા દોસ્ત થાય અને તેવણુને ફંઇજ છોકરાં નહીં હોવાથી તમારા બાપને કાલાવાલા કરી તેવણે નસલને માંગી લીધો. તમારા બાપ ઘણા ભલા, તેવણે કોઇનેબી એ વાતની ખબર પડવા દીધી નહીં અને સુવાવડમાંજ નસલને નવરોજી લેનટીનને સત્રાધીન કરવામાં આવ્યો, જેવણે પોતાના બચ્ચાનાં માફક એને ચાહીને કોઇ ઇરાની બાઇના દુધપર ઉધારી, તે પછી પાલીપોશી મોટો કીધો. છુપી વાત છુપીજ રહી, ને અફસોસ કે આજે આએ પરિણામ આવ્યું."

અદી તે મરતી માયના કોચ આગળ ગુડન્યે પડી ગયો, અને ડુસકે ડુસકે રડયો "ઓ ખુદા! ઓ માયજી! મને માફ કરો! અફસોસ, કેઇ કમબખત ઘડીએ મેં તે નાતરસ નાકદર નનામાં કાગળની વીગતને સાચી માની અને આવી રીતનો કેહેર એક સુખી ઘેરમાં વર્સાવ્યો?"

તેણે તે પાકઝાત ફીરેસ્તાઇ ખસલતની નેક માયનો હાથ એમ બોલતાં પકડી લીધો, પણ તેને લાગ્યું કે તે હાથ ઠંડો થઇ ગયો હતો. તે અતી ઝડપથી ઉઠીને તે માદરનો ચહેરો તપાસવા લાગ્યો, અફસોસ! તે બેહેસ્તનું નેકઝાત બુલબુલ બેહેસ્તમાં ઉડી પણ ગયું હતું! તેણે એક ચીસ પાડી, ને તે સુએલી માદરના શબ આગળ બેસુધ્ધ થઇને તુટી પડયો.

જ્યારે તે હુસ્યાર થયો ત્યારે તેણે પોતાના તમામ નોકરોને તે જમવાના ઓરડામાં એકઠાં થયલાં જોયાં. તેણે બધાંને શું બન્યું હતું

તેની વીગત સમજાવી અને પછી એક વીલ લખી નાંખ્યું. તે વીલમાં તેણે સઘળો બનાવ વીસતારીને લખ્યો અને તેમાં પોતાની તમામ દોલત પોતાની માદરના ચહારમના દીવસે નસરવાન નવરોજી લેનટીન—તે પોતાના જોડયા ભાઇને આપવાનું લખ્યું, દરદાગીના, ફરનીચર અને વાડીબંગલો બી તેણે તેજ ભાઇનેજ મલે તેમ લખ્યું, અને તે વીલપર પોતે સહી કરી સાક્ષી તરીકે ઘરમાંના બધા નોકરોની સહી લઇ લીધી અને તેને ત્રીજોરીમાં મુકી તેની ચાવી કાવલાને આપી દીધી, અને તે વીલની એક કોપી ઉતારીને તેને રાતોરાત પોતાના સોલીસીટરપર પોસ્ટ કીધી, અને તે સાથે સોલીસીટરપર એક કાગળ લખીને સહવારના આવીને બંગલાનો તથા અસલ વીલનો ચાર્જ લેવા જણાવ્યું—તથા માયજીનાં ચહારમનેજ દીવસે તે બધું નસલને સ્વાધીન કરવા લખ્યું.

તેમ કરી રહયા પછી તેણે બધાં માણસોને થોડું થોડું નાણું આપ્યું, અને પોતે એક રકમ લઇને ભાડેની ગાડી બોલાવી કયાં જાય છે તે કહયા વગર મુએલી માયને છેલ્લો સેજદો કરી ત્યાંથી ગયો.

* * * * * *

ઉપલા કમનસીબ બનાવને ત્રણ દીવસ થઇ ગયા.

ચોથા દીવસની બામદાદે નેકઝાત બાનુ જરબાઇ મોદીનું ચાહરમ હતું અને તે વખતે નવરોજી લેનટીન તથા તેમનો કરી લીધેલો છોકરો નસલ તથા સગાંઓ અને ઓરખાણવાલાંઓ બધાં એકઠાં થયાં હતાં—તે વખતે વીલ વાંચવાનું હતું, કારણકે સોલીસીટરને તેજ વખતે નીવેડો કરી નાંખવાનું વીલમાં ફરમાવેલું હતું. અદી મોદીના લખવા મુજબ ઓરી-સનો ચાર્જ તથા બંગલાનો ચાર્જ તથા દરેકે દરેક ચીઝ તેના જોડયા માજણ્યા ભાઇ નસલને મલી, અને બધો ફેંસલો થઇ ગયો. મોદી

ખાનદાનનું સઘલું તેના ન્હાના વારસ બેટાના હાથમાં ગયું—મગર, કોઇને અદીનું શું થયું તેની ખબર પડી નહીં.

હવે કહેવાનું થોડું, પણ ઘણુંજ બુરૂં કેહેવાને રહ્યું છે.

નેકીની તે નદી જે સુકાઇ ગઇ હતી, અને જેના સુકાતી વખતનો છેલ્લો અવાઝ ખુદ અંતકરણના ઉંડાણથી નીકળ્યો હતો તે ખરો પડ્યો. કોઇ અજબ સંજોગે મરહુમ બાઇ જરબાઇની ચહારમનીજ બામદાદે "નાજુ વીલા" માં એક ભયંકર આગ લાગેલી જણાઇ! આગ! આગ! ને બસ આગ!—સુતેલાંઓને ઉઠીને નહાસવાનો વખત બી મલ્યો નહીં, તેવી ભયંકર રીતે આખા બંગલામાં બોલ બોલતાં આગ-આગ ફેલાઇ ગઇ, બંગલાની બહારનાં બગીચામાંના માણસોનાં ઝુપડાં, ઘરબાર, તબેલાનો બચાવ થયો, પણ બંગલામાં તો કોઇને બી બચાવી નહીં શકાય તેવી ભયંકર આગ ફેલાઇ રહી!

સઘળું બલી જલીને ભશમ થઇ ગયું! બંગલાને બદલે બંગલાની ચાર બાજુની દીવાલો ફકટ ભાંગી ભસ્તા જેવી દેખાતી હતી, બાકી તમામે તમામ ચીઝ જાણે કાગળના તાવ હોય તેમ બલી જલીને ખાક રાખ થઇ ગઇ હતી! બંગલામાંના ત્રણ રેહેવાશીઓની શોધ કરવામાં આવી તો કાલો કોયલો બની ગયલી બે દીલ કંપાવનારી લાશો હાથ લાગી, માણસોએ તે ઓલખી, અને તેપરથી માલમ પડ્યું કે તે બેઉ લાશ—લોર્ડનાં રૂસી અને ગુલની—શેઠાણીના બે ફરઝંદોની હતી.

મગર, નાજાંમાય લોર્ડની લાશનું શું થયું? ખુબ ખબર કહાડવામાં આવી, તો કાટની નીચેથી કોઇ આદમીનો દુખી દીલનો અવાઝ આવતો હતો—ત્યાં ખોદકામ થયું, અને ખોદકામ કરતાં અરધે કલાકે અર્ધોંતર્ધી બલી ગયલી નાજાંમાય લોર્ડ જીવતી-મગર જીવીને રીબતી—મલી આવી!

તેને તુરતજ ઓસ્પીટલમાં લઇ જવામાં આવી, જ્યાં તેનો જમણો હાથ કાંટ નીચે ભાંગી ગયલો હોવાથી કાપી નાખવામાં આવ્યો. કાપી નાખેલા હાથ સાથે તે બુઢ્ઢા ઔરત ઓસ્પીટલમાં જીવતી હતી, અસહ્ય દુખ ખમતી હતી, અને રીમતી હતી. તેનાં બેઉ ફરઝંદો મરી ગયલાં તેણે જાણ્યા, તેનો તમામ બંગલો ભશમ થયલો તેણે સાંભળ્યો, અને પોતે રાત-દહાડો રીબની હતી તે જોઇને હવે તેના અંતકરણમાં ઠોકા વાગવા માંડયા કે " અરે રે, એક પાપી કામ કરીને નીરદોશોને બરબાદ કરવામાં આવો નતીજો મલે છે ! "

અફસોસ ! તે બુઢ્ઢા ડોસી જે મખમલી બીછાનાપર બુધાપાના દીવસો કાહાડવાની આશા રાખતી હતી, તે ઓસ્પીતલના એક ઓરડામાં રીબી રીબીને હલાક થતી હતી. તે દરપલે માંગી માંગીને મોત માંગતી હતી, પણ મોત જાણે તેનાથી દુરજ રહીને તેને તેના કરતુકની સજા ભોગવવા દેતું હતું ! તેનો જમણો હાથ કપાઇ ગયા પછી થોડે દીવસે માલમ પડયું કે તેના ડાબા હાથમાં બલી જવા પછી રૂજ આવવાને બદલે સડો લાગ્યો હતો અને તે સડો હાથના હાડકાંને લાગ્યો હતો, તેથી તેનો ડાબો હાથબી કાપીજ નાંખવો પડયો !

હવે બેઉ હાથ વગરની તે નાજાંમાય લોર્ડ, પોતાના તનબદનમાં કીડા સાથે રીબતી હતી ! તેના બેઉ પગોમાંથી કીડા બન બન થઇને નીકલતા હતા, જે જોઇને તે પોતેબી કમકમતી અને આંખે હાથ દઇને એક હાય ખેંચીને દીલ કાપી નાખનારી એક ચીસ પાડીને બીછાનામાં પટકાઇ પડતી !—અફસોસ !—ઓ આદમઝાત, તેં કીઆ દાહાડાને વાસ્તે બેચેન બનીને છને સુખે આએ દુખ ત્હારા સરપર વ્હોરી લીધું ? આએ દાહાડાને વાસ્તે ?—અફસોસ ! દુન્યામાં તું બેચેન નહીં બનીને,

બેતાબ બેકરાર નહીં થઇને, શાંતીમાં ખુદાને યાદ કરીને દીવસ કાહાડતે તો આવો વખત શું કામ ત્હારીપર આવતે ?-અને આવી રીતે તું શું કામ રીબતે ને કોહતે ?

ઓ ઝુલમી નાતરસ હયવાનો, શાખો, જરા મ્હારી આ ટુંક વાર્તાપરથી દાખલો લો, અરે, ત્હમો નનામાં કાગલ લખતી વખતે તો મનમાં મોજ લેઓછો કે ફલાણાને હયરાન કરશો ને તેના સુખી ઘરમાં શેતનો ચલાવશો—મગર, ઓ હૈયાં ફુટાં હયવાનો, ત્હમોને કયાં ખબર છે કે ભવીષ્યમાં ત્હમો તેજ કાગલના લખવાથી ત્હમારા પોતાના સરપર ને ઘરપર આગ લગાડોછો, આ દુન્યાની મુસીબત ને તુફાન ઉઠાવોછો ! અરે, ઓ ત્હમો અકકલહીણ પાપીઓ, પાક ખુદા ત્હમારા પાપને નહીં સાંખશે, તે દુન્યાનો બનાવનાર સાહેબ એકજ લહેઝામાં ત્હમારી સામે ત્હમારા પાપને ઉભું કરશે, અને પછી તેજ પાપ ત્હમારીપર બદલો—બદલો—બદલો—ભયંકર ઇન્તેકામ—લેશે.

* * * * *

* * * *

એક વરસ પછી ઓરપીતલમાં હાથ-પગ વગરની એક ડોસી મરણ પામી-અને તે નાઝામાય લેડ઼ હતી !

અને તેજ મહીનામાં છેક અમેરીકામા, હીંદુસ્થાનથી રખડીને, તરતના આવેલા કોઇ નહીં જણાયલા આદમીની લાશને સરકારી માણસોએ ભુમીદાહ કીધી-અને તે લાશ ? કોઇની નહીં, પણ આપઘાત કરી મુએલા અદી મોદીની પોતાની હતી, જે શેહર અને ઘરથી દુર દફણાઇ ગઇ હતી ! અફસોસ, કાચા કાનના ઉતાવલા આદમ ! તું કોણ ? ને ત્હારી શી હાલત ?

સમાપ્ત

જાહેર ખબર.

દેશી મીઠાઇની બાબદમાં તદન

☞ નવો સાહસ! ☜

મીઠાઇના શોખીનોને માટે એક ખાસ ઉમદામાં ઉમદા ટક
મીઠાઇના જાણીતા શાહ વેપારી

કમરૂદીન ઇભરાહીમજી

ની ઉત્તમ બનાવટનો "પીસતાઇ હલવો" ખાશો તો
દાંતમાંથી સ્વાદ જશે નહીં.

મીઠાઇ મીઠાઇ શું કરો છો? કમરૂદીન જે બનાવે છે તેવી મીઠાઇ આખા હીંદમાં નમુને મલશે નહીં. ચોખામાં ચોખું ઘી, સરસમાં સરસ કારીગરી અને ઉત્તમમાં ઉત્તમ સફાઇ, એટલે પછી મીઠાઇની મઝાહનું પુછવુંજ શું? કાર્ફડ મારકીટના હમારા રૉયલ ફેનસી સ્વીટમાર્ટ સેલુનમાં આજે ગ્રાંટરોડ અને તારદેવ તો શું, પણ વાલકેશ્વરના નાકાથી તે કોલાબેની દીવાદાંડી સુધીના લોકો ખુશીથી ખેંચાઈ આવે છે. આજે અલબેલી મુંબઇ નગરીમાં

☞ કમરૂદીનનો મીનીંગજ સરસ મીઠાઇ થાએ છે. ☜

તે બાબે હવે લોકોમાં કાંઇબી શક રહ્યોજ નથી.

કમરૂદીન ઇબરાહીમજી,
મીઠાઇના શાહ વેપારી.
બારીઆ મેનશન, કાર્ફર્ડ મારકીટની સાંમે.
ટેલીફોન નં૦ ૨૮૭૫.

દીબાચો (પાછલો.)

"પરસ્તાને ચકરમ"માં જણાવ્યા મુજબ "ઘેલા ઘાંચીનું કુટુંબ" નામની તેવીજ રમુજી સ્કેચોની ચોપડી જે બહાર પડવાની છે તે આપેલા પ્રોમીસ મુજબ આવતા જાનેવારી માસની તા૦ ૧ લીને બખનાવર ઇંગ્રેજી નવા સાલની શુરૂઆતને દીવસે પ્રગટ કરવામાં આવશે, મ્હારા મુબારક મેહેરબાન ધરાકોએ જેઓએ અત્યાર આગમજના નામો નોંધાવેલા છે તેઓનો આ ટકે હું કંઇ થોડો ઘણો આભારી નથી, પણ તે લોકની મેહેરબાની માટે હું બહુજ હેશાનમંદ છું—જે સાહેબોએ હજી સુધી પોતાના નામ નોંધાવ્યા નહીં હોય તેઓને જણાવવાની રજા લઉં છું કે એક કાર્ડ મોકલી ફકર નામ નોંધીને ચોપડો વી. પી. કરવાનો હુકમ મ્હારી ઉપર મોકલવો. "ઘેલા ઘાંચીનું કુટુંબ" નવા વર્ષની શુરૂઆતમાં બહાર પડશે કે તુરત મ્હારા સર્વ મહેરબાનોપર રૂ. ૧) (વી. પી. ખર્ચના ત્રણ આના) માટે વી. પી. થી મોકલવામાં આવશે.

"પરસ્તાને ચકરમ" પછી "ઘેલા ઘાંચીનું કુટુંબ"જ જાનેવારીમાં છાપવાની હતી, મગર, મ્હારા અદના લખાણોના મેહેરબાન વાંચકોએ મ્હારી ત્રેજીક વાર્તાઓની પણ જુદી ચોપડી બહાર પાડવા માટે જ્યારે લખ્યું, તો તેમની લખાવતને માન આપવાની મ્હને ફરજ્યાત જરૂર જણાઇ—મેં મ્હારા "પરસ્તાને ચકરમ" ના ધરાકો ઉપર કાગલો લખ્યા અને જ્યારે એક અચ્છી સંખ્યાના બાંધેલા ધરાકોએ બોધદાયક અને નસીહતકારક વાર્તાની તલબ કીધી અને વલી આગમચથી તેની કીમતબી મોકલી તો પછી મ્હને આજની આ "બેતાબ ખલકત" છાપ્યા વગર છુટકોજ

નહીં જણાયો—બેશક, જો મ્હારી આ ત્રેજીક નોવેલ બી જો મ્હારી "પરસ્તાને ચકરમ"ની કોમીક નોવેલ મીસાલ ફતેહમંદ નીવડશે તો પાક ખુદાની મદદથી એકવાર ફરીથી બીજી બોધદાયક નોવેલ છાપીશ, અને દીલમાં જે આશા છે કે જમશેદી નવરોઝ સુધીમાં બે કોમીક અને બે ત્રેજીક નોવેલો પ્રગટ કરવી તો તેમ કરવાની કોશીશ કરીશ. મગર, એ બધી ભવીષ્યની આશા છે—અને તે પાર પાડનાર ફક્ત પરવરદેગાર છે, જે કરશે તે **તેજ** કરશે અને જે થશે તે **તેનાથીજ** થશે, માટે વધારે બોલવુંજ ફોકટ છે.

હાલમાં જ્યારે આ પાછલા દીબાચાપર હું મંડયો છું તો એને જરા વધારે લોકપ્રીય કરવા મેં પારસીઓના પ્રખ્યાત પાયોનીઅર પત્ર "જામે જમશેદ" નાં મ્હારા ઇરાની ભાઇઓના ભલા માટે છપાવેલા ચર્ચાપત્રને અત્રે પ્રગટ કરૂં છું કે તે મ્હારી કીતાબમાં જલવાઇ રહે. મ્હારા ઇરાની બીરાદરો માટે એ મ્હારી અદના સુચના ઘણીજ લાભકારક છે, પણ તેઓ તે પ્રમાણે અમલ કરવાને બહુ ધીરા છે. હું તો એટલુંજ ઇચ્છું છું કે દીવસ દર દીવસ ઇરાની જરથોસ્તીઓ જેમ આગલ અને આગલ વધતા ગયા છે તેમ વધતાજ રહે, અને કોઇબી જાતનું અજ્ઞાનપણું તેઓમાં હસ્તી ભોગવે નહીં. મ્હારા ઇરાની ભાઇઓમાં કેલવણી, આપ બધા જોઇ શકશો કે, રફતે રફતે ઠીક પગપેસારો કરે છે, અને ઇરાની ડાૅકટરો, ઇરાની વકીલો અને સોલીસીટર, ઇરાની ઇજનેર અને ઓધેદારો હીંદુસ્તાનમાં થતા ને થતા રહયા છે જે ખુશાલીની વાત છે. મ્હારૂં અદના બોલવું એ છે કે મ્હારી અદના સુચના જો આજે નહીં અને ટક મલતાં પાંચ વરસેબી, જરૂરી ફેરફાર સાથે, અમલમાં મુકાય તો ઇરાની જરથોસ્તીઓને ફાયદોજ છે:—

ઇરાની જરથોસતીઓને એક સુચના.

"જામે જમશેદ" ના માનવંત એડીટર,

નામવર પ્રીનસેસ મેરીએ ઉઘાડેલાં ફંડમાં ઇરાની જરથોસતીઓએ રૂ ૧ હજાર ભરવાથી એ નામદાર શાહજાદીએ પોતે તાર મોકલીને ઇરાની જરથોસતીઓને મરતબો આપયો છે એ વાંચીને હું ધારૂં છું કે એવો કોઇબી મારો ઇરાની ભાઇબંધ નહી હોય જે થોડો ખુશી થયો હોય. બેશક, આ એક આલા દરજજાની ખુશાલી ઇરાની ભાઇઓ માટે રહેવી જોઇયે જેમાંથી જાણે એક નમુનેદાર ધડો નીકળી આવે છે.

નામવર પ્રીનસેસ મેરીએ આપેલા મરતબામાં એક કીમતી સબક સમાઇ ગયલો છે, જે એ છે જે ઇરાની જરથોસતીઓએ હવે એવા એવા માન અકરામો મેળવતા થવું જોઇયે અને તેને વાસ્તે ઉલટ અને ઉમંગ હવે પકડવી જોઇયે. હા, ઇરાની જરથોસતીઓ મેહેનતુ છે-ઘણા મેહેનતુ છે-તેઓ આખા આખા દીવસ સુધી થાકવી નાખનારા પોતાના ધંધા અને કામ પાછળ પુરી કાળજીથી રોકાયલા રહે છે, પણ જે ચીઝની કોટાઇ માલમ પડી આવેલી છે તે એજ કે કોમની હાજત અને કોમમાં થવા જોઇતા સુધારા વગેરે પાછળ તેઓ ધ્યાન આપતા નથી અને એવી કોઇ ઉલટ તેઓમાં કમનસીબે હાલમાં જણાતી નથી.

ફકત એકજ દાખલો આપીશ. ઉસ્તાદ કયેમરઝ જેવણ ઇરાનમાં ઇરાની બચાંઓને કેળવણી મળે તે માટે ફંડ ઉઘરાવવા મુંબઇ આવયા હતા તયારે ઇરાનીઓની સભા બોલાવવામાં આવી હતી. ન્યુસ-પેપરોમાં જાહેર ખબર છાપવામાં આવી હતી, શેઠો હોરમઝદ શેહરીયાર અને દીનશાહ મેહેરવાન વીગેરેની સહી હેઠળ હેંડબીલો છાપીને તે

ઇરાનીઓની દુકાને દુકાન વેહેંચવામાં આવયાં હતાં. અને ભાઇ દીનશાહજી પોતે ઘણીક બાજુએ જાતે જઇને સભામાં આવવાના તેડાં કરી આવયા હતા–એટલું કરયાં છતાંબી તમે શું ધારોછ? કેટલી મોટી તે ગંજાવર સભા મલી હતી? મેં પોતે તે સભામાં હાજરી આપી હતી અને હું બીહતાં બીહતાં આંકડો વધારીને કેહુંછ કે કેલી પોણોસો ઇરાની તે માહભારત મોટી (!) ગંજાવર સભામાં જણાતા હતા! શું ઉતસાહ, શું ઉમંગ અને શું કેળવણી તરફ પયાર હશે?

અરે, ફકત હું એટલુંજ એ મારા ભાઇઓને પુછું કે ફકત વીચાર કરવા અને ફંડ માટે શું કરવું અને કેમ આગલ વધવું તેની યોજના ઘડવાની તે સભામાં આવીને બેસવાને વાસતેબી તમો બે કલાક ફાજલ પાડી શકયા નહીં?–પણ એ વાસતે જરાકબી વાંક ઇરાની ભાઇઓનો, હું કહું છું કે, નથી, મગર વાંક જો જોવા જાઓ તો તે "તબેહ" નો છે જે તબેહ ઇરાની ભાઇઓને હજી પડી નથી.

એવી એવી સભામાં જવા માટેની તબેહ અને આદત હવે પાડવાની બહુજ મોટી જરૂર છે–પ્રીનસેસ મેરીએ આપેલા માન તરફ દરેકે દરેક ઇરાની જરથોસતીએ ઉંડી નઝરથી જોવું જોઇએ અને પ્રસંગ થતાં એના જેવાં અનેક માન મરતબાઓ મેળવવા કોશેશ કરવી જોઇએ. એવી કોશેશો કરવા માટે મઉકો મલતાં કોમની ચઢતીના કારયો કરવા માટે જે ચીઝ ફકત પેહેલે હાથ ધરવાની છે તે એ છે કે ઇરાનીઓએ થોડે થોડે વખતે પોતાની સભાઓ કરવી જોઇએ અને તે સભામાં હાજરી આપીને જે જે કામ હાથ ધરવાના હોય તે પર વીચાર ચલાવવો. એક બીજાના વીચારો આપ–લે થવા દેવા, અને કંઇ ને કંઇ ચીઝપર તે લોકોજ જોશે કે નવું નવું અજવાળું પડતુંજ જશે.

મહારી સુચના એ છે કે કંઇ નહી તો મહીનામાં ફકત એકજ વાર ઇરાની જરથોસતીઓની સભા મલવી જોઇએ અને તે સભામાં કોમની ચઢતીની યોજના કેમ અને કેવી રીતે પાર ઉતારવી તેપર વીચારો આપ લે કરવા જોઇએ. એવી રીતે વીચારો આપ લે કરવાથી અને એવી મીટીંગો મલવાથી કોઇ સાહેબ કંઇ ચીજ દરશાવશે તો કોઇ કંઇ બીજી, અને તે ઉપરથી અનેક નવાં અજવાળાંઓ મલ્યાં જશે. સરવાનુ‑મતે જે બાબદ પહેલાં હાથ ધરવાની થાય તેને હાથમાં લઇ તેપર ભાષણો અને મુઝાહેમત ચલાવી તેને સંગીન પાયાપર મુકી તે કામ બજાવવું, અને પછી આગળ ચાલવું.

દર મહીને હોરમઝદ રોજ યા એવા કોઇ મોટા રોજે ઇરાનીઓની સભા મળવી જોઇયે અને તેમાં ખાસ હાજરી આપવીજ જોઇયે. સમજો કે એક દુકાનમાંના બધાજ આવી નહી શકે તો એક ભાગીઓ એક મહીને, તો બીજો ભાગીઓ બીજે મહીને, એમ અવાર નવાર સભામાં હાજરી આપે તો સભાનું કામબી સચવાય અને પોતાનો ધંધોબી જોવાય. આગેવાન સાહેબોની એક કમીટી નેમાવી જોઇયે અને બીજા જાણીતા આસામીઓને અંદર સામેલ કરવા તથા તે કમીટી ઉપર મી૦ દીનશાહ જીજીભાઇ ઇરાની સોલીસીટર જેવા કાબેલ ઇરાની બાઇને સરનશીન નેમીને બધા ઇરાનીઓએ ખરા દીલથી જરૂરજ એ દર મહીનાની મીટીંગમાં હાજરી આપી પોતાના વીચારો આપ લે કરવા.

વળી વરસમાં એક વખત યા બે વખત, જમશેદી નવરોઝપર અને નવા સાલના પેહેલા દીવસે, દરેકે દરેક ઇરાની જરથોસતીએ પોતાની દુકાન આખો દીવસ ખાસ બંધજ રાખવી–અરધો દીવસ ભણુવું ગણુવું અને ઘરના બચાંઓ સાથે ખાણી પીણી અને મોજ મઝાહમાં

કહાડવો અને તે દીવસે સહવારના નવ વાગાથી સભા ભરેલી સારી, એ સભામાં દરેકે દરેક ઇરાની જરથોસતીએ જવાની ખાસ તકલીફ લેવીજ જોઇએ. સભામાં આવતા વરસ માટે શું શું કામો કરવાં તેનો પ્રોગ્રામ તઇયાર કરવો અને એવુંજ કોઇ ઉપયોગી કારય બજાવી, એક જશન કરવું અને જશન બાદ અગીઆર સાડા અગીઆર વાગતે એક જમણ કરવું. જમવાની અંદર સારી ખોરાકી રાખવી, મગર દારૂ (શરાબ-ખાના ખરાબ) સામેલ નહી કરવો. બસ, પછી ખલ્લાસ,-ઘરે બારે જઇને બાળ બચ્ચાં સાથે મોજ મઝાહ કરીને તે દીવસ પસાર કરવો.

હવે જશન અને જમણ કરવા માટે કોણના ગજવાપર ભાર પડવો જોઇએ એ વાત વચમાં આવે છે, જેનો તોડબી નીકળી શકે છે. દરેકે દરેક ઇરાની ધંધાદારી ભાઇ જેઓ દારૂ, તાડી, ચાહ, ટોબેકો, વેલાતી માલ, મેવો, મસાલો, વીગેરે જેબી માલની દુકાન ધરાવતા હોય અને વેપાર કરતા હોય તેઓએ દરરોજના ફકત બેજ આના જુદા રાખવા—એ બે આનાનું ફંડ ઉઘરાવવા માટે ઉપલી કમીટીએ ગમે તો રોજીંદુ માણુસ મોકલાવવું યા તો દરેક દુકાનપરથી આઠ આઠ દહાડે ઉઘરાણી કરવી—એ બે આના ફંડથી હું ધારૂંછ કે એક સારી જેવી રકમ કમીટીને હાથ દર મહીને એકઠી થશે જેમાંથી એક નાની રકમ મહીનામાં એક વાર મળનારી સભામાં ફકત જશન કરવા માટે વાપરવી અને બાકીની મોટી રકમ વરસમાં જે મોટી સભા મળે તેનાં જશન અને જમણના ખરચમાં વાપરવા ઉપરાંત જો કાંઇ બચે તો બચાવીને તેમાંથી કોઇ સખાવતી ખાતાંને મદદ કરવી—હું ધારૂં છું કે મારા ઇરાની ભાઇઓને આજે નહી, અને બે પાંચ વરસેબી એ મારી સુચના મીઠી લાગશે.

ધોબીતળાવ, લા૦ મશરેક્.

મુંબઇ, તા૦ ૧૫-૧-૧૯૧૫.

૧.

ઉપલાં લખાણુને એક પારસી ગ્રહસ્થે આપેલો ટેકો :—

ઇરાની બીરાદરો કાંઇ ધ્યાન આપશે ?

મી૰ એડીટર,

જત આજના તમારા માનીતાં "જામે જમશેદ" પત્રનાં અગીયારમાં સફાપર છપાયલું મી૰ "મશરેક"નું "ઇરાની જરથોસ્તીઓને એક સુચના" વાળું લખાણ વાંચ્યું છે અને તે ઉપરથી હું એજ અનુમાનપર આવ્યો છું કે એ લખાણ બહુજ સોંચ સમજથી લખાયલું છે અને એ સુચના જો ઇરાની જરથોસ્તીઓ ઉપાડી લેશે તો અતીશય મોટો ફાયદો એ લોકો પોતાની કોમને વાસ્તે કરી શકશે.

મી૰ મશરેક જણાવે છે તે મુજબ દરેક વેપારી ઇરાની રોજના બે બે આના આપે તો હું ધારૂં છું કે મહીનામાં ઇરાની સાહેબોની કમીટી લગભગ રૂપીઆ ત્રણથી ચાર હજાર જમાવ કરી શકે અને જો દર મહીને જશન કરતાં બસોએ ખરચાય તો વરસે પચીસ ત્રીસ હજાર ઉપરની રકમ ઇરાની સાહેબોની કમીટીનાં હાથમાં ભેગી રહે જેમાંથી મોટી સભા વખતનાં જશન અને ખાવાનો ખરચ પાંચ છ હજારનોબી થાય તો વરસે એક બાદશાહી રકમ ઇરાની કોમ એકઠી કરી શકે જેમાંથી ધરમશાળા, સકુલો, હુન્નર, ઉદયોગશાળા, આતશદાદગાહ વગેરે બંધાવવા ઉપરાંત ઇરાનીઓના ગરીબ છોકરાંઓને કેળવણી આપી શકાય. તેઓને યુરોપ વગેરે કેળવણી અને હુન્નર ઉદયોગ માટે મોકલવા ઉતેજન આપી શકાય. ઉપરાંત શાહનામાં વગેરેનાં તથા ધરમનાં પુસતકો એ

ફંડનાં બાકી બચેલા રૂપીયામાંથી છપાવી શકાય જેથી ઇરાની જરથોસ્તી કોમમાં હરેક સુધારા થવા ઉપરાંત સવાબ હાંસલ થઇ શકે.

હું કહું છું કે મી૰ મશરેક તરફથી જે સુચના કરવામાં આવેલી છે તે એટલી બરહક અને બરોબર છે કે ઇરાનીઓ જરૂરજ તેને ઉપાડી લેશે એમાં કશોજ શક નથી.

લા૰ સેવક,

એન. રૂસ્તમજી.

સલેટરરોડ, ગ્રાંટરોડ.

મુંબઇ, તા૰ ૨૧-૧-૧૫.

૨.

ઉપલાં લખાણને એક ઇરાની મોબેદ સાહેબે આપેલો ટેકો :-

ઇરાનીઓને માટે એક ફાયદાભરી અગતની યોજના.

મી૰ એડીટર,

જત આપ સાહેબના પત્ર "જામે જમશેદ"માં થોડાક વખતની વાત ઉપર અમારા ઇરાની લેખક મી૰ "મશરેકે" "ઇરાની જરથોસતીઓને એક સુચના" એવાં મથાળાં હેઠળ જે લખાણ કીધું હતું તે ઘણુંજ લાયક હતું અને એ સુચનાને દરેકે દરેક ઇરાની જરથોસતીઓએ પોતાનો મજબુત ટેકો આપવો જોઇએ.

મી૰ 'મશરેક'ની એ સુચના પ્રમાણે ચાલવાથી ઘણાજ નેક કામો બનવા ઉપરાંત કેળવણી, પુણ્ય અને ધારમીક કારયો થશે અને કોમની કીરતી વધવા ઉપરાંત ભવીશયમાં કોમની અંદર ઘણા મોટા સુધારા અને

વધારો થઇ શકશે. અવ્વલ તો એવણુની દર મહીનાના પાક હોરમજદ રોજની મીટીંગ અને તેમાં થનારાં જશનની વાત છે, જેથી કોમની હાજતો ટાળવાના વીચારો આપસે થઇ શકશે અને વળી ધારમીક કામ મહીનાની શરૂઆતના રોજે થશે જે એટલું મઝહબી અને કોમ ઉપયોગી છે કે જે એક કોમને ચઢતીના તબકા ઉપર લઇ જવાને સામર્થવાન છે. વળી એવણુ વરસમાં એક દીવસ દરેક ઇરાનીને ધંધો બંધ રાખી મોટી સભામાં સહવારના નવ વાગે હાજરી આપવા તથા તે વખતે થનારા મોટા જશન અને ફીરેસતા કરવાના પવીત્ર કામમાં ભાગ લેવા તથા બપોરે જમી લઇ તે દીવસનો બાકીનો વખત પોતાના બચાં છોકરાં સાથે ખુશી ખુશાલીમાં કાહાડવા લખે છે એ વીચારબી ઉમદામાં ઉમદા છે જેથી થશે એમ કે તમામ ઇરાનીઓ આખા વરસના એકજ કામમાં ગુંટાયલા જરા મોટા દીવસપર ધારમીક કામમાં સામેલ થવા ઉપરાંત પોતાની કોમમાં સુધારાઓ કેવા કરવા તેનો પ્રોગ્રામ રચી શકશે અને પોતાનાં વહાલાંઓ સાથે અગીયારી આતશ બહેરામ જવા ઉપરાંત મોજની મોજ મેળવશે.

વળી જશન, જમણુ અને સભાઓ ભરવાના ખરચના સવાલનો જે એવણે ફડચો પોતાના લખાણુમાં કરયો છે તે ઘણોજ બરહક છે. એ ભાઇના કહેવા મુજબ અમલ થાય તો કોમ વધે, કોમના બચાંઓ વધે, કોમની કેળવણી વધે, કોમની કીરતી વધે, કોમમાં સખાવતો થાય, કોમના ધરમના અને શાહનામાં તથા એવા બીજાં ઉપયોગી પુસતકો બહાર પડે, અને ટુંકમાં, દરેક રીતે ફાયદો અમારી કોમ પોતાની કીરતી કારકીરદીને આપી શકે. એવણુના કહેવા મુજબ દરેક નહી પણુ શક્તા ઇરાની દુકાનદારો જો ફક્ત એકજ હજાર પોતાની તરફથી રોજના ફાળામાં બે આનાજ આપે તો લગભગ ચાર હજાર રૂપીઆ દર મહીને થાય એટલે

વરસમાં અરધા લાખની રકમ થવા ગઇ. એમાંથી એમ સમજો કે પંદર વીસ હજારનો ખરચ થયો તોબી લગભગ ત્રીસ હજાર રૂપીઆની બાદશાહી રકમ દર મહીને ઇરાની જરથોસતીઓ બચાવી શકે, જેમાંથી ઇરાનથી આવતા ગરીબ ઇરાનીઓને ધંધા વેપારમાં મદદ કરી શકાય, મુફલીસ છોકરાઓને કેળવણી અપાય, ચાલાક છોકરાઓને યુરોપની હુનરમંદી મેળવવા મોકળી શકાય, ધરમશાળા, મકતબ, ગહમબાર, લગન, નવજોત કરી અપાય તથા ધરમના પુસ્તકો જે છાપયા વગરના હોય તે પ્રગટ કરાય અને એવા એવી અનેક રીતે કોમની હાજતો ટાળી શકાય. એ આના ફંડની ઉઘરાણીના કામમાં અમારા તરફના મોબેદો પોતાની મદદ આપવા તઇયારબી થયલા છે.

આશા છે કે મી૦ "મશરેક" ની એ નેક સુચના અમલમાં મુકવાને માટે ઇરાની જરથોસતીઓમાંના શેઠયાઓ પોતાની બનતી ઉતાવળે તઇયાર થશે, અને કોમની કીરતીની સેવા બજાવવા ઇરાની મોબેદો તે લોકની બાજુમાં ખડા રહેવા તઇયાર છે.

આશા છે કે તમે અધીપતી સાહેબની એ બાબદમાં ટેકો અને મદદ આપશો અને એવું એક કોમઉપયોગી તથા ધારમીક કામ ઉપાડી લેવા માટે તમારાં વાંચકોબી કાંઇ ટેકો આપે તો તમારી કીમતી કટારો તેઓના વીચારો દરશાવવા માટે ખુલ્લી મુકીને અમારી ઇરાની જરથોસતી કોમ ઉપર મેહરબાની ફરમાવશો."

શેહેરયાર કેખશરૂ મોબેદ.

હવે હું મ્હારો આ પાછલો દીબાચો ખતમ કરતાં મ્હારી આ આગમજની નીકલેલી રમુજી નોવેલ માટે બે બોલ બોલવાની રજા લઇશ.

મેં જ્યારે એ નોવેલની એક હઝાર નકલ છપાવી ત્યારે મહને સ્વપનેબી આશા નહીં હતી કે ફ્કટ બેથી ત્રણ મહીનામાં એની લગભગ ૯૦૦ નકલો હું ખપાવી શકશ, પણ નહીં ધારેલું થયું છે અને આજે મહારી પાસે વેચવા માટે મહારી એ "પરસ્તાને ચકરમ" ની ફ્કટ સો નકલબી પુરી બાકી નથી, અને હું આશા રાખું છું કે એટલી સોબી હવે વગર જાહેર ખબરે ટુંક વખતમાં સફાચટ મયદાન થઇ જશે. હું એમ લખીને સત્યથી કહું છું કે કોઇ જાતની મગરૂરી નથી કરતો, મહારામાં સુભ-સંજોગે તકાબરી પયદા થતીજ નથી અને હું જેટલો મહને પોતાને ધારૂં છું તે કરતાંબી વધારે એકમારગી અને શરમાલ બનું છું એ મહારી એક કમાલ ખામી છે—છતાંબી મહને કહ્યા વગર ચાલતું નથી કે "પરસ્તાને ચકરમ" તરફથી વકી ઉપરાંત થયું છે, અને તે ઉપરથી પુરવાર થાય છે કે આજ કાલ લોકને હસવા-હસાવવાની ચીઝ તરફ વધારે ધ્યાન છે. તેથી લોકને ગમે તેવુંજ આપવાને એક લેખકની ફરજ છે, અને પછી થોડાંક ઘેલાગાંડાં થવાનીબી પેલા લેખકને જરૂર છે!—"પરસ્તાને ચકરમ" માટે મહારીપર ઘણે ઠેકાણેથી લખાઇ આવ્યું છે, પણ એ બધી સરટી-ફીકેટ છાપવા માટે તો મહને આ નોવેલ જેવી એક બીજી બુક કાહાડવી પડે, તોબી એક નીચલી સરટીફીકેટ છાપી હું બીજાં મેહેરબાનોએ મોકલેલી સારી સરટીફીકેટો માટે આભારી છું: Mr. M. N. Nakra નામના ગ્રહસ્થ No. 8, 4th Marine Lines, થી લખે છે કે "Dear Mr. Sohrab, I am extremely pleased to say that the Novel "Parastane Chakram" is most interesting and a pleasing one to read. The most unusual thing about it is that it has more than one preface. However

they form an exceedingly pleasant portion of the book. Of course I am not in a position to judge accurately the real work of the book, but my poor intellect considers it a very successful attempt on the whole" (To, Sohrab Sheriar Irani, Esq. "Mashrak," Bombay, 5th October 1915) સરટીફીકેટો મોકલનારા ઘણાં બાનુ અને ગ્રહસ્થોને જેમ હું ઓળખતો નથી તેમ મી૦ નાકરાને પણ પીછાણતો નથી. એ ભાઇનો હું આભાર માનુંછું અને મેં ફકટ ચોપાન્યાંવાલાઓ ઉપરજ મહારી નોવેલ રીવ્યુ સારૂ મોકલી હતી તે સઘ્ળાઓએ મી મહારી નોવેલની જે વખાણ સાચા દીલથી કરી છે તે "માસીક પ્રાપીક, ઢોંગ સોંગ, ફુરસદ, દીલેઆરામ" વીગેરેનો ઉપકાર માનું છું. સેવટે, આશા રાખું છું કે જે મધ્યમ અને તવંગર કુટુંબના બાનુ-ગ્રહસ્થોએ "પરસ્તાને ચકરમ" વાંચી છે તેઓ આ "બેતાબ ખલકત" બી વાંચે અને એ નોવેલને માટે તેઓનું મત શું છે તે લખી જણાવે.

કાશીનાથ હાઉસ, લી૦ હું છું, તમારો દુવાગીર

ધોબીતલાવ, મુંબઇ, તા૦ ૨૦-૧૦-૧૯૧૫. "મશરેક."

ખુદા આપણા શેહેનશાહને સલામત રાખો.